## આપ્તવાણીએ આણ્યાં યુગ પરિવર્તન !

‘‘આ તો યુગ પરિવર્તન થાય છે. ધર્મનો યુગ પરિવર્તન થાય છે. તેના જ આ પુસ્તકો. નહિ તો આ આપ્તવાણી ત્રીજી તો ઓહોહો.... થઈ ગઈ છે વાત! પહેલી, બીજી આપ્તવાણીમાં તો આપણે શાસ્ત્રમાં વર્ણન કરેલું છે. એટલે આ જગતનું વર્ણન કરવા ગયા છે અને ત્રીજી-ચોથીમાં આત્માનાં ફોડ પાડયા. હજુ જે બધી આવશે તે ઓર જાતની આવશે. પહેલી-બીજી તો જગત શું છે? આપણે શું લેવાદેવા? એ કહેવા માંગે છે અને આ ત્રીજી આપ્તવાણીએ આત્માનાં ફોડ પાડયા છે.’’ ‘‘તેથી બુમાબુમ થઈ રહી છે ને! ’’ (આવા અજાયબ અક્રમ વિજ્ઞાનના અલૌકિક ફોડથી આશ્ચર્ય પામી રહ્યા છે ને !)


- દાદાશ્રી

આત્મવિજ્ઞાની ‘એ. એમ. પટેલ.’ ની મહીં પ્રગટ થયેલા

**દાદા ભગવાનના**
**અસીમ**
**જય જયકાર હો**

ISBN 978-81-89725-67-9

આપ્તવાણી શ્રેણી 3



# આપ્તવાણી

## શ્રેણી- 3

# અનુક્રમણિકા

## આત્મ-વિજ્ઞાન

### [ ૧ ]
### 'હું' કોણ છું ?


જગતમાં જાણવા જેવું, માત્ર... ૧
આત્મ જાણવો, કઈ રીતે ? ૨
જ્ઞાનની પ્રાપ્તિ, ''જ્ઞાની'' થકી જ ! ૩
દૃષ્ટિ ફરે, તો જ કામ થાય ! ૪
સંસાર વ્યવહાર કેવો... ૬
... ને આત્મવ્યવહાર કેવો ! ૬
મુક્તિ, મુક્તપણાનું જ્ઞાન થયે ! ૭
આત્માનું સ્વરૂપ, 'જ્ઞાન' જ ! ૭
પ્રત્યક્ષ વિના બંધન ન તૂટે ! ૮
કહ્યું શું ? ને સમજ્યા શું ?! ૯
ભ્રાંતિ રહિત જ્ઞાન, જાણવા જેવું ! ૯
વિભ્રાંત દશા ! પણ કોની ?! ૧૦
''જ્ઞાની પુરુષ'' તો, અજોડ જ ! ૧૦
સામાન્ય જ્ઞાન : વિશેષ જ્ઞાન ! ૧૦
અનુભવીને, ઓળખવો કઈ રીતે ? ૧૧
અનુભવ થાય, ત્યારે તો... ૧૨
સાક્ષાત થયું તે જ 'જ્ઞાન' ! ૧૪
'જ્ઞાન', અનાદિથી એ જ પ્રકાશ ! ૧૫
સત્ અસત્‌નો વિવેક, જ્ઞાનીની ભાષામાં ! ૧૫
આત્માનુભવ કોને થયો ? ૧૬
વિચારે કરીને આત્મા જણાય ? ૧૬
'આત્મા' સ્વરૂપ જ ગજબનું ! ૧૮
સંસાર, સમસરણ માર્ગનાં સંજોગો ૧૯
'પ્રયોગી' જુદો ! પ્રયોગ જુદો ૧૯


### [ ૨ ]
### અજ્ઞાશક્તિ : પ્રજ્ઞાશક્તિ


બંધન અજ્ઞાથી : મુક્તિ, પ્રજ્ઞાથી ! ૨૧
અજ્ઞ, સ્થિતપ્રજ્ઞ, પ્રજ્ઞા-ભેદ શો ? ૨૨


### [ ૩ ]
### પુદ્‌ગલ, તત્ત્વ સ્વરૂપે !


પુદ્‌ગલની ગુણશક્તિ કઈ ?! ૨૪
કરામત તો બધી પુદ્‌ગલની જ ૨૫
પરમાણુઓની અવસ્થા; કઈ કઈ ? ૨૬
પરમાણુ : અસર જુદી કષાય જુદા ! ૨૭
ફર્સ્ટ ગલન, સેકન્ડ ગલન ! ૨૭
પુદ્‌ગલનું પારિણામિક સ્વરૂપ ! ૨૮
પુદ્‌ગલ, પરમાણુ સ્વરૂપે કેવું ? ૨૮
આમાં આત્માનું કર્તાપણું ?! ૩૧
'ડિસ્ચાર્જ', પરસત્તા આધીન ! ૩૧
વિભાવિક પુદ્‌ગલથી જગ આવું દીસે ! ૩૩
પરમાણુઓની સૂક્ષ્મતા કેટલી ?! ૩૪
પુદ્‌ગલ, તત્ત્વસ્વરૂપે અવિનાશી ! ૩૪
પુદ્‌ગલ ભાવ, વિયોગી સ્વભાવનાં ! ૩૫
જ્ઞાની વિના, એ સમજાય શી રીતે ? ૩૫
... એમાં ભળ્યા તો જોખમ દારી ! ૩૫


### [ ૪ ]
### સ્વસત્તા-પરસત્તા


પોતાને, સત્તા કેટલી હશે ?! ૩૭
સત્તા, પુણ્યેથી પ્રાપ્ત... ૩૮
... પણ એ બધી પરસત્તા ! ૩૮
પરસત્તાને જાણવી, ત્યાં... સ્વસત્તા ! ૩૯
અહો ! જ્ઞાનીએ સ્વસત્તા કોને કહી !! ૪૦
જ્ઞાની થકી, સ્વસત્તા પ્રગટ થાય ! ૪૧


### [ ૫ ]
### સ્વપરિણામ-પરપરિણામ


સ્વપરિણતિ એટલે... ૪૨
'જ્ઞાની' પાસે સમજી લેવા જેવું ! ૪૩
અજ્ઞાન, ત્યાં સુધી પરપરિણતિ ! ૪૩
જ્ઞાનીને, નિરંતર, સ્વપરિણતિ વર્તે ! ૪૪
પુરુષાર્થ, સ્વપરિણતિમાં વર્તવાનો ! ૪૪
એ ભેદવિજ્ઞાન તો જ્ઞાની જ પમાડે ! ૪૫
નિજપરિણતિ ક્યારે કહેવાય ? ૪૬
કઈ રીતે સ્વપરિણતિમાં વર્ત્યા ! ૪૬
જ્ઞાન પરમવિનયથી પ્રાપ્ત ! ૪૭
બંને પરિણામ સ્વભાવથી જ ભિન્ન ! ૪૮
વ્યવહાર, કેટલો બધો પરાશ્રિત ! ૪૯
'અક્રમ'નો કેવો સાયન્ટિફિક સિદ્ધાંત ૪૯
પુદ્‌ગલ પારિણામિક ભાવે રહ્યું ! ૫૦
ચેતનનો પારિણામિક ભાવ, જ્ઞાતાદૃષ્ટા ૫૧
રાગદ્વેષ, પણ પારિણામિક ભાવ ! ૫૧
વ્યવહાર, ઉપઘાતુ પરિણામ ! ૫૩
પુદ્‌ગલ-આત્મા, સ્વભાવ પરિણામી ! ૫૩


### [ ૬ ]
### આત્મા, તત્ત્વસ્વરૂપે !


આત્મા : કલ્પસ્વરૂપ ! ૫૫
આત્મા : ઊર્ધ્વગામી સ્વભાવ ! ૫૮
સિદ્ધાત્માની સ્થિતિ ! ૫૯
આત્મગુણો : જ્ઞાન, દર્શન ! ૬૦
આત્મા : ગુણધર્મથી અભેદ સ્વરૂપે ! ૬૩
પરિણમેલી અવસ્થામાં આત્મા શુદ્ધ ! ૬૩
આત્મા : દ્રવ્ય, પર્યાય ! ૬૪
આત્મા : જ્ઞાન, ક્રિયા ! ૬૫
દ્રવ્ય, ગુણ, પર્યાયથી શુદ્ધત્વ ! ૬૬
આત્મા : પરમાનંદ સ્વરૂપી ! ૬૮
આત્મા : સ્વ-પર પ્રકાશક ૮૧
આત્મા : સૂક્ષ્મતમ જ્યોતિર્લિંગ ! ૮૨
આત્મા : પ્રકાશ સ્વરૂપ ! ૮૨
આત્મા : સર્વ વ્યાપક ! ૮૩
આત્મા : એક સ્વભાવી ! ૮૩
આત્મા : સ્વભાવનો કર્તા ! ૮૪
આત્મા : ચૈતન્યઘન સ્વરૂપ ! ૮૪
આત્મા : અનંત પ્રદેશો ! ૮૫
આત્મા : વેદક ? નિર્વેદક ? ૮૭
આત્મા : શુધ્ધ ઉપયોગ ? ૮૯

આત્મા : અનંત શક્તિ ! ૭૧
આત્મા : અગુરુ લઘુ સ્વભાવ ! ૭૪
આત્મા : અરૂપી ! ૭૬
આત્મા : ટંકોત્કીર્ણ સ્વભાવ ! ૭૬
આત્મા : અવ્યાબાધ સ્વરૂપ ! ૭૮
આત્મા : અવ્યય ! ૭૯
આત્મા : નિરંજન, નિરાકાર ! ૭૯
આત્મા : અમૂર્ત ! ૮૦
આત્મા : પર જ્યોતિ સ્વરૂપ ૮૧
ઉપયોગમાં ઉપયોગ એ કેવળ જ્ઞાન ! ૯૩
આત્મા : કેવળજ્ઞાન સ્વરૂપ ! ૯૪
આત્મા : અસંગ ! ૧૦૧
આત્મા : નિર્લેપ ! ૧૦૨
મન, વચન, કાયાની ટેવો,
તેનો સ્વભાવ ! ૧૦૩
સંયોગો : પરને પરાધીન ! ૧૦૪
પ્રાકૃત ગુણો ! આત્મા ગુણો ! ૧૦૬

(૭)

## આત્મા વિશે પ્રશ્નાવલિ !

આવરણના આધારે ભિન્નતા ! ૧૦૭
અજ્ઞાનથી મુક્તિ એજ મોક્ષ ! ૧૦૮
આત્માનું દ્રવ્ય, ક્ષેત્ર ! ૧૦૯
આત્મા એ જ પરમાત્મા ! ૧૧૦
નિદ્રામાં ચેતનની સ્થિતિ ! ૧૧૧
આત્મા, અનાત્માનું ભેદાંકન ! ૧૧૨
ભોમિયો ભાંગે ભવ ભટકામણ ! ૧૧૩
આત્મસુખની અનુભૂતિ ૧૧૪
છૂટે દેહાધ્યાસ ત્યાં... ૧૧૪
દેહ, આત્માનું ભિન્નત્ત્વ : ૧૧૫
... ત્યાં છે સાચું જ્ઞાન ૧૧૬
વજ્લેપમ્ ભવિષ્યતિ ૧૧૬
ભગવાન સ્વરૂપ, ક્યારે ? ૧૧૮
આત્મા મોક્ષસ્વરૂપ,
તો મોક્ષ કોનો ? ૧૧૯
બ્રહ્મ, પરબ્રહ્મની પહેચાન ! ૧૨૦

(૮)

## સૂઝ, ઉદાસીનતા !

સૂઝ, સમસરણ માર્ગની દેણ ! ૧૨૨
ઉદાસીનતા કોને કહેવાય ? ૧૨૫

(૯)

## પ્રતિષ્ઠિત આત્મા : શુદ્ધાત્મા !

જગતનું અધિષ્ઠાન શું ? ૧૨૭
વ્યવહાર આત્મા નિશ્ચય આત્મા ! ૧૨૮
'જ્ઞાની' કોણ ? 'દાદા
ભગવાન' કોણ ? ૧૩૧

(૧૦)

## જગસંચાલકની હકીકત !

જેને ભગવાન માને છે... ૧૩૩
... એ તો 'મિકેનિકલ એડજસ્ટમેન્ટ' ૧૩૪



# વ્યવહારજ્ઞાન

(૧)

## જીવન જીવવાની કળા

આવી 'લાઈફ'માં શો સાર ? ૧૩૭
પણ એ કળા કોણ શીખવે ?! ૧૩૮
સમજ કેવી ? તે દુઃખમય જીવ્યા !! ૧૪૦
આવા શોખની ક્યાં જરૂર છે ? ૧૪૨
સંસાર સહેજેય ચાલે, ત્યાં... ૧૫૨
શેમાં હિત ? નક્કી કરવું પડે ! ૧૪૪
ને આવી ગોઠવણીથી સુખ આવે ? ૧૪૬
વેર ખપેને આનંદ પણ સહે ! ૧૪૮
સાહયબી, છતાંય ના માણી ! ૧૫૦

(૨)

## યોગ-ઉપયોગો પરોપકારાય !

જીવનમાં, મહત્કાર્ય જ આ બે !! ૧૫૩
પરોપકાર, પરિણામે લાભ જ ! ૧૫૫
પરોપકારથી પુણ્યૈ સથવારે ! ૧૫૩

(૩)

## દુઃખ ખરેખર છે ?

'રાઈટ બીલીફ' ત્યાં દુઃખ નથી ! ૧૫૮
દુઃખ તો ક્યારે ગણાય ? ૧૫૯
... માત્ર ભાવના જ કરવાની !! ૧૬૩
'પેમેન્ટ'માં તો સમતા રખાય ! ૧૬૦
.... નક્કી કરવા જેવો 'પ્રોજેક્ટ' !! ૧૬૨

(૪)

## 'ફેમિલી ઓર્ગેનાઈઝેશન'!

આ તે કેવી 'લાઈફ'?! ૧૬૫
આવું સંસ્કારસિંચન શોભે ? ૧૬૬
પ્રેમમય ડીલિંગ-છોકરાં સુધરે જ !! ૧૬૭
... નહીં તો મૌન ધરી 'જોયા' કરે !!! ૧૬૮
.... પોતાનું જ સુધારવાની જરૂર ! ૧૬૯
ડખો નહીં, 'એડજસ્ટ' થવા જેવું ! ૧૭૦
સુધારવા માટે 'કહેવાનું' બંધ કરો ! ૧૭૨
'રિલેટિવ' સમજી ઉપલક રહેવું ! ૧૭૪
સલાહ આપવી પણ ના છૂટકે !! ૧૭૫
હવે, આ ભવમાં તો સાચવી લઈએ ! ૧૭૫
સાચી સગાઈ કે પરભારી પીડા ?! ૧૭૬
... છતાં ઘટિત વ્યવહાર કેટલો ? ૧૭૭
ફરજિયાતમાં નાટકીય રહીએ ! ૧૭૯
છોકરાં જોડે !ગ્લાસ વિથ કેર'! ૧૮૦
ઘર, એક બગીચો ! ૧૮૧
એમાં મૂર્છિત થવા જેવું જ શું ?! ૧૮૨
વ્યવહારમાં નોર્મોલિટીપૂર્વક ઘટે ! ૧૮૩
એ તો આશા જ ના રાખશો ! ૧૮૪
'મિત્રાચારી' એય એડજસ્ટમેન્ટ ! ૧૮૫
ખરો ધર્માદય જ હવે ! ૧૮૫
સંસ્કાર પમાડવા, તેવું ચરિત્ર ખપે ! ૧૮૬
.... માટે સદ્ભાવનામાં વાળો ! ૧૮૭

## (૫)
## 'સમજ' થી દીપે ગૃહસંસાર !

મતભેદમાં સમાધાન કઈ રીતે ? ૧૮૮
.... માટે અથડામણ ટાળો ! ૧૯૦
સહન ? નહીં, સોલ્યુશન લાવો ! ૧૯૨
હિસાબ ચૂકતે કે 'કોઝિઝ' પડ્યા ? ૧૯૩
'ન્યાય સ્વરૂપ', ત્યાં ઉપાય તપ !! ૧૯૪
ઉત્તમ તો, 'એડજસ્ટ એવરીવેર'! ૧૯૫
ઘરમાં ચલણ છોડવું તો પડે ને ? ૧૯૭
'રિએક્શનરી' પ્રયત્નો ન જ કરાય ! ૧૯૮
... નહીં તો પ્રાર્થનાનું 'એડજસ્ટમેન્ટ'! ૧૯૯
'જ્ઞાની' પાસે 'એડજસ્ટમેન્ટ' શીખીએ ! ૨૦૦
આશ્રિતને કચડવું, ઘોર અન્યાય ! ૨૦૧
'સાયન્સ' સમજવા જેવું ! ૨૦૨
જે ભોગવે તેની જ ભૂલ ! ૨૦૩
મિયાં-બીબી ૨૦૪
કકળાટ કરો, પણ બગીચામાં (!) ૨૦૫
... આ તે કેવો મોહ ?! ૨૦૫
... આવી રીતે ય કલેશ ટાળ્યો ! ૨૦૬
મતભેદ પહેલાં જ, સાવધાની !! ૨૦૮
કલેશ વગરનું ઘર, મંદિર જેવું ! ૨૦૯
અવળી કમાણી, કલેશ કરાવે ! ૨૧૦
અખતરો તો કરી જુઓ !! ૨૧૧
ધર્મ કર્યો (!) તો ય કલેશ ? ૨૧૧
... તો ય આપણે છતું કરીએ ! ૨૧૨
'ફરી જઈ' ને મતભેદ ટાળ્યો ! ૨૧૩
... આ તે કેવી ફસામણ ?! ૨૧૫
આક્ષેપો, કેટલા દુઃખદાયી ! ૨૧૬
ખખડાટમાં, જોખમદારી પોતાની જ ! ૨૧૬
પ્રકૃત્તિ ઓળખીને ચેતતા રહેવું ! ૨૧૭
'ડીલિંગ' ના આવડે તો વાંક કોનો ?! ૨૧૮
'વ્યવહાર'ને 'આ' રીતે સમજવા જેવો! ૨૨૦
એડજેસ્ટ થઈએ; તોય સુધરે ! ૨૩૨
સુધારવા કરતાં સુધરવાની જરૂર ! ૨૩૩
શેને સુધારવાનો અધિકાર ? ૨૩૩
વ્યવહાર ઉકેલવો 'એડજસ્ટ' થઈને ! ૨૩૪
નહીં તો વ્યવહારની ગૂંચ આંતરે ! ૨૩૬
'કાઉન્ટરપુલી'- એડજસ્ટમેન્ટની રીત ! ૨૩૭
અવળું કહેવાથી કકળાટ થયો ૨૩૮
અહો ! વ્યવહાર એટલે જ... ૨૩૯
... ને સમ્યક્ કહેવાથી કકળાટ સમે ! ૨૪૦
ટકોર, અહંકારપૂર્વક ન કરાય ! ૨૪૧
આ અબોલા તો બોજો વધારે ! ૨૪૧
પ્રકૃતિ પ્રમાણે એડજટસ્મેન્ટ ૨૪૨
સરળતાથીયે ઉકેલ આવે ! ૨૪૩
સામાનું સમાધાન કરાવો ને ! ૨૪૪
ઝઘડા, રોજ તે કેમ પોષાય ?! ૨૪૫
'ઝઘડાપ્રુફ' થઈ જવા જેવું ! ૨૪૬
વૈરબીજમાંથી ઝઘડા ઉદ્ભવે ! ૨૪૬
જ્ઞાન થકી, વૈરબીજ છૂટે ! ૨૪૭
જેવો અભિપ્રાય તેવી અસર ! ૨૪૭
આ સદ્વિચારણા, કેટલી સરસ !! ૨૪૮
શંકા, એ ય વઢવાડનું કારણ ૨૪૯
એવી વાણીને નભાવી લઈ એ ! ૨૪૯
મમતાના આંટા, ઉકેલાય કઈ રીતે ? ૨૫૦
બધે જ ફસામણ, ક્યાં જવું ? ૨૫૧
પોલંપોલ ક્યાં સુધી ઢાંકવી ?! ૨૫૨
... આમ ફસામણ વધતી ગઈ ! ૨૫૩
... એને તો 'લટકતી સલામ' ! ૨૫૪
કલાકનો ગુનો, દંડ જિંદગી આખી ! ૨૫૫
ગાંડો અહંકાર, તો વઢવાડ કરાવે ! ૨૫૬
એવી વાણી બોલવા જેવી નહીં ! ૨૫૬





'માર'નો પછી બદલો વાળે ! ૨૨૩
ફરિયાદ નહીં નિકાલ લાવો ને ૨૨૪
સુખ લેતાં ફસામણ વધી ! ૨૨૫
આ રીતે લગ્ન નક્કી થાય. ૨૨૫
'જગત' વેર વાળે જ ! ૨૨૬
'કોમનસેન્સ' થી જ 'સોલ્યુશન' આવે ! ૨૨૭
'રીલેટિવ' અંતે દગો સમજાય ! ૨૨૮
કંઈક સમજવું તો પડશે ને ?! ૨૨૯
રીલેટિલમાં, તો સાંધવાનું ! ૨૩૦
એ સુધરેલું ક્યાં સુધી ટકે ?! ૨૩૧
સંસાર નભાવવાના સંસ્કાર ક્યાં ?! ૨૫૭
આમાં પ્રેમ જેવું ક્યાં રહ્યું ? ૨૫૭
નોર્માલિટી, શીખવા જેવી ! ૨૫૯
... શક્તિઓ કેટલી ડાઉન ગઈ ! ૨૬૦
વાંક પ્રમાણે વાંકું મળે !! ૨૬૧
શક્તિઓ ખીલવનાર જોઈએ ! ૨૬૧
પ્રતિક્રમણથી, હિસાબ બધા છૂટે ! ૨૬૨
... તો સંસાર આથમે ! ૨૬૩
'જ્ઞાની' છોડાવે, સંસાર જંજાળથી ! ૨૬૪
એવી ભાવનાથી છોડાવનાર મળે જ ! ૨૬૫

## (૬)
## ધંધો, ધર્મસમેત !

જીવન શેને માટે વપરાયાં ! ૨૬૭
.... વિચારણા કરવાની ચિંતા નહીં ! ૨૬૭
ચૂકવવાની દાનતમાં ચોખ્ખા રહો ! ૨૬૮
.... જોખમ જાણી, નિર્ભય રહેવું ! ૨૬૯
ઘરાકીના પણ નિયમ છે ! ૨૭૦
પ્રામાણિકતા, ભગવાનનું લાયસન્સ ! ૨૭૧
.... નફા-ખોટે, હર્ષ-શોક શો ? ૨૭૨
ધંધામાં હિતાહિત ! ૨૭૨
વ્યાજનો વાંધો ?! ૨૭૩
કરકસર, તો 'નોબલ' રાખવી ! ૨૭૩

## (૭)
## ઉપરીનો વ્યવહાર !

'અન્ડરહેન્ડ'ની તો રક્ષા કરવાની ! ૨૭૪
સત્તાનો દુરુપયોગ તો... ૨૭૫

## (૮)
## કુદરતને, ત્યાં 'ગેસ્ટ' !

કુદરત, જન્મથી જ હિતકારી ૨૭૭
પણ ડખલામણથી દુઃખ વહોર્યાં ! ૨૭૯
.... તોય કુદરત સદા મદદે રહી ! ૨૮૦

## (૯)
## મનુષ્યપણાની કિંમત !!

કિંમત તો, સિન્સીયારિટીને, મોરાલિટીની! ૨૮૨
'ઈનસિન્સીયારિટી' થી યે મોક્ષ ! ૨૮૩

## (૧૦)
## આદર્શ વ્યવહાર

અંતે, વ્યવહાર આદર્શ જોઈશે ! ૨૮૫
શુદ્ધ વ્યવહાર : સદ્વ્યવહાર ૨૮૭
આદર્શ વ્યવહારથી મોક્ષાર્થ સધાય ! ૨૮૮

## સંપાદકીય

અવર્ણનીય, અવક્તવ્ય, નિઃશબ્દ આત્મતત્વનું વર્ણન શી રીતે થાય? એવું ગજું પણ કોનું ? એ તો નિરંતર આત્મરમણતામાં સ્થિત હોય એવા 'જ્ઞાનીપુરુષ'નું કામ કે જે એમની જ્ઞાનસિદ્ધ સંજ્ઞાથી મુમુક્ષુને આત્મદર્શન કરાવી દે ! પ્રસ્તુત ગ્રંથમા પરમ પૂજ્ય 'દાદા ભગવાન'ના શ્રીમુખેથી સંજ્ઞાભાષામાં નીકળેલી વાણીનું સંકલન કરવામાં આવ્યું છે. પ્રત્યક્ષપણે સાંભળનારને તો તત્ક્ષણ જ આત્મદર્શન સાધે છે. અહીં તે પરોક્ષપણે છે છતાંય એ ભાવનાથી પ્રકાશિત કરવામાં આવે છે કે કેટલાય કાળથી જે તત્વજ્ઞાન સંબંધીના ફોડો અપ્રકટપણે રહ્યા હતા તે આજે પ્રત્યક્ષ 'જ્ઞાનીપુરુષ' પરમ પૂજ્ય 'દાદા ભગવાન'ના યોગે પ્રકટ થાય છે. તેનો લાભ મુમુક્ષુને અવશ્ય થશે જ, પરંતુ પ્રત્યક્ષમાં તો સંપૂર્ણ આત્મજાગૃતિની ઉપલબ્ધિ થાય છે, તે પણ એક કલાકના જ પરમપૂજ્ય 'દાદા ભગવાન'ના સાંનિધ્યમાં, એ કલ્પનામાં ન આવે એવી વાત આજે સેંકડો આત્માર્થીઓએ અનુભવેલી હકીકત છે !

કેવળ આત્મા વિષે 'એબ્સોલ્યુટ' આત્મવિજ્ઞાન વિષે જેમ છે તેમ સમજ તો 'કેવળ' સુધી પહોંચેલા 'એબ્સોલ્યુટ' આત્મવિજ્ઞાની જ આપી શકે. પ્રસ્તુત ગ્રંથમાં પ્રથમ વિભાગમાં આત્મવિજ્ઞાન અને દ્વિતીય વિભાગમાં વ્યવહાર જ્ઞાનનું સંકલન કરવામાં આવ્યું છે. આત્યંતિક મુક્તિ તો ત્યારે જ સંભવે જયારે આત્મજ્ઞાન અને સંપૂર્ણ આદર્શ વ્યવહાર જ્ઞાન એ બન્ને પાંખોથી ઉડાય. એક પાંખનું ઉડાણ અપૂર્ણ છે. શુદ્ધ વ્યવહારજ્ઞાન વિનાનું આત્મજ્ઞાન એ શુષ્ક જ્ઞાન કહેવાય. શુદ્ધ વ્યવહારજ્ઞાન એટલે ''પોતાના ત્રિકરણે કરીને આ જગતમાં કોઇ પણ જીવને કિંચિત્ માત્ર પણ દુઃખ ન થાય.'' જયાં યથાર્થ આત્મજ્ઞાન છે ત્યાં પરિણામ સ્વરૂપે શુદ્ધવ્યવહાર હોય જ. પછી એ વ્યવહાર ત્યાગીપણાનો હોય કે ગૃહસ્થીપણાનો, તેની સાથે મુક્તિના સોપાન ચઢવામાં કોઇ હરકત નથી હોતી. માત્ર શુદ્ધ વ્યવહારની જ તેમાં આવશ્યકતા છે. કેવળ આત્માની ગુહ્ય વાતો હોય પણ વ્યવહારમાં રોજની અથડામણોમાં ક્રોધ, માન, માયા, લોભનું સામ્રાજ્ય હોય તે જ્ઞાન વાંઝિયું જ્ઞાન કહેવાય.



પરમ પૂજ્ય 'દાદા ભગવાન'ની જ્ઞાનવાણી સંસારની દરેક મુશ્કેલીઓનો અત્યંત સીધો ને સરળ ઉપાય બતાવે છે કે જે સ્વયં કાર્યકારી થઇ ગૂંચોને સહજપણે ઉકેલી નાખે છે. ઘરમાં, ધંધામાં, નોકરીમાં કે ગમે ત્યાં તાળું વસાઇ જાય ત્યાં એમને એકાદ ચાવી સ્વયં હાજર થઇ જાય છે ને તાળું ઉઘડી જાય છે! પ્રસ્તુત ગ્રંથમાં શક્ય તેટલી ચાવીઓનું સંકલન કરવાના પ્રયત્નો થયા છે. જિજ્ઞાસુઓને એ કાર્યકારી થાય તે અર્થે સુજ્ઞ વાચકો શુદ્ધ ભાવે પોતાની અંદર બિરાજેલા પરમાત્માને પ્રાર્થના કરી પ્રસ્તુત ગ્રંથનું વાચન, મનન કરવું કે સર્વ જ્ઞાનકળા ને બોધકળા પોતાને ઉપલબ્ધ થાય, જે અવશ્ય ફલિત થશે.

સામાન્યપણે 'જ્ઞાનીપુરુષ' માટે એવી સમજ હોય છે કે જે કંઇક શાસ્ત્રો સંબંધી વિશેષ જાણે છે. યથાર્થપણે તો તે શાસ્ત્રજ્ઞાની કહેવાય. આત્મજ્ઞાની અને શાસ્ત્રજ્ઞાનીમાં આકાશ-પાતાળનું અંતર છે. શાસ્ત્રજ્ઞાની માર્ગના શોધક કહેવાય. જયારે આત્મજ્ઞાની તો આત્મમંઝિલે પહોંચી ગયેલા હોય અને અનેકને પહોંચાડતા હોય ! સંપૂર્ણ નિર્અહંકારી પદને વરેલા આત્માનુભવી પુરુષ જ 'જ્ઞાનીપુરુષ' કહેવાય. આવા 'જ્ઞાનીપુરુષ' હજારો વર્ષે એક પાકે. ત્યારે તે કાળને વિષે તેઓ વિશ્વમાં અજોડ હોય. તેમને જ અવતારી પુરુષ ગણાય. ભયંકર કર્મોવાળા કળિમાનવોની મહાપુણ્યૈના ભવ્ય ઉદયે આ કાળમાં એવા 'જ્ઞાનીપુરુષ' પરમ પૂજ્ય 'દાદા ભગવાન' આપણને સાંપડયા છે ! એ પુણ્યૈને પણ ધન્ય છે !

પ્રકટ પરમાત્માને સ્પર્શીને પ્રકટલી સાક્ષાત સરસ્વતીને પરોક્ષમાં ગ્રંથિત કરવું ને, તે પણ કાળ-નિમિત્ત ને સંયોગને આધીન નીકળેલી વાણીને, તેમ જ સહુ કોઇને હૃદયસ્પર્શી બની રહે તે માટે સંકલન કરવાના પ્રયત્નોમાં જે કાંઇ ખામી હોય તો તે સંકલનના શક્તિની મર્યાદાને કારણે જ સંભવિત છે, જેની ક્ષમા પ્રાર્થના !

**ડૉ.નીરુબેન અમીનનાં**
**જય સચ્ચિદાનંદ.**

## ઉપોદ્‌ઘાત

**ડૉ. નીરુબહેન અમીન.**

અનંત કાળથી અનંત લક્ષ વીંધાયા, કિંતુ 'પોતે કોણ છે' એ જ લક્ષ ના સધાયું. સાચો માર્ગ જ 'હું કોણ છું'ની શોધનો છે અગર તો તે રસ્તો ચીંધનારા ય સાચા માર્ગ તરફ કહેવાય. પેપર પર પેઈન્ટ કરેલો દીવો પ્રકાશ ના આપે, માત્ર દીવાની રૂપરેખા જ આપી જાણે. પ્રકાશ તો પ્રત્યક્ષ, પ્રગટ દીવો જ પાથરે ! અર્થાત્ આત્મજ્ઞાનની પ્રાપ્તિ પ્રગટ પ્રત્યક્ષ 'જ્ઞાની પુરુષ' થકી જ શક્ય છે.

તમામ શાસ્ત્રો એકી અવાજે બોલી ઊઠયાં, 'આત્મજ્ઞાન જાણો' પણ રે ! એ શાસ્ત્રમાં નથી સમાયું, એ તો જ્ઞાનીના હૃદયમાં સમાયેલું છે.

અનંત પ્રાકૃત અવસ્થાઓમાં અટવાયેલો નિજછંદે કઇ રીતે તેમાંથી બહાર નીકળી આત્મરૂપ થાય ?! જે જે ક્રિયા કરીને, તપ, જપ, ધ્યાન, યોગ, સામાયિક કરીને સ્થિરતા પ્રાપ્ત કરવા જાય તે તો સ્વભાવે જ ચંચળ છે, તે શી રીતે સ્થિર બને ? 'દરઅસલ આત્મા' સ્વભાવથી જ અચળ છે એટલી જ સમજણ ફીટ કરી લેવાની છે !

આત્માની આરાધના જ્ઞાનીની આજ્ઞા વિના થવી અશક્ય છે ! 'જ્ઞાની' તો સંજ્ઞાથી સાનમાં સમજાવી દેવાની ક્ષમતા ધરાવે ! જે શબ્દ સ્વરૂપ નથી, જયાં શબ્દની જરૂર નથી, જયાં કોઇ માધ્યમ નથી, જે માત્ર સ્વભાવ સ્વરૂપ છે, કેવળજ્ઞાન સ્વરૂપ છે, એવા આત્માનું અનંત ભેદે આત્મ વિજ્ઞાની એવા 'જ્ઞાની પુરુષ' સિવાય કોઇ લક્ષ બેસાડી શકે તેમ નથી.

મરણના ભયને લીધે કોઇ જાતે દવાનું મિક્ષ્ચર બનાવી પીતો નથી. ને અહીં આત્માની બાબતમાં જાતે મિક્ષ્ચર બનાવી અનંત ભવનું મરણ નોંતરે છે ! આ જ સ્વચ્છંદ, બીજુ શું?

આત્મા જ્ઞાનસ્વરૂપ નહીં, વિજ્ઞાન સ્વરૂપ છે. આત્મવિજ્ઞાન જાણે તે 'એબ્સોલ્યુટ' આત્મા પામે. ભૌતિક વિજ્ઞાન વરસોનાં વરસો વિતાવડાવે,



તો ય કામ ના થાય ને આત્મવિજ્ઞાન તો અંતઃમુહૂર્તમાં પણ 'એબ્સોલ્યુટ' બનાવે !

ધાતુઓનાં મિશ્રણનું વિભાજન પ્રત્યેકના ગુણધર્મના જ્ઞાનના આધારે થાય. તેવી જ રીતે આત્મા-અનાત્માના મિશ્રણનું વિભાજન બન્નેના ગુણધર્મ જે જાણે તે જ પુરુષ વૈજ્ઞાનિક પ્રયોગ દ્વારા કરી શકે.

અનાદિથી વિનાશી વસ્તુઓ તરફ વળેલી દ્રષ્ટિને 'જ્ઞાની પુરુષ' નિજના અવિનાશી સ્વરૂપ તરફ વાળી આપે જે ફરી ક્યારેય ત્યાંથી વિખૂટી ના પડે ! દ્રષ્ટિફેરથી જ સંસાર ખડો રહ્યો છે ! જ્ઞાનીની દિવ્યાતિદિવ્ય દેણ છે કે તેઓ અંતઃમુહૂર્તમાં આત્મદ્રષ્ટિ કરી આપે, દિવ્ય દ્રષ્ટિ આપે જે સ્વ-પરના આત્મસ્વરૂપને જ ભાળે. દ્રષ્ટિ દ્રષ્ટામાં સ્થિર કરી આપે. પછી પોતાને ખાતરી થાય કે 'હું શુદ્ધાત્મા છું !' દ્રષ્ટિ પણ બોલતી થઇ જાય કે 'હું શુદ્ધાત્મા છું' બન્નેનો ભેદ તૂટે ને અભેદ થઇ જાય !

દ્રષ્ટિ દ્રષ્ટામાં પડે ત્યાં સમગ્ર દર્શન ખુલ્લું થાય. દ્રષ્ટિ દ્રષ્ટામાં પડે, દ્રષ્ટિ સ્વભાવસન્મુખ થાય એટલે પોતાને પોતાના દર અસલ શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ થાય, પછી દ્રષ્ટિ ને દ્રષ્ટા ઐક્યભાવમાં આવી જાય ! આત્મદ્રષ્ટિ ત્યાં નિરાકૂળતા, આત્મદ્રષ્ટિથી મોક્ષનાં દ્વાર ખૂલે ! દેહદ્રષ્ટિ, મનોદ્રષ્ટિથી સંસાર સર્જાય.

શુદ્ધ જ્ઞાન કે જે નિરંતર વિનાશી-અવિનાશી વસ્તુઓનું ભેદાંકન કરી યથાર્થ દેખાડે, અને એ જ પરમાત્મા છે !

સંસાર વ્યવહાર ક્રિયાત્મક ને આત્મવ્યવહાર જ્ઞાનાત્મક હોવાને કારણે બન્ને સર્વકાળ ભિન્નપણે જ વર્તે છે. એકની ક્રિયા છે ને બીજાનું જાણપણું છે. કરનારો અહંકાર ને જાણનારો શુદ્ધાત્મા આટલો જ ભેદ જે પામી ગયો તેનો સંસાર આથમી ગયો. જેને એ ભેદ પામવો હોય ને 'જ્ઞાની પુરુષ' ના મળ્યા હોય તો 'હે ભગવાન ! જ્ઞાન તમારું ને ક્રિયા મારી.' આ પ્રાર્થના મહીંલા ભગવાનને સતત કર્યા કરે, તો ય ભગવાન એક દહાડો તેને ભેગા થયા વગર રહે નહીં !

પોતે આત્મા થયા વિના જ્ઞાતા દ્રષ્ટા શી રીતે કહેવાય ? જયાં સુધી

નિજ સ્વરૂપનું ભાન ના થાય, ત્યાં સુધી જ્ઞાતા-દ્રષ્ટાપણું ઇન્દ્રિયજ્ઞાનને આધારે છે, અતીન્દ્રિયજ્ઞાનને આધારે જ યથાર્થ જ્ઞાતા-દ્રષ્ટા પદમાં અવાય.

જ્ઞાન અને આત્મા અભેદસ્વરૂપે છે. મિથ્યાદ્રષ્ટિ ઊઠી સમ્યક્ દ્રષ્ટિ થાય ત્યારે યથાર્થ જ્ઞાનનું સ્વરૂપ સમજાય, જે પછી 'જ્ઞાની પુરુષ'ના સત્સંગ દ્વારા ફીટ થતાં થતાં જ્ઞાન-દર્શન વધતું વધતું પ્રવર્તનમાં આવે ને કેવળ આત્મપ્રવર્તનમાં આવે, જ્ઞાન-દર્શન સિવાય બીજુ કંઇ જ પ્રવર્તન જયાં નથી, તે કેવળજ્ઞાન.

જગતમાં જે જ્ઞાન ચાલે છે. મંત્ર, જપ, શાસ્ત્રજ્ઞાન, ધ્યાન, યોગ, કુંડલિની,એ બધાં ઇન્દ્રિયજ્ઞાન છે, ભ્રાંતિ જ્ઞાન છે એનાથી સંસારમાં ઠંડક રહે, મોક્ષ તો અતીન્દ્રિયજ્ઞાનથી છે !

શાસ્ત્રજ્ઞાન એટલે શ્રુતજ્ઞાન કે સ્મૃતિજ્ઞાન, આત્મજ્ઞાન નહીં. પુસ્તકમાં કે શબ્દમાં ચેતન નથી, હા સ્વયં પરમાત્મા જયાં પ્રગટ થયા છે એવા જ્ઞાનીની કે તીર્થંકરોની વાણી પરમાત્માને સ્પર્શીને નીકળેલી હોવા કારણે આપણા સૂતેલા ચેતનને જગાડે !

'સર્વધર્માન્ પરિત્યજય, મામેકં શરણં વ્રજ.' - દેહના ધર્મો, મનના ધર્મો, વાણીના ધર્મો કે જે પરધર્મ છે, ભયાવહ છે, તે બધાને છોડી એક મારા એટલે કે આત્માના ધર્મમાં આવ. મારા એટલે જે મુરલીવાળા દેખાય છે તેમનાં નહીં, પરંતુ મહીં બેઠેલા પ્રગટ પરમાત્મ સ્વરૂપના શરણે આવવાનું કહ્યું છે !!!

નિજ સ્વરૂપનું અજ્ઞાન એ જ ભ્રાંતિ ને એ જ માયા. 'પોતે જે નથી' તેની કલ્પના થાય તેનું નામ ભ્રાંતિ ! જે શબ્દપ્રયોગ નથી, અનુભવપ્રયોગ છે એવા નિજ સ્વરૂપને જાણવાનું છે. મૂળ વાતને સમજવાની છે. સમજણથી જ મોક્ષ છે.

સંયોગોના દબાણથી ભ્રાંતિ ઉત્પન્ન થઇ. ખરેખર આત્માને ભ્રાંતિ નથી, આત્મા ગુનેગાર નથી. અજ્ઞાનતાથી ગુનેગાર ભાસે છે.

સંપૂર્ણ જ્ઞાની છૂપા ના રહે. પોતે જે સુખ પામ્યા તેની જગતને



લહાણી કરવા જગતની સાથે જ રહે. મુમુક્ષુ તો 'જ્ઞાની'ના નેત્ર જોઇને જ પારખી લે.

કોઇ ગાળ ભાંડે, ખિસ્સું કાપે, હાથ કાપે, કાન કાપે તો ય રાગદ્વેષ ના થાય, જયાં અહંકાર ને મમતા નથી ત્યાં ચૈતન્ય સત્તાનો અનુભવ છે એમ સમજાય !

પેરાલીસીસમાં ય આત્મસુખ ના જાય; દુઃખને સુખ કરી આપે તે આત્માનુભવ. 'હું કોણ છું'નું ભાન થાય ત્યારે આત્માનુભવ થાય.

'થીયરેટિકલ' એટલે સમજ અને અનુભવ એ તો 'પ્રેક્ટિકલ' વસ્તુ છે. અક્રમમાર્ગે આત્માનુભવ એક કલાકમાં જ થઇ જાય છે !!! નહીં તો એનું કરોડો અવતારે ય લાખ સાધના કર્યાથી ય ઠેકાણું ના પડે !!!

આત્માનું લક્ષ નિરતંર રહે એ જ આત્માસાક્ષાત્કાર. હર્ષ-શોકના ગમ્મે તે સંજોગોમાં હાજર રહી સેફ સાઇડમાં રાખે તેનું નામ જ્ઞાન.

કાંકરાને જે જાણે તે ઘઉંને જાણે.

અસત્‌ને જે જાણે તે સત્‌ને જાણે.

અજ્ઞાનને જે જાણે તે જ્ઞાનને જાણે.

આત્માનુભવ કોને થાય છે ?

પહેલાં જેને 'હું ચંદુલાલ છું'નું ભાન હતું તેને જ હવે 'હું શુદ્ધાત્મા છું'નું ભાન થાય છે, એને જ આત્માનુભવ થાય છે.

વિચારે કરીને થયેલું જ્ઞાન એ શુદ્ધ આત્મજ્ઞાન ના હોય, વિચાર સ્વયં આવરણકારી છે. આત્મા નિર્વિચાર સ્વરૂપ છે. વિચાર અને આત્મા તદ્દન ભિન્ન છે. આત્માનું સ્વરૂપ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, શબ્દ, વિચારના સ્વરૂપથી ન્યારું છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર એવું જેનું સ્વરૂપ ને પરમાનંદ જેનો સ્વભાવ, એવો આત્મા જાણવાનો છે.

'ચંદુલાલ' પ્રયોગ ને 'શુદ્ધાત્મા' પોતે પ્રયોગી. પ્રયોગને જ પ્રયોગી

માની બેઠાનું પરિણામ ચિંતા, ઉપાધિ !

અજ્ઞાશક્તિથી જગતની અધિકરણ ક્રિયા ચાલે ને પ્રજ્ઞાથી વિરમે. સ્વરૂપ જ્ઞાનની પ્રાપ્તિ પછી પ્રજ્ઞા પ્રગટે ને અજ્ઞા વિદાય લે છે. અજ્ઞા સંસારમાં રઝળાવે, પ્રજ્ઞા મોક્ષને આરે લઈ જાય ! પ્રગટ થયેલી પ્રજ્ઞા નિરંતર આત્મહિત જ દેખાડયા કરે- ચેતવ ચેતવ કરે, ને સંસારનો ઉકેલ લાવી નાખે ! કેવળ પ્રકાશ સ્વરૂપ આત્મા સંસારની બહાર કેમ કરીને નીકળે ? એ તો આત્માનું અંગ સ્વરૂપ પ્રજ્ઞા જ બધું કરી લે ! આત્માની મૂળ કલ્પશક્તિથી અજ્ઞા ઉદ્‌ભવે જેમાં પછી અહંકાર ભળે એટલે સંસાર નિરાંતે ચાલ્યા કરે ! સંજોગોના જબરજસ્ત દબાણથી સ્વાભાવિક જ્ઞાન-દર્શન વિભાવિક બન્યું. સિદ્ધગતિમાં સંયોગો નથી, સંયોગોનું દબાણ નથી, તેથી ત્યાં વિકલ્પ નથી.

કર્તાપણામાં નિઃશંકતા તે અજ્ઞદશા. કર્તાપણામાં શંકા પડે તે સ્થિતપ્રજ્ઞદશા અને કર્તાપદ જ ઊડી ગયું ત્યાં પ્રજ્ઞા ઉત્પન્ન થાય.

ચિત્ત અને પ્રજ્ઞામાં ફેર કેટલો કે ચિત્ત પહેલાનું જોયેલું જ જોઇ શકે જયારે પ્રજ્ઞા બધું નવું જ જુએ, વિશેષ જાણે. પોતાના દોષને પણ જે દેખાડે તે પ્રજ્ઞા. ચિત્ત બીજું બધું જોઇ શકે, પણ પ્રજ્ઞાને ના જોઇ શકે. જયારે આત્મા તો પ્રજ્ઞાને પણ જોઇ શકે ! પ્રજ્ઞા કેવળજ્ઞાન થતાં સુધી જ શુદ્ધાત્માની સેવા બજાવે.

આત્માનો એક વિકલ્પ ને પુદ્‌ગલે ગોઠવી દીધી સર્વ બાજી, પરિણામે સંસાર ખડો થયો! આમાં સ્વતંત્ર કર્તા કોઇ નથી. સંજોગોના દબાણથી આ પરિસ્થિતિ સર્જાણી. આ પુદ્‌ગલ નિરંતર પરિવર્તન થયા જ કરે છે, અવસ્થા સ્વરૂપે ! તત્વ સ્વરૂપે પુદ્‌ગલ પરમાણુઓ સ્વરૂપે છે જે અવિનાશી છે. પુર + ગલ એટલે પુદ્‌ગલ. પૂરણ-ગલન થયા જ કરે તે પુદ્‌ગલ. રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પુદ્‌ગલના મુખ્ય ચાર ગુણો છે. પુદ્‌ગલમાં જ્ઞાન-દર્શન નથી, લાગણીનો અનુભવે ય નથી, ને ક્ષાયક ભાવ પણ નથી ! જગતમાં સક્રિયતા એકલા પુદ્‌ગલની જ છે. બાકીનાં તત્વો અક્રિય સ્વભાવે છે. પુદ્‌ગલની સક્રિયતાને કારણે જ જગતમાં જાતજાતનાં રૂપો દેખાય છે.



જરાક અમથું ઝેર ચેતનને 'ઓન ધી મોમેન્ટ' ઘર ખાલી કરાવડાવે છે ! પુદ્‌ગલની કેટલી બધી શક્તિ !!!

પરમાણુની શુદ્ધ અવસ્થા એટલે વિશ્રસા. સંજોગોના દબાણથી 'હું ચંદુલાલ, ને મેં આ કર્યું !' એ અજ્ઞાન ખડું થાય ત્યારે પરમાણુઓનો ચાર્જ પ્રયોગ થાય છે, માટે તે પ્રયોગશા કહેવાયાં. પ્રયોગશા થયા પછી કારણ દેહ બંધાય છે જે આવતે ભવે મિશ્રસા થઈ જાય તે ઠેઠ કડવાં-મીઠાં ફળ આપીને જાય ત્યાં સુધી મિશ્રસા રૂપે રહે છે. ફળ આપતી વખતે પાછો બેભાન અવસ્થામાં નવું 'ચાર્જ' કરી નાખે છે ને સાયકલ ચાલ્યા જ કરે છે. લોકો જેને કર્મ ભોગવ્યું. સુખ દુઃખ પરિણામમાં કહે છે, તેને 'જ્ઞાન' પરમાણુઓની પરિવર્તિત થતી અવસ્થા સ્વરૂપે 'જોયા-જાણ્યા' કરે છે ! તેથી નવો પ્રયોગ થતો નથી, ને તે સાયકલ તૂટે છે !

દેહ જાતજાતના પરમાણુઓથી ખીચોખીચ છે. ઉગ્ર પરમાણુઓના ઉદયમાં તન્મયાકારપણું ક્રોધ જન્માવે, વસ્તુ જોતાં જ આસક્તિના પરમાણુઓ ફૂટતાં તન્મયાકાર થાય ત્યારે લોભ જન્મે. માન મળતાં તન્મયાકાર થઈ મહીં ઠંડક માણે ને તેમાં 'પોતે' ભળે ત્યાં અહંકાર જન્મ્યો ! આ બધી અવસ્થાઓમાં 'પોતે' નિર્તન્મય રહે તો ક્રોધ, માન, માયા, લોભની હસ્તી જ નથી. ખાલી પરમાણુઓની ઈફેક્ટ જ બાકી રહે છે, જેની નિર્જરા થઈ જાય છે !!

ક્રોધમાં 'પ્રતિષ્ઠિત આત્મા' ભળે, 'બીલિફ આત્મા' ભળે છે, મૂળ આત્મા ભળતો જ નથી.

પૂરણ-ગલનના વિજ્ઞાનને વધુ સૂક્ષ્મતાએ જ્ઞાની સમજાવે છે કે ખાધું એ લૌકિક ભાષામાં પૂરણ કર્યું કહેવાય, પણ એ પૂરણ 'ફર્સ્ટ' ગલન છે અને સંડાસ જવું એ 'સેકન્ડ ગલન' છે. અને ખરેખર જે પૂરણ થાય છે તે સૂક્ષ્મ વસ્તુ છે જેને 'જ્ઞાની' જ જોઇ શકે, જાણી શકે !

પુદ્‌ગલમાં પારિણામિક દ્રષ્ટિ ઉત્પન્ન થાય તેને વિષયસુખ ફિક્કાં લાગે. જલેબી ખાધી તેની સવારે શી દશા થશે, દૂધપાકની ઊલટી થયા પછી કેવો લાગે ? એવી પારિણામિક દ્રષ્ટિ રહેવી જોઈએ.

શરીરના પરમાણુઓ, મનના પરમાણુઓ ક્ષણે ક્ષણે બદલાયા જ કરે છે. પરમાણુઓ પરિવર્તનતાને પામે છે છતાં તે વધઘટ થતા નથી.

જેમ દરેક આત્માઓ એક જ સ્વભાવના છે તેમ પરમાણુઓ એક જ સ્વભાવના છે. માત્ર ક્ષેત્રફેરને કારણે ભાવફેર અને ભાવફેરને કારણે બધો ફેરફાર દરેકનો જુદો જુદો લાગે છે, જેના આધારે જગત ખડું છે. પરમાણુઓ જડ તત્વના જ હોય. પરમાણુઓ જડ છે પણ ચેતન ભાવને પામી ચેતનવાળા થઈ જાય છે, જેને મિશ્રચેતન કહેવાય. પરમાણુઓની અવસ્થા શરીરની બહાર હોય ત્યાં સુધી વિશ્રસા, મહીં પેસે ત્યારે પ્રયોગશા ને ફળ આપતી વખતે મિશ્રસા હોય છે.

એક આત્મહેતુ કાજે ગ્રહાયેલા પરમાણુઓ સર્વોચ્ચ હોય છે, જે મોક્ષે જતાં સુધી ચક્રવર્તીની જેવી સગવડો આપે.

પ્રયોગશાની સ્ટેજ હોય ત્યાં સુધી ફેરફાર શક્ય, મિશ્રસા થયા પછી કોઈનું ચલણ ના રહે. બહાર શુદ્ધ સ્વરૂપે રહેલાં પરમાણુઓ સ્વભાવિક વિશ્રસા છે. આત્માના સંયોગમાં આવ્યા પછી વિભાવિક, પ્રયોગશા બની જાય છે. વિભાવિક પુદ્‌ગલ વિનાશી છે, સ્વભાવિક પુદ્‌ગલ અવિનાશી છે. વિભાવિક પુદ્‌ગલ સ્વતંત્ર નથી, 'વ્યવસ્થિત'ને આધીન છે.

પરમાણુઓ મૂળ સ્વરૂપે કેવળ જ્ઞાનમાં જ દેખાય.

આત્મા અનંત શક્તિવાળો છે તેમ પુદ્‌ગલે ય અનંત શક્તિવાળું છે. આત્મા આ પુદ્‌ગલની શક્તિ જાણવા ગયો ને પોતે જ તેમાં બંદીશ બની ગયો ! પુદ્‌ગલના ધક્કાથી આત્મામાં નૈમિત્તિક કર્તાપણું ઉત્પન્ન થયું છે.

બે સનાતન તત્વો સાથે આવવાથી વિશેષ પરિણામ ઉત્પન્ન થાય છે.

'હું કરું છું' એ કર્તાભાવ ને કર્તાભાવ એ જ કર્મ. કર્તાભાવ નથી ત્યાં નથી કર્મ, તેથી નથી પાપ કે પુણ્ય!

દેહ પરમાણુઓનો બનેલો છે. ક્રોધ અને માનના પરમાણુઓનું



પ્રમાણ વિશેષ હોવા કારણે પુરુષ દેહ મળે છે ને માયા ને લોભના પરમાણુઓનું પ્રમાણ વિશેષ થાય ત્યારે સ્ત્રીદેહની પ્રાપ્તિ થાય છે. પરમાણુઓના પ્રમાણમાં ફેરફાર થાય તો બીજા ભવમાં લિંગભેદ થઈ જાય, આત્મામાં ભેદ નથી.

સારું-ખોટું વિકલ્પથી દેખાય. નિર્વિકલ્પીને સારું-ખોટું હોય નહીં.

આંખે દેખાય, દૂરબીનથી દેખાય એ બધા સ્થૂળ પરમાણુઓ, મિશ્રસા એ સૂક્ષ્મ, પ્રયોગશા એ સૂક્ષ્મતર ને વિશ્રસા તે સૂક્ષ્મતમ પરમાણુઓ !

પુદ્‌ગલ પણ સત્ એટલે કે અવિનાશી છે. પુદ્‌ગલના પણ પર્યાયો છે જે પોતાની પ્રદેશમાં રહીને બદલાય છે, જે વિનાશી છે. પુદ્‌ગલ પૂરણ-ગલન સ્વભાવનું છે!

આત્મા સિવાયના બધા જ ભાવો પુદ્‌ગલભાવો છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, ક્રોધ, માન, માયા, લોભ એ બધા જ પુદ્‌ગલભાવો છે. તેને જોયા કરવાનાં. એમાં ભળ્યા તો જોખમદારી આવે, ને ભળ્યા નહીં એટલે છૂટયાં ! પુદ્‌ગલભાવને જુએ જાણે તે આત્મભાવ. મોઢું બગડી જાય, મન બગડી જાય, બધી અસરો થઈ જાય એટલે પુદ્‌ગલભાવમાં ભળ્યા કહેવાય.

સ્વસત્તા જાણી નથી ત્યાં સુધી પોતે પરસત્તામાં જ છે. પરસત્તાને સ્વસત્તા માને તે જ અહંકાર.

સત્તાનો સ્હેજ પણ દુરુપયોગ થાય તો સત્તા જાય.

તમામ ક્રિયા ને ક્રિયાવાળું જ્ઞાન, એ બધું જ પરસત્તા છે. જે અક્રિય, જ્ઞાતાદ્રષ્ટા, પરમાનંદી છે, જે ક્રિયાવાળા જ્ઞાનને જાણે છે તે 'પોતાની' સ્વસત્તા છે. જેટલો શુદ્ધ ઉપયોગ રહ્યો, તેટલી સ્વસત્તા પ્રગટે. ઘોર અપમાનમાં ય પરસત્તા પોતા પર ચઢી ના બેઠી તેને આત્મા પ્રાપ્ત કર્યો કહેવાય ! એક કલાક સ્વભાવમાં રહી પ્રતિક્રમણ થાય તો સ્વસત્તા અનુભવાય.

કરે છે બીજો ને માને છે 'હું કરું છું' તે પરપરિણતિ. 'વ્યવસ્થિત' જે જે કરાવે છે, તે વીતરાગભાવે જોયા કરે તે સ્વપરિણતિ. એક ક્ષણ પણ પરપરિણતિમાં ન પ્રવેશે તે જ્ઞાની ! એ જ દેહધારી પરમાત્મા ! સ્વપરિણતિમાં હોય તેને પરપરિણતિ સ્પર્શે જ નહીં.

''જ્ઞાન જ્યારે ઉપયોગમાં આવે, ત્યારે એ સ્વપરિણતિમાં આવે.''

જ્ઞાનીની આજ્ઞા, જ્ઞાનીનાં દર્શન સ્વપરિણતિમાં લાવનારાં છે. કિંચિત્માત્ર કોઈનું અવલંબન છે ત્યાં સુધી પરપરિણતિ છે.

'ડિસ્ચાર્જ' ભાવને પોતાના ભાવ માને છે તેથી પરપરિણતિમાં જાય છે. 'ડિસ્ચાર્જ' ભાવને પોતાના ભાવ ન માને તો તે સ્વપરિણતિમાં છે. એક પણ 'ડિસ્ચાર્જ' ભાવને પોતાનો ભાવ નથી માનતા તે 'જ્ઞાની પુરુષ'!

સ્વપરિણામ ને પરપરિણામ જીવમાત્રને હોય જ. પરપરિણામને સ્વપરિણામ માને અને કરનારો હું ને જાણનારો પણ હું જ એનું નામ અજ્ઞાન.

પુદ્ગલ અને આત્મા બન્ને પરિણામી સ્વભાવના છે, એટલે ક્ષણે ક્ષણે પરિણામ બદલે છતાં પોતાનો સ્વભાવ ક્યારેય કોઈ છોડે નહીં તેવાં છે. પુદ્ગલના પારિણામિક ભાવો એટલે સાંસારિક બાબતોનું જ્ઞાન હાજર થાય ને બટાકા ખવાશે તેનાથી વાયુ થશે. જ્યારે શુદ્ધાત્માના પારિણામિક ભાવો એટલે જ્ઞાતા-દ્રષ્ટા! ક્રોધ, માન, માયા, લોભ એ પણ પુદ્ગલના પારિણામિક ભાવો છે. પારિણામિક ભાવો કે જેમાં ફેરફાર ક્યારેય ન થઈ શકે. હવે જેને જગત છોડવાનું કહે છે જ્યારે વીતરાગો 'પરીક્ષા આપવી' કહે છે, 'પરિણામ' મેળે આવશે.

આત્માનો સ્વભાવ જેવું કલ્પે તેવો તરત જ થઈ જાય, એવો છે. આત્માનો પ્રકાશ બહાર ગયો એટલે અહંકાર ઊભો થઈ ગયો. મૂળ આત્મા ચિંતવે નહીં પણ જેવું 'અહંકાર'ના આરોપણે ચિંતવે એટલે તેનું જ વિકલ્પ સ્વરૂપે થઈ જાય ! ચિંતવન એટલે વિચાર કરે છે તે નહીં પણ પોતે મનમાં જે આશય નક્કી કરે તે ચિંતવન.



'હું દુઃખી છું' ચિંતવતાં દુઃખિયો થઈ જાય ને 'સુખિયો છું' કહેતાં જ સુખિયો થઈ જાય, કોઈ ગાંડો 'હું ડાહ્યો છું' એવું ચિંતવ્યા કરે તો તે ડાહ્યો થઈ જાય.

'હું સ્ત્રી છું, આ પુરુષ છે' એ બીલીફ છે ત્યાં સુધી મોક્ષ નથી. 'પોતે આત્મા છે' એમ વર્તે તો જ મોક્ષ છે !

પુદ્ગલ અધોગામી સ્વભાવનું છે, આત્મા ઊર્ધ્વગામી સ્વભાવનો છે. બુદ્ધિશાળીઓના ટચમાં આવવાથી પોતે અધોગામી થાય છે. પરમાણુઓના આવરણ જેમ વિશેષ, તેમ ગતિ નીચી. આત્મા નિરાવરણ થાય ત્યારે મોક્ષે જાય.

આત્મા ગુણધર્મ સહિત જાણે ને તદ્રૂપ પરિણામ પામે તેને જ આત્મજ્ઞાન થાય. અનંતગુણનો ધર્તા આત્મા છે-અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતશક્તિ, અનંતસુખ, અવ્યાબાધ, અરૂપી, અસંગ, અવિનાશી.........

આત્માનું શુદ્ધત્વ અનંત જ્ઞેયોને જોવા-જાણવા છતાં જતું નથી, અનંતકાળથી !!!

અક્રમજ્ઞાનીનું આ અદ્ભુત વાક્ય જે સંપૂર્ણ સમજી જાય તે તે પદને પામે છે.

''અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું.'' - **દાદા ભગવાન.**

પુદ્ગલ પર્યાય બદલાય તેમ જ્ઞાનપર્યાય બદલાય છે. પર્યાયોના નિરંતર પરિવર્તનોમાં ય જ્ઞાન સંપૂર્ણ શુદ્ધ, સર્વાંગ શુદ્ધ રહે છે !

જ્ઞાનમાં ભેદ ન હોય. કેવળજ્ઞાન સ્વરૂપી આત્મામાં તો જ્ઞાન, દર્શનના ય ભેદ નથી. ગુણ અને વસ્તુ અભિન્ન ભાવે, અભેદભાવ જ હોય, જ્યારે શબ્દમાં કહેવા જતાં ભેદ ભાસે!

અવસ્થાનું જ્ઞાન વિનાશી છે, મૂળ સ્વાભાવિક જ્ઞાન સનાતન છે ! જ્ઞેય સામું આવતાં જ્ઞાન જ્ઞેયના આકારે થવા છતાં પોતાની શુદ્ધતા નથી

ચૂકતું, કોઈ કાળે ય !

આત્મા તેમ જ પુદ્‌ગલ પણ દ્રવ્ય, ગુણ ને પર્યાય સહિત છે. આત્માના ગુણો અન્વય-સહચારી હોય ને પર્યાય પરિવર્તનશીલ હોય. વસ્તુની સૂક્ષ્મ અવસ્થાને પર્યાય કહેવાય.

જ્ઞેયો જાણતાં રાગદ્વેષ થાય તો બંધન છે ને વીતરાગ રહ્યા તો પોતે મુક્ત જ છે!

દર્શન સામાન્ય ભાવે હોય ને જ્ઞાન વિશેષભાવે હોય, જેથી કરીને જ્ઞેય જુદાં જુદા દેખાય અને તેથી જ જ્ઞાન પર્યાય જ્ઞેયાકાર થાય પણ દ્રશ્યાકાર થતું નથી. આત્મા સ્વભાવથી આકાશ જેવો છે, લાઈટ જેવો છે. આ લાઈટને ડબ્બામાં બંધ કર્યું હોય તો ય એને કંઈ જ ચોંટતું નથી, એ લાઈટ જેવું આત્માનું દ્રવ્ય છે, પ્રકાશમાન કરવાની શક્તિ એ જ્ઞાન દર્શન છે, ગુણ છે, અને એ પ્રકાશમાં બધી ચીજ દેખાય તે જ્ઞેય કહેવાય.

ચેતનના ચેતન પર્યાય ને અચેતનનાં અચેતન પર્યાય હોય.

યથાર્થ આત્મા પ્રાપ્ત કર્યાં પછી જ આત્માનો આનંદ ઉત્પન્ન થાય. ગમ્મે તેવી સ્થિતિમાં ય નિરંતર પરમાનંદ રહે તેનું નામ મોક્ષ. બાહ્ય કોઈ પણ આલંબન વિનાનો સહજ ઉત્પન્ન થતો આનંદ એ આત્માનંદ. આનંદ એ આત્માનો અન્વય ગુણ છે. સિદ્ધગતિમાં ય સાથે રહેનારો ગુણ છે! આત્મા જાણ્યા બાદ આત્માનો શુદ્ધ આનંદ ઉત્પન્ન થાય છે જે ક્રમે ક્રમે વૃદ્ધિને પામતો અંતે સંપૂર્ણતાને પહોંચે છે.

જીવમાત્રમાં આત્માની અનંત શક્તિઓ છે, પણ તે આવરાયેલી છે. અહંકાર ને મમતા જાય એટલે એ શક્તિઓ પ્રગટ થાય ! 'ભગવાન' પાસે તો જ્ઞાનશક્તિ ને સ્થિરતાશક્તિ જ માગવા જેવી છે, પુદ્‌ગલ શક્તિ માગવા જેવી નથી ! આત્મશક્તિ એટલે આત્મવીર્ય. અહંકારથી આત્મવીર્ય આવરાય. આત્મવીર્ય ઘટતું ભાસે ત્યારે 'હું અનંત શક્તિવાળો છું' મોટેથી ૨૫-૫૦ વખત બોલવાથી આત્મવીર્ય પ્રગટ થઈ જાય છે! 'મોક્ષે જતાં સુધી જ વચ્ચે આવતા વિઘ્નોની સામે પોતે અનંત શક્તિવાળો



છે.' એમ બોલવાની જરૂર, પછી મોક્ષમાં નહીં. જ્ઞાતાદ્રષ્ટા રહેવાથી તમામ વિઘ્નો નષ્ટ થાય છે અને આત્માની શક્તિ પ્રગટ થાય છે. વિનાશી વસ્તુની મૂર્છાથી આત્માની ચૈતન્યશક્તિ આવરાય છે.

છ યે તત્વો શુદ્ધ સ્વરૂપે અગુરુ-લઘુ સ્વભાવનાં છે. આત્મા ટંકોત્કીર્ણ છે તે અગુરુ-લઘુ સ્વભાવને લઈને છે.

ક્રોધ, માન, માયા, લોભ એ નથી આત્માના ગુણો નથી કે જડના ગુણો. એ અન્વય ગુણો નથી પણ આત્માની હાજરીથી ઉત્પન્ન થતા પુદ્‌ગલના ગુણો-વ્યતિરેક ગુણો છે. જેમ સૂર્યની હાજરીથી પથ્થરમાં ગરમીનો ગુણ ઉત્પન્ન થાય તેમ.

આત્મા અરૂપી છે. અરૂપીને રૂપી વળગ્યું એ ય અજાયબી છે ને ! ભ્રાંતિથી વળગેલું લાગે છે. હકીકતમાં તેમ નથી.

ટંકોત્કીર્ણ એટલે આત્મા ને પુદ્‌ગલનું મિક્ષ્ચર સ્વરુપ થયેલું છે, કમ્પાઉન્ડ નહીં! બે તત્વો સાથે છે છતાં એકમેકમાં એકાકાર ક્યારેય નથી થતાં તે તેના ટંકોત્કીર્ણ સ્વભાવને કારણે ! મિક્ષ્ચર સ્વરૂપે હોય, કમ્પાઉન્ડ સ્વરૂપે નહીં. તેલ ને પાણીને ગમે તે કરીએ છતાં ય બન્નેના પરમાણુઓ એકાકાર ક્યારેય ના થાય. બન્ને ભિન્નપણે જ રહે-એના જેવું આત્મા-અનાત્માનું કહેવાય ! છ યે તત્વો મૂળ સ્વરૂપે ટંકોત્કીર્ણ સ્વભાવના છે! ટંકોત્કીર્ણનો જેમ છે તેમ અર્થ તો જ્ઞાનીઓ જ કરી શકે ! વીતરાગોનો આ અજાયબ શબ્દ છે !

અવ્યાબાધ સ્વરૂપે એટલે આત્માનો એવો ગુણ છે કે જેથી કરીને એ ક્યારેય પણ કોઈ જીવને કિંચિત્ માત્ર દુઃખ ન કરી શકે ! તેમ જ પોતાને પણ ક્યારેય દુઃખ ના થાય !!! પોતાથી સામાને દુઃખ થાય છે તેવી સહેજ પણ શંકા પડે છે, તો તેનું પ્રતિક્રમણ ઘટે. દુઃખ, પીડા 'માનેલા આત્મા'ને થાય છે, મૂળ આત્માને નહીં. મૂળ આત્મા અવ્યાબાધ સ્વરૂપી છે.

આત્મા અવ્યય છે, તેમ ભાજન પ્રમાણે સંકોચ વિકાસને પામે તેવો છે. આત્મા નિરંજન નિરાકાર છે. છતાં દેહાકારી છે, એને પોતાનો

સ્વાભાવિક આકાર છે.

જ્યાં સુધી પોતાના નિરાકાર પરમાત્માની પ્રાપ્તિ નથી થઇ ત્યાં સુધી જે દેહમાં પરમાત્મા પ્રગટ થયા છે એવા પ્રત્યક્ષ 'જ્ઞાની પુરુષ'ને ભજવાથી પોતાનું પરમાત્માપણું પ્રગટ થાય.

આત્મા અમૂર્ત છે ને મૂર્તિની મહીં છે. જ્ઞાની કે જેમાં અમૂર્ત ભગવાન વ્યક્ત થયા છે તેમને મૂર્તામૂર્ત ભગવાન કહેવાય.

આત્મા પરમ જ્યોતિ સ્વરૂપ છે, આંતર-બાહ્ય બધી વસ્તુને જાણે, વસ્તુને વસ્તુરૂપે ને અવસ્થાને અવસ્થારૂપે જાણે. આત્મા સ્વ-પર પ્રકાશક એટલે પોતે પોતાને પ્રકાશે છે ને અન્ય તત્વોને પણ જાણે છે.

આત્માને સુગંધ-દુર્ગંધ સ્પર્શે નહીં. જેમ પ્રકાશને સુગંધ કે ખાડીની ગંધ સ્પર્શતી નથી તેમ !

છેલ્લા દેહથી આત્મા જ્યારે મોક્ષે જવા છૂટે છે ત્યારે એનો પ્રકાશ આખા બ્રહ્માંડમાં વ્યાપે છે. જ્ઞાનભાવે વ્યાપે છે એ અપેક્ષાએ સર્વવ્યાપક કહ્યો.

બધા જ આત્મા સ્વભાવે એક છે પણ અસ્તિત્વ દરેકનું સ્વતંત્ર છે. આત્મા સંસારની કોઇ પણ ચીજનો કર્તા નથી. માત્ર જ્ઞાનક્રિયા ને દર્શનક્રિયાનો કર્તા છે, બીજે કયાંય એની સક્રિયતા નથી. હા, આત્માની હાજરીથી બીજાં તત્વોમાં સક્રિયતા ઉત્પન્ન થઇ જાય છે.

જ્ઞાન + દર્શન એટલે ચૈતન્ય. અનંતજ્ઞાન, અનંતદર્શન આત્મામાં હોવાથી તેને ચૈતન્યઘન કહ્યો.

અનંત પ્રદેશી આત્માના પ્રદેશે પ્રદેશે જ્ઞાયક શક્તિ છે. જ્ઞેયને જ્ઞાતા માનવાથી આત્મ પ્રદેશો કર્મમલથી આવરાય છે. આત્મા અકર્તા છે. સંસારની ક્રિયાનો કર્તા આત્મા નથી. પોતાની સ્વાભાવિક જ્ઞાનક્રિયાનો, દર્શનક્રિયાનો કર્તા છે-એ સિવાય સક્રિયતા એની ક્યાંય નથી.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ એવાં મુખ્ય આઠ કર્મરૂપી આવરણોથી



આત્મપ્રકાશ આવરાયો છે. આત્મજ્ઞાન થયા પછી એ આવરણો તૂટતાં જાય, ફલતઃ આનંદ પ્રગટ થતો જાય. જીવમાત્ર આવરણો સહિત હોય છે. જેને જેટલા પ્રદેશોનાં આવરણ ખૂલ્યાં તેટલો પ્રકાશ તેનો બહાર આવે.

''પોતે પોતાની આખા બ્રહ્માંડને પ્રકાશવાની જે સ્વસંવેદન શક્તિ છે તેને કેવળજ્ઞાન કહેવાય.'' **- દાદા ભગવાન.**

અજ્ઞાની દુઃખને વેદે.

સ્વરૂપજ્ઞાની-આત્માના અસ્પષ્ટ વેદનવાળા દુઃખના જ્ઞાતાદ્રષ્ટા રહેવાના પ્રયત્નમાં હોય. દુઃખ ભોગવે નહીં પણ બોજો લાગે તેમને, ને આત્માના સ્પષ્ટ વેદનવાળા 'જ્ઞાની પુરુષ' દુઃખને વેદે નહીં, જાણે.

ભોગવે છે કોણ ? અહંકાર, આત્મા નહીં.

આત્માના ચાર ઉપયોગ :

અશુદ્ધ, અશુભ, શુભ અને શુદ્ધ ઉપયોગ. શુદ્ધ ઉપયોગીને મોક્ષ મળે. 'પોતે શુદ્ધાત્મા છે' એવું નિરંતર ભાન રહે, જગત આખું નિર્દોષ દેખાય, સહુમાં શુદ્ધાત્મા દેખાય, તે શુદ્ધ ઉપયોગ. મનમાં, વાણીમાં ને વર્તનમાં તન્મયાકાર પરિણામ ના હોય એનું નામ શુદ્ધ ઉપયોગ. જ્ઞાનીનો સંપૂર્ણ શુદ્ધ ઉપયોગ હોય. જ્ઞાનીને ઉપયોગમાં ઉપયોગ રહે.

''શુદ્ધ ઉપયોગ એ જ્ઞાન સ્વરૂપ કહેવાય ને ઉપયોગમાં ઉપયોગ એ વિજ્ઞાન સ્વરૂપ કહેવાય.'' **- દાદા ભગવાન.**

કેવળજ્ઞાન એટલે કેવળ આત્મપ્રવર્તન. 'એબ્સોલ્યુટ' જ્ઞાન એટલે જ કેવળજ્ઞાન. અને એ એકલું જ આનંદ આપે. નિરંતર નિજ પરિણતિ, પુદ્ગલ પરિણતિ જ નહીં એ કેવળજ્ઞાન.

''નિજપરિણતિ એ આત્મભાવના છે, 'હું શુદ્ધાત્મા છું' એ આત્મભાવના નથી.'' **- દાદા ભગવાન.**

કેવળજ્ઞાન થતાં સુધી પિંડના જ્ઞેયો જોવાના ને કેવળજ્ઞાન થયા પછી બ્રહ્માંડના જ્ઞેયો ઝળકે.

''કેવળજ્ઞાન આકાશ જેવું સૂક્ષ્મ છે, જયારે અગ્નિ સ્થૂળ છે. સ્થૂળ સૂક્ષ્મને બાળી ના શકે. મારો, કાપો, બાળો તો ય પોતાના કેવળજ્ઞાન સ્વરૂપને કંઇ જ અસર થાય તેમ નથી.'' **- દાદા ભગવાન.**

ઉપયોગમાં ઉપયોગ વર્તે એ કેવળજ્ઞાન. પોતે શુદ્ધ છે એ ય જુએ, સામાને શુદ્ધ જુએ, એ શુદ્ધ ઉપયોગ કહેવાય ને તેના પર ઉપયોગ રહે તે ઉપયોગ ઉપર ઉપયોગ કહેવાય.

''કેવળજ્ઞાન સ્વરૂપ કેવું દેખાય ? આખા દેહમાં આકાશ જેટલો જે ભાગ પોતાનો દેખાય. આકાશ જ દેખાય, બીજું કશું દેખાય નહીં. કોઇ મૂર્ત વસ્તુ એમાં ના હોય.'' **- દાદા ભગવાન.**

''આ જગતમાં જે કંઇ પણ કરવામાં આવે તે જગતને પોષાય યા ના પોષાય છતાં હું કંઇ જ કરતો નથી એવો જે સતત ખ્યાલ રહેવો તે કેવળદર્શન છે. એ સમજ રહેવી તે કેવળજ્ઞાન છે !'' **- દાદા ભગવાન.**

મન, વચન, કાયાની તમામ સંગી ક્રિયાઓમાં શુદ્ધ ચેતન તદ્દન અસંગ જ છે. **- દાદા ભગવાન.**

''મન, વચન, કાયાના તમામ લેપાયમાન ભાવો જે આવે છે તેનાથી 'શુદ્ધ ચેતન' સર્વથા નિર્લેપ જ છે.'' **- દાદા ભગવાન.**

મનના ભાવો, વિચારો આવે છે તે, વચન અને કાયા એ બધા જ અજ્ઞાનદશાનાં સ્પંદનો છે, જ્ઞાનદશામાં કોઇ સ્પંદન થતું નથી.

સ્વરૂપજ્ઞાન પછી મનના ભાવો ઊઠે છે તે લેપાયમાન કરવા જાય છે, ત્યાં જાગૃતિ રહે કે આ 'મારું સ્વરૂપ ન હોય, આનાથી હું મુક્ત જ છું' તો જ નિર્લેપ રહેવાય.

''મન, વચન, કાયાની ટેવો અને તેના સ્વભાવને 'શુદ્ધ ચેતન' જાણે છે અને પોતાના સ્વ-સ્વભાવને પણ તે જાણે છે કારણ કે તે સ્વ-પર પ્રકાશક છે.'' **- દાદા ભગવાન.**

મનની, વાણીની, કાયાની ટેવોને પોતે જાણે છે ને ટેવોના સ્વભાવને પણ પોતે જાણે છે. ટેવોનો સ્વભાવ એટલે આ ટેવ જાડી છે, આ પાતળી



છે, આ ચીકણી છે, આ ઊંડી છે, આ છીછરી છે એવું બધું ય પોતે જાણે. ટેવો મરતાં સુધી ના જાય, પણ ટેવોનો સ્વભાવ આત્મજ્ઞાન પછી ધીમે ધીમે જાય.

''સ્થૂળ સંયોગો, સૂક્ષ્મ સંયોગો, વાણીના સંયોગો પર છે ને પરાધીન છે, અને શુદ્ધ ચેતન તેનું જ્ઞાતાદ્રષ્ટા માત્ર છે.'' **- દાદા ભગવાન.**

અંદરના મનના, બુદ્ધિના, ચિત્તના, અહંકારના, એ બધા સૂક્ષ્મ સંયોગો છે. વાણીના સંયોગો સૂક્ષ્મ-સ્થૂળ છે અને વ્યવહારના સંયોગો સ્થૂળ છે. આ બધા જ સંયોગો પર છે ને પરાધીન છે.

''પ્રકૃતિનો એક પણ ગુણ 'શુદ્ધ ચેતન'માં નથી ને 'શુદ્ધ ચેતન'નો એક પણ ગુણ પ્રકૃતિમાં નથી. બન્ને ગુણે કરીને સર્વથા જુદા છે.'' **- દાદા ભગવાન.**

પહેલાં અજ્ઞાનથી મુક્તિ ને પછી અજ્ઞાનથી ઊભી થતી 'ઇફેક્ટ્સ'થી મુક્તિ મેળવાની છે.

આત્મદ્રવ્ય ના બદલાય પણ 'વ્યવહાર આત્મા'ને જે સંસારી ભાવથી સ્પર્શેલા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધું એકમેકના આધારે બદલાયા કરે.

રાગદ્વેષ એ 'રોંગબીલિફ'થી ઊભા થાય છે. એ કંઇ આત્માનો સ્વભાવ કે ગુણ નથી.

'રિલેટિવ'માં આત્મા ને 'રીયલ'માં પરમાત્મા. 'રીલેટિવ'ને ભજે તો 'પોતે' વિનાશી ને 'રીયલ'ને ભજે 'તે' 'પરમાત્મા' !

જીવમાત્રમાં ચેતન એક જ સ્વભાવી છે. પણ આવરણમાં ફેર છે.

અવિનાશીની ચિંતવનાથી અંતર્મુખી થવાય ને વિનાશીની ચિંતવનાથી બહિર્મુખી થવાય.

મોક્ષે જવાનો સરળ રસ્તો એટલે મોક્ષના ભોમિયાની પૂંઠે પૂંઠે ચાલ્યા જવું તે.

મન, વચન, કાયાની મમતા છે ત્યાં સુધી સમતા ક્યાંથી આવે ?

બાહ્ય કોઇ પણ નિમિત્તથી, પંચેન્દ્રિયોથી, માન-તાન, લક્ષ્મી, વિષયોથી સુખ ના હોય, છતાં અંદરનું જે સુખ વર્તાય છે તે આત્માનું સુખ છે. જ્યાં સુધી વિષયોનું સેવન છે ત્યાં સુધી આત્માનું સ્પષ્ટ સુખ વેદનમાં ના આવે.

જેમ લિફ્ટમાં રહેતા માણસ ને લિફ્ટ બન્ને છૂટાં છે. તેમ આત્મા ને દેહ તદ્દન છૂટા જ છે. કાર્ય તો બધું લિફ્ટ કરી લે છે, ને પોતે તો બટન જ દબાવવાનું હોય છે. તેવી રીતે જેને ભૌતિકની વાંછના છે તેણે અહંકારનું બટન દબાવવાનું ને જેને કેવળ મોક્ષની જ ઇચ્છા છે તેણે આત્મા ભાવે કરીને બટન દબાવવાનું છે.

સ્વસત્તામાં આવે, પુરુષ થઇને પુરુષાર્થમાં આવે તે ભગવાન. પ્રકૃતિની સત્તામાં રમે છે તે જીવ.

આત્માએ દૈહિક રૂપ ધારણ કર્યું જ નથી. ફક્ત 'બીલિફ' જ અવળી બેઠી છે.

મોક્ષ નથી દેહનો થતો ને નથી આત્માનો થતો. મોક્ષ તો થાય છે અહંકારનો - અહંકારની દ્રષ્ટિ બદલાઇ, તેથી 'જે નથી તેને હું છું' માની બેસે છે.

'હું છું' કહે છે તેથી પોતે આત્માથી જુદો પડે છે. એ અજ્ઞાન જાય તો અભેદસ્વરૂપ થઇ જાય. પોતાની જેટલી ભૂલો દેખાય એટલો અહંકાર જાય.

જીવમાત્રને સૂઝ વરેલી હોય છે. સૂઝ એ કુદરતી બક્ષિસ છે. આવરણ આવે એટલે સૂઝ ના પડે, આવરણ ખસતાં જ સૂઝ પડી જાય. એકાગ્રતા થાય કે ઝટ સૂઝ પડી જાય. સૂઝને જગત પુરુષાર્થ માને છે, ભ્રાંતિથી ! દરેકની સૂઝ પરથી માલમ પડી જાય કે આ સમસરણ માર્ગના કેટલા માઇલ ઉપર છે ! મનુષ્યમાં સૂઝ એકલી જ વસ્તુ 'ડીસ્ચાર્જ' નથી, બીજું બધું જ 'ડીસ્ચાર્જ' છે. સૂઝ ને દર્શન કહેવાય. સમસરણ માર્ગમાં સૂઝ



વધતી વધતી છેવટે 'હું શુદ્ધાત્મા છું' એવી સૂઝ પડી જાય કે દર્શન નિરાવરણ થઇ જાય.

અહંકારને લીધે સૂઝનો લાભ ઉઠાવાતો નથી, બાકી સૂઝ તો દરેકને પડયા જ કરે. અહંકાર ઘટતો જાય તેમ સૂઝ વધતી જાય.

આત્મજ્ઞાન પછી પ્રથમ બધેથી ઉદાસીનતા ને પછી વીતરાગતા પ્રાપ્ત થાય. ઉદાસીનતા તો વીતરાગતાની જનની છે. ઉદાસીનતા એટલે રૂચિ ય નહિ ને અરૂચિ ય નહિ. વીતરાગતા એટલે રાગદ્વેષથી પર.

''પ્રતિષ્ઠિત આત્મા એ જગતનું અધિષ્ઠાન છે.'' - **દાદા ભગવાન.**

'હું ચંદુલાલ છું, આ દેહ મારો છે, મન મારું છે' એમ પ્રતિષ્ઠા કરવાથી નવો પ્રતિષ્ઠિત આત્મા ઉત્પન્ન થાય. આનું મૂળ કારણ અજ્ઞાન છે. પ્રતિષ્ઠિત આત્મા છે પુદ્‌ગલ, પણ ચેતનભાવને પામેલું છે. મિશ્રચેતન છે. ક્રોધ, માન, માયા, લોભની પ્રતિષ્ઠા પ્રતિષ્ઠિત આત્મામાં થયેલી છે. તે ફળ આપ્યા કરે છે.

શુભાશુભ ભાવ કરે છે તે વ્યવહાર આત્મા કહેવાય. પ્રતિષ્ઠિત આત્મા તો સ્વરૂપજ્ઞાન પહેલાં કહેવાય નહિ. સ્વરૂપ જ્ઞાન પછી જે બાકી રહે છે તે પ્રતિષ્ઠિત આત્મા છે.

મૂળ આત્માને ભાવાભાવ ના હોય. એની હાજરીથી ભાવાભાવ ઉત્પન્ન થાય છે.

જે અચળ આત્મા છે તે જ 'દાદા ભગવાન' છે. ચંચળ છે તે બધું મિકેનિકલ છે. જ્ઞાનનાં વાક્યો બોલે તે વ્યવહારમાં જ્ઞાની ને મહીં પ્રગટ થયા છે તે 'દાદા ભગવાન' છે. 'જ્ઞાની પુરુષ' પોતે પણ મહીં છે તે 'દાદા ભગવાન'ને નમસ્કાર કરે છે. અમુક ટાઇમ 'દાદા ભગવાન' જોડે અભેદ રહે, તન્મય રહે અને વાણી બોલતી વખતે મહીં ભગવાન જુદા, ને પોતે જુદા, અદ્‌ભુત દશા છે જ્ઞાની પુરુષની !

જગતનો કોઇ સ્વતંત્ર કર્તા નથી. કોઇ બાપો ય ઉપર ઉપરી નથી ભગવાન પણ નહીં. જગતને જે શક્તિ ચલાવે છે એ 'મિકેનિકલ

એડજસ્ટમેન્ટ' છે, કોમ્પ્યુટર જેવું છે ને 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ'થી છે. પણ અજ્ઞાનતાથી પોતે ચલાવે છે કે ભગવાન ચલાવે છે તેમ મનાય છે. સ્વરૂપનું ભાન થાય ત્યાર પછી પોતે આ બધાથી મુક્ત થાય છે. મોક્ષપંથે પ્રયાણ કરતાં કરતાં જીવન જીવવાની કળાની આવડત અનિવાર્ય બને છે. 'અક્રમ વિજ્ઞાન' જ એક એવું છે કે જયાં સંસારની સર્વે જવાબદારીઓ સંપૂર્ણ, આદર્શમય રીતે અદા કરતાં કરતાં સહજતાથી મોક્ષમાર્ગ પૂરો કરાય. અક્રમજ્ઞાનમાં ત્યાગનું નહિ પણ 'સમભાવે નિકાલ'નું જીવનસૂત્ર અપનાવવાનું હોય છે. અને એ માટેની તમામ પ્રકારની બોધકળા ને જ્ઞાનકળા અક્રમવિજ્ઞાની શ્રી 'દાદા ભગવાન'ના શ્રીમુખેથી નીકળી છે. સંસારના કલેશોનો વિલય કરાવતી આ વાણી આત્મજાગૃતિ પ્રગટાવતી વાણી જેટલી જ ક્રિયાકારી બની રહે છે. કારણ કે અંતે તો વ્યવહાર જ ચોખ્ખો કરવાનો છેને ! સંસારમાં પતિ-પત્ની વચ્ચે, મા-બાપને સંતાનો વચ્ચે, ગુરુ-શિષ્ય વચ્ચે, આડોશી-પડોશી, નોકર-શેઠ, વેપારી-ઘરાક વચ્ચે થતાં તમામ પ્રકારના ઘર્ષણોનો અંત આણવાની ચાવી પૂજ્યશ્રી હસતાં-હસાવતાં કહી દે છે, એ અજાયબ અનુભવપૂર્વકનાં વ્યવહાર-દર્શનનો લાભ ઉઠાવી ધરતી પર સ્વર્ગ ઉતારાય તેમ છે !

જીવન જીવવાનો હેતુ શું છે ? નામ કાઢવાનો ? નામ તો નનામી નીકળે તે દા'ડે પાછું લઇ લેવામાં આવે છે. જોડે શું લઇ જવાનું ? મોક્ષ માટે ધર્મ પછી કરવાનો પણ પહેલાં જીવન જીવવાની કળા જાણવી જરુરી છે. ઈન્જીન ચાલે પણ કંઇ ઉત્પાદન ના કરે તેને શું કરવાનું ? મોક્ષપ્રાપ્તિ એ તો મનુષ્યપણાનો સાર છે ! વકીલ થાય, ડૉક્ટર થાય તેથી કંઇ જીવવાની કળા આવડી ગઇ ? એના કળાધર મળે તો એ કળા શિખાય. જીવન જીવવાની કળા શીખે તો જીવન સરળતાથી ચાલે. જીવન જીવવાની કળા આવડી ગઇ તેનો વ્યવહાર ધર્મ બધો ય આવી ગયો. 'અક્રમવિજ્ઞાન' વ્યવહાર ધર્મ અને નિશ્ચયધર્મ બંને પૂર્ણ આપે છે.

ખરેખર દુ:ખ કોને કહેવાય ? જીવનમાં પાયાની જરૂરિયાત-રોટી, કપડાં, મકાન ને બીબી આટલું ન મળે તો ય એને દુ:ખ કહેવાય નહીં, અડચણ કહેવાય. ખરેખર દુ:ખ છે તે અજ્ઞાનતાનું છે.



આપણી પાસે કેટલી મૂડી છે ? કરોડ રૂપિયા ખર્ચતાં ય આવી આંખ મેળવી શકાય ? ત્યારે આ દાંત, નાક, હાથ, પગ એ બધાંની કિંમત કેટલી બધી થાય !!!

જ્ઞાની બિનજરૂરિયાત વસ્તુમાં ક્યારેય ના ગૂંથાય. એમની પાસેથી કોઇ ઘડિયાળની કે રેડિયાની કંપની લાભી નથી. ના-જરૂરિયાતના ચીજને વસાવે ને જરૂરિયાતની ચીજની કસર વેઠે એવી લોકની દશા થઇ છે ! આ દુનિયામાં મફત વસ્તુ જ બહુ મોંઘી પડતી હોય છે ! મફતની ટેવ પડયા પછી એ ના મળે તો કેટલી ઉપાધિ પડે ?!

સુખની દુકાન કાઢે એને સુખ જ આવે, અને દુ:ખની કાઢે એને દુ:ખ આવે. 'જ્ઞાની'ની દુકાનની તો વાત જ શી કરવી ?! સામો ગાળો દે તો ય તેને આશીર્વાદ આપે ! અઠવાડિયામાં એક દહાડો પણ જો કોઇને દુ:ખ ન આપવામાં ને કોઇએ આપેલું દુ:ખ ન સ્વીકારવામાં જાય, તો ય ઘણી પ્રગતિ મંડાય. 'આ જગતમાં કોઇપણ જીવને કિંચિત્ માત્ર પણ દુ:ખ મારાથી ન હો, ન હો, ન હો.' એ ભાવના રોજ થાય એ જ મોટામાં મોટી કમાણી છે.

સંસાર એટલે સામસામી હિસાબ ચૂકવવાનું સ્થળ. એમાં ક્યાંય કોઇની જોડે વેર ના બંધાય એટલું જ જોઇ લેવાનું છે. 'સમભાવે નિકાલ' કરવો એ મોટામાં મોટી ચાવી છે, નિર્વેર રીતે નીકળી જવાની !

થાળીમાં જે આવ્યું તે આપણા જ 'વ્યવસ્થિત'ના નિયમને આધારે આપણને આવી મળે છે. એમ સહજ રહે તેને કોઇ ડખો ના થાય.

દરિયામાં આટલા બધા જીવો છે છતાં ય કોની બૂમ છે કે મને આ દુ:ખ છે ? અને આ મનુષ્યો એકલાં જ રાત-દા'ડો 'મને આ દુ:ખ છે ને તે દુ:ખ છે'ની બૂમો પાડતાં હોય છે ! કોઇ પક્ષીનાં દવાખાનાં જોયાં ? કોઇ જનાવરને ઊંઘની ગોળી ખાવી પડે છે ? અને એકલા મનુષ્યોની ઊંઘે ય હરામ થઇ ગઇ કે ઊંઘવા માટે ગોળીઓ ખાવી પડે છે !

મનુષ્ય અવતાર મોક્ષ મેળવવા માટે જ છે અને એ જો ના મળે તો આ મન, વચન, કાયા પારકાં માટે વાપરવા માટે છે, 'યોગ-ઉપયોગો

પરોપકારાય' જેનું જીવન પરોપકારમાં ગયું તેને કોઇ ખોટ ના પડે. પોતાનું સુખ બીજાને જે આપી દે તેનું કુદરત સંભાળી લે છે એવો નિયમ છે.

તમામ દુઃખનું મૂળ કારણ અજ્ઞાનતા છે. પોતે નામરૂપ થઇ બેઠો માટે દુઃખની પરંપરા સર્જાઇ. પોતે આત્મારૂપ છે તેને કંઇ દુઃખ નથી. ખરેખર દુઃખ છે કે નહીં તે જો બુદ્ધિથી વિચારે તો ય સમજાય એવું છે કે દુઃખ જેવું કશું જ નથી.

બીજાનું સુખ જોઇ પોતાની પાસે તે નથી-એમ કરીને નવું દુઃખ વહોરે એના જેવી અણસમજ બીજી કોઇ નથી. ખરું દુઃખ તો ખાવાનું ના મળે, પાણી ના મળે, સંડાસ-પેશાબ કરવા ના મળે તેને કહેવાય. જીવન જીવવાની ચાવી જ જાણે ના ખોવાઇ ગઇ હોય, એ રીતે જીવન જીવાય છે !

ભારતમાં તો 'ફેમિલી ઓર્ગેનાઇઝેશન' એ એક મોટું જ્ઞાન છે. ઘરમાં, બહાર બધે કલેશ શા માટે થાય છે એ જાણવું જરૂરી છે. છોકરાંને કઇ બાબતમાં 'એન્કરેજમેન્ટ' અપાય ને શેમાં ના અપાય એ માબાપે જાણવું જરૂરી નથી ? બાબો બાપની મૂંછ ખેંચે, એમાં બાપ હરખાઇને બધાં આગળ બાબાના વખાણ કરે એ તે કંઇ યોગ્ય કહેવાય ? મા-બાપ થતા પહેલાં માબાપ થવાનું લાયકાતપત્ર મેળવવું જરુરી હોવું જોઇએ. પરણતાં પહેલાં પતિ કે પત્ની થવાનું સર્ટિફિકેટ મેળવવું જરુરી હોવું જોઇએ, કારણ કે માબાપ થવું એ મોટી 'રીસ્પોન્સિબિલિટી' છે, વડાપ્રધાન કરતાં ય વિશેષ !

આ કાળમાં છોકરાંઓને છંછેડવા જાય તો તે સામા થાય તેવાં છે.

શિક્ષકો, માબાપ મોડર્ન જમાનાના બાળકોના માનસને પિછાનીને 'એડજસ્ટ' થઇને ચાલે તો તો છોકરાં સામાં જ થાય નહિ ! બાકી પોતે સુધરે તો જ તે બીજાને સુધારી શકે !

ઘરમાં, બહાર બધે વ્યવહાર બધો કરવાનો, કહેવા કરવાનું બધું ય પણ તે કષાય રહિતનો કરવાનો. અને એ કળા જ 'જ્ઞાની પુરુષ' પાસે શીખવા જેવી છે !



સુધારવા માટે કચકચ કરવાથી તો ઊલટું બધું બગડે છે, એનાં કરતાં કચકચ કરવાની જ બંધ થાય ત્યારથી જ સામા માણસો સુધરવા માંડશે.

કોઇની સાથે વિખવાદ પડી જાય પછી એના મનમાં આંટી પડી જાય. ત્યારે 'મૌન' પકડી એને વિશ્વાસમાં લેવું એ શ્રેષ્ઠ ઉપાય છે. છોકરાંને સુધારવાં હોય તો ઘરમાં છ-બાર મહિના મૌન લઇ લેવું. છોકરાં પૂછે તેનો જ તેટલો જવાબ આપવો. ને તેમનાં પ્રતિક્રમણ મહીં ખૂબ ખૂબ કરવાં. સુધારવા કરતાં સારી ભાવના કર્યા કરવી. બાકી 'જ્ઞાની પુરુષ' સિવાય કોઇ કોઇને સુધારી શકે નહીં.

વણમાગી સલાહ આપે તે મૂર્ખા ઠરે. માગે તો સલાહ અપાય.

આ બધી 'રીલેટિવ' સગાઇઓ છે. તેને 'રીયલ' મનાશે તો માર ખાવાનો વારો આવશે. છોકરાં જોડે રીતસરનું વહાલ હોય, તે કંઇ છાતીએ દબાવ દબાવ કરવાનું ના હોય ! એનાથી તો છોકરું ગુંગળાઇને બચકું ભરી લે ! પૈસા નળમાંથી પાણીની જેમ વાપરવાના હોય એવું છોકરાંને ના થવું જોઇએ.

છોકરાંને અહંકાર જાગે પછી માબાપથી એને કશું કહેવાય નહીં. પછી તો ઠોકર ખાય ને શીખે તેટલું સાચું. ફરજિયાત સંસારમાં પોતાનાં માન્યાં તેનાં જ પ્રતિક્રમણ કરી ને છૂટી જવા જેવું છે. જયાં રાગ ત્યાં દ્વેષ થાય જ.

ઘરમાં છોકરાં સાથે ડીલિંગ કરતાં 'ગ્લાસ વીથ કેર'નું લેબલ વાંચવું જોઇએ. તેમને હથોડા માર માર કરાય તો શું થાય ? પ્રેમથી જ સામો સુધરે. સામો ગમે તેટલું ઊંધું કરે છતાં એનું અવળું ના દેખાય તે સાચો પ્રેમ !

મા બાપ એટલે બાળકોના ટ્રસ્ટી.

ઘરને બગીચા સ્વરૂપે જોવાનું છે. ખેતર સ્વરૂપે નહીં. જેમ બગીચામાં કોઇ મોગરો, કોઇ ગુલાબ કે કોઇ ધંતૂરો ય હોય, તેમ ઘરમાં જુદાં જુદાં પ્રાકૃત ફૂલોવાળાં હોય. બાપ મોગરો હોય તો તે બધાં ય ઘરનાં

મોગરા જેવાં જ થાય એમ આગ્રહ સેવે તો કેમ ચાલે? એ તો પછી ખેતર થઈ ગયું ! બગીચાની મઝા જ ના મણાય ! ગાર્ડનર થવાનું છે.

મન, વચન, કાયાની એકતા હોય તે જ સામાને સુધારી શકે.

એક આંખમાં પ્રેમ ને બીજીમાં કડકાઈ. આ જાતના વ્યવહારથી વ્યવહાર આદર્શ રહે.

છોકરાં સુધારવાં માટે તેમની સાથે મિત્રાચારી કરવી. છોકરાં પ્રેમ ખોળે છે. એ પ્રેમથી જ સુધરે. પ્રેમ આગળ તો આખું જગત વશ થાય.

બાળકોને દરરોજ સૂર્યપૂજા કરવાનું ને પ્રાર્થના કરવાનું શિખવાડવું કે 'મને તથા જગતને સદ્બુદ્ધિ આપો, જગતનું કલ્યાણ કરો.'

પતિ-પત્નીમાં એક-બીજાને સામસામે સમાધાન આપવાનું વલણ હોય તો મતભેદ ના થાય. મનમાં નક્કી રાખવું કે સામાને સમાધાન આપવું છે અને 'સમભાવે નિકાલ' કરવો છે પછી બન્યું તે ન્યાય.

'અથડામણ ટાળવી' દરેક જગ્યાએ એ જીવનસૂત્ર બની જાય તેનો સંસાર પાર થઈ જાય. સહન કરવાનું નથી, સહન કરવાથી સ્પ્રીંગની જેમ પાછું ઊછળશે. સહન કરવાનું નથી, 'સોલ્યુશન' કરવાનું છે.

અપમાન થાય ત્યાં ન્યાય ખોળવા જઈએ તો મૂર્ખાઈ થશે, ત્યાં તો 'તપ' એ જ ઉપાય છે. સંપૂર્ણ સ્વતંત્ર જગતમાં કે જ્યાં કોઈને કોઈની આડખીલી નથી, ત્યાં કોઈને દોષ દેવાનો રહે જ ક્યાંથી ?

અથડામણમાં મૌન હિતકારી. બહાર મૌન ને મહીં ઘમસાણ એ બે સાથે હોય તે કામનું નહીં. પહેલું મનનું મૌન થવું જોઈએ.

'એડજસ્ટ એવરીવેર' આટલી જ આજ્ઞા 'જ્ઞાની'ની પાળી તેનો ઉકેલ આવી જાય !

બૈરી પર ચલણ રાખવા ગયા તે નાચલણિયા થઈ ગયા. તેના કરતાં પહેલેથી જ નાચલણિયું નાણું બન્યા હોય તો પૂજામાં તો બેસાય?!



સામાને સમજાવવાની છૂટ, ઠપકો આપવાની નહીં.

માનવસ્વભાવ હાથ નીચેનાંને કચડ કચડ કરે ને ઉપરીને સાહેબ સાહેબ કરે. 'અંડરહેન્ડ'નું રક્ષણ કરવું એ તો ધ્યેય હોવો જોઈએ.

ભીંત સાથે માથું અથડાય ત્યાં આપણે શું કરીએ છીએ ? 'ભૂલ કોની ?' એ ખોળવું હોય તો જોઈ લેવું કે ભોગવે છે કોણ ? 'ભોગવે તેની ભૂલ.'

ઘરમાં એક જાણ જોડે એકતા રહી તો ય બહુ થઈ ગયું ! એકતા એટલે ક્યારેય એની જોડે મતભેદ ના પડે.

મતભેદ ત્યાં ચિંતા, ઉપાધિ ને ઝઘડા. મનભેદ ત્યાં ડાયવોર્સ. ને તનભેદ ત્યારે નનામી.

છોકરાંના દેખતાં મા-બાપે કયારેય વઢવાડ ના કરવી.

મિયાંભાઈ બીબીને બહુ સાચવે. બહાર ઝગડી આવે પણ ઘરમાં પ્રેમથી રહે. ઘરમાં જ ઝગડા કરે તો ખાવાનું સારું સારું ક્યાંથી મળે ? તેથી તે બીબીને તો હીંચકો નાખે. 'બૈરી ચઢી બેસશે'ની બીકે ધણી બૈરીને દબાવવા જાય ને કલેશ કરે ! એમ તે કંઈ બૈરી ચઢી બેસતી હશે ?! સ્ત્રીને કંઈ મૂછો આવવાની છે, ગમ્મે તેટલું જોર કરે તો ય ! બીબીની માંગણી પૂરી ના કરી શકે ને બીબી કલેશ કરવા જાય તો ય, 'યાર મેરી હાલત મૈ જાનતા હું, તું ક્યાં જાને ?' કરીને બૈરીને પટાવી લે ! અને આપણા લોક તો 'તું મારી સામું કેમ બોલી ?' કરીને ભડકો કરી નાખે ! જે તે રસ્તે ભડકો ના થાય તેમ કરવું.

આપણામાં કલુષિત ભાવ ના રહે તો સામાનો કલુષિત ભાવ જાય. આપણે શાંત તો સામા ય શાંત ! કલેશ ત્યાં ભગવાનનો વાસ નહીં ને લક્ષ્મી પણ ત્યાં જાય નહીં, આજે તો સંસ્કારી ઘરોમાં ય રોજ સવારે નાસ્તામાં કલેશ હોય (!) કલેશ હોય ત્યાં કોઈ ધર્મ જ નથી. ધર્મની શરૂઆત કલેશ વગરના જીવનથી થાય છે.

વાઈફ સાથે વાણી અવિભક્ત હોવી જોઈએ. 'મારી, તારી ના હોવું

જોઇએ.' 'આપણું' હોવું જોઇએ.

ઘરનાં ઊંધું કરે ત્યારે પોતે છતું કરે એ સમક્તિની નિશાની.

પરણવાનો વાંધો નથી. સંસાર તો 'ટેસ્ટ એકઝામિનેશન' છે. તેમાં 'ટેસ્ટેડ' થાય તો જ મોક્ષે જવાય. ભરત ચક્રવર્તીને તેરસો રાણીઓ હતી છતાં તે મોક્ષે ગયા !

મતભેદ થવાનું કારણ ઘોર અજ્ઞાનતા !

પુરુષમાં 'વક્કર'ના હોય તો જ સ્ત્રી પુરુષને ના ગાંઠે. પહેલાં પુરુષે 'વક્કર' પાડવો જોઇએ. સ્ત્રીની કેટલીક ભૂલો પોતે સમજીને સમાવી લે તો તેનો સ્ત્રી પર પ્રભાવ પડે. આ તો દાળમાં મીઠું ઓછું હોય તો ય કકળાટ કરે પછી પ્રભાવ ક્યાંથી રહે ? !

સ્ત્રીપ્રકૃતિને પૂરે પૂરી પિછાણી પછી જ તેની સાથે વ્યવહાર કરાય. સ્ત્રીઓ માનભંગ થાય તે મરતાં સુધી ના ભૂલે ને રીસ રાખે. પાછી સ્ત્રીઓ દેવીઓ પણ છે. સ્ત્રી વગરના પુરુષનો સંસાર દીપે નહીં.

સ્ત્રી-પુરુષે એકબીજાના ડીપાર્ટમેન્ટમાં જરા ય હસ્તક્ષેપ ના કરાય. 'ઘરમાં શું ખૂટયું, કેમ વધારે વપરાયું' એવું પુરુષથી સ્ત્રીને ના પૂછાય ને સ્ત્રીથી પુરુષને 'ધંધામાં કેમ ખોટ ખાધી', તે ય ના પૂછાય અને એકબીજાની ભૂલો મોટું મન કરી નભાવી લેવી પડે.

સ્ત્રીને કોઇ દિવસ મરાય નહી, અનંત અવતાર ભટકવાનું કારણ છે એ ! આપણે આશ્રયે આવેલાને કેમ કરીને કચડાય ? !

ઘરનાંને સહેજ પણ દુઃખ ન દે તે સાચો સમજદાર.

પરણતા પાત્રની પસંદગી કરતાં આજકાલ છોકરાં છોકરીઓ જે ચૂંથામણ કરે છે એ કંઇ લગ્ન કરવાની રીત કહેવાય ? ખરી રીતે તે છોકરો કે છોકરી જોતાં જ આકર્ષણ થાય તો નક્કી ઋણાનુબંધ પાકું છે ને આકર્ષણ ના થાય તો બંધ રાખવું. એમાં ઊંચી, નીચી, જાડી, પાતળી, ગોરી, કાળીને ક્યાં સ્થાન હોય છે ?



કોમનસેન્સની પૂ. દાદાશ્રી વ્યાખ્યા કરે છે કે 'એવરીવેર એપ્લી-કેબલ, થીયરેટિકલ એઝ વેલ એઝ પ્રેકિટકલી !'

તાળું ગમે તેવું કટાયેલું હોય પણ ચાવી નાખતાં જ ઊઘડી જાય એનું નામ 'કોમનસેન્સ'. 'કોમનસેન્સ'વાળા ક્યાંય ઘરમાં કે બહાર મતભેદ પડવા ના દે. તો એવો તો કોઇ જ હોય.

આખી જિંદગી બૈરીને સીધી કરવામાં ગઇ ને જયારે મરતાં મરતાં સીધી થઇ રહી ત્યારે બીજા ભવમાં બીજાને ભાગે જાય ! કરમ જુદા તેથી વીખરાઇ જ જાય ને ! આ ક્યાં કાયમનું સહિયારું છે ? ! એક ભવ પૂરતું જ ને ! માટે જે મળ્યું તેને 'એડજસ્ટ' કરી લેવું. જેટલાં 'એડજસ્ટમેન્ટ' લેવાય તેટલી તેની શક્તિ ખીલે. સામાની સો ભૂલો થાય તો ય ત્યાં ન્યાય કે કાયદો જોવાનો નથી. સમાધાન કેમ કરીને થાય તે જ જોવાનું છે. કુદરતના ન્યાયની બહાર તો કશું જ થવાનું નથી !

દરેકના વિચારોની 'સ્પીડ' જુદી જુદી હોય. ઓછાં 'રિવોલ્યુશન' વાળાને વધારેવાળાની વાત પહોંચે નહિ. માટે વધારે 'રિવોલ્યુશન'વાળાએ વચ્ચે 'કાઉન્ટર પુલી' નાખવાની શીખી લેવી જોઇએ. પછી અથડામણ ના થાય.

કચકચ કરવાથી બન્નેનું બગડે. સમ્યક્ રીતે કહેતાં ના આવડે તો મૌન બહેતર ! ટકોર એવી રીતે કરાય કે જેથી સામાને દુઃખ ના થાય. નહિ તો ટકોર કરવાનું માંડી વાળવાનું. અથડામણની જગ્યાએ ટકોરને બદલે અહીં પ્રતિક્રમણ કરવું એ ઉત્તમ ઉપાય.

અબોલાથી વાતનું 'સોલ્યુશન' નથી થતું, પણ સમભાવે નિકાલ કરવાથી જ 'સોલ્યુશન' થાય.

સરળની સાથે સરળ તો સહુ કોઇ હોય, પણ સંપૂર્ણ અસરળની સામે સરળ થાય તો જગ જિતાય !

કોઇ લાલ વાવટો ધરે તો તેનો દોષ ન જોતાં આપણી શી ભૂલ થઇ, તેની તપાસમાં પડાય તો નવો દોષ બંધાતો અટકે ને જૂનો પોતાનો

દોષ જાય. હકીકતમાં પોતાની જ ભૂલને કારણે સામો લાલ વાવટો ધરે છે.

ઘરમાં ઝઘડો કરાય જ નહીં ને સામો ગમે તેવો ઝઘડો કરતો આવે પણ આપણે એવા 'ઝઘડાપ્રૂફ' થઈ જઈએ કે આપણને કશી ભાંજગડ જ ના થાય. જેની જોડે ઝઘડો થાય ને બે કલાક પછી તેની જોડે બોલ્યા વગર ચાલે તેમ નથી, ત્યાં ઝઘડાનો શો અર્થ ?

સામસામી શંકાથી ભડકા થાય !

'મારી-મારી' કહીને મમતાના આંટા માર્યા તે 'ન હોય મારી, ન હોય મારી' કહ્યા કરે ત્યારે આંટા ઊકલે !

સંસારમાં સર્વ સાથે 'લટકતી સલામ' કરી મોક્ષે ચાલી જવા જેવું છે. 'જ્ઞાની' બધો જ વ્યવહાર કરે, પણ આત્મામાં રહીને.

આપણે ત્યાં ભારતીય નારીના સંસ્કાર તો જુઓ ! આખી જિંદગી ડોસો ડોસીને વઢે, મારે ને એંસી વરસે ડોસા જાય ત્યારે ડોસી સરવણી કરે ને 'તમારા કાકાને આ ભાવતું હતું, આ ભાવતું હતું' કરીને ખાટલામાં મૂકે ! ને 'ભવોભવ આવા ધણી મળજો' કહે !!

સંસાર નભાવે તે આદર્શ પતિપત્ની ! આ તો વિષયાસક્તિથી સંસાર ચલાવે છે. પ્રેમથી નહીં. પ્રેમ હોય ત્યાં સામું ગમે તે કરે, ગાળો ભાંડે, મારે તો ય પ્રેમ ના જાય. પ્રેમમાં સમર્પણ હોય, બલિદાન હોય, પોતાપણું ના હોય.

પતિપત્ની વચ્ચે સુમેળ સાંધી રાખવા મનમાં સેંકડો પ્રતિક્રમણો રોજ કર્યે જવા તો આ ભવ ને પરભવ બન્નેનું એ સુધારશે.

ધંધાની આવકને વાપરનારા કેટલા ? ને ધંધાની ચિંતા ઉપાધિ કરનારા કેટલા ? પોતે એકલો !!! સુખના સહુ ભાગીદાર ને દુઃખના....?

જે ધંધામાં ખોટ ગઈ તે જ ધંધો કમાવી આપે.

દેણદારે એક જ ભાવ રાખવો કે વહેલામાં વહેલી તકે રૂપિયા દૂધે



ધોઈને ચૂકવી દેવા છે ! તેનાથી જરૂર ચૂકવાશે. દાનત ખોરી હોય તેનું બગડે.

'વ્યવસ્થિત' ઘરાક મોકલે છે. ઘરાકની ચિંતા કરવાની ના હોય તેમ જ વધુ કમાણીની લાલચે વહેલી દુકાન ખોલવાથી કંઈ અર્થ સરે તેમ નથી. ઘરાકની રાહ જોવી, મહીં અકળાવું, કોઈનું પડાવી લેવાના ભાવ કરવા. એ બધું આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થયું કહેવાય.

પ્રામાણિકતાથી એક પ્રકારની મુશ્કેલી આવે તે અપ્રામાણિકતાથી બે પ્રકારની આવે. પ્રામાણિકતાની મુશ્કેલીઓથી છૂટી જવાય પણ અપ્રામાણિકતાની મુશ્કેલીઓથી છૂટવું મુશ્કેલ છે. પ્રામાણિક તો મોટો ધર્મિષ્ઠ કહેવાય.

ધંધામાં મન બગાડે તો ય તેટલો જ નફો ને ચોખ્ખું મન રાખે તો ય તેટલો જ નફો મળે તેમ છે.

''વેપારમાં ધર્મ રાખજો, નહીં તો અધર્મ પેસી જશે.''

''વેપારમાં ધર્મ ઘટે પણ ધર્મમાં વેપાર ન ઘટે.''

''નોબલ કરકસર કરો.'' - **દાદા ભગવાન.**

ઘરમાં કરકસર કેવી કરાય કે બહાર ખરાબ ના દેખાય.

ઉદાર કરકસર હોવી જોઈએ. રસોડામાં કરકસર તો ના જ કરાય, બીજે બધે કરાય !

દરેક જીવ કુદરતનો મહેમાન છે. મહેમાનને કંઈ ચિંતા-ઉપાધિ કરવાની હોય ? જ્યાં જન્મ પહેલાં જ ડોક્ટરો, દાયણો ને દૂધની વ્યવસ્થા થઈ જાય છે. ત્યાં શાના માટે હાયવોય કરવાની ? મહેમાને માત્ર પોતાનો મહેમાન તરીકેનો વિનય રાખવો જોઈએ. જમવામાં જે મળે, જેવું મળે, જ્યારે મળે, તે ખોડ કાઢ્યા વિના જમી લેવું. સૂવાનું કહે, ઊઠવાનું કહે ત્યારે પ્રમાણે રહેવું જોઈએ.

શુભમાર્ગે કે અશુભમાર્ગે જવું હોય તેને બંનેને કુદરત તો કહે છે,

‘આઈ વિલ હેલ્પ યુ !’

સિન્સીયારિટી ને મોરાલિટી હોય ત્યાં તમામ ધર્મોનો સાર આવી જાય છે. મોરાલિટી એટલે પોતાના હક્કનું અને સહેજે મળી આવે તે બધું જ ભોગવવાની છૂટ. જે પારકાને સિન્સીયર રહ્યો તે પોતાની જાતને સિન્સીયર રહે. ‘જ્ઞાની પુરુષ’નો રાજીપો ને સિન્સીયારિટી આટલું હોય તેનું કામ નીકળી જાય. આખા જગત જોડે અન્‌સિન્સીયર પણ જ્ઞાની જોડે સિન્સીયર રહ્યો તો ય તે છૂટી જશે.

આદર્શ વ્યવહાર થાય તો જ મોક્ષે જવાય. આદર્શ વ્યવહાર એટલે કોઈ જીવને કિંચિત્ માત્ર દુઃખ ના થાય. જ્ઞાનીનો આદર્શ વ્યવહાર હોય. સદ્‌વ્યવહાર અહંકાર સહિત હોય. શુદ્ધ વ્યવહાર અહંકાર રહિત હોય. ગચ્છમત સંપ્રદાય, શુદ્ધ વ્યવહારમાં ના હોય. શુદ્ધ વ્યવહારથી જ મોક્ષ. ‘જ્ઞાની’ પાસે વાતને સાચી, સમજણપૂર્વક સમજી ‘સ્વરૂપ જ્ઞાન’ પામી શુદ્ધ વ્યવહાર કરી સંસારજંજાળમાંથી છૂટી જવા જેવું છે.

વીતરાગધર્મ જ સર્વદુ:ખોથી છોડાવે.

**જય સચ્ચિદાનંદ.**

દાદા સદ્ગુરવે નમો નમઃ

## ખંડ : ૧

# આત્મવિજ્ઞાન

## [૧]

## *'હું' કોણ છું ?*

### *જગતમાં જાણવા જેવું, માત્ર...*

જીવનનું લક્ષ શું છે ?

'હું પોતે કોણ છું' એ શોધવાનું જ લક્ષ હોવું જોઈએ, બીજું કોઈ લક્ષ જ ના હોવું જોઈએ.

'હું કોણ છું'ની શોધખોળ કરતાં હોય તો તે સાચો રસ્તો છે અથવા તો જે લોકો એની શોધખોળમાં પડયા હોય અને બીજાને 'એ' જ ખોળવાનું શીખવાડતા હોય તો એ વિચારો લાઈન પર કહેવાય. બાકી, બીજું બધું તો જાણેલું જ છે ને ? અને જાણીને પાછું છોડવાનું જ છે ને ? કેટલા ય અવતારથી જાણ જાણ કર્યું છે, પણ જે જાણવાનું છે તે નથી જાણ્યું.

તમામ શાસ્ત્રોએ એક જ અવાજે કહ્યું કે આત્મજ્ઞાન જાણો. હવે આત્મજ્ઞાન પુસ્તકમાં હોતું નથી. આત્મજ્ઞાન એકલું જ જ્ઞાન એવું છે કે જે પુસ્તકમાં આવી શકે તેમ નથી. આત્મા અવર્ણનીય, અવક્તવ્ય, નિઃશબ્દ છે ! એ શાસ્ત્રમાં શી રીતે સમાય ? એ તો ચાર વેદ અને જૈનોના ચાર અનુયોગની ઉપરની વાત છે. ચાર વેદ પૂરા થાય ત્યારે વેદ 'ઇટસેલ્ફ'



બોલે છે કે, 'ધીસ ઈઝ નોટ ધેટ, ધીસ ઈઝ નોટ ધેટ. ગો ટુ જ્ઞાની.' જૈનોના શાસ્ત્રો પણ કહે છે કે જ્ઞાન 'જ્ઞાની'નાં હૃદયમાં છે. શાસ્ત્રજ્ઞાનથી નિવેડો નથી, અનુભવજ્ઞાનથી નિવેડો છે .

આત્મા જાણ્યો જણાય એવો નથી. આત્મા તો આખા 'વર્લ્ડ'ની ગુહ્યતમ્ વસ્તુ છે. જગત જ્યાં આત્માને માની રહ્યું છે ત્યાં આત્માનો પડછાયો પણ નથી. 'પોતે' અનંત પ્રાકૃત અવસ્થાઓમાંથી બહાર જ નીકળતો નથી, તો તે આત્મા કેમ કરીને પામી શકે ? આત્મા જડવો સહેલો નથી. જગત જેને આત્મા માની રહ્યુ છે એ 'મિકેનિકલ' આત્મા છે, જે જ્ઞાન ખોળખોળ કરે છે એ 'મિકેનિકલ' આત્માનું ખોળે છે. મૂળ આત્માનું તો ભાન જ નથી. જપ કરીને, તપ કરીને, ત્યાગ કરીને, ધ્યાન કરીને જેને સ્થિર કરવા જાય છે તે ચંચળને જ સ્થિર કરવા જાય છે અને આત્મા તો પોતે સ્વભાવથી જ અચળ છે. સ્વભાવે કરીને અચળ એને આત્માની અચળતા કહેવાય છે, પણ આ તો અણસમજણથી પોતાની ભાષામાં લઈ જાય એટલે અસ્વાભાવિક અચળતા પ્રાપ્ત થાય છે !

### *આત્મા જાણવો, કઈ રીતે ?*

**પ્રશ્નકર્તા :** આત્માની આરાધના કેવી રીતે કરવી ?

**દાદાશ્રી :** 'જ્ઞાની પુરુષ' પાસે માગી લેવું કે મારે આત્માની આરાધના થાય એવું કરી આપો, એટલે 'જ્ઞાની પુરુષ' કરી આપે. 'જ્ઞાની પુરુષ' ચાહે સો કરી શકે. કારણ કે પોતે કોઈ ચીજના કર્તા ના હોય. ભગવાન પણ જેને વશ રહે છે એ 'જ્ઞાની પુરુષ' શું ના કરી શકે? છતાં ય પોતે સંપૂર્ણ નિર્અહંકારી પદમાં હોય, નિમિત્ત પદમાં જ હોય.

આત્મા શબ્દથી સમજાય તેવો નથી, સંજ્ઞાથી સમજાય. 'જ્ઞાની પુરુષ' તમારો આત્મા સંજ્ઞાથી જાગૃત કરી દે છે. જેમ બે મૂંગા માણસો હોય, તે તેમની ભાષા જુદી હોય, એક આમ હાથ કરે ને બીજો આમ કરે એટલે બેઉ સ્ટેશન પર પહોંચી ગયા હોય ! એ બન્ને એમની સંજ્ઞાથી સમજી જાય. આપણને તેમાં ના ખબર પડે. એવું 'જ્ઞાની'ની સંજ્ઞા જ્ઞાની જ સમજે. એ તો 'જ્ઞાની' કૃપા વરસાવે અને સંજ્ઞાથી સમજાવે તો જ

તમારો આત્મા જાગૃત થાય. આત્મા શબ્દ-સ્વરૂપ નથી, સ્વભાવ-સ્વરૂપ છે. અનંત ભેદે આત્મા છે, અનંત ગુણધામ છે, અનંત જ્ઞાનવાળો છે, અનંત દર્શનવાળો છે, અનંત સુખધામ છે ને અનંત પ્રદેશી છે. પણ અત્યારે તમારે બધું આવરાયેલું છે. 'જ્ઞાની પુરુષ' આવરણો તોડી આપે. એમના શબ્દે શબ્દમાં એવું વચનબળ હોય કે બધાં આવરણ તોડી નાખે. એમનો એક એક શબ્દ આખા શાસ્ત્ર બનાવે!

આત્મા જ્ઞાન-સ્વરૂપ નથી, વિજ્ઞાન-સ્વરૂપ છે. માટે વિજ્ઞાનને જાણો. વીતરાગ વિજ્ઞાન અઘરૂં નથી, પણ એનાં જ્ઞાતા ને દાતા નથી હોતા. કોઈક ફેરો એવા 'જ્ઞાની પુરુષ' હોય ત્યારે એનો ફોડ પડી જાય. બાકી સહેલામાં સહેલું હોય તો તે વીતરાગ વિજ્ઞાન છે; બીજા બધાં વિજ્ઞાન અઘરાં છે. બીજા વિજ્ઞાન માટે તો 'રિસર્ચ સેન્ટર' કાઢવાં પડે ને બૈરી-છોકરાંને બાર મહિના ભૂલી જાય ત્યારે રિસર્ચ થાય ! અને આ વીતરાગ વિજ્ઞાન તો 'જ્ઞાની પુરુષ' પાસે ગયા એટલે પ્રાપ્ત થઈ જાય, સહજ પ્રાપ્ત થઈ જાય.

**પ્રશ્નકર્તા :** 'હું આત્મા છું' એનું જ્ઞાન કેવી રીતે થાય ? અનુભૂતિ કઈ રીતે પોતે કરી શકે ?

**દાદાશ્રી :** એ અનુભૂતિ કરાવવા માટે તો 'અમે' બેઠાં છીએ. અહીં આગળ અમે 'જ્ઞાન' આપીએ છીએ ત્યારે 'આત્મા' અને 'અનાત્મા' બન્નેને જુદાં પાડી આપીએ છીએ અને પછી ઘેર મોકલીએ છીએ.

## *જ્ઞાનની પ્રાપ્તિ, 'જ્ઞાની' થકી જ !*

બાકી, આ પોતાથી થાય તેમ નથી. પોતાનાથી થઈ શકતું હોય તો આ સાધુ, સંન્યાસી બધાં જ કરીને બેઠાં હોત. પણ ત્યાં તો 'જ્ઞાની પુરુષ'નું જ કામ. 'જ્ઞાની પુરુષ' એનાં નિમિત્ત છે.

જેમ આ દવાઓ માટે ડૉક્ટરની જરૂર પડે કે ના પડે? કે પછી તમે જાતે ઘેર દવાઓ બનાવી લો છો ? ત્યાં આગળ કેવાં જાગૃત રહો છો કે કંઈક ભૂલ થશે તો મરી જવાશે ! અને આ આત્મા સંબંધી જાતે 'મિક્ષ્ચર' બનાવી લે છે! શાસ્ત્રો પોતાના ડહાપણે, ગુરુગમ વિના વાંચ્યા



ને 'મિક્ષ્ચર' બનાવી પી ગયાં. એને ભગવાને સ્વચ્છંદ કહ્યું. આ સ્વચ્છંદથી તો અનંત અવતારનું મરણ થયું! પેલું તો એક જ અવતારનું મરણ હતું !!!

લોક 'ટેમ્પરરી' આત્માને આત્મા માને છે. પિત્તળને સોનું માનીને મૂકી રાખીએ ને જ્યારે વેચવા જઈએ તો ચાર આના ય ના આવે ! એ તો 'જ્ઞાની પુરુષ' જ કહે કે, 'નાખી દે ને. આ ન્હોય સોનું, પિત્તળ છે બફિંગ કરેલું. એટલે સોનું તો ક્યારે કહેવાય ? કે એ એના ગુણધર્મ સહિત હોય તો.

સોનું, તાંબું એનું 'મિક્ષ્ચર' થઈ ગયું હોય ને તેમાંથી ચોખ્ખું સોનું જોઈતું હોય તો તેનું વિભાજન કરવું પડે. સોનું, તાંબું એ બધાનાં ગુણધર્મ જાણે તો જ તેનું વિભાજન કરી શકાય. તેમ આત્મા અને અનાત્માના ગુણો જાણવા પડે, પછી એનું વિભાજન થાય. એના ગુણધર્મો કોણ જાણે ? એ તો 'જ્ઞાની પુરુષ' કે જે 'વર્લ્ડ'ના 'ગ્રેટેસ્ટ સાયન્ટિસ્ટ' હોય તે જ જાણે, ને તે જ છૂટું પાડી શકે. આત્મા-અનાત્માનું વિભાજન કરી આપે એટલું જ નહીં, પણ તમારાં પાપોને બાળીને ભસ્મીભૂત કરી આપે, દિવ્યચક્ષુ આપે અને 'આ જગત શું છે ? કેવી રીતે ચાલે છે ? કોણ ચલાવે છે ?' વગેરે બધા જ ફોડ પાડી આપે, ત્યારે આપણું પૂર્ણ કામ થાય.

આત્મજ્ઞાન કંઈ આપી શકાય કે લઈ શકાય એવી વસ્તુ નથી. પણ આ તો 'અક્રમ વિજ્ઞાન' છે અને આ આશ્ચર્ય છે, તેથી આ શક્ય બન્યું છે. તે અમ થકી આત્મા પ્રાપ્ત થઈ શકે તેમ છે. ભગવાનને ઓળખ્યા વગર તે ચાલવાનું છે ?

કરોડો અવતારની પુણ્યૈ જાગે ત્યારે 'જ્ઞાની'નાં દર્શન થાય, નહીં તો દર્શન ક્યાંથી હોય ? જ્ઞાનની પ્રાપ્તિ કરવા માટે 'જ્ઞાની' ને ઓળખ, બીજો કોઈ રસ્તો નથી. શોધનારાને મળી આવે જ !

## *દ્રષ્ટિ ફરે, તો જ કામ થાય !*

**પ્રશ્નકર્તા :** કેમ કરીને આત્મ-સ્વભાવને પામીએ એ જ આરાધના

માંગીએ છીએ.

**દાદાશ્રી :** સ્વભાવને પામવું એનું નામ જ સમ્યક્ દર્શન. એક ફેરો સમકિત પામ્યા એટલે દ્રષ્ટિ ફરી જાય. 'જગતની વિનાશી ચીજોમાં સુખ છે' એવા ભાવો જે દેખાડે છે એ મિથ્યાદ્રષ્ટિ છે. દ્રષ્ટિ 'આમ' ફરી જાય એટલે આત્માના જ સ્વભાવ દેખાયા કરે, એ સ્વભાવ-દ્રષ્ટિ કહેવાય. સ્વભાવ-દ્રષ્ટિ અવિનાશી પદને જ દેખાડયા કરે! દ્રષ્ટિફેરથી આ જગત ઊભું રહ્યું છે. 'જ્ઞાની પુરુષ' સિવાય દ્રષ્ટિ કોઈ બદલી શકે નહીં. 'જ્ઞાની પુરુષ' દિવ્યચક્ષુ આપે, પ્રજ્ઞા જાગૃત કરી આપે ત્યારે દ્રષ્ટિ બદલાઈ જાય. આપણો આત્મા તો દેખાય, પણ બીજાના પણ આત્મા દેખાય, 'આત્મવત્ સર્વ ભૂતેષુ' થઈ જાય.

**પ્રશ્નકર્તા :** દ્રષ્ટિ, દ્રશ્ય ને દ્રષ્ટા સમજાવો.

**દાદાશ્રી :** દ્રશ્ય અને દ્રષ્ટા બે જુદા જ હોય હંમેશાં. દ્રશ્ય કંઈ દ્રષ્ટાને ચોંટી પડતું નથી. આપણે હોળી જોઈએ તેથી કંઈ આંખ દાઝે છે ? જગતમાં શું શું છે ? દ્રશ્ય અને જ્ઞેય, તેમ જ દ્રષ્ટા અને જ્ઞાતા ! આ પાંચ ઈન્દ્રિયોથી જે કંઈ દેખાય છે એ બધાં જ્ઞેય છે, દ્રશ્ય છે; પણ એમાં દ્રષ્ટા કોણ છે ?

જે દિશામાં તમારું મુખારવિંદ હોય તે બાજુનું (બાહ્ય) દર્શન હોય, એટલે બીજી બાજુ (આત્મા તરફ) ના દેખાય. જે દિશામાં દ્રષ્ટિ હોય તે દિશામાં જ જ્ઞાન, દર્શન, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર બધું પ્રવૃત્ત થયેલું હોય. જે બાજુ દ્રષ્ટિ છે તે બાજુનું જ્ઞાન પ્રવર્તનમાં આવી જાય. એને દર્શન, જ્ઞાન ને ચારિત્ર્ય કહ્યું. હવે જે દેહદ્રષ્ટિ, મનોદ્રષ્ટિ, સંસારદ્રષ્ટિ હતી, તેને કોઈ આત્માની તરફ ફેરવી આપે એટલે આત્મદ્રષ્ટિ ઉત્પન્ન થાય. અને પછી તે બાજુનું દર્શન શરૂ થઈ જાય, પછી જ્ઞાન શરૂ થાય અને છેવટે ચારિત્ર્ય શરૂ થઈ જાય.

'જ્ઞાની પુરુષ' એટલું જ કરે કે જે દ્રષ્ટિ જ્યાં ને ત્યાં બહાર પડી રહી હતી, તે દ્રષ્ટિને દ્રષ્ટામાં નાખી આપે. એટલે દ્રષ્ટિ મૂળ જગ્યાએ 'ફીટ' થઈ કહેવાય, ત્યારે જ મુક્તિ થાય. અને જે અમુક હદનાં જ દ્રશ્યોને જોઈ શકતો હતો તે બધા જ દ્રશ્યોને 'ફૂલ' જોઈ, જાણી શકે.



'જ્ઞાની પુરુષ' દ્રષ્ટિને દ્રષ્ટામાં નાખી આપે એટલે 'પોતાને' ખાતરી થાય કે 'હું શુદ્ધાત્મા છું.' દ્રષ્ટિ પણ એમ બોલે કે 'હું શુદ્ધાત્મા છું.' બન્નેને હવે જુદાઈ ના રહી, ઐક્યભાવ થઈ ગયો. પહેલાં દ્રષ્ટિ શુદ્ધાત્માને પોતાના સ્વરૂપને ખોળતી હતી. પણ જડતું નહોતું. હવે એ દ્રષ્ટિ સ્વભાવ સન્મુખ થઈ એટલે નિરાકુળતા ઉત્પન્ન થાય. નહીં તો ત્યાં સુધી આકુળવ્યાકુળ રહ્યા કરે.

દેહદ્રષ્ટિ, મનોદ્રષ્ટિથી સંસાર મળે ને આત્મદ્રષ્ટિથી મોક્ષ મળે. આત્મદ્રષ્ટિ આગળ બધા જ માર્ગો એક થાય છે, ત્યાંથી આગળનો રસ્તો એક જ છે. આત્મદ્રષ્ટિ એ મોક્ષ માટેનો પ્રથમ દરવાજો છે.

જ્યાં લોકદ્રષ્ટિ છે ત્યાં પરમાત્મા નથી. જ્યાં પરમાત્મા છે ત્યાં લોકદ્રષ્ટિ નથી.

## સંસાર વ્યવહાર કેવો ...

શુદ્ધ જ્ઞાન એ જ પરમાત્મા છે. 'જેમ છે તેમ' યથાર્થ દેખાડે એ શુદ્ધ જ્ઞાન. યથાર્થ દેખાડે એટલે શું ? બધી અવિનાશી અને બધી વિનાશી ચીજો દેખાડે. અને આ વિપરીત જ્ઞાન તો એકલી વિનાશી ચીજોને જ દેખાડે. જગતના લોકો તો જન્મતાં જ 'તું ચંદુલાલ છે' એવું અજ્ઞાન પ્રદાન કરે છે. એટલે 'રોંગ બિલીફ'ની તેને 'ઈફેક્ટ' થાય છે કે 'હું ચંદુલાલ જ છું.' આ વિપરીત જ્ઞાન છે. નિયમ એવો છે કે જેવી 'બિલીફ' થાય તેવું જ્ઞાન ભેગું થાય, ને પછી તેવું જ વર્તનમાં આવે. સંસાર એટલે શું ? વિપરીત જ્ઞાનમાં ઝબોળ ઝબોળ કરવાનું. હવે એમાંથી શી રીતે નાસી છૂટે બિચારો !

## ... ને આત્મવ્યવહાર કેવો !

**પ્રશ્નકર્તા :** સંસારવ્યવહારમાં અને આત્મવ્યવહારમાં ફરક શું છે?

**દાદાશ્રી :** સંસારવ્યવહાર ક્રિયાત્મક છે અને આત્મવ્યવહાર જ્ઞાનાત્મક છે. એક ક્રિયા કરે છે ને બીજો 'જોયા' કરે છે. જે કરે તે જાણે નહીં અને જે જાણે તે કરે નહીં. કરનાર અને જાણનાર બે એક હોય નહીં,

જુદાં જ હોય. જુદાં હતાં, જુદાં છે અને જુદાં રહેશે. છ માસ સુધી સતત માંહ્યલા ભગવાનને ઉદ્દેશીને કહે કે 'હે ભગવાન ! જ્ઞાન તમારું અને ક્રિયા મારી' તો ય તે ભગવાન ભેગા થાય એવાં છે.

ઈન્દ્રિય જ્ઞાનને આધીન જોવું-જાણવું એ રાગદ્વેષવાળું છે. અતિન્દ્રિય જ્ઞાનને આધીન જાણવા-જોવાનો અધિકાર છે, તે વગર જાણવા-જોવાનો અધિકાર નથી. ઘણાં બોલે છે ને કે, 'અમે જ્ઞાતાદ્રષ્ટા રહીએ છીએ.' પણ શાનો જ્ઞાતાદ્રષ્ટા ? તું હજી ચંદુલાલ છે ને ? આત્મા થયા પછી, આત્માનું લક્ષ બેઠાં પછી જ્ઞાતાદ્રષ્ટાપદ શરૂ થાય.

## મુક્તિ, મુક્તપણાનું જ્ઞાન થયે !

**પ્રશ્નકર્તા :** મુક્તિ કોને કહેવાય ?

**દાદાશ્રી :** અત્યારે તમને કંઈક બંધાયેલા છો એવું નથી લાગતું ?

**પ્રશ્નકર્તા :** લાગે છે.

**દાદાશ્રી :** પહેલું બંધનમાં છું એવું જ્ઞાન થવું જોઈએ. બંધન છે માટે મુક્તિપણાનું જ્ઞાન થવું જોઈએ. 'હું મુક્ત છું' એવું જ્ઞાન થાય તો મુક્તિ થાય!

## આત્માનું સ્વરૂપ, 'જ્ઞાન' જ !

**પ્રશ્નકર્તા :** જ્ઞાનનું સ્વરૂપ શું ?

**દાદાશ્રી :** જ્ઞાનનું સ્વરૂપ આત્મા છે ને આત્માનું સ્વરૂપ જ જ્ઞાન છે. જ્ઞાન એ જ આત્મા છે. 'હું ચંદુલાલ છું' એ તમને શ્રદ્ધા છે, એ 'રોંગ બિલીફ' છે. અને એ શ્રદ્ધાથી જ આ ભવોભવનાં ભટકામણ ચાલુ થઈ ગયાં છે. એ 'રોંગ બિલીફ' જ્યારે 'જ્ઞાની પુરુષ' 'ફ્રેકચર' કરી આપે ત્યારે 'રાઈટ બિલીફ' થાય, ત્યારે 'એને' જ્ઞાનનું સ્વરૂપ સમજાય. જ્ઞાનનું સ્વરૂપ સમજ્યા પછી એકદમ પ્રવર્તનમાં ના આવે. સમજ્યા પછી ધીમે ધીમે સત્સંગથી જ્ઞાન-દર્શન વધતું જાય અને ત્યાર પછી પ્રવર્તનમાં



આવતું જાય. પ્રવર્તનમાં આવે, ત્યારે કેવળ આત્મપ્રવર્તન એનું નામ 'કેવળજ્ઞાન'. દર્શન, જ્ઞાન સિવાય અન્ય કોઈ પ્રવર્તન નહીં એને 'કેવળજ્ઞાન' કહેવાય.

## પ્રત્યક્ષ વિના બંધન ન તૂટે !

**પ્રશ્નકર્તા :** જ્ઞાન શું છે ?

**દાદાશ્રી :** જ્ઞાન પોતે જ આત્મા છે.

**પ્રશ્નકર્તા :** તો આ શાસ્ત્રોનું જ્ઞાન છે એ શું છે ?

**દાદાશ્રી :** એ શ્રુતજ્ઞાન કહેવાય કે સ્મૃતિજ્ઞાન કહેવાય. એ આત્મજ્ઞાન ન હોય. પુસ્તકમાં ઉતરે એટલે એ જડ થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** શાસ્ત્રોમાં ભગવાનની વાણી હોય તો પણ એ જડ કહેવાય?

**દાદાશ્રી :** ભગવાનની વાણી ય પુસ્તકમાં ઉતરે ત્યારે જડ કહેવાય. સાંભળે ત્યારે એ ચેતન કહેવાય. પણ તે દરઅસલ ચેતન ના કહેવાય. ચેતનપર્યાયને ઘસાઈને એ વાણી નીકળતી હોવાથી એ ચેતન જેવું ફળ આપે. એટલે એને પ્રત્યક્ષ વાણી, પ્રગટ વાણી કહી. બાકી આ શાસ્ત્રોમાં ઉતર્યું તે જડ થઈ ગયું, એ ચેતનને જગાડે નહીં.

**પ્રશ્નકર્તા :** આ તો કેટલાય કાળથી શાસ્ત્રોના આધારે જ ચાલ્યું આવે છે.

**દાદાશ્રી :** એ તો એમ જ ચાલે. 'જ્ઞાની' હોય, અજવાળું હોય ત્યાં સુધી તમારો દીવો થશે, નહીં તો આ ક્રિયાકાંડ તો ચાલ્યા કરે.

**પ્રશ્નકર્તા :** મંત્રજાપથી મોક્ષ મળે કે જ્ઞાનમાર્ગથી મોક્ષ મળે ?

**દાદાશ્રી :** મંત્રજાપ તમને સંસારમાં શાંતિ આપે. મનને શાંત કરે એ મંત્ર, એનાથી ભૌતિક સુખો મળે. અને મોક્ષ તો જ્ઞાનમાર્ગ વગર નથી. અજ્ઞાનથી બંધન છે અને જ્ઞાનથી મુક્તિ છે. આ જગતમાં જે જ્ઞાન ચાલે છે તે ઈન્દ્રિયજ્ઞાન છે. એ ભ્રાંતિ છે, અતિન્દ્રિય જ્ઞાન એ જ દરઅસલ જ્ઞાન છે.

## કહ્યું શું ? ને સમજ્યા શું ?!

**પ્રશ્નકર્તા :** બધા ધર્મો કહે છે, 'મારા શરણે આવ' તો જીવે કોના શરણે જવું?

**દાદાશ્રી :** બધા ધર્મોમાં તત્ત્વ શું છે? ત્યારે કહે કે, 'પોતે શુદ્ધાત્મા છે' એ જાણવું. શુદ્ધાત્મા એ જ કૃષ્ણ છે, શુદ્ધાત્મા એ જ મહાવીર છે, શુદ્ધાત્મા એ જ ભગવાન છે. 'બધા ધર્મો છોડી દે અને મારે શરણે આવ' એમ કહે છે. એટલે એ કહેવા માગે છે કે, 'તું આ દેહધર્મ છોડી દે, મનોધર્મ છોડી દે, ઈન્દ્રિય ધર્મો બધા છોડી દે અને પોતાના સ્વાભાવિક ધર્મમાં આવી જા, આત્મધર્મમાં આવી જા.' આને હવે લોક ઊંધું સમજ્યા. મારે શરણે એટલે કૃષ્ણ ભગવાનને શરણે એમ સમજ્યા. અને કૃષ્ણ કોને સમજે છે? મુરલીવાળાને! આ ચોપડવાની (દવા) પી ગયા એમાં ડૉક્ટરનો શો દોષ ? એવું આ પી ગયા અને તેથી ભટકે છે !

## ભ્રાંતિરહિત જ્ઞાન, જાણવા જેવું !

અત્યાર સુધી જે જાણ્યું છે, વાંચ્યું છે, એ બધી ભ્રાંતિ છે. ભ્રાંતિમાં ક્યાં સુધી પડ્યા રહેવું ? કેમ લાગે છે આપને? જેટલી આત્માની વાતો કરે છે તે બધી ભ્રાંતિમાં રહીને વાતો કર્યા કરે છે. ભ્રાંતિની બહાર નીકળેલું હોવું જોઈએ; એનું ફળ શું આવે? ભ્રાંતિરહિત ફળ આપે, નિરાકુળતા ઉત્પન્ન થાય. જગત આખું આકુળતા-વ્યાકુળતામાં ફસાયું છે. નિરાકુળતા એ તો સિદ્ધ ભગવાનના આઠ ગુણોમાંનો એક છે. રિયલ વસ્તુ પ્રાપ્ત થાય તો નિરાકુળતા ઉત્પન્ન થાય, નહીં તો કોઈ દહાડો છેડો ના આવે, અનંત અવતારથી આ ભ્રાંતજ્ઞાન તો જાણ જાણ જ કર્યા કર્યું છે ને ?

**પ્રશ્નકર્તા :** ભ્રાંતિ એ જ માયાવાદ ? ભ્રાંતિ વિશે વધુ સમજાવો.

**દાદાશ્રી :** ભ્રાંતિ, માયાવાદ એક જ છે. નિજ સ્વરૂપનું અજ્ઞાન એ પહેલા નંબરની ભ્રાંતિ છે. ભ્રાંતિ એટલે જે નથી તેની કલ્પના થવી તે. આત્મજ્ઞાન એ કલ્પિત વસ્તુ નથી. ત્યાં શબ્દ બોલ્યે ના ચાલે, એ અનુભવપૂર્વકનું હોવું જોઈએ. 'સેલ્ફ' નું 'રિયલાઈઝેશન' થવું જોઈએ. આ



પુસ્તકોમાં લખ્યો છે તેવો આત્મા નથી. 'હું કોણ છું' એ જાણવાનો એ શબ્દપ્રયોગ નથી, અનુભવપ્રયોગ છે.

વાતને સમજવાની છે. વાત સમજે તો સહજમાં મોક્ષ છે. નહીં તો કોટિ ઉપાયે, ઊંધો થઈને બળી મરે તો ય મોક્ષ થાય એવો નથી. પુણ્યનું બંધન થશે, પણ બંધન થશે.

## વિભ્રાંત દશા ! પણ કોની ?!

જ્યાં સુધી સંબંધ છે ત્યાં સુધી બંધ છે. પોતાના સ્વરૂપમાં આવે એટલે સંબંધથી મુક્ત થાય. સંબંધ એટલે શું? નામ એ સંબંધ છે. 'હું પુષ્પા છું, આની દીકરી છું' એ સંબંધ છે. પોતાના સ્વભાવમાં આવે એટલે પોતે અસંગ જ છે, નિર્લેપ જ છે.

અનંતકાળથી વિભ્રાંતદશામાં જ છે. આત્માને વિભ્રાંતિ હોતી નથી. આ તો મનુષ્યને વિભ્રાંતિ હોય છે! આ તો અમુક કોઝિઝ ઉત્પન્ન થવાથી, સંજોગોના દબાણથી વિભાવિક જ્ઞાન ઉત્પન્ન થાય છે, એટલે આમાં મનુષ્ય ગુનેગાર નથી. ભ્રાંતિથી ગુનેગાર દેખાય છે. અને જ્ઞાનથી તો નિર્દોષ જ છે. 'જ્ઞાની'ને આખું જગત નિર્દોષ દેખાય.

## 'જ્ઞાની પુરુષ' તો, અજોડ જ !

**પ્રશ્નકર્તા :** 'જ્ઞાની' એટલે 'રિયલાઈઝડ' 'સોલ' (આત્મા) ?

**દાદાશ્રી :** 'જ્ઞાની પુરુષ' સિવાય સેલ્ફ રિયલાઈઝેશનવાળો માણસ જ ના હોય. આત્મજ્ઞાની, એ સહેલી વસ્તુ નથી. બાકી જ્ઞાની તો બધી બહુ જાતના હોય, શાસ્ત્રજ્ઞાની હોય, બીજા જ્ઞાની હોય, આ તો હિન્દુસ્તાન છે.

## સામાન્ય જ્ઞાન : વિશેષ જ્ઞાન !

**પ્રશ્નકર્તા :** 'આપ્તવાણી'માં એક વાકય છે - 'સામાન્ય જ્ઞાનમાં રહેજો, વિશેષ જ્ઞાનમાં ના જશો.' એ સમજાવો.

**દાદાશ્રી :** અત્યારે વિશેષ જ્ઞાન એ બુદ્ધિમાં જાય છે અને બુદ્ધિ જોડે અહંકાર હંમેશાં આવે જ. સામાન્ય જ્ઞાન એટલે બધામાં શુદ્ધાત્મા 'જો જો' કરવા. આપણે જંગલમાં ગયા હોઈએ ને બધા ઝાડોનાં શુદ્ધાત્મા રીતે દર્શન કરવાં, એ સામાન્ય જ્ઞાન કહેવાય. અને આ ઝાડ લીમડાનું, આ આંબાનું ઝાડ છે. એવું જોવું એ વિશેષ જ્ઞાન કહેવાય. સામાન્ય જ્ઞાન એટલે દર્શન ઉપયોગ.

**પ્રશ્નકર્તા :** વિશેષ જ્ઞાન અને સંચિત જ્ઞાનમાં શો ફેર ?

**દાદાશ્રી :** વિશેષ જ્ઞાનમાં બુદ્ધિ વપરાય અને સંચિત જ્ઞાનમાં ચિત્ત વપરાય. બુદ્ધિ કોઈ વાર ખોટી પડે કે, 'આ ઝાડ મેં કયાંક જોયું છે, ભૂલી ગયો છું' એમ બુદ્ધિને ફેરવ ફેરવ કરવી પડે.

## ***અનુભવીને, ઓળખવો કઈ રીતે ?***

**પ્રશ્નકર્તા :** આપણે આત્મા પકડવો છે, પકડવા જઈએ છીએ, ઘણી ય ઈચ્છા થાય છે પણ પકડાતો કેમ નથી ?

**દાદાશ્રી :** એ તો એમ ના પકડાય. આત્મા તો શું, આત્માનો પડછાયો પણ પકડાય એવો નથી. આત્માનો પડછાયો પકડેને તો ય કોઈક દહાડો આત્મા જડે.

**પ્રશ્નકર્તા :** સ્વ-પર પ્રકાશક એવી ચૈતન્ય સત્તાનો અનુભવ થયો એ કેવી રીતે સમજાય ?

**દાદાશ્રી :** આપણું ગજવું કાપે તો ય રાગદ્વેષ ના થાય, કોઈ ગાળો ભાંડે તો ય રાગદ્વેષ ના થાય તો આપણે જાણવું કે ચૈતન્ય સત્તાનો આપણને અનુભવ છે. એથી આગળ પરીક્ષા કરવી હોય તો હાથ કાપે, કાન કાપે તો ય રાગદ્વેષ ના થાય તો જાણવું કે ચૈતન્ય સત્તાનો અનુભવ છે. ચૈતન્ય સત્તાનો અનુભવ હોય ત્યારે નિર્લેપ ભાવ જ રહે. સમુદ્રમાં હોવા છતાં પાણી અડે નહીં.!

**પ્રશ્નકર્તા :** એવો જેને અનુભવ હોય એ વ્યક્તિ કેવી રીતે પારખી શકાય ?



**દાદાશ્રી :** એ તો આપણે એમને બે ગાળો દઈએ એટલે ખબર પડે. આમ સળી કરીએ ને તે ફેણ માંડે છે કે નથી માંડતો એની ખબર ના પડે?

**પ્રશ્નકર્તા :** ઘણી વખતે કેટલાકને એવી શાંતદશા હોય તો જ એ શાંત રહી શકે ને ?

**દાદાશ્રી :** હા, કોઈને શાંતદશા રહી શકે. એમાંથી એ બચી જાય તો આપણે બીજો ઉપાય કરવો પડે. જ્યાં અહંકાર, મમતા ન હોય ત્યાં સ્વ-પર પ્રકાશક આત્મા છે.

**પ્રશ્નકર્તા :** આ ચૈતન્ય સત્તાનો જેને અનુભવ છે તેને તો જ્ઞાની કહેવાય ને?

**દાદાશ્રી :** હા, એ જ્ઞાની જ કહેવાય.

**પ્રશ્નકર્તા :** એવા જ્ઞાનીઓ છૂપાયેલા હોય છે, એમને ઓળખવા મુશ્કેલ છે.

**દાદાશ્રી :** છૂપામાં જ્ઞાન જ ના હોય. જ્ઞાની તો સંસારમાં ફર્યા કરે. જ્ઞાનીથી છૂપા રહી શકાય જ નહીં. પોતે જે સુખ પામ્યા છે, તે સુખ જ બધા લોકોને આપવાની ભાવના જ્ઞાનીને હોય તેથી 'જ્ઞાની' જંગલમાં ના હોય.

**પ્રશ્નકર્તા :** જ્ઞાની સંસારમાં ભલે હોય પણ જીવો એમને ઓળખી ના શકે ને, કે આ જ્ઞાની છે?

**દાદાશ્રી :** આમ ઓળખી ના શકે, પણ એમનાં શબ્દો પરથી ખબર પડી જાય. અરે, એમની આંખ જોઈને જ ખબર પડી જાય. આ પોલીસવાળા જેમ બદમાશને આંખ જોઈને તપાસ કરે છે ને, કે આ બદમાશ લાગે છે. એવું આંખ જોઈને વીતરાગી યે દેખાય.

## ***અનુભવ થાય, ત્યારે તો...***

પેરાલિસીસ થાય તો ય સુખ ના જતું રહે તેનું નામ આત્માનુભવ.

માથું દુઃખે, ભૂખ લાગે, બહાર ગમે તેટલી મુશ્કેલીઓ આવે, પણ મહીં શાતા જતી નથી એને આત્માનુભવ કહ્યો. આત્માનુભવ તો દુઃખને ય સુખ કરી આપે અને મિથ્યાત્વીને તો સુખમાં ય દુઃખ લાગે. કારણ કે દ્રષ્ટિફેર છે. યથાર્થ, જેમ છે તેમ દેખાતું નથી, ઊંધું દેખાય છે. માત્ર દ્રષ્ટિ બદલવાની જરૂર છે. બાકી ક્રિયાઓ લાખો અવતાર કર્યા કરશો તો ય તેનું ફળ સંસાર જ મળશે. દ્રષ્ટિ બદલવાની છે. અજ્ઞાને કરીને ઊભા કરેલાંનો જ્ઞાને કરીને છેદ કરવાનો છે. પુદ્ગલમાં જે ખળભળાટ છે તે બંધ થઈ જાય એટલે આત્માનો અનુભવ થાય.

**પ્રશ્નકર્તા :** આત્માનુભવ થયો ક્યારે કહેવાય ?

**દાદાશ્રી :** 'પોતાની' પ્રતીતિ થાય ત્યારે. 'પોતે આત્મા છે' એવી પ્રતીતિ પોતાને થાય અને 'હું ચંદુલાલ છું' એ વાત ખોટી નીકળી એવો અનુભવ થાય, ત્યારે જાણવું કે અજ્ઞાન ગયું.

જ્ઞાનીઓએ આત્માનો અનુભવ કોને કહ્યો? ગઈ કાલ સુધી જે દેખાતું હતું તે ઊડયું ને નવી જ જાતનું દેખાયું. અનંત અવતારથી ભટક્તા હતા, ને જે 'રીલેટિવ' દેખાતું હતું તે ગયું અને નવી જાતનું 'રિયલ' દેખાવાનું શરૂ થયું, એ આત્માનો અનુભવ ! દ્રશ્યને અદ્રશ્ય કર્યું ને અદ્રશ્ય હતું તે દ્રશ્ય થયું!!

'થિયરેટિકલ' એ અનુભવ ના કહેવાય, એ તો સમજ કહેવાય. અને 'પ્રેકટિકલ' એ અનુભવ કહેવાય.

આત્માનો અનુભવ જેને સંપૂર્ણ થયો છે એ 'જ્ઞાની પુરુષ' કહેવાય. એ આખા બ્રહ્માંડનું વર્ણન આપી શકે. બધા જ જવાબો આપી શકે. ગમે તેનું પૂછે, ખુદાનું પૂછે, ક્રાઈસ્ટનું પૂછે, કૃષ્ણનું પૂછે કે મહાવીરનું પૂછે તો ય 'જ્ઞાની' તેનાં જવાબ આપી શકે. આ 'અક્રમ વિજ્ઞાન' થકી તમને પણ આત્માનુભવ જ પ્રાપ્ત થયો છે. પણ તે તમને સહજ પ્રાપ્ત થયેલો છે તેથી તમને પોતાને લાભ થાય, પ્રગતિ મંડાય. 'જ્ઞાની'ના પરિચયમાં વિશેષ વિશેષ રહીને સમજી લેવાનું છે. કરવાનું કશું ય નથી. ક્રમિક માર્ગમાં તો કેટલો બધો પ્રયત્ન કરે ત્યારે આત્માનો ખ્યાલ આવે, તે ય ઝાંખો ઝાંખો અને લક્ષ તો બેસે જ નહીં. એમને લક્ષમાં રાખવું પડે કે



આત્મા આવો છે. અને તમને અક્રમ માર્ગમાં તો સીધો આત્માનુભવ જ થાય છે.

## *સાક્ષાત્ થયું તે જ 'જ્ઞાન' !*

**દાદાશ્રી :** શુદ્ધાત્માનું લક્ષ રહે છે તમને ?

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** કેટલો વખત રહે છે?

**પ્રશ્નકર્તા :** નિરંતર. આપે જ્ઞાન આપ્યું ત્યારથી જ નિરંતર રહે છે.

**દાદાશ્રી :** આત્માનુભવ સિવાય લક્ષ રહે જ નહીં. ઊંઘમાંથી જાગો તો તરત જ લક્ષ આવી જાય છે કે ?

**પ્રશ્નકર્તા :** હા, તરત જ. એની મેળે જ, આંખ ખૂલતાં જ પ્રથમ 'હું શુદ્ધાત્મા છું' લક્ષમાં આવે છે.

**દાદાશ્રી :** આનું નામ સાક્ષાત્કાર થયો કહેવાય. એને જ્ઞાન કહે છે. અને જે જ્ઞાન સાક્ષાત્ થતું નથી એને અજ્ઞાન કહેવાય.

આત્માની પ્રતીતિ જ બેસવી બહુ મુશ્કેલ છે તો લક્ષ ને અનુભવની તો વાત જ ક્યાં કરવી? આત્માની પ્રતીતિ એટલે નિઃશંકતા, આ જ આત્મા છે એની ખાતરી થવી તે. એ ખાતરી તમને અમે કરાવી આપીએ છીએ. એટલે તો તમને મહીં મન, બુધ્ધિ, ચિત્ત અહંકાર-બધા નિઃશંક થઈ જાય છે.

જ્ઞાન તો તેનું નામ કહેવાય કે ગમે તેવા સંજોગોમાં હાજર થાય. હરેક વખતે, જ્યાં જાઓ ત્યાં હાજર થાય. હાજર થઈને પાછું સમાધાન આપે. આપણું આ જ્ઞાન સર્વસમાધાની જ્ઞાન છે. ગમે તે દ્રવ્યમાં સમાધાન રહે, ગમે તે ક્ષેત્રમાં સમાધાન રહે ને ગમે તે સમયે સમાધાન રહે એવું આ વિજ્ઞાન છે. ગાળ ભાંડે, ગજવું કાપે તો તે ઘડીએ આ જ્ઞાન સમાધાન આપશે. જ્ઞાન ચેતવ્યા કરે, નિરંતર.

**પ્રશ્નકર્તા :** મારે જ્ઞાનનું 'રિયલાઈઝેશન' જોઈએ છે. તે કોને કહેવાય?

**દાદાશ્રી :** એકલું 'રિયલાઈઝેશન' જ નહીં પણ તમારી જોડે કાયમ રહે એનું નામ જ્ઞાન.

## 'જ્ઞાન', અનાદિથી એ જ પ્રકાશ !

દુષમકાળ, સુષમકાળ, કળિયુગ, સત્યુગ બધું બદલાય. પણ જ્ઞાન તો અનાદિથી આનું આ છે. વીતરાગોનું અમર જ્ઞાન છે. જ્ઞાન એટલે પ્રકાશ. પ્રકાશમાં એકે ય ઠોકર ના વાગે, ચિંતા ના થાય.

'આ' વીતરાગોનું જ્ઞાન છે. જૈન, વૈષ્ણવ એ તો વીતરાગ જ્ઞાન લાવવાનાં સાધન છે. જ્ઞાન 'જ્ઞાની' પાસેથી મળેલું હોવું જોઈએ, તો જ 'એકઝેકટ' ટાઈમે હાજર થશે. એમ ને એમ ગપ્પું ચાલે તેમ નથી. પોતાનું કલ્યાણ કરે અને પારકાનું પણ કલ્યાણ કરે તે 'જ્ઞાની'.

આત્મજ્ઞાન સિવાય સિદ્ધિ નથી. બીજા બધા ઉપાય હઠયોગ છે. જ્ઞાન કોઈ કાળે પ્રાપ્ત થતું નથી. અજ્ઞાન ગયું ત્યાંથી જ મુક્તિનો અનુભવ થાય. અજ્ઞાનથી બંધન છે. શેનું અજ્ઞાન? પોતે પોતાનું જ અજ્ઞાન છે. કૃષ્ણ ભગવાને આને ગુહ્યતમ વિજ્ઞાન કહ્યું છે, ગુહ્ય જ કોઈ સમજી શકતા નથી, તો ગુહ્યતર ને ગુહ્યતમ કયારે સમજાય ?

પૌદ્‌ગલિક લેવા-દેવાનો વ્યવહાર જેનો બંધ થયો છે તેને નિઃશંક આત્મા પ્રાપ્ત થયો કહેવાય. એને ક્ષાયક સમક્તિ કહેવાય કે જે કૃષ્ણ ભગવાનને હતું. સંપૂર્ણ ભીખ ગયા પછી જ જગત 'જેમ છે તેમ' દેખાય.

આત્મજ્ઞાન થાય એટલે પોતે બ્રહ્માંડનો સ્વામી થાય ! ત્યાં સુધી ભકત કહેવાય. આત્મજ્ઞાન થયા પછી પોતે ભક્તે ય ખરો ને ભગવાને ય ખરો. પછી પોતે પોતાની જ ભક્તિ કરે.

## સત્‌-અસત્‌નો વિવેક, જ્ઞાનીની ભાષામાં !

અસત્‌ અને સત્‌નો સંપૂર્ણ વિવેક એ તો 'જ્ઞાની પુરુષ'ને હોય.



જગત અસત્‌ને સત્‌ માને છે. જે જાણે કે આ સત્‌ આવું છે અને અસત્‌ આવું છે, તેને સમ્યક્‌ દર્શન કહ્યું. કેટલાક સ્થૂળ અસત્‌ને સત્‌ કહે છે. કેટલાક સૂક્ષ્મ અસત્‌ને સત્‌ કહે છે. કેટલાક સૂક્ષ્મતર અસત્‌ને સત્‌ કહે છે. કેટલાક સૂક્ષ્મતમ અસત્‌ને સત્‌ કહે છે. સંપૂર્ણ અસત્‌ને જાણે તે સત્‌ને જાણે. સંપૂર્ણ અજ્ઞાન જાણે તો પેલી પાર જ્ઞાન રહ્યું છે. કાંકરા ઓળખતા આવડ્યા તો ઘઉંને જાણી શકાય અથવા ઘઉંને જાણે તો કાંકરા જણાય.

અવસ્થાઓ અસત્‌ છે, નાશવંત છે. આત્મા સત્‌ છે, અવિનાશી છે. અવિનાશીએ વિનાશીની ચિંતા કરવાની હોય નહીં.

## આત્માનુભવ કોને થયો ?

**પ્રશ્નકર્તા :** આત્માનુભવ કોને થાય છે ? અનુભવ કરનાર કોણ ?

**દાદાશ્રી :** 'પોતાને' જ થાય છે. આ અજ્ઞાનથી જે ભ્રાંતિ ઊભી થઈ હતી તે જતી રહે છે ને અસ્તિત્વપણું પાછું ઠેકાણે આવી જાય છે. 'હું ચંદુભાઈ છું' એ ભાન 'જેને' હતું, તેને હું એ ભાન છોડાવું છું ને 'હું શુદ્ધાત્મા છું'નું તેને જ ભાન થાય છે. જે સૂક્ષ્મતમ અહંકાર છે કે જેનો ફોટો ના પડી શકે, જે આકાશ જેવો છે, તેને અનુભવ થાય છે. 'હું ચંદુભાઈ છું' એ સ્થૂળ અહંકાર છૂટયો પછી સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને છેલ્લે સૂક્ષ્મતમ અહંકાર હોય છે. સૂક્ષ્મતમ અહંકારને અનુભવ થાય છે કે 'હું શુદ્ધાત્મા છું.' જે આજ સુધી અવળો ચાલ્યો હતો તે પાછો ફર્યો. 'આ' જ્ઞાન પછી તમારે હવે સ્થૂળ અહંકાર રહે, કે જે નિર્જીવ છે. સજીવ ભાગ ખેંચાઈ ગયો. સ્થૂળ અહંકારનો ફોટો પડે. પછી રહે છે સૂક્ષ્મ, સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ અહંકાર, કે જેને અનુભવ થાય છે. આ કોના જેવી વાત છે ? વાતચીત કરતાં 'ડોઝિંગ' થાય અને પાછો વાતચીત કરે. આમાં કોને 'ડોઝિંગ થયું ને કોણે જાણ્યું' એના જેવું છે !

## વિચારે કરીને આત્મા જણાય ?

**પ્રશ્નકર્તા :** વિચારે કરીને આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકે ?

**દાદાશ્રી :** વિચાર એ બહુ આવરણવાળું જ્ઞાન છે, એ 'રીલેટિવ' જ્ઞાન કહેવાય. નિર્વિચાર એ 'રિયલ' જ્ઞાન ગણાય છે. નિર્વિચાર દશા એ જ્ઞાનની 'એબ્સોલ્યુટ' દશા છે.

વિચારે કરીને તમે જે ભગવાન ખોળો છો, તે તો હજી તમે સ્થૂળમાં જ છો. ત્યાર પછી સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમમાં જાઓ ત્યારે ખુદા દેખાય. બાકી, વિચાર તો એ તરફ લઈ જનારી વસ્તુ છે. વિચાર, શબ્દ એ આવરણવાળા છે. જ્યાં સુધી શબ્દ છે ત્યાં સુધી આવરણ છે. જ્યાં શબ્દ નથી પહોંચતો, વિચાર નથી પહોંચતો ત્યાં ખુદા બેઠેલા છે.

**પ્રશ્નકર્તા :** આત્મા છૂટો કરીએ, તો તેની ઉત્પત્તિ વિચારમાંથી ન હોય?

**દાદાશ્રી :** વિચાર એ વસ્તુ બહુ જુદી છે. આત્મા તેનાથી તદ્દન અલગ જ વસ્તુ છે. પણ ભ્રાંતિથી એમ લાગે છે કે 'મને વિચાર આવે છે.' એ ભ્રાંતિની આંટી તૂટી જવી જોઈએ. 'હું ચંદુલાલ છું' એ ભ્રાંતિભાવ તૂટી ગયો તો ઉકેલ આવે.

**પ્રશ્નકર્તા :** આત્મસ્થિતિ સતત રહે કે વિચારની માફક ક્ષણિક રહે?

**દાદાશ્રી :** ક્ષણિક રહે એ આત્મા જ ના કહેવાય. નિરંતર રહે તો જ આત્મા પ્રાપ્ત થયો કહેવાય.

**પ્રશ્નકર્તા :** અમારામાં તો સંસારના વિચારો નિરંતર રહે છે.

**દાદાશ્રી :** આ જગતને એક ક્ષણ પણ વિસ્મૃત કરવું હોય તો ના થાય. એ તો જ્ઞાન થાય તો જગત નિરંતર વિસ્મૃત રહે, નિરંતર સમાધિ રહે.

સૂર્યને, ચંદ્રને ભેદીને ઉપરની વાત છે. ત્યાં અમે તમને લઈ જઈએ છીએ. સૂર્ય એટલે બુધ્ધિ અને ચંદ્ર એટલે મન. આત્મા આનાથી ઉપર છે. 'ટોપ' પર છે.

**પ્રશ્નકર્તા :** મનની કલ્પના એ આત્મા નથી ?



**દાદાશ્રી :** મનની ગમે તેટલી કલ્પના કરો તો તે કામ ના લાગે. આત્મા નિર્વિકલ્પ છે ને મનની કલ્પના વિકલ્પી છે.

**પ્રશ્નકર્તા :** આત્માને મન-સ્મૃતિ દ્વારા જાણી શકાતો નથી ?

**દાદાશ્રી :** આ એનાથી પરની વાત છે. એટલે કોઈ પણ માણસ જાતે કરીને આત્માને જાણી ના શકે. વિકલ્પી નિર્વિકલ્પી ક્યારે ય ના થઈ શકે. એ તો નિર્વિકલ્પી તરણ તારણ એવા 'જ્ઞાની પુરુષ' જ નિર્વિકલ્પ દશાએ પહોંચાડી શકે.

આત્મા મન સ્વરૂપ નથી. ચિત્ત સ્વરૂપ નથી. બુધ્ધિ સ્વરૂપ નથી. અહંકાર સ્વરૂપ નથી, શબ્દ સ્વરૂપ નથી. વિચાર સ્વરૂપ નથી, નિર્વિચાર છે.

## 'આત્મા', સ્વરૂપ જ ગજબનું !

''જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.'' - શ્રીમદ્ રાજચંદ્ર.

જગતનાં તમામ શાસ્ત્રો એક આત્મા જાણવા માટે જ લખાયાં છે. જગતમાં જાણવા જેવી કોઈ ચીજ હોય તો તે આત્મા જ છે. જાણનારાને જાણો. ઈન્દ્ર, મહેન્દ્ર સુધી ભોગવી આવ્યા છતાં અનંત અવતારની રઝળપાટ અટકી નહીં. શુદ્ધાત્મા સિવાય બીજા બધા જ પરમાણુઓ છે, તે અનંત છે, 'ફિઝિકલ' છે, તેની અંદર ભગવાન ફસાયા છે !

**પ્રશ્નકર્તા :** આત્માનું સ્વરૂપ ખરું ?

**દાદાશ્રી :** જે જે વસ્તુ સ્વરૂપ છે તેમનું સ્વરૂપ હોય જ. આત્મા પણ વસ્તુ છે ને તેનું પણ સ્વરૂપ છે. તેનું તો ગજબનું સ્વરૂપ છે. અને એ જ જાણવાનું છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર જેનું સ્વરૂપ છે ને પરમાનંદ જેનો સ્વભાવ છે તે જાણવાનું છે.

જગત જેવો આત્મા જાણે છે તેવો આત્મા નથી. આત્મા પોતે જ પરમાત્મા છે, જેનાં ગુણધર્મો આગળ આ જગતની કોઈ ચીજનો હિસાબ નથી.

પણ આ જડની પણ એટલી બધી શક્તિ છે કે એણે ભગવાનને હઉ  આંતર્યા છે!

## સંસાર, સમસરણ માર્ગના સંજોગો !

સંસાર સ્વભાવથી જ વિકલ્પી છે. બધું બનાવ્યું મૂળ પુદ્‌ગલે. અને આમાં આત્માનો તો માત્ર વિકલ્પ જ છે, બીજું કશું જ નથી.

**પ્રશ્નકર્તા :** આમાં આત્મભાવ નથી ?

**દાદાશ્રી :** ના. બધી પુદ્‌ગલની જ બાજી છે. 'સાયંટિફિક સરકમ-સ્ટેન્સિયલ એવિડન્સ' ભેગા થવાથી આત્માને વિકલ્પ પડયો ને આ બધું ઊભું થઈ ગયું !

**પ્રશ્નકર્તા :** આ વિકલ્પ શાના આધારે થાય છે ?

**દાદાશ્રી :** બહારના સંજોગોના દબાણથી.

**પ્રશ્નકર્તા :** બહારનું દબાણ એટલે કોનું ? પુદ્‌ગલનું ?

**દાદાશ્રી :** હા. સંસાર પ્રવાહ છે ને, એ પ્રવાહમાં જતાં સંજોગોનું દબાણ બહુ આવે છે. અને તે ફરજિયાત છે. સંસાર એટલે સમસરણ માર્ગ. તેમાં નિરંતર સમસરણની ક્રિયા થઈ રહી છે, નિરંતર પરિવર્તન થઈ રહયું છે. કોઈ ૧૧મા માઈલે, કોઈ ૧૬મા માઈલે, કોઈ ૧૭મા માઈલે તો કોઈ ૭૦મા માઈલે હોય. તેમાંય ૭૦મા માઈલના પહેલા ફર્લાંગમાં કોઈ, બીજા ફર્લાંગમાં કોઈ, એમ જુદી જુદી જગ્યાએ હોય છે. ક્ષેત્ર જુદું માટે ભાવ જુદા, ને તેથી જુદા જુદા હિસાબ બધાને બંધાયા કરે છે. આમાં આત્મા જુદો જ છે, માત્ર ભ્રાંતિ ઉત્પન્ન થઈ છે તેથી વિભાવિક દશામાં એકતા લાગે છે.

## 'પ્રયોગી' જુદો ! પ્રયોગ જુદો !

પ્રયોગ અને પ્રયોગી બે જુદા હોય કે એક હોય ? 'ચંદુલાલ' એ પ્રયોગ છે ને 'પોતે', શુદ્ધાત્મા એ પ્રયોગી છે. હવે પ્રયોગને જ પ્રયોગી



માની બેઠા છે. પ્રયોગમાં વસ્તુઓ કાઢવાની હોય; નાખવાની હોય; જ્યારે પ્રયોગીમાં પૂરણ-ગલન ના હોય. આ 'પ્રયોગ'માં ખાવાનું, પીવાનું નાખવાનું હોય અન

સંડાસ, બાથરૂમમાં ગલન કરવાનું હોય.

''પોતે જ પ્રયોગી છે, પ્રયોગોની મૂર્છનામાં.'' - નવનીત.

પ્રયોગી પોતે જ પ્રયોગોની મૂર્છનામાં પડયો છે એટલે પોતાના સ્વરૂપનું ભાન ભૂલી ગયો. અત્યારે કોઈ પ્રયોગ ચાલતો હોય, ઊકળતું પાણી હોય, તેમાં હાથ ઘાલવા જાય તો શું થાય ? આમાં ખબર પડે છે ને આત્માની બાબતમાં ખબર નથી પડતી એટલે હાથ નાખ્યા જ કરે છે. પછી ભિન્નતા વર્તાતી નથી. 'હું જુદો છું' એમ વર્તાય જ નહીં ને પછી ? !

**પ્રશ્નકર્તા :** આમાં મૂળ પ્રયોગી કોણ ?

**દાદાશ્રી :** આત્મા જ પ્રયોગી છે. આ તો તમને સમજાવવા માટે શબ્દો મૂક્યા છે. આ દેહ પ્રયોગ છે ને એનાથી જુદો છે એ આત્મા છે, માટે પ્રયોગમાં ડખલ ના કરશો.

❖❖❖❖❖

# [૨]

# અજ્ઞાશક્તિ : પ્રજ્ઞાશક્તિ

## બંધન, અજ્ઞાથી : મુક્તિ, પ્રજ્ઞાથી !

એક અજ્ઞાશક્તિથી આ જગતની અધિકરણ ક્રિયા ચાલ્યા કરે છે. ઠેઠ મોક્ષે જતાં સુધી એ અજ્ઞાશક્તિ મંદ થાય એવી નથી. 'ક્રમિક માર્ગ'માં છેલ્લે સ્ટેશને અજ્ઞાશક્તિ વિદાય લે ત્યારે પ્રજ્ઞાશક્તિ હાજર થઈ જાય. અને અહીં આ 'અક્રમ માર્ગ'માં અમે જ્ઞાન આપીએ છીએ ત્યારે પહેલી પ્રજ્ઞાશક્તિ ઉત્પન્ન થઈ જાય છે અને અજ્ઞાશક્તિ વિદાય લે છે. આ પ્રજ્ઞાશક્તિ જ તમને મોક્ષે લઈ જશે. આમાં આત્મા તો તે જ છે. ત્યાં ય વીતરાગ છે ને અહીં પણ વીતરાગ છે. માત્ર આ શક્તિઓ જ બધું કર્યા કરે છે.

અજ્ઞાશક્તિ શી રીતે ઉત્પન્ન થાય છે ? આત્મા પર સંજોગોનું જબરજસ્ત દબાણ આવ્યું એટલે જ્ઞાન-દર્શન જે સ્વાભાવિક હતું તેનું વિભાવિક થયું, એટલે અજ્ઞાશક્તિ ઉત્પન્ન થઈ. આ અજ્ઞાશક્તિ મૂળ આત્માની કલ્પશક્તિમાંથી ઉત્પન્ન થાય છે. જેવું કલ્પે તેવું થઈ જાય. પછી અહંકાર જોડે ને જોડે એટલે ચાલ્યું આગળ........ એક જ જગ્યા



એવી છે કે જ્યાં સંયોગો નથી, અને તે છે સિધ્ધ ગતિ ! એટલે ત્યાં સમસરણ માર્ગનો અંત આવે છે.

'જ્ઞાની પુરુષ' મળે ત્યારે પ્રજ્ઞાદેવી હાજર થાય છે. અજ્ઞાદેવી સંસારની બહાર નીકળવા ના દે અને પ્રજ્ઞાદેવી સંસારમાં પેસવા ના દે. આ બન્નેનો ઝઘડો ચાલ્યા કરે ! આમાં જેનું બળ હોય તે જીતી જાય. 'આપણે' 'શુદ્ધાત્મા' થયા એટલે પ્રજ્ઞાદેવીના પક્ષકાર થયા ને એટલે એની જીત થાય જ.

એક વાર આત્મા પ્રગટ થયો એટલે મહીં જે ચેતવ ચેતવ કરે છે તે પ્રજ્ઞા છે. પ્રજ્ઞા નિરંતર આત્મહિત જ જોયા કરે છે. પછી બધું પ્રજ્ઞા જ કરી લે છે. ઠેઠ મોક્ષે જતાં સુધી. બાકી આત્માને કશું જ કરવું નથી પડતું.

**પ્રશ્નકર્તા :** પ્રજ્ઞાશક્તિ એ જ આત્મા કે જુદું ?

**દાદાશ્રી :** આત્મા અને પ્રજ્ઞા બે જુદી વસ્તુ છે. આત્મા પ્રગટ થાય પછી પ્રજ્ઞા ઉત્પન્ન થાય છે. આત્માનું એ અંગ છે.

## અજ્ઞ, સ્થિતપ્રજ્ઞ, પ્રજ્ઞા-ભેદ શો ?

**પ્રશ્નકર્તા :** સ્થિતપ્રજ્ઞ દશા એટલે શું ? એ જ પ્રજ્ઞા ?

**દાદાશ્રી :** સ્થિતપ્રજ્ઞ દશા એ તો નાનામાં નાનું પદ છે. એને લોકો બહુ મોટું પદ માને છે. પ્રજ્ઞાશક્તિ ઉત્પન્ન થવી એ તો બહુ મોટી વસ્તુ છે, એ નિરંતર ચેતવે. આત્માની એ જાહોજલાલી છે.

'હું કરું છું' તેમાં નિઃશંક છે તે અજ્ઞદશા. 'હું કરું છું' તેમાં શંકા પડે છે તે સ્થિતપ્રજ્ઞ દશા અને 'હું પણું' છૂટી ગયું તો પ્રજ્ઞા ઉત્પન્ન થાય.

**પ્રશ્નકર્તા :** આત્માની અનંત શક્તિ છે. પુદ્ગલની અનંત શક્તિ છે, તો એ બેને છૂટા પાડનાર કોણ ?

**દાદાશ્રી :** પ્રજ્ઞાશક્તિ જ બેઉને છૂટાં પાડે છે. પણ 'જ્ઞાની પુરુષ'

મળે તો જ પ્રજ્ઞાશક્તિ ઉત્પન્ન થાય છે.

**પ્રશ્નકર્તા :** ચિત્ત અને પ્રજ્ઞામાં ફેર શો ?

**દાદાશ્રી :** ચિત્ત તો જે પૂર્વ જોયેલું હોય તે જ દેખે અને પ્રજ્ઞા તો નવું જ દેખે. પોતાના દોષ દેખાડે તે પ્રજ્ઞા. ચિત્ત બધાંને જુએ પણ પ્રજ્ઞાને ના જોઈ શકે. પ્રજ્ઞાને તો આપણે જોઈ શકીએ. ચિત્ત જોયેલું દેખે; જ્યારે પ્રજ્ઞા વિશેષ જાણે.

**પ્રશ્નકર્તા :** પ્રજ્ઞા અને દિવ્યચક્ષુ એક છે ?

**દાદાશ્રી :** ના, દિવ્યચક્ષુ એ ચક્ષુ છે ને પ્રજ્ઞા એ તો એક શક્તિ છે. દિવ્યચક્ષુ તો તમે ના વાપરો તો ના વપરાય, પણ એક વાર પ્રજ્ઞા જાગૃત થઈ જાય પછી એ નિરંતર ચેતવ્યા જ કરે.

**પ્રશ્નકર્તા :** પ્રજ્ઞા એ પુદ્‌ગલ છે ?

**દાદાશ્રી :** ના. એ પુદ્‌ગલ નથી, એ વચલો ભાગ છે. આત્મા મોક્ષે જતાં સુધી એ રહે. સ્ટીમરમાં ચઢવા સીડીઓ મૂકે છે ને પછી ઉઠાવી લે છે એના જેવું છે.

**પ્રશ્નકર્તા :** પ્રજ્ઞા મોક્ષે જતાં સુધી રહે કે કેવળજ્ઞાન થતાં સુધી ?

**દાદાશ્રી :** કેવળજ્ઞાન થતાં સુધી જ પ્રજ્ઞા રહે, પછી એ ખસી જાય. અમે મોક્ષે જતાં સુધી કહીએ એનો અર્થ કેવળજ્ઞાન સુધી, એમ પ્રજ્ઞાની બાબતમાં કરવો.

**પ્રશ્નકર્તા :** જગત કલ્યાણની ભાવના કોણ કરે છે ?

**દાદાશ્રી :** એ પ્રજ્ઞાશક્તિને લીધે છે. ખરી રીતે જગત કલ્યાણની ભાવના કરવાનો પ્રજ્ઞાનો ધંધો નથી, પણ એકાદ-બે અવતાર બાકી રહે છે તેટલા પૂરતું પ્રજ્ઞાશક્તિની જોડે એક સહકારી શક્તિ કામ કરે છે જો કે બન્ને એક જેવું જ છે લગભગ.

❖❖❖❖❖

# *[૩]*

# *પુદ્‌ગલ, તત્વ સ્વરૂપે !*

## *પુદ્‌ગલની ગુણશક્તિ કઈ ?!*

**પ્રશ્નકર્તા :** જેવી રીતે આપણા આત્મામાં અનંત શક્તિ છે, અનંત જ્ઞાન, અનંત દર્શન છે, એવી રીતે પુદ્‌ગલ પરમાણુઓના જે સ્વાભાવિક ગુણો છે તેની શક્તિ કઈ ?

**દાદાશ્રી :** આ પુદ્‌ગલની શક્તિથી તો આ જગત બધું દેખાય છે. આત્મા કોઈ જગ્યાએ દેખાતો જ નથી. આ પુદ્‌ગલની ય કેટલી બધી શક્તિ છે ? એ તત્વ કેવું અજાયબ છે ! તે પણ ભયંકર શક્તિ ધરાવે છે. તે નિરંતર પરિવર્તન થયા જ કરે છે. પુદ્‌ગલ એ અનંત ભાગે પરિવર્તન થયા જ કરે છે. આ ચા છે તેમાં જરાક પાણી વધારે નાખો તો સ્વાદ જુદો આવે. જરા પાણી ઓછું નાખો તો જુદો સ્વાદ આવે. કલાક પછી પીઓ તો જુદો સ્વાદ આવે. આ એક જ પુદ્‌ગલ છે, પણ એના અનંત પર્યાય અનંત ભાગે પરિવર્તન થયા કરે છે ! આત્મા તત્વ સ્વરૂપે છે અને પુદ્‌ગલ પણ તત્વ સ્વરૂપે છે. ગમે તેટલી અવસ્થા બદલાય, છતાં કોઇ ચીજ રાઈ માત્ર ઘટતી નથી, વધતી નથી.

પુદ્ગલ એટલે પુર+ગલ. જે પૂરણ-ગલન થાય છે તે બધું પુદ્ગલ કહેવાય. આ જગત કેવું રૂપાળું લાગે છે. તેનાથી તો ફસામણ ઊભી થઈ છે. રૂપાળું ય લાગે ને કદરૂપું ય લાગે! કારણ કે સાપેક્ષ છે. પુદ્ગલ તો સ્વતંત્ર ગુણોવાળું છે. રૂપ, રસ, સ્પર્શ અને ગંધ એના ગુણો છે પણ જ્ઞાયકભાવ એનામાં નથી. પુદ્ગલ પોતે જાણી શકે નહીં. વળી એને લાગણીનો અનુભવ થતો નથી.

## કરામત તે બધી પુદ્ગલની જ !

જ્ઞાન આત્માનું અને કરામત બધી જ પુદ્ગલની છે. આત્મા આવી કરામત ના કરે. આ હિમાલયમાં બરફ પડતો હોય તો એકદમ મહાવીરનું 'સ્ટેચ્યુ' થઈ જાય! એ પુદ્ગલની કરામત છે, 'ટેમ્પરરી' છે. પુદ્ગલ એવું સક્રિય છે કે જેથી કરીને જાતજાતનું પરિવર્તન થાય છે.

આ મહીં વઘાર થયો ને બધા છીંકવા મંડયા. આ કોની કરામત? તમારી તો છીંક ખાવાની ઈચ્છા નથી. જો તું કર્તા હોઉં તો બંધ કરી દેને આ છીંકો ! પણ ના. એ તો પુદ્ગલની કરામત છે. આ પુદ્ગલની કરામત બહુ ઝીણી વાત છે.

આ જગતના લોકો એવા પુરુષાર્થી છે કે લોખંડની મોટી મોટી સાંકળોના બંધ તોડી નાખે. પણ આ સૂક્ષ્મ બંધન, આત્મા અને પુદ્ગલનું, એ ના તોડી શકે, અને જો તે તોડવા જાય તો ઉલટાના વધારે વીંટળાય.

પુદ્ગલ તો કેવું શક્તિશાળી છે !! ખુદ પરમાત્મા જ એમાં ફસાયા છે ને !!! એક પ્યાલામાં જરાક ઝેર ઓગાળીને પીવડાઓ તો શું થશે? ચેતન ફડાક દઈને ભાગી જશે ! અરે, ઝેરની તો મોટી શક્તિ, પણ આ એક ઈન્કમટેક્ષનું જરાક કાગળિયું આવ્યું હોય તો મહીં ફફડાટ ફફડાટ થઈ જાય છે, સાહેબને ગાળો ભાંડવા માંડે. ખોલીને જુએ તો રિફન્ડ આવ્યું હોય, એવું છે ! પુદ્ગલ પણ ચેતનને હલાવે છે. સવારે ઉઠી જવાય છે, ચિંતા થઈ જાય છે, ક્રોધ થઈ જાય છે, આ બધું શું છે ? ખેતરમાં બીજ નાખી આવીએ તે અનેક ગણું થઈને આવે છે. ત્યાગીઓ ત્યાગે છે તે અનેકગણું થઈને આવે.



રાગથી ત્યાગો કે દ્વેષથી ત્યાગો તેનું 'રિએકશન' આવ્યા વગર રહે જ નહીં. પુદ્ગલની કરામત એવી છે કે તમે જે વસ્તુ તરછોડશો તે પછી ક્યારેય ભેગી ના થાય. આ ભવમાં તો કદાચ મળે, પણ બીજા ભવમાં ના મળે.

## પરમાણુઓની અવસ્થા, કઈ કઈ ?

આખું જગત પુદ્ગલ પરમાણુઓથી ભરેલું છે. શુદ્ધ સ્વરૂપે રહેલા પરમાણુઓને તીર્થંકર ભગવાને વિશ્રસા કહ્યા. હવે સંજોગોના દબાણથી કોઈની જોડે ગુસ્સો થયો ત્યારે તે વખતે 'હું ચંદુલાલ છું ને મેં આ કર્યું' એવું જે જ્ઞાન છે તેથી બહારના પરમાણુઓ ખેંચે છે. બીજા શબ્દોમાં કહીએ તો ભ્રાંતિથી આત્મા પુદ્ગલની અવસ્થામાં તન્મયાકાર થાય છે, તે ભાસ્યમાન પરિણામને પોતાનાં માને છે, તેનાથી પરમાણુઓ 'ચાર્જ' થાય છે. પ્રયોગ થયો માટે તેને પ્રયોગસા કહેવાય. એ પ્રયોગસા એ 'કોઝલ બોડી' રૂપે રહે છે. તે આવતે ભવ મિશ્રસા થઈ જાય. એટલે ઈફેકટિવ બોડી થઈ જાય. હવે 'સાયંટિફિક સરકમસ્ટેન્સિયલ એવિડન્સ'ના આધારે એ પ્રયોગસા પરમાણુઓ જ્યારે ડિસ્ચાર્જ થાય એટલે કડવા-મીઠાં ફળ આપીને જાય, તે વખતે મિશ્રસા કહેવાય. ડિસ્ચાર્જ થઈ જાય પછી પાછા શુદ્ધ થઈને વિશ્રસા થાય.

દાન આપતી વખતે 'હું દાન આપું છું' એવો ભાવ થાય છે, તે વખતે પુણ્યનાં પરમાણુઓ ખેંચાય છે. અને ખરાબ કામ કરતી વખતે પાપના ખેંચાય છે. એ પછી ફળ આપતી વખતે શાતા ફળ આપે કે અશાતા ફળ આપે. જ્યાં સુધી અજ્ઞાની હોય ત્યાં સુધી ફળ ભોગવે, સુખ-દુઃખ ભોગવે, જ્યારે જ્ઞાની એ ભોગવે નહીં, 'જાણ્યા' કરે.

પુદ્ગલ અવસ્થામાં આત્મા અજ્ઞાનભાવે અવસ્થિત થયો તે પ્રયોગસા. પછી તેનું ફળ 'વ્યવસ્થિત' આપે છે ત્યારે મિશ્રસા. પ્રયોગસા થયા બાદ ફળ આપવાનું 'વ્યવસ્થિત'ના તાબામાં જતું રહે છે. 'ટાઈમિંગ', ક્ષેત્ર એ બધા જ 'સાયન્ટિફિક સરકમસ્ટેન્સિયલ એવિડન્સ' ભેગા થાય ત્યારે તે રૂપકમાં આવે. 'સ્વરૂપનું જ્ઞાન' થાય એટલે પોતે આ પુદ્ગલની

કરામતમાં તન્માયાકાર થાય નહી, એટલે નવું પ્રયોગસા થાય નહીં. જૂના છે તેનો સમભાવે નિકાલ કરવો રહે.

## પરમાણુ - અસર જુદી : કષાય જુદા !

આ શરીર પરમાણુઓનું બનેલું છે. કેટલાક ગરમ, કેટલાક ઠંડા એવા જાતજાતના પરમાણુઓ છે. ગરમ પરમાણુઓ ઉગ્રતા લાવે. આ ઉગ્ર પરમાણુઓ ફૂટે એટલે અજ્ઞાને કરીને પોતે મહીં તન્મયાકાર થઇ જાય, એને ક્રોધ કહ્યો. લોભ ક્યારે થાય ? કોઇ પણ વસ્તુ જોઇ ને આસક્તિના પરમાણુઓ ઊભા થાય અને તેની મહીં આત્મા ભળે ત્યારે લોભ ઊભો થાય. કો'કે જે' જે' કર્યા એટલે મીઠાશ, ઠંડક ઊભી થઇ ને તેમાં આત્મા ભળ્યો તે માન કહેવાય. અને આ બધી પરમાણુઓની અવસ્થામાં આત્મા તન્મયાકાર થાય નહીં ને છૂટો રહે તો તેને ક્રોધ, માન, માયા, લોભ કહેવાય નહીં. એ તો પછી ખાલી ઉગ્રતા કહેવાય. જે ક્રોધમાં તાંતો અને હિંસક ભાવ ના હોય તેને ક્રોધ કહેવાય નહીં. અને જ્યાં મોઢે બોલે-કરે નહીં પણ મહીં તાંતો અને હિંસક ભાવ છે, તેને ભગવાને ક્રોધ કહ્યો. આ તાંતાથી જ જગત ઊભું રહ્યું છે. ક્રોધનો તાંતો, માનનો તાંતો, કપટનો તાંતો, લોભનો તાંતો - આ તાંતો જાય એટલે પેલા કષાયો મડદાલ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** ક્રોધમાં આત્મા ભળે છે તે ના સમજાયું.

**દાદાશ્રી :** ક્રોધમાં પ્રતિષ્ઠિત આત્મા ભળે છે. મૂળ આત્મા ભળતો નથી, બીલિફ આત્મા ભળે છે. આ તો પરમાણુઓનું 'સાયન્સ' છે. ભાવવું અને ના ભાવવું એ પરમાણુની 'ઈફેક્ટ' છે. કેટલાકને ચા દેખે ને પીવાની ઈચ્છા થાય ને કેટલાકને જરાય ઈચ્છા ના થાય, એ શું ? મહીં પરમાણુ માગે છે તેથી.

## ફર્સ્ટ ગલન, સેકન્ડ ગલન !

આ ખાવું-પીવું જે જે દેખાય છે તે બધાં પર-પરિણામ છે અને પાછાં ગલન સ્વરૂપે છે. ગલન સ્વરૂપને લોક સમજે કે 'મેં ખાધું, મેં પીધું.'



**પ્રશ્નકર્તા :** ખાધું એ તો પૂરણ ના કહેવાય ?

**દાદાશ્રી :** લૌકિક ભાષામાં પૂરણ કહેવાય, પણ યથાર્થ રીતે એ ગલન છે. ખાધું એ પૂરણ કર્યું, પણ એ પૂરણ ખરેખર તો ફર્સ્ટ ગલન છે અને સંડાસ ગયા એ સેકન્ડ ગલન કહેવાય. સિટીમાં ગયા તે ફર્સ્ટ ગલન ને ત્યાંથી પાછા આવ્યા તે સેકન્ડ ગલન. જગત જે દેખાય તેને સત્ય માને છે. પણ ઈન્દ્રિય જ્ઞાનથી સત્ય માનવાથી તો આ જગત ચાલું રહ્યું છે. મૂળ સ્વરૂપે તો 'જ્ઞાની પુરુષ' જ જોઇ શકે. પૂરણ જે થાય છે તેને તો એકલા 'જ્ઞાની' જ એમના જ્ઞાનમાં જોઇ શકે. બાકી આ બધું આખું જગત ગલન સ્વરૂપે જ છે.

## પુદ્‌ગલનું પારિણામિક સ્વરૂપ !

પૂરણ-ગલન બધાંયને થયા જ કરવાનું. પૂરણ-ગલનમાં ભેદ નથી. અહંકારમાં ભેદ છે. 'હું વાઘરી છું, હું શાહુકાર છું, હું ગૃહસ્થી છું, હું ત્યાગી છું' એ અહંકારના ભેદ છે. ભગવાન કહે કે જેણે જેવું પૂરણ કર્યું હશે તેવું તેનું ગલન થશે. તેમાં 'તું' શુદ્ધાત્મા શું કરવા કડાકૂટો કરે છે ? હવે મેલને છાલ ! કોઇ આપણા મહાત્માને ઉદય આવ્યો ને તે ગાંડા કાઢવા માંડયો તો આપણે જાણીએ કે, ઓ હો હો ! એનું પૂરણ કેવું કરેલું કે જેથી તેનું ગલન આવું આવ્યું ! એટલે આપણે એની પર કરુણા રાખવી જોઇએ. કરુણા એકલી જ ઉપાય છે એનો.

આ પૂરણ-ગલનનું 'સાયન્સ' સમજાઇ જાય તેને વિષયસુખ મોળાં લાગે. આ જલેબી ધૂળમાં પડી હોય તો ય ખંખેરીને ખાઇ જાય. તે ઘડીએ સવારે એ જલેબીની શી દશા થશે તેનું ભાન રહે ? ના. કારણ કે અશુચિનું ભાન નથી. આ દૂધપાક ખાધો હોય, પણ ઉલટી કરે તો કેવો દેખાય ? આ મહીં બધું અશુચિનું જ સંગ્રહસ્થાન છે. પણ એવી પારિણામિક દ્રષ્ટિ ઉત્પન્ન થવી જોઇએ ને ?

## પુદ્‌ગલ, પરમાણુ સ્વરૂપે કેવું ?

**પ્રશ્નકર્તા :** વિજ્ઞાન એમ કહે છે કે શરીરના પરમાણુઓ ક્ષણે ક્ષણે

બદલાય છે.

**દાદાશ્રી :** સાચી વાત છે. મનના ય પરમાણુઓ બદલાયા કરે છે. 'ડિસ્ચાર્જ' એટલે સેકંડે સેકંડે બદલાવું અને પછી નવું પેસે છે. પણ જે ચાર્જ થયેલું તે જ નીકળે છે. પરમાણુઓ વધઘટ થતાં નથી. જે ભેગા થયેલા તે જ વિખરાય છે, ને પાછા નવા ભેગા થાય છે.

**પ્રશ્નકર્તા :** આત્માની અનંત શક્તિ છે. અનંત સુખધામ છે તે શક્તિઓ પુદ્ગલને આધીન છે કે સ્વતંત્ર છે ?

**દાદાશ્રી :** આત્માની જે શક્તિઓ છે, તે સ્વતંત્ર શક્તિઓ છે.

**પ્રશ્નકર્તા :** મોક્ષે જવા પુદ્ગલની શક્તિઓની જરૂર પડે ખરી?

**દાદાશ્રી :** પુદ્ગલના માધ્યમથી આત્માનું જ્ઞાન પ્રગટ થાય છે. શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન, અવધિજ્ઞાન- એ બધાં જ્ઞાન પુદ્ગલના માધ્યમથી પ્રગટ થાય છે. જેમ ૩ નંબરના કાચમાંથી જુદું દેખાય, ૪ નંબરના કાચમાંથી જુદું દેખાય.

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીની સ્થિતિમાં પુદ્ગલ કેવું કાર્ય કરે છે ?

**દાદાશ્રી :** પુદ્ગલ શબ્દ છે તે જ રૂપે કાર્ય કરે છે. પૂરણ-ગલને તમારામાં અને અમારામાં કશો ફેર રાખ્યો નથી. તમને જે રીત બતાવું છું તે જ રીત અમને રહે છે. માત્ર તમને તમારા અંતરાય નડે છે.

**પ્રશ્નકર્તા :** પરમાણુઓ જુદા જુદા છે કે એક જ જાતના છે ?

**દાદાશ્રી :** પરમાણુઓ એક જ જાતના છે. જેમ આત્મા એક જ જાતના છે. તેમ આ ફેર દેખાય છે તે સ્થાન-ફેરને લઈને. સ્થાન-ફેરને લઈને ભાવ-ફેર ઉત્પન્ન થાય છે ને ભાવ ફેરને લઈને આ બધું જગત ઊભું થયું છે.

જેવું જ્ઞાન જેવા સંજોગોમાં જુએ તેવું એ શીખે. 'ચાન્સ' મળે તે પ્રમાણે શીખે છે. અને આ 'ચાન્સ' કંઈ એક્સિડેન્ટલી નથી મળતો. એ તો 'સાયંટિફિક સરકમસ્ટેન્સિયલ એવિડન્સ'ના આધારે મળે છે. 'એક્સિડેન્ટ' જેવું આ જગતમાં કશું જ બનતું નથી. લોકોને ભાસે છે કે આ 'એક્સિડેન્ટ' છે.



**પ્રશ્નકર્તા :** પરમાણુઓ એના એ જ રહે છે કે ફરી જાય છે ?

**દાદાશ્રી :** પરમાણુઓ ફરી જાય. નહીં તો તમે શામળા શી રીતે થાઓ ! પરમાણુ જ આપણને ઉઘાડા કરે છે કે આ લુચ્ચો છે, બદમાશ છે, ચોર છે, કારણ કે પરમાણુ તે રૂપે થઈ જાય છે. જેવા 'એને' ભાવ થાય છે, તેવા રૂપે તે પરમાણુઓ થઈ જાય છે. ક્રોધ કરતી વખતે શરીર આમ આમ ધ્રૂજી જાય છે. તે વખતે આખા શરીરથી પરમાણુઓ મહીં ખેંચાય છે. જબરજસ્ત રીતે ખેંચાય છે.

**પ્રશ્નકર્તા :** પુદ્ગલ સિવાય બીજાના પરમાણુ ખરા ?

**દાદાશ્રી :** પુદ્ગલ સિવાય બીજા કોઈના પરમાણુ નથી. આ દેખાય છે, અનુભવમાં આવે છે, તે બધી પુદ્ગલની રમત છે.

**પ્રશ્નકર્તા :** પરમાણુમાં ચેતન સ્વરૂપ ખરું ?

**દાદાશ્રી :** પરમાણુઓ ચેતનવાળા થયા છે, ચેતનભાવને પામી ચેતનવાળા થાય છે. જેવું પૂરણ થયું તેવું ગલન થશે. જેવા ભાવને પામે તેવું ગલન થશે. ગલન થતી વખતે આપણે કશું કરવું નહીં પડે, એની મેળે જ થયા કરશે. આ દેહમાં જે પરમાણુઓ છે એ બધા ચેતન ભાવને પામેલા છે, મિશ્રચેતન થયેલા છે.

**પ્રશ્નકર્તા :** બહાર હોય ત્યાં સુધી ચેતનભાવને પામેલા હોય છે કે મહીં પેઠા પછી ?

**દાદાશ્રી :** બહાર હોય ત્યાં સુધી વિશ્રસા પરમાણુઓ કહેવાય છે. મહીં પેઠા તે પ્રયોગસા ને ફળ આપે ત્યારે મિશ્રસા.

**પ્રશ્નકર્તા :** આત્મહેતુ માટે જે સાધનો હોય એનાથી શુધ્ધ પરમાણુ જ પેસે ને?

**દાદાશ્રી :** હા એ બહુ ઊંચા પરમાણુઓ હોય. આત્માનો ઠેઠનો હેતુ

પૂરો કરી આપે. અને બીજી બધી સગવડો પણ 'ફુલ' કરી આપે. આત્મહેતુ માટે જે જે કરવામાં આવે છે તેને ચક્રવર્તી જેવી સગવડ મળશે.

## આમાં આત્માનું કર્તાપણું ?!

**પ્રશ્નકર્તા :** આ જગત ચાલે છે તેમાં પુદ્‌ગલનું સ્થાન શું ?

**દાદાશ્રી :** પુદ્‌ગલની પોતાની એવી જુદી જુદી શક્તિઓ છે કે એ આત્માને આકર્ષણ કરે છે. એ શક્તિથી જ માર ખાધો છે ને 'આપણે' અને આત્મા છે તે આ પુદ્‌ગલની શક્તિ જાણવા નીકળ્યો કે આ શું છે ? કઈ શક્તિ છે ? હવે એમાં એ જ પોતે ફસાયા ! પરમાત્મા પોતે જ ફસાયા. પરમાત્મા અરૂપી છે અને રૂપી પરમાણુઓની અધાતુ સાંકળીએ બંદીવાન થયા છે !!! હવે શી રીતે છૂટે ? પોતાના સ્વરૂપનું ભાન થાય ત્યારે છૂટે.

**પ્રશ્નકર્તા :** આત્મા ફસાયો તે ય નૈમિત્તિક ફસાયો ને ?

**દાદાશ્રી :** હાસ્તો ને ! પુદ્‌ગલ કર્તા સ્વભાવનું છે, ક્રિયાકારી છે. પણ એ સ્વતંત્ર રીતે કર્તા ગણાય જ નહીં ને ! જોડે ચૈતન્યની હાજરી જોઈએ. પુદ્‌ગલના ધક્કાથી આત્મા કર્તા થયો. પુદ્‌ગલની ડખલ ના હોય તો કશું ય નહીં. એટલે આત્માને નૈમિત્તિક કર્તા કહ્યો.

## 'ડિસ્ચાર્જ', પરસત્તા આધીન !

**પ્રશ્નકર્તા :** ખાતી વખતે ખાવામાં કંટ્રોલ રહેતો નથી.

**દાદાશ્રી :** ખાતી વખતે ખા ખા કરે છે તે પુદ્‌ગલનો સ્વભાવ છે. પુદ્‌ગલ પુદ્‌ગલને ખેંચે છે. પાંચસો જણ જમવા બેસે ને તેમાં કોઇ એટિકેટવાળા સાહેબ હોય તો તેમને 'જમવા બેસો' કહીએ તો તે 'ના, ના' કરે. પણ બેઠા પછી ભાત આપવાની વાર હોય તો પણ દાળમાં હાથ ઘાલ્યા કરે, શાકમાં હાથ ઘાલ્યા કરે ! કારણ કે એ પુદ્‌ગલનો સ્વભાવ છે.



**પ્રશ્નકર્તા :** પુદ્‌ગલની સત્તા ખરી ને ?

**દાદાશ્રી :** પુદ્‌ગલની સત્તા નથી. પુદ્‌ગલ 'વ્યવસ્થિત'ને આધીન છે.

**પ્રશ્નકર્તા :** તો તો કર્મ જેવું ના રહ્યું ને ? પાપ-પુણ્ય પણ ના રહ્યું ને ?

**દાદાશ્રી :** ખરી વાત છે. 'હું કરું છું' એ આરોપિત ભાવ એ જ કર્મ છે, તેમાંથી પુણ્ય-પાપ છે. કર્તા ભાવ ગયો તો કર્મ ગયાં .

**પ્રશ્નકર્તા :** પરમાણુઓ 'વિઝિબલ' છે ?

**દાદાશ્રી :** પરમાણુઓ કેવળજ્ઞાને કરીને વિઝિબલ છે.

**પ્રશ્નકર્તા :** કર્મનો ભોગવટો આવે તે 'વ્યવસ્થિત'ને તાબે છે ?

**દાદાશ્રી :** હા, તે 'વ્યવસ્થિત'ને તાબે છે. પુદ્‌ગલની સત્તા પણ 'વ્યવસ્થિત'ને આધીન છે. પુદ્‌ગલની સ્વાભાવિક સત્તા નથી. જો પુદ્‌ગલ સ્વતંત્રપણે સત્તાધીશ હોત તો તો કોઇને ભૂખ લાગત જ નહીં ને !

અવિરત સ્થિરતા થાય ત્યારે શુધ્ધ વિશ્રસા થાય. જ્યાં સુધી પ્રયોગસા પરમાણુઓ હોય ત્યાં સુધી વાણી બદલવાની સત્તા ખરી. પણ પછી મિશ્રસા થઇ ગયું એટલે કોઈનું ય ચાલે નહીં.

**પ્રશ્નકર્તા :** એ બદલવાની સત્તા કઈ રીતે કામ કરે છે ?

**દાદાશ્રી :** આપણે કોઈને ગાળ દીધી હોય તે એના પરમાણુઓ મહીં બંધાઇ ગયાં. જેવા ભાવથી બંધાયા હોય તે પરમાણુના હિસાબે પછી મહીં બેટરીઓ તૈયાર થઇ જાય. આ તો બેટરીઓ જ 'ચાર્જ' થાય છે. પણ આપણે થોડીવાર પછી એમ બોલીએ કે, 'ભાઇ આ ગાળ બોલ્યો હતો તે એ તો મારી બહુ મોટી ભૂલ થઈ.' એટલે પહેલાનું ભૂંસાઇ જાય. પણ પ્રયોગસાના મિશ્રસા થઇ ગયા પછી કોઇનું ચલણ ના રહે, પછી એ ભોગવ્યે જ છૂટકો.

## વિભાવિક પુદ્‌ગલથી જગ આવું દીસે !

આત્મા જોડે જે જે પુદ્‌ગલ સ્પર્શ્યું તે વિભાવિક થયું કહેવાય. તે દેહધારી માત્ર જોડે હોય. જ્યારે સ્વાભાવિક પુદ્‌ગલની અવસ્થાઓ બદલાયા કરે. આ દેહ અનંત પરમાણુઓનો બનેલો છે. પણ તે વિભાવિક પરમાણુઓનો છે. જ્યારે બહાર બીજાં બધાં પરમાણુઓ છે તે સ્વાભાવિક પરમાણુઓ છે.

પુદ્‌ગલ જે મૂળ સ્વાભાવિક છે તે 'પરમેનન્ટ' છે. આ વિભાવિક પુદ્‌ગલ 'ટેમ્પરરી' છે. વિશેષ ભાવે પરિણમેલું છે તે ટેમ્પરરી છે. મૂળ સ્વભાવવાળું પુદ્‌ગલ પરમાણુ સ્વરૂપે છે તે 'પરમેનન્ટ' છે.

**પ્રશ્નકર્તા :** વિશેષ ભાવે શાને લીધે પરિણમે છે ?

**દાદાશ્રી :** આત્મા ને આ બધું ભેગું થવાથી. 'સામિપ્ય ભાવ' ઉત્પન્ન થવાથી વિશેષ ભાવ ઉત્પન્ન થાય છે. અને એથી પુદ્‌ગલમાં ય વિશેષ ભાવ ઉત્પન્ન થયો છે. ખરાં પુદ્‌ગલ તો પરમાણુરૂપે હોય અથવા સ્કંધરૂપે હોય પણ તે 'રિયલ' છે. જ્યારે વિશેષ ભાવ એટલે આની મહીં મિક્ષ્ચર ભાવે છે.

**પ્રશ્નકર્તા :** ક્યા કારણે સ્ત્રીને સ્ત્રી-દેહ ને પુરુષને પુરુષ-દેહ મળે છે ?

**દાદાશ્રી :** આ 'બોડી' એ ક્રોધ, માન, માયા, લોભના પરમાણુઓથી જ બંધાયેલું છે. પુરુષના દેહમાં માન અને ક્રોધના પરમાણુઓ વધારે હોય ને સ્ત્રીના દેહમાં કપટ અને લોભનાં પરમાણુઓ વધારે હોય. કોઇ પુરુષમાં કપટ અને મોહનાં પરમાણુઓ વધી જાય તો તે બીજા અવતારમાં સ્ત્રી થાય. ને સ્ત્રીને જો કપટ અને લોભ ઘટી જાય ને ક્રોધ અને માન વધી જાય તો તે બીજા અવતારમાં પુરુષ થાય. સ્ત્રી એ કંઇ કાયમની સ્ત્રી નથી. આત્મા, આત્મા છે ને પરમાણુ બધા બદલાયા કરે છે.

આ સારું-ખોટું દેખાય છે તે પુદ્‌ગલની વિભાવિક અવસ્થા છે. એને જુદા પાડશો નહીં કે આ સારું છે ને આ ખોટું છે. આ દ્વંદ્વવાળાઓએ જુદું પાડયું. એ વિકલ્પો છે. નિર્વિકલ્પીને સારું-ખોટું એ બંને વિભાવિક અવસ્થા દેખાય.



## પરમાણુઓની સૂક્ષ્મતા, કેટલી ?!

**પ્રશ્નકર્તા :** સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ એ બધાની 'બાઉન્ડ્રી' કઈ?

**દાદાશ્રી :** સ્થૂલ તો આ બધા ડોકટરોને દેખાય છે એ. મોટાં મોટાં દૂરબીનથી, માઇક્રોસ્કોપથી દેખાય તે પણ સ્થૂલ જ કહેવાય. વિશ્રસા તે સૂક્ષ્મતમ અને પ્રયોગસા તે સૂક્ષ્મતર અને પરમાણુ ખેંચ્યા ને પરિણામ પામીને અંદર ભેગાં થયાં તે મિશ્રસા પરમાણુઓ સૂક્ષ્મ કહેવાય. મિશ્રસા એ 'ઈફેકટિવ બોડી' છે અને પ્રયોગસા એ કારણદેહ છે.

**પ્રશ્નકર્તા :** આ 'સાયન્ટિસ્ટસ' 'એટમ્સ' અને 'ઈલેકટ્રોન્સ' કહે છે તે ક્યાં સુધીની સૂક્ષ્મતા કહેવાય ?

**દાદાશ્રી :** એ બધું સ્થૂલમાં જાય. વૈજ્ઞાનિકોએ જેટલી જેટલી શોધખોળ કરી છે તે બધી સ્થૂલમાં જાય. 'જ્ઞાની પુરુષ' જે પરમાણુની વાત કરે છે તે ફકત કેવળી જ જોઇ શકે.

## પુદ્‌ગલ, તત્ત્વસ્વરૂપે અવિનાશી !

**પ્રશ્નકર્તા :** આત્મા સત્ય છે તેમ શાથી કહેવાય છે ? પુદ્‌ગલ શું છે ?

**દાદાશ્રી :** આત્મા સત્ય નહીં, પણ સત્ છે. પુદ્‌ગલ પણ સત્ છે. પુદ્‌ગલના ગુણધર્મ છે, ને પર્યાયો પણ છે. પણ પર્યાયો બદલાયા કરે છે. પર્યાયો વિનાશી છે. આત્મા પોતે વસ્તુ સ્વરૂપે છે, સ્વતંત્ર છે, ગુણધર્મ સહિત છે. સત્-આત્મા એટલે જ પરમાત્મા કહેવાય.

**પ્રશ્નકર્તા :** પુદ્‌ગલ સત્ છે, તે કેવી રીતે ?

**દાદાશ્રી :** આત્મા સત્ છે, પુદ્ગલ પણ સત્ છે. આત્મા અવિનાશી છે. પુદ્ગલ પણ અવિનાશી છે. આત્માના પર્યાયો છે, પુદ્ગલના પણ પર્યાયો છે. આત્માના પર્યાયો પોતાના પ્રદેશમાં રહીને બદલાય છે. આત્મા સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે ! અને ચિત્ત-આનંદ એ પુદ્ગલનો ગુણધર્મ નથી. પુદ્ગલ સત્ છે. પુદ્ગલ પૂરણ-ગલન સ્વભાવનું છે. જે જે વસ્તુ રૂપે હોય, ગુણ રૂપે હોય ને સ્વતંત્ર ને અવિનાશી હોય તેને સત્ કહેવાય.

## *પુદ્ગલ ભાવ, વિયોગી સ્વભાવનાં !*

બે પ્રકારના ભાવ છે. એક આત્મભાવ, બીજો પુદ્ગલભાવ. પુદ્ગલભાવ બધા આવીને જતા રહે. એ વિનાશી હોય, તે ઊભા ના રહે. પા કલાકમાં, દસ મિનિટમાં કે અડધા કલાકમાં જતા રહે. એ બધા સંયોગી ભાવ છે. આપણને જેનો સંયોગ થાય એનું નામ સંયોગી ભાવ. એ સંયોગી ભાવ બધા વિયોગી સ્વભાવના છે. પછી આપણે એને કાઢી મેલવાનું નહીં, એની મેળે જ જાય ત્યારે સાચું. ખરાબ વિચાર આવે ત્યારે કહેવું, 'આવો બા, તમારું જ ઘર છે.' ભાડું લીધું તેટલો વખત તેમને રહેવા દેવા પડે! ખરાબ વિચાર એ સંયોગી ભાવ છે, એટલે એ એની મેળે જતા રહેશે.

## *જ્ઞાની વિના, એ સમજાય શી રીતે ?*

મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારનાં જે જે પરિણામ આવે, મનમાં વિચાર આવે, બુદ્ધિથી દર્શનમાં દેખાય વગેરે બધું જ પુદ્ગલભાવ છે, આ પુદ્ગલભાવને જે જાણે એ આત્મભાવ છે.

તમામ શાસ્ત્રોનું જ્ઞાન આ છે. આ ના સમજાય એટલે આખા શાસ્ત્રોનાં શાસ્ત્રો ગોખે. પણ શું થાય ? એ ભૂલ શી રીતે નીકળે ? 'જ્ઞાની' વગર આ ભૂલ કોણ ભાંગે ?

## *... એમાં ભળ્યા તો જોખમદારી !*

ક્રોધ, માન, માયા, લોભ એ પુદ્ગલ ભાવ છે. એ વધે-ઘટે ને આત્માનો સ્વભાવ વધે નહીં, ઘટે નહીં એવો અગુરુ-લઘુ સ્વભાવ છે.



એટલે ક્રોધ, માન, માયા, લોભ થાય એને 'આપણે' 'જોયા' કરવાના કે 'ઓહોહો ! આ વધ્યો, આ ઘટયો !' એટલે 'આપણે' છૂટા રહ્યાં. પછી 'આપણે' જોખમદાર નહીં, પુદ્ગલભાવમાં ભળ્યા એટલે તમારી જોખમદારી, તમે સહી કરી આપી. અને સહી ના કરી આપી, ભળ્યા નહીં એટલે છૂટયા, એવું ભગવાન કહે છે.

**પ્રશ્નકર્તા :** આ પુદ્ગલ ભાવમાં ભળ્યા કે નહીં, એની પોતાને 'એક્ઝેક્ટલી' કેવી રીતે ખબર પડે ?

**દાદાશ્રી :** મોઢું બગડી જાય, મન બગડી જાય, બધી અસર થઈ જાય. છતાં ય અસર થાય તો ય 'આપણે' છૂટા રહી શકાય છે. તે તમને 'પોતાને' એકલાને જ ખબર પડે. પુદ્ગલભાવમાં ભળતાંની સાથે જ મહીં બેચાર દંડા વાગે એટલે તરત ખબર પડી જાય કે આ 'આપણી' બાઉન્ડ્રી ઓળંગી.

મન મનનો ધર્મ બજાવે, બુધ્ધિ બુધ્ધિ નો ધર્મ બજાવે, અહંકાર અહંકારનો ધર્મ બજાવે. એ બધા પુદ્ગલભાવ છે, એ આત્મભાવ નથી. આ બધા પુદ્ગલભાવને 'આપણે' જોવા ને જાણવા એ આત્મભાવ. જ્ઞાતા, દ્રષ્ટા ને પરમાનંદ એ જ આત્મભાવ છે. પુદ્ગલભાવ તો બધા પાર વગરના છે. લોક પુદ્ગલભાવમાં જ ફસાયું છે.

❖❖❖❖❖

# [૪]

# સ્વસત્તા - પરસત્તા

## પોતાને, સત્તા કેટલી હશે ?!

આ વર્લ્ડમાં કોઈ માણસ એવો જન્મ્યો નથી કે જેને સંડાસ જવાની પોતાની સ્વતંત્ર શક્તિ હોય ! એ તો જ્યારે અટકે ત્યારે ખબર પડે કે મારી શક્તિ હતી કે નહીં. ઊંઘ ના આવે ત્યારે ખબર પડે કે ઊંઘવાની શક્તિ મારી નથી. ઊઠવું હોય તે ટાઈમે ના ઉઠાય ત્યારે ખબર પડે કે આ શક્તિ પણ મારી નથી. આ બધું સંસારમાં થાય છે તે 'આપણી' સત્તામાં નથી. 'આપણી' સત્તા સંપૂર્ણ છે, પણ એ જાણતા નથી. અને પરસત્તાને જ સ્વસત્તા માનવામાં આવે છે. ભગવાન આવી કોઈ સત્તા ધરાવતા જ નથી.

જ્યાં સુધી પોતાના સ્વરૂપનું ભાન ના થાય ત્યાં સુધી બધું જ નકામું છે. 'માર્કેટ મટિરિયલ' છે. આનો 'ઈગોઈઝમ' શું રાખવાનો ? અને 'ઈગોઈઝમ' જો રાખવા જેવો હોય તો એક 'જ્ઞાની પુરુષે' રાખવા જેવો છે કે જેમની પાસે આખા બ્રહ્માંડની સત્તા પડેલી હોય. ત્યારે એમને



'ઈગોઈઝમ' જ ના હોય. જ્યાં સત્તા નથી ત્યાં 'ઈગોઈઝમ' છે ને જ્યાં સત્તા છે ત્યાં 'ઈગોઈઝમ' નથી. 'જ્ઞાની પુરુષ' તો બાળક જેવા હોય.

## સત્તા, પુણ્યૈથી પ્રાપ્ત...

જગતનો નિયમ એવો છે કે જે સત્તા પ્રાપ્ત થઈ એનો સહેજ પણ દુરુપયોગ થાય તો એ સત્તા જાય.

સત્તાનો સદુપયોગ એનું નામ કરુણા અને સત્તાનો દુરુપયોગ એટલે પછી રાક્ષસી વૃત્તિ કહેવાય. સત્તા શાના માટે ? પુણ્યૈથી સત્તા મળે છે. કોઈ પાંચ માણસના તમે ઉપરી થયા છો તે તમારી પુણ્યૈ હોય તો જ થવાય, નહીં તો ના થવાય. લોક પૂછતા-પૂછતા આવે કે 'પ્રિન્સિપાલ સાહેબ છે કે ? પ્રિન્સિપાલ સાહેબ છે કે ?' પૂછ-પૂછ કરે ને !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તે પુણ્યૈ છે તેથી. નહીં તો કોઈ બાપો ય ના પૂછે, ક્યાંય મહેતાજીની નોકરીમાં નામા લખતાં હોય ! 'તમારે' હવે ચંદુભાઈ ને કહેવું કે સત્તા શું વાપરો છો? જરા કરુણા રાખો ને.

**પ્રશ્નકર્તા :** આપનું જ્ઞાન મળ્યા પછી હું એમ જ કરુ છું.

## ... પણ એ બધી પરસત્તા !

**દાદાશ્રી :** તમારા હાથમાં કઈ કઈ સત્તા છે ?

**પ્રશ્નકર્તા :** એકેય નથી.

**દાદાશ્રી :** એનું શું કારણ ? 'તમે કોણ છો' એ જ તમે જાણતા નથી. તમે ચંદુભાઈને જ 'હું છું' એમ માનો છો. તે તો પરસત્તા છે. એમાં તમારું શું ? તમે પરસત્તાને આધીન છો. ઠેઠ સુધી પરસત્તા છે, ભમરડો છે ! બધું 'વ્યવસ્થિત'ને આધીન છે.

ખાઓ છો, પીઓ છો, લગ્નમાં જાઓ છો, તે પરસત્તાને આધીન

છે. ક્રોધ, માન, માયા, લોભ થાય છે તે પરસત્તાને આધીન થાય છે. તમારી સ્વસત્તા તમે જોઈ નથી, તેનું તમને ભાન નથી. સ્વસત્તાનું ભાન થાય તો તે પોતે પરમાત્મા થઈ શકે છે. એક ક્ષણ વાર પણ સ્વસત્તાનું ભાન થાય તો તે પરમાત્મા થાય!

આ બોલવાની ય શક્તિ મારી નથી. આ બોલે છે તે 'ટેપરેકર્ડ' છે અને તમે બોલો છો તે તમારું ય 'ટેપરેકર્ડ' છે. તમે 'ઇગોઇઝમ' કરો છો ને હું 'ઇગોઇઝમ' કરતો નથી, એટલો જ ફેર છે.

જીવ શાથી બળે છે ? પોતાની જગ્યાએ બેસે તો કશી જ ઉપાધિ નથી. બીજાના ઘરમાં હો તો બીક ના લાગે ? તમે પરક્ષેત્રે બેઠા છો, પરના સ્વામી થઈ બેઠા છો અને સત્તા ય પરસત્તા વાપરો છો. 'સ્વ'ને, સ્વક્ષેત્રને અને સ્વસત્તાને જાણતા જ નથી.

## પરસત્તાને જાણવી, ત્યાં સ્વસત્તા !

**પ્રશ્નકર્તા :** સ્વસત્તામાં રહી માણસ અર્થનો માલિક કેમ નથી બની શકતો ?

**દાદાશ્રી :** શા અર્થનો ?

**પ્રશ્નકર્તા :** રિધ્ધિ, સિધ્ધિ, સ્ટેટસના અર્થનો માલિક કેમ નથી ?

**દાદાશ્રી :** 'પોતે' એનો માલિક હોય જ નહીં. એ બધી 'ટેમ્પરરી' વસ્તુઓ છે. એ તો એની મેળે એનો ઉદય આવે ને પ્રગટ થાય, પણ એ જ્ઞાનનો ધર્મ નથી.

**પ્રશ્નકર્તા :** સ્થિતપ્રજ્ઞ દશામાં સંયોગોનો માલિક થાયને ?

**દાદાશ્રી :** જ્યાં સુધી કશાનો ય માલિક છે ત્યાં સુધી સ્થિતપ્રજ્ઞ દશા ના થાય. માલિકીપણું છુટવું જોઇએ.

**પ્રશ્નકર્તા :** સાથે સાથે ગુલામ પણ રહેવું ના જોઈએ ને ?

**દાદાશ્રી :** ગુલામ છે જ નહીં, ચંદુલાલ ગુલામ. તું પોતે શેનો ગુલામ ? દેહધારી માત્ર ગુલામ જ છે. બધા 'વ્યવસ્થિત'ના ગુલામ છે. તું 'શુધ્ધાત્મા' ગુલામ છે જ નહીં.



**પ્રશ્નકર્તા :** ઈશ્વર આ બધું તેના અંકુશમાં કેમ નથી લેતો ?

**દાદાશ્રી :** ઈશ્વરના હાથમાં જ નથી કંઇ પણ લેવાનું !

**પ્રશ્નકર્તા :** દિલ કેમ કાબૂમાં નથી રહેતું ?

**દાદાશ્રી :** કાબૂમાં કશું રાખવાનું જ નહીં. એ રહે પણ નહીં. એ પરસત્તા છે. એને તો 'જાણ્યા' કરવાનું કે આ બાજુ કાબૂમાં રહે છે ને આ બાજુ કાબૂમાં નથી રહેતું. જાણે છે એ આત્મા છે.

## અહો ! જ્ઞાનીએ સ્વસત્તા કોને કહી !!

**પ્રશ્નકર્તા :** 'ક્ષણે ક્ષણે સ્વ-સત્તામાં રહી સ્વસત્તાનો જ ઉપભોગ કરું.' તો સ્વસત્તા તો આપે આપી જ છે, તેનો ઉપયોગ શી રીતે કરું ? અને પરસત્તામાં પ્રવેશ ના કરું તો તે કઇ રીતે? એ વિગતથી સમજાવો.

**દાદાશ્રી :** તમામ ક્રિયામાત્ર પરસત્તા છે. ક્રિયામાત્ર ને ક્રિયાવાળું જ્ઞાન પણ પરસત્તા છે. જે જ્ઞાન અક્રિય છે, જ્ઞાતાદ્રષ્ટા અને પરમાનંદી છે. જે આ બધી ક્રિયાવાળા જ્ઞાનને જાણે છે તે આપણી સ્વસત્તા છે, ને તે જ 'શુધ્ધાત્મા' છે.

**પ્રશ્નકર્તા :** સંસારી માણસોએ સ્વસત્તાનો ઉપયોગ કેવી રીતે કરવો ?

**દાદાશ્રી :** જ્ઞાતા, દ્રષ્ટા ને પરમાનંદી રહેવું. મન, વચન, કાયા સ્વભાવથી જ 'ઇફેકટિવ' છે. ઠંડીની 'ઇફેકટ' થાય. ગરમીની થાય, આંખ ખરાબ જુએ તો ચીતરી ચઢે, કાન ખરાબ સાંભળે તો અસર થાય. તે આ બધી 'ઇફેકટ'ને આપણે જાણીએ. આ બધું 'ફોરેન ડિપાર્ટમેન્ટ'નું છે, ને આપણું 'હોમ ડિપાર્ટમેન્ટ' છે.

**પ્રશ્નકર્તા :** સ્વસત્તા સર્વોપરી હોય ?

**દાદાશ્રી :** એ સત્તામાં તો કોઇ ઉપરી જ નહી. પરમાત્મા પણ ઉપરી ના હોય એનું નામ સત્તા કહેવાય.

## જ્ઞાની થકી, સ્વસત્તા પ્રગટ થાય !

તમને મેં તમારી પરમાત્મશક્તિ 'ઓપન' કરી આપી છે. એ જ સંપૂર્ણ સત્તા છે. જે સત્તા પરથી કોઇ ઉઠાડી મેલે એને સત્તા જ કેમ કહેવાય ? સ્વસત્તા આગળ તો પરમાત્મા પણ નામ ના દઇ શકે. અત્યારે તમારી પાસે જે ધન છે તે પરમાત્મા પાસે પણ નથી.

**પ્રશ્નકર્તા :** એ કઇ રીતે ?

**દાદાશ્રી :** પરમાત્મા પાસે રેકર્ડ નથી. બોલવા-ચાલવાની બીજી મિકેનિકલ શક્તિ નથી. એટલે એ બીજાનું કંઇ જ કલ્યાણ ના કરી શકે ! જ્યારે તમે સ્વસત્તા સાથે લોકોનું કલ્યાણ કરી શકો ! માટે વાતને સમજો. કરવાનું કંઇ જ નથી. જ્યાં જ્યાં કરવાનું છે એ મરે છે ને સમજવાનું છે ત્યાં મુક્ત છે. આપણું કોઇ ઘોર અપમાન કરે તો તે બીજાની સત્તા આપણી ઉપર ચઢી બેસવી ના જોઇએ. અપમાન તો શું પણ નાક કાપી લે તો ય બીજાની સત્તા માન્ય ના કરીએ ! એની અસર ના થવા દઇએ.

હવે આત્મા પ્રાપ્ત થયા પછી શું ? જેટલો જેટલો શુધ્ધ ઉપયોગ રહે તેટલી સ્વસત્તા ઉત્પન્ન થાય. અને સંપૂર્ણ સ્વસત્તા ઉત્પન્ન થઇ ગઇ તો એ ભગવાન થઇ ગયો ! પુદ્ગલ એ પરસત્તામાં છે. અને આત્મા પણ, જ્યાં સુધી સ્વરૂપનું જ્ઞાન નથી થયું ત્યાં સુધી પરસત્તામાં જ છે. જ્ઞાની મળે અને આત્મા સ્વસત્તામાં આવે ત્યાર પછી પુદ્ગલનું જોર નરમ પડે અથવા મૃતઃ પ્રાય થાય. જેમ પુરુષાર્થ વધે તેમ પુદ્ગલ નરમ પડતું જાય. એક કલાક શુધ્ધાત્માપદમાં બેસી પ્રતિક્રમણ કરો તો સ્વસત્તાનો અનુભવ થાય.

❖❖❖❖❖

# [૫]

# સ્વપરિણામ - પરપરિણામ

## સ્વપરિણતિ એટલે... ...

પરિણતિ એટલે શું ? જે સ્વાભાવિક જ થયા કરે, એમાં કશું કરવું ના પડે તે. આ પુદ્ગલની ક્રિયાઓ જે 'વ્યવસ્થિત' કરે છે એમાં 'હું કરું છું' આવું ભાન ઉત્પન્ન થવું ના જોઇએ. એ 'વ્યવસ્થિત'નાં પરિણામ છે, તેને ભગવાને પરપરિણામ કહ્યા. પરપરિણામને પોતે 'હું કરું છું' એમ માનવું એનું નામ પરપરિણતિ. અને તેનાથી સંસાર રહ્યો છે. સ્વપરિણતિને ભગવાને મોક્ષ કહ્યો છે.

**પ્રશ્નકર્તા :** સ્વપરિણતિ એટલે શું ?

**દાદાશ્રી :** 'ચંદુલાલ' જે બધું કરે છે તે 'વ્યવસ્થિત' કરાવે છે, તેને 'આપણે' 'જોયા' કરવાનું છે, એનું નામ સ્વપરિણતિ. ખરા-ખોટાની ભાંજગડ કરવાની નહીં. તેમાં રાગે ય નહીં કરવાનો ને દ્વેષે ય નહીં રાખવાનો.

## જ્ઞાની પાસે સમજી લેવા જેવું !

જગતના લોકોને સમજણ પાડીએ કે આ પરપરિણતિ છે અને આ સ્વપરિણતિ છે, તે તેમને શીખવાડીએ, ગવડાવીએ તો ય પાછા ઘેર જઈને ભૂલી ય જાય ! એ તો જ્યાં સુધી કષાયભાવ 'જ્ઞાની પુરુષ' નિર્મૂળ ના કરી આપે ત્યાં સુધી કામ ના થાય. કષાયભાવથી જગત ઊભું રહ્યું છે. કષાયરૂપી આંકડાથી આત્મા બંધાયેલો છે. જેમણે કષાયો જીત્યાં તેથી તો તે અરિહંત કહેવાયા.

જ્ઞાની પુરુષ જ્ઞાન આપે ત્યારે કષાયો જાય અને પછી સ્વપરિણામ અને પરપરિણામનો ફોડ પાડી આપે. બાકી શીખવાડ શીખવાડ કર્યાથી કશું ના વળે. તરત ભૂલી જવાય. એક મોટું તળાવ હોય ને તેમાં બધી લીલ બાઝી ગઈ હોય ત્યાં મોટો પથ્થર નાખો, ૨૦-૨૫ ફીટનું કુંડાળું થાય. પણ પછી થોડી વારમાં હતું તેનું તે જ થઇ જાય. એટલે કશું વળે નહીં. એ તો આખી લીલ એક ફેરો ઊડાડી મેલે તો જ કાબૂમાં આવે. પછી એનું જોર બહુ ના ચાલે.

**પ્રશ્નકર્તા :** આ તો મુશ્કેલ છે.

**દાદાશ્રી :** ના, જ્ઞાની પુરુષ આ બધું જ કરી આપે, પણ તમારે અહીં આગળ અમારી પાસે બેસીને વાતને સમજી લેવાની છે, સ્વપરિણતિ ને પરપરિણતિ કઇ કઇ તે સમજી લેવાનું છે.

## અજ્ઞાન, ત્યાં સુધી પરપરિણતિ !

કેટલાક કહે છે, કે આ ભાઈની પરિણતિ બરાબર નથી. પણ પરપરિણતિ વસ્તુ જુદી જ છે, તેને લોક જ્યાં ત્યાં વાપરે છે. ધર્મમાં હોય કે ગમે ત્યાં પરપરિણતિ શબ્દ ના વપરાય. વ્યાખ્યાનમાં જાય ત્યાં સંસારનો વિચાર આવે તો તેને પરપરિણતિ માને અને ધર્મના કાર્યને સ્વપરિણતિ માને. પણ એ પોતે જ મૂળથી પરપરિણતિમાં છે. જ્યાં સુધી આત્મપરિણતિ ઉત્પન્ન થઇ નથી ત્યાં સુધી નિરંતર પુદ્‌ગલ પરિણતિ જ રહે, ને ત્યાં સુધી તેને પુદ્‌ગલ પરિણતિની ભિન્નતા શી રીતે સમજાય?



'હું છું', 'મારું છે' કહેતાંની સાથે જ બેઉ ધારા એક થઇ જાય.

## જ્ઞાનીને, નિરંતર સ્વપરિણતિ વર્તે !

**પ્રશ્નકર્તા :** દાદા, તમને જ્યારે જોઇએ ત્યારે આમ મુક્ત, 'મૂડ'માં જ દેખાઓ છો. એનું શું કારણ ?

**દાદાશ્રી :** અમે એક ક્ષણ પણ પરપરિણતિમાં નથી રહેતા, સ્વપરિણતિમાં જ હોઈએ. જો એક કલાક જ મને પરપરિણતિ ઉત્પન્ન થાય તો મારા મોઢા ઉપર તમને ફેરફાર દેખાય, 'જ્ઞાની'ને પરપરિણતિ જ ના હોય. આખા 'વર્લ્ડ'ની અજાયબી છે કે નિરંતર તે સ્વપરિણતિમાં રહે છે ! એક ક્ષણ પણ જો કોઇ સ્વપરિણતિમાં આવી ગયો તો તેને શાસ્ત્રકારોએ ઘણું મોટું પદ આપ્યું છે ! કૃપાળુ દેવે કહ્યું કે, જ્ઞાની પુરુષ એ દેહધારી પરમાત્મા છે. એટલે તો કહ્યું કે બીજે કયાં પરમાત્મા ખોળે છે ! દેહધારી રૂપે આવ્યા હોય તેવા જ્ઞાની પુરુષને ખોળો. દેહધારી પરમાત્મા કોને કહેવાય? કે જેને પરપરિણતિ જ ના હોય, નિરંતર સ્વપરિણતિ હોય તે.

## પુરુષાર્થ, સ્વપરિણતિમાં વર્તવાનો !

ભગવાનને સ્વપરિણતિ રહેતી હતી. અમને ય સ્વપરિણતિ રહે છે. પર-પરિણામને પોતાનાં ના કહીએ. તમને ય અમે સ્વપરિણતિમાં જ રહેવા માટે એમ કહીએ કે 'તમારે' 'ચંદુલાલ' જોડે વ્યવહાર સંબંધ રાખવો. બીજા જોડે વ્યવહાર રહ્યો કે ના રહ્યો તો ય શું ? બીજા લોકો તો 'આપણી' ઓરડીમાં સૂવા ના આવે. જ્યારે આ 'ચંદુલાલ' તો જોડે ને જોડે જ સૂઇ જવાના. એટલે એમની જોડે વ્યવાહારિક સંબંધ રાખવો, પગ કે માથું દુખતું હોય તો દાબી આપવું. વાતચીતો કરીને આશ્વાસન આપવું. કારણ કે પાડોશી છે ને ?

આ કયા દ્રવ્યનાં પરિણામ છે તે સમજી લેવાનું. પુદ્‌ગલ દ્રવ્યનાં કે ચેતન દ્રવ્યનાં પરિણામ છે તે સમજી લેવાનું. ચાંચ બોળતાંની સાથે જ પરપરિણામ ને સ્વપરિણામ છૂટાં પડવાં જોઇએ.

અમે જ્ઞાન આપીએ પછી પરપરિણતિ બંધ થઇ જાય. પણ જોતાં ના આવડે એટલે મનનાં, બુધ્ધિનાં તોફાનોમાં સપડાઇ જાય ને ગૂંચાયા કરે, 'સફોકેશન' અનુભવે. આપણે તો કઇ પરિણતિ છે, સ્વ કે પર એટલું જ જોઇ લેવાનું. બહાર ભલેને પાકિસ્તાન લડતું હોય, આપણને વાંધો નથી. આવી રીતે સ્વપરિણતિ ઉત્પન્ન થઇ તેને પરપરિણામ અડે જ નહીં. આ મનનાં, બુધ્ધિનાં, ચિત્તનાં સ્પંદનો ઊભાં થાય છે તે પૂરણ-ગલન છે. એની જોડે આપણે લેવાદેવા નથી. આમાં આત્મા કરતો નથી, પુદ્ગલ જ કરે છે.

સવારથી ઉઠયા ત્યારથી જ પુદ્ગલ એનાં પરિણામમાં હોય અને આત્મા એનાં પરિણામમાં હોય. પણ જો કદી મન વધારે સ્પંદન કરતું હોય અને એમ કહ્યું કે, મને આમ કેમ થાય છે ? એટલે એ ભૂત વળગ્યું પાછું ! એટલે 'આપણે' એને જોયા કરવાનું અને જાણવાનું કે અત્યારે તોફાન જરા વધારે છે. ૬૫ માઇલની સ્પીડે પવન આવે તેથી કરીને કંઇ ઘરબાર છોડીને નાસી જવું? એ તો આવ્યા જ કરવાના. મોક્ષમાર્ગે જતાં સુધી તો બહુ બહુ વાવાઝોડાં આવે પણ એ કશું બાધક નથી.

જેને આ બહારનાં પરપરિણામ ગમતાં નથી, 'યુઝલેસ' લાગે છે ને તેને પોતાનાં સ્વપરિણામ માનતો નથી તે જ આત્માની હાજરી છે. તે જ સ્વપરિણામ છે.

## એ ભેદવિજ્ઞાન તો જ્ઞાની જ પમાડે !

બન્ને દ્રવ્ય નિજ-નિજરૂપે સ્થિત થાય છે. પુદ્ગલ પુદ્ગલનાં રૂપે પરિણામ થયા કરે છે અને ચેતન ચેતનનાં પરિણામને ભજ્યા કરે છે. બંને પોતપોતાના સ્વભાવને છોડતા નથી, એ તો 'જ્ઞાની પુરુષ' છૂટા પાડે પછી ! છૂટા ના પડે ત્યાં સુધી અનંતકાળ સુધી ભટક ભટક કરે તો ય કશું ઠેકાણું ના પડે. એ આખું ભેદવિજ્ઞાન છે. જગતનાં તમામ શાસ્ત્રો કરતાં મોટામાં મોટું વિજ્ઞાન એ ભેદવિજ્ઞાન છે. શાસ્ત્રોમાં તો શું કે આ કરો ને તે કરો એ બધી ક્રિયાઓ, કર્મકાંડો લખ્યાં છે. પણ ભેદવિજ્ઞાન એ તો જુદી જ વસ્તુ છે. એ શાસ્ત્રોમાં ના જડે. એ તો 'જ્ઞાની પુરુષ'ની કૃપાથી જ પ્રાપ્ત થાય તેમ છે.



જેને સ્વપરિણતિ રહેતી હોય, પરપરિણતિ ના રહેતી હોય ને દેહધારી હોય તે સદ્ગુરુ કહેવાય.

## નિજપરિણતિ ક્યારે કહેવાય ?

એક ક્ષણ પણ સ્વપરિણતિ ઉત્પન્ન થાય એને સમયસાર કહ્યો. એક સમય પણ સમયસાર જેને ઉત્પન્ન થયો, તેને એ કાયમ રહે જ.

**પ્રશ્નકર્તા :** 'શુધ્ધાત્મા એ નિજપરિણતિ નથી, જ્ઞાન એ નિજપરિણતિ છે.' એ સમજાવો.

**દાદાશ્રી :** શુધ્ધાત્મા એ નિજપરિણતિ નથી. શુદ્ધાત્મા તો સંજ્ઞા છે. અમે જે તમને જ્ઞાન આપ્યું છે એ જ્ઞાન, અને એ જ્ઞાન પછી ઉપયોગમાં આવે તો એ નિજ પરિણતિમાં આવે.

**પ્રશ્નકર્તા :** આપની પાંચ આજ્ઞામાંથી એક આજ્ઞામાં હોય તો નિજપરિણતિ કહેવાય કે નહીં ?

**દાદાશ્રી :** હા, એ નિજપરિણતિ કહેવાય. અમારી આજ્ઞા નિજપરિણતિમાં રહેવા માટે જ છે, એમાં બીજી પરિણતિ નથી.

**પ્રશ્નકર્તા :** દાદા ભગવાનનાં દર્શન કરવાના ભાવ થાય તે ભાવ સ્વભાવમાં આવે ખરો ?

**દાદાશ્રી :** એ સ્વભાવમાં લાવનારાં પરિણામ છે. એ પરપરિણામ છે. પણ સ્વભાવમાં લાવનારાં છે એટલે હિતકારી કહેવાય.

સ્વપરિણતિ સિવાય બીજી બધી જ પુદ્ગલ પરિણતિ છે. જ્યાં સુધી કિંચિત્ માત્ર કોઇનું આલંબન છે ત્યાં સુધી પરપરિણતિ છે. મૂર્તિ, ગુરુ, શાસ્ત્રોનું, ત્યાગનું આલંબન છે ત્યાં સુધી પરપરિણતિ છે અને શુદ્ધાત્માનું અવલંબન એ સ્વપરિણતિ છે.

## ... કઇ રીતે સ્વપરિણતિમાં વર્ત્યા !

**પ્રશ્નકર્તા :** એવું જાણે છે કે આ 'ટેમ્પરરી' છે, છતાં 'પરમેનન્ટ'ને

ઓળખવામાં ભૂલો કોણ પાડે છે ?

**દાદાશ્રી :** જે 'ટેમ્પરરી' ને 'પરમેનન્ટ' માને છે તે ! 'સ્વરૂપ જ્ઞાન' થયા પછી 'ડિસ્ચાર્જ' ભાવને પોતાનો માને છે. એ ભૂલ છે, એ પાછલું 'રિએકશન' છે. 'ડિસ્ચાર્જ' ભાવને પોતાનો ભાવ માને તે પરપરિણતિ. 'જ્ઞાની પુરુષ' એકેએક ડિસ્ચાર્જ-ભાવને પોતાનો ના માને તેથી નિરંતર સ્વપરિણતિમાં રહે.

આ ના સમજાય એ જાગૃતિની મંદતા છે. 'જ્ઞાની પુરુષ'ની એટલી બધી જાગૃતિ છે કે 'ડિસ્ચાર્જ'ના એક પણ પરમાણુને પોતાનો નથી માનતા, 'ડિસ્ચાર્જ' જ માને છે. તે છતાં સંપૂર્ણ કેવળજ્ઞાન નથી વર્તતું, ચાર ડિગ્રી ઓછું રહે છે. ૩૬૦ ડિગ્રીએ કેવળજ્ઞાન સંપૂર્ણ હોય, અમને તે ના પચ્યું ને ૩૫૬ ડિગ્રીએ આવીને અટક્યું !

આત્મા જાણ્યા સિવાયની બધી જ જાગૃતિ એ ભ્રાંત જાગૃતિ છે, સંસાર-જાગૃતિ છે. એ સંસારમાં 'હેલ્પ' કરે.

નિજસ્વરૂપનું જ્ઞાન, ભાન અને પરિણતિ એનું નામ મહાવીર.

આત્મા થઈને આત્મામાં વર્તે, આત્મામાં તન્મયાકાર રહે તે જ્ઞાની.

## જ્ઞાન, પરમવિનયથી પ્રાપ્ત !

**પ્રશ્નકર્તા :** તમે અમને વિધિમાં શું આપી દો છો ?

**દાદાશ્રી :** આપે એ તો ભિખારી થઈ જાય, અમે આપીએ નહીં તેમ જ અમે સ્વીકારીએ ય નહીં. અમે વીતરાગ હોઈએ. તેથી તમે આપો તે સો ગણું થઈને તમને પાછું મળે. તમે એક ફૂલ આપો તો તમને સો મળે ને એક ઢેખાળો આપો તો તે સો મળે !

**પ્રશ્નકર્તા :** આપ કૃપા વરસાવો છો તે શું છે ?

**દાદાશ્રી :** તે પણ આ જ છે. જેવો ભાવ તમે મૂકો તેનું સો ગણું થઈને તમને મળે.



**પ્રશ્નકર્તા :** કોઈને આપના જેવું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો કેવું વર્તન હોવું જોઈએ ?

**દાદાશ્રી :** માબાપ જોડે વિનય જોઈએ. એમની આજ્ઞામાં રહેવું જોઈએ. તેમ અહીં પરમ વિનય જોઈએ.

**પ્રશ્નકર્તા :** પરમ વિનય એટલે શું ?

**દાદાશ્રી :** અહંકારરહિત સ્થિતિ. જ્ઞાનનો સ્વભાવ કેવો છે કે ઉપરથી નીચે આવે. એટલે પરમ વિનય ચૂકે એ જ્ઞાનને જ પાછું વાળે !

પરમ વિનય એટલે ગ્રહણ કર્યા કરવું. પૂજ્ય માણસનો રાજીપો મેળવવો. પછી ભલે એ મારે-કરે પણ ત્યાં જ પડી રહેવું ! અવિનય સામે વિનય કરવો તે ગાઢ વિનય કહેવાય અને અવિનયથી બે ધોલ મારે ત્યારે પણ વિનય સાચવવો તે પરમ અવગાઢ વિનય કહેવાય. આ પરમ અવગાઢ વિનય જેને પ્રાપ્ત થયો તે મોક્ષે જાય. તેને સદ્ગુરુની કે કશાની જરૂર નથી. સ્વયં બુદ્ધ થાય એની હું ગેરેન્ટી આપું છું.

## બંને પરિણામ, સ્વભાવથી જ ભિન્ન !

બે જાતનાં પરિણામ : એક પૌદ્ગલિક પરિણામ ને બીજાં આત્મપરિણામ - ચેતન પરિણામ.

જ્યાં સુધી ચેતન જાણ્યું નથી ત્યાં સુધી ચેતન પરિણતિ કેમ કરીને ઉત્પન્ન થાય ? એને તો ઠેઠ સુધી પૌદ્ગલિક જ પરિણતિ હોય. આ તમને 'અક્રમ વિજ્ઞાન'ને કારણે ચેતન પરિણતિ ઊભી થઈ છે. પહેલાં ચેતન પરિણામ ને પુદ્ગલ પરિણામની બંને ધારાઓ ભેગી રહેતી હતી. દીવો સળગતો હોય પણ આંધળાને માટે શું ? જેને 'હું શુદ્ધાત્મા છું' અને 'હું ચંદુલાલ નથી' એ વિભાજન નથી થયું તેને નિરંતર પુદ્ગલ પરિણતિ જ રહે. અને જેને વિભાજન થયું એ શુદ્ધ પરિણામી કહેવાય.

વાત જ સમજવાની છે. કર્મ છે તે પુદ્ગલ સ્વભાવનાં છે. એ એનાં પરપરિણામ બતાવ્યાં જ કરશે. આપણે શુદ્ધાત્મા એ સ્વપરિણામ છીએ. પરપરિણામ 'જ્ઞેય-સ્વરૂપ' છે અને પોતે 'જ્ઞાતા સ્વરૂપે' છે.

દરેક જીવમાત્રને સ્વપરિણામ ને પરપરિણામ ઉત્પન્ન થયા જ કરે છે. 'રોંગ બિલીફ'ને લીધે પરપરિણામને સ્વપરિણામ માને છે. 'જુઓ, દાળભાત ને શાક મેં બનાવ્યાં' કહેશે. આપણે કહીએ કે 'તમને દાળભાત બનાવવાનું જ્ઞાન હતું ?' ત્યારે કહે કે, 'એ જ્ઞાન હું જાણું છું ને એ ક્રિયા પણ હું જ કરું છું.' એટલે અજ્ઞાની આ બેઉં પરિણામ ભેગાં કરે છે. 'જ્ઞાની' તો જ્ઞાનક્રિયાનો કર્તા હોય, અજ્ઞાન ક્રિયાનો કર્તા ના હોય. કંઇ પણ ક્રિયા એ અજ્ઞાન ક્રિયા કહેવાય છે. આ સ્વપરિણામ ને પરપરિણામ બે ભેગું કરવાથી બે સ્વાદ થઇ જાય છે.

## વ્યવહાર, કેટલો બધો પરાશ્રિત !

આ બધું જ પરપરિણામ છે ને પાછું આપણા હાથમાં નથી, પરાશ્રિત છે. આખો વ્યવહાર પરાશ્રિત છે. પરાશ્રિતમાં ધર્મ કરવા જાય તો તે શી રીતે થાય ? છતાં એ માર્ગ છે. પણ તે જ્ઞાનીઓ હોય, તીર્થંકરો હોય તો જ બરાબર ચાલે, નહીં તો કશો અર્થ નથી. અર્થ એટલો જ કહે કે દારૂ પીએ તેના કરતાં આ કરે તે સારું છે, જેથી લપસી તો ના પડાય. બાકી પરાશ્રિત વ્યવહારમાં ક્રોધ, માન, માયા, લોભ શી રીતે બંધ થાય ? જગત એને બંધ કરવા જાય છે. આપણું 'અક્રમ વિજ્ઞાન' શું કહે છે તે તમને આ બોલના દાખલા ઉપરથી સમજાવું.

## 'અક્રમ'નો, કેવો સાયન્ટિફિક સિદ્ધાંત !

આપણે અજ્ઞાનતામાં હોઇએ, ત્યાં સુધી આ બોલને ફેંકીએ. એનાં પરિણામને જાણીએ નહીં. હવે આપણને જ્ઞાન થાય પછી બોલ નાંખવાનું બંધ કરી દીધું, પણ એને પહેલાં ફેંકેલો એટલે એ ઉછળવાનો તો ખરો. પચીસ-પચીસ વાર ઉછળે. આપણે ફેંક્યો તે એક જ પરિણામ આપણું. હવે ક્રમિક માર્ગમાં આ ફેંકયા પછીના ઉછળતા બોલને બંધ કરવા જાય છે ને બીજી બાજુ બોલને નાંખવાનું ચાલુ રાખે છે. એટલે પાછળ બંધ કરતો જાય ને આગળ નાખતો જાય. એ તો ક્યારે પાર આવે ? આપણે શું કરીએ છીએ કે બોલને નાંખવાનું બંધ કરી દઇએ છીએ અને પછી જે પરિણામ ઊછળે છે તેને 'જોયા' કરવાનું કહીએ છીએ. આ પરિણામ



તો 'ડિસ્ચાર્જ' સ્વરૂપે છે એટલે એની મેળે જ બંધ થઇ જવાનાં. 'આપણે' મહીં હાથ ઘાલીએ નહીં, એટલું જ જોવાનું છે હવે.

**પ્રશ્નકર્તા :** પરપરિણામમાં જવાથી કોઇ પણ પ્રકારની મૂંઝવણ ઊભી થાય ખરી ?

**દાદાશ્રી :** પરપરિણામમાં નરી મૂંઝવણ જ છે. એમાં જવાનું જ નહીં. પર-પરિણામને જોવાનાં. આ બોલ આપણાં પરિણામથી નંખાયો, ત્યાંથી પછી પરપરિણામ. હવે આપણે ખાલી ભાવ બંધ કરી દેવાના. એ ભાવ બંધ કેવી રીતે થાય? એ 'જ્ઞાની પુરુષ'ને સોંપી દીધા એટલે એનાથી છુટાય. પછી જ્ઞાનીની આજ્ઞામાં જ રહેવાનું. આ તો નિરંતર સમાધિ આપનારું પ્રત્યક્ષ વિજ્ઞાન છે. બોલને ફેંકયા પછી બંધ કરવું ને બોલ નાખવાની પ્રક્રિયા ચાલુ રાખવી એ 'સાયન્ટિફિક' રસ્તો નથી. તેં બોલ નાખવાનો બંધ કર્યો એટલે પેલું એની મેળે બંધ થશે જ !

તેથી આ 'અક્રમ માર્ગ'માં અમે કોઇની પાત્રતા જોતા નથી. ક્રિયા ભણી જોશો નહીં. 'એણે' બોલ નાંખવાનું બંધ કર્યા પછી ક્રિયા ભણી જોવાનું ના હોય. અમારી પાસેથી 'સ્વરૂપ જ્ઞાન' પ્રાપ્ત કરી જાય, એને પૂરેપુરું સમજી જાય પછી એ ક્રોધ કરે તો ય અમે કહીએ કે એ 'ડિસ્ચાર્જ' સ્વરૂપ છે. એ ક્રમે ક્રમે કરીને બંધ થઇ જ જવાનું. 'ડિસ્ચાર્જ' કોઇના હાથમાં છે જ નહીં, 'ડિસ્ચાર્જ' ને 'જોવાની' ને 'જાણવાની' જરૂર છે.

## પુદ્ગલ પારિણામિક ભાવે રહ્યું !

શુદ્ધાત્માનો પારિણામિક ભાવ અને પુદ્ગલનો પારિણામિક ભાવ એ બંને જુદાં જ છે.

**પ્રશ્નકર્તા :** આમ કરવાથી આવું થશે, આવું થશે, એમ આગળ આગળનું દેખાય એ કયું જ્ઞાન ?

**દાદાશ્રી :** એ તો પારિણામિક જ્ઞાન કહેવાય. આપણી પ્રકૃતિ વાયડી હોય તો આપણે 'આ ખાઇશું તો આવું થશે' એ જ્ઞાન હાજર રહે

તો એ પારિણામિક જ્ઞાન કહેવાય. સાંસારિક બાબતોમાં એ જ્ઞાન હાજર રહે કે આ ખાઈશ કે આ કરીશ તો એનું પરિણામ આ આવશે. 'કૉઝ' (થતાં) પહેલાં 'ઈફેક્ટ' શું થશે એ સમજાઈ જાય.

**પ્રશ્નકર્તા :** આ ક્રિયાઓ કરે છે તેનું ફળ મળે છે. જે ફળની ભાવના વગર કરે તો ય ફળ મળે ?

**દાદાશ્રી :** દાઝવાની ભાવના વગર દેવતામાં હાથ પડે તો દાઝે. તેવું પારિણામિક છે. તરત જ ફળ આપે, છોડે નહીં. એવું આ જગત છે. દરેક પારિણામિક સ્વભાવમાં છે. પરિણામ આવે જ.

**પ્રશ્નકર્તા :** ઘણી વખત ના બોલવું હોય છતાં બોલી જવાય. પછી પસ્તાવો થાય.

**દાદાશ્રી :** વાણીથી જે કંઈ બોલાય છે તેના આપણે 'જ્ઞાતાદ્રષ્ટા.' પણ જેને એ દુઃખ પહોંચાડે તેનું પ્રતિક્રમણ 'આપણે' 'બોલનારા' પાસે કરાવવું પડે. પારિણામિક ભાવ છોડે નહીં. આ તો પુદ્‌ગલના પારિણામિક ભાવો છે. પેટમાં વાયુ થયો ને બટાકા ખાઓ તો વાયુ વધે. આ પણ એક પુદ્‌ગલનો પારિણામિક ભાવ છે. એને તો 'પ્લસ-માઈનસ' કરવું જોઈએ, નહીં તો 'એબ્નોર્મલ' થઈ જાય.

## ચેતનનો પારિણામિક ભાવ, જ્ઞાતા-દ્રષ્ટા !

શુદ્ધાત્માના પારિણામિક ભાવો એ તો જ્ઞાતાદ્રષ્ટા જ છે. આ બહાર ઔદયિક ભાવમાં આડુંઅવળું બોલી જવાયું તે આ ચંદુલાલ જોડે પાડોશી સંબંધ રહ્યો છે માટે ચંદુલાલ પાસે પ્રતિક્રમણ કરાવવું. આ તો પાડોશી ભાવમાં નહીં રહેતાં નિકટભાવમાં આવી જવાથી આવું લાગે છે. આ પૌદ્‌ગલિક પરિણામોની ઈચ્છા ના હોય તો ય તે આવે, ના ઈચ્છા હોય તો ય બોલી જવાય.

## રાગદ્વેષ, પણ પારિણામિક ભાવ !

**પ્રશ્નકર્તા :** એવું કહ્યું છે કે જીવને બંધન રાગદ્વેષનું જ છે એટલે રાગદ્વેષ છોડી દે.



**દાદાશ્રી :** ભગવાને રાગદ્વેષની ના નથી પાડી, કષાયની ના પાડી છે. 'કષાય રહિત થાઓ' એમ કહ્યું છે. રાગદ્વેષ એ તો પારિણામિક ભાવ છે, રિઝલ્ટ છે, એ છોડયે છૂટે નહીં કંઈ. તમે એવું કંઈક 'જ્ઞાન' આપો એટલે એ છૂટે.

પારિણામિક ભાવનો ખ્યાલ નહીં હોવાથી જગત 'રાગદ્વેષ છોડો, રાગદ્વેષ છોડો' એમ કહે છે. એ શી રીતે છૂટે ? એ કંઈ કાગળિયા છે કે લખીને ફાડી નાખવાં? ભગવાને સંસારનું 'રૂટ કોઝ' શું કહ્યું ? રાગદ્વેષ ને અજ્ઞાન. તેમાંય મૂળ 'રૂટ કોઝ' શું? તો કે' અજ્ઞાન. એ કારણનો ફેરફાર થાય તો રાગદ્વેષ તો પારિણામિક ભાવ છે. એટલે એ તો જતા રહેશે.

તું કાર્યનું બોલીશ નહીં, કાર્યનું સેવન કરીશ નહીં. એ પરિણામ છે. પણ કારણો (કોઝિઝ)નું સેવન કર. કારણનું સેવન કરવામાં ના આવે ત્યાં સુધી કશું જ બને નહીં. પછી શાસ્ત્રો વાંચે, તપ કરે. ત્યાગ કરે કે ગમે તે કરે. પણ કંઈ વળે નહીં.

જે જ્ઞાન ક્રિયાકારી થાય એનું નામ જ્ઞાન. ચાલીસ વર્ષથી ઉપદેશકો કહેતા હોય કે 'રાગદ્વેષ છોડો, રાગદ્વેષ છોડો' પણ ના છૂટતા હોય ત્યારથી આપણે ના સમજી જઈએ કે આ ક્રિયાકારી જ્ઞાન નથી ? એ શું કામનું ? બાકી, પારિણામિક ભાવમાં કશું જ કરવાનું ના હોય. ક્રોધ, માન, માયા, લોભ છોડવાનું કહે છે પણ ખરી રીતે એ ય તો પારિણામિક ભાવ છે. પરીક્ષા આપ એટલે પાસ થવાશે. વીતરાગો કેવા ડહાપણવાળા હતા ! પણ લોક ઊંધુ સમજ્યા ! લોકોએ પારિણામિક ભાવને ક્રિયાકારી કર્યુ. ચાલુ ગાડીને ચલાવ ચલાવ કરી અને પાછા ખુશ થયા.

**દાદાશ્રી :** તમારા સાયન્સમાં પારિણામિક ભાવ હોય છે ને ?

**પ્રશ્નકર્તા :** સાયન્સ તો આખું પારિણામિક ભાવ પર જ હોય છે.

**દાદાશ્રી :** પારિણામિક ભાવમાં કશું જ કરવાનું ના હોય. $H_2$ અને

O એનું પ્રમાણ ગોઠવી દીધું એટલે પાણી એની મેળે જ થાય. ત્યારે લોક શું કહે કે 'પાણી બનાવો.' એવું આ 'રાગદ્વેષ કાઢો, ક્રોધ, માન, માયા, લોભ કાઢો.' કહે છે. અલ્યા, એ કંઇ ફોઇના દીકરા છે કે જતા રહેશે?!

## *વ્યવહાર, ઉપધાતુ પરિણામ !*

આમાં ધાતુ ને ઉપધાતુ બંને છે. ને ઉપધાતુનું પરિણામ વ્યવહાર છે; તેને જ ધાતુ પરિણામ કહો તો શું થાય ? તેથી તો અનંત અવતારની ભટકામણ ઊભી છે. આ 'બોલ' આપણે નાખ્યો, તે ઉપધાતુનું પરિણામ છે ને તે પાછો કંઇ એક જ વખત ઉછળીને બેસી નથી રહેતો. એમાં પાંચ-સાત વખત ઉછળ્યા જ કરે, તે ય ઉપધાતુનાં જ પરિણામ છે. ધાતુ મળ્યા પછી એટલે કે નિશ્ચય ધાતુ એક જ વખત મળી જાય તો મોક્ષ જ છે. નહીં તો આ તો બધા ઉપધાતુના મેળાપ છે. આખું જગત ઉપધાતુથી ઊભું રહ્યું છે અને તેને જ ધાતુ માને છે.

## *પુદ્ગલ-આત્મા, સ્વભાવ પરિણામી !*

**પ્રશ્નકર્તા :** જીવને ક્ષણે ક્ષણે અપારિણામિક ભાવ ક્યારે ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** અપારિણામિક ભાવ એટલે સંસારભાવ એને પારિણામિક ભાવ એટલે મોક્ષભાવ. આત્માનો પારિણામિક ભાવ છે. પારિણામિક ભાવ એ આત્માનો સ્વભાવ છે, એ છેલ્લો ભાવ છે. આત્માનો મૂળ સ્વભાવ એ પારિણામિક ભાવ છે. એક મિથ્યાત્વ ભાવ છે. બીજા ઉપશમ ભાવ છે, ક્ષયોપશમ ભાવ છે, ક્ષાયક ભાવ છે. સન્નિપાત ભાવ છે ને છેલ્લો પારિણામિક ભાવ છે. આ બધામાં પારિણામિક ભાવ એકલો જ આત્માનો છે. બીજા બધા પૌદ્ગલિક ભાવો છે. સનેપાત એ ય ભાવ છે. જ્ઞાનીને પણ સનેપાત થાય ત્યારે શું ય કરે, પણ એમનું જ્ઞાન જરા ય આઘું પાછું ના થાય.

આત્મા સ્વભાવ-પરિણામી છે, એ પોતાના સ્વભાવને નથી મૂકતો



જેમ બરફ ઉપર દેવતા મૂક્યો હોય તો ય બરફ પોતાનો સ્વભાવ છોડતો નથી.

પુદ્ગલ પરિણામી રહ્યું છે ને આત્મા ય પરિણામી રહ્યો છે. પરિણામી સ્વભાવ એટલે ક્ષણે ક્ષણે પર્યાય બદલનારા. સ્વપરિણામને આત્મચારિત્ર કહ્યું. પુદ્ગલ પરિણામમાં જે તન્મયાકાર નથી થતો એનો સંસાર છૂટયો.

❖❖❖❖❖

## [૬]

# આત્મા, તત્ત્વસ્વરૂપે !

### આત્મા : કલ્પસ્વરૂપ !

આત્માનો સ્વભાવ કેવો છે ? અચિંત્ય ચિંતામણી છે. એટલે જેવું ચિંતવે તેવું તરત જ થઈ જાય !

આત્મા કલ્પસ્વરૂપ છે. એટલે એનું લાઈટ બહાર ગયું એટલે અહંકાર ઊભો થઈ ગયો. પોતે જાતે ચિંતવે નહિ, પણ જેવું અહંકારનું આરોપણ થઈ ચિંતવાય એટલે તેવા ને તેવા વિકલ્પ થઈ જાય !

**પ્રશ્નકર્તા :** એટલે સેકંડે સેકંડે આત્માનું સ્વરૂપ બદલાતું જાય ? આપણે તો સેકંડે સેકંડે ચિંતવન બદલીએ છીએ !

**દાદાશ્રી :** સેકંડે સેકંડે નહીં, સેકંડના નાનામાં નાના ભાગમાં ફર્યા કરે છે, પણ ઉપયોગ એટલો બધો ના હોય કોઈને.

તબિયત નરમ હોય તો એવું કહેવું કે, 'ચંદુલાલની તબિયત નરમ રહે છે.' નહીં તો 'મારી તબિયત નરમ રહે છે' કહ્યું કે પાછી અસર થાય,



ચિંતવે તેવો થઈ જાય! અમને તો ડૉકટર પૂછે ત્યારે મોઢે બોલીએ કે, 'ઉધરસ થઈ છે.' પણ તરત જ એને ભૂંસી નાખીએ. આપણે કહેવું પડે કે ચંદુલાલને ઉધરસ થઈ છે. પણ શુદ્ધાત્માને કંઈ ઉધરસ છે ? એ તો જેની દુકાનનો માલ હોય તેને જાહેર કરવો પડે, પણ આપણા માથે લઈએ એ શું કામનું ?

આત્મામાં દુઃખ નામનો ગુણ નથી, ચિંતા નામનો ગુણ નથી. પણ ઊંધું, વિભાવિક ચિંતવન કરે તે વિભાવિક ગુણ ઉત્પન્ન થાય. 'હું ફસાયો' એવું ચિંતવન થાય કે તે ફસાય. 'ચોરી કરવી જોઈએ' એવું ચિંતવન કરવા માંડ્યું તો ચોર થઈ જ જાય.

**પ્રશ્નકર્તા :** આત્મા તો શુદ્ધ જ છે, તો પછી આત્માને આ વસ્તુ કેવી રીતે આવે ?

**દાદાશ્રી :** આત્મા તો શુદ્ધ જ રહે છે! પણ આ અહંકાર જે કરે છે, જેવું ચિંતવન કરે છે તેવો થઈ જાય છે. એને વ્યવહાર આત્મા, મિકેનિકલ આત્મા કે પ્રતિષ્ઠિત આત્મા કહેવાય. 'હું નાદાર છું' ચિંતવે તો તેની સાથે નાદાર થઈ જાય. 'હું માંદો છું' ચિંતવે તો તેની સાથે માંદો થઈ જાય.

**પ્રશ્નકર્તા :** આત્મા જેવું ચિંતવે તેવો થઈ જાય, તો આપણે ચિંતવીએ કે મને હજાર રૂપિયા મળી જાય કે બીજી કોઈ વસ્તુ મળી જાય તો તે કેમ 'ઈફેકટ'માં નથી આવતું ?

**દાદાશ્રી :** એ 'ઈફેકટ'માં 'ઓન ધ મોમેન્ટ' આવે છે, પણ 'જ્ઞાની'ની ભાષામાં સમજો તો સમજાય. હજાર રૂપિયાનું ચિંતવન કર્યું એટલે તરત જ એ યાચક થઈ ગયો. પૈસા મળવા-કરવાના નહીં પણ પોતે યાચક થઈ જાય. 'પોતે બહુ દુઃખી છે' એવું ચિંતવે કે પોતાનું અનંત સુખ આવરાય ને દુઃખિયો થઈ જાય. 'હું સુખમય છું' ચિંતવે કે સુખમય થઈ જાય. સાસુ જોડે કચકચ કરે તો કચકચિયો થઈ જાય. પછી તો ચા પીવા માટે ય કચકચ કરે. કારણ કે કચકચનું ચિંતવન કર્યું છે !

આત્મા પોતે અનંત શક્તિવાળો છે ! બધી જ જાતની શક્તિઓ

મહીંથી નીકળે તેવી છે, જેટલી શક્તિ કાઢતાં આવડે એટલી તમારી. પણ એક વાર એ અનંત શક્તિનું ભાન થઈ જવું જોઈએ ! આ તો ઊંધું ચિંતવન કરે છે તેથી મૂંઝવણ ઊભી થાય છે. એક ફેર શુદ્ધાત્માનું ચિંતવન પ્રાપ્ત થાય તો ત્યાર પછી એ એની મેળે જ રહ્યા કરે, પોતાને કશું જ કરવું ના પડે. તમે જ્યાં જાઓ ત્યાં તમને શુદ્ધાત્માનું ચિંતવન થયા જ કરે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આ જ્ઞાન જ ક્રિયાકારી છે ! આવું લાખો વરસથી બન્યું નથી !!

**પ્રશ્નકર્તા :** ગાંડો માણસ 'હું ડાહ્યો છું' એમ ચિંતવન કરે તો તે શું ડાહ્યો થઈ જાય ?

**દાદાશ્રી :** હા, એવું કરે તો તે ડાહ્યો થતો જાય. આ તો મહીં અસરો થઈ ગયેલી છે, 'સાઈકોલોજિકલ ઈફેક્ટ્સ'. અમે તો એક પણ અસર જ મહીં ના થવા દઈએ.

**પ્રશ્નકર્તા :** લોક કહેતા હોય કે 'તમે આવા છો, તમે તેવા છો', તો તેનું શું ?

**દાદાશ્રી :** લોક ગમે તે કહેતા હોય, પણ આપણને એવી અસર ના થવી જોઈએ કે 'હું આવો છું' આપણે તો 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું' બસ એટલું જ હોવું જોઈએ.

આત્માનું કોઈ પણ ચિંતવન નકામું જતું નથી. એટલું સારું છે કે જાડા થરમાં ચિંતવન થાય છે એટલે ચાલી જાય છે. ઊંચી જાતના ચિંતવનમાં એક મિનિટના પાંચ હજારના 'રિવોલ્યુશન' હોય. દરેકનું ચિંતવન જુદું જુદું હોય, એવું અનંત જાતનું ચિંતવન છે. તેથી તો આ જગતમાં જાતજાતનાં લોકો દેખાય છે ને !

**પ્રશ્નકર્તા :** ચિંતવન શેને કહેવાય છે ?

**દાદાશ્રી :** આ તમે બધી ક્રિયાઓ કરો છો તેને ચિંતવન નથી



કહેવાતું, તમે વિચાર કરો છો તેને નથી કહેવાતું. ચિંતવન તો તમે જે આશય મનમાં નક્કી કર્યો હોય તેને કહેવાય. મનમાં એક આશય નક્કી કર્યો હોય કે એક બંગલો, એક વાડી, છોકરાં ભણાવવાનું-આવું બધું ચિંતવન કરે તો તે તેવો થઈ જાય. 'લાંચના રૂપિયા લેવામાં વાંધો નથી.' એવું ચિંતવન કરે તો તેવો થઈ જાય. આ દેખાય છે તે જેવું ચિંતવન કર્યું તેનું ફળ છે. 'જેવું નિદિધ્યાસન કરે તેવો આત્મા થાય.' કેટલાક એવું ચિંતવન કરે છે કે મારો આત્મા પાપી છે. તે કયે ગામ જશે ?

**પ્રશ્નકર્તા :** આત્મતત્ત્વનું ચિંતવન તો મનુષ્યે કરવું જ જોઈએ ને ?

**દાદાશ્રી :** હા, કરવું જોઈએ. જ્યાં સુધી 'જ્ઞાની પુરુષ' એને સચેતન બનાવે નહીં ત્યાં સુધી એ શુદ્ધ ચિંતવન ગણાતું નથી, પણ શબ્દથી ચિંતવન કરે છે. એ એક જાતનો ઉપાય છે. રસ્તામાં જતાં વચ્ચેનું સ્ટેશન છે એ.

બહારના સંયોગોના દબાણથી આત્મામાં કંપનશક્તિ ઉત્પન્ન થાય છે ત્યારે પરમાણુ ગ્રહણ કરે છે. કંપનશક્તિ એક કલાક બંધ થઈ જાય તો મોક્ષે જાય! 'હું ડૉક્ટર છું, હું સ્ત્રી છું ને દાદા પુરુષ છે' એવું જાણે તો ક્યારે ય મોક્ષ ના થાય. 'પોતે' 'આત્મા' છે, એમ જાણે તો જ મોક્ષ થાય.

## *આત્મા : ઊર્ધ્વગામી સ્વભાવ !*

આત્માનો સ્વભાવ છે કે ઊર્ધ્વગમનમાં જવું-મોક્ષે જવું, સ્વભાવે જ એ ઊર્ધ્વગામી છે. પુદ્ગલનો સ્વભાવ જ છે કે નીચે ખેંચે.

એક સૂકું તૂમડું હોય, એના પર ત્રણ ઈંચનું સાકરનું 'કોટિંગ' કર્યું હોય, પછી એને દરિયામાં નાખીએ તો પહેલું તો વજનથી ડૂબી જાય. પછી જેમ જેમ સાકર ઓગળતી જાય તેમ તેમ તે ધીમે ધીમે ઊંચે આવતું જાય. એવી રીતે આ બધાં પરિણામો નિરંતર ઓગળ્યાં જ કરે છે, અને ઊંચે ચઢે છે. આપણે જે કંઈ ડખલ કરીએ છીએ તેથી પાછું નવું ઊભું થાય છે. જેમ પરમાણુઓના થર વધારે તેમ નીચી ગતિમાં જાય ને ઓછા થરવાળા ઊંચી ગતિમાં જાય. અને જ્યારે પરમાણુ માત્રનું આવરણ ના

રહે ત્યારે મોક્ષે જાય.

**પ્રશ્નકર્તા :** દરેક જીવનો છેવટે મોક્ષ તો છે જ. કારણ કે સ્વભાવે ઊર્ધ્વગામી છે. તો ગુરુ કરવાની શી જરૂર ?

**દાદાશ્રી :** આત્માનો સ્વભાવ ઊર્ધ્વગામી છે, પણ તે ક્યારે ? કોઈના ટચમાં ના આવતો હોય તો. આ બુદ્ધિશાળીઓના 'ટચ'માં ના આવે તો ! આ જાનવરોનાં ટચમાં રહે તો ઊર્ધ્વગામી જ છે. આ બુદ્ધિથી બગડે છે એટલે અધોગતિમાં જાય છે. પુદ્‌ગલનો સ્વભાવ અધોગામી છે ને આત્માનો સ્વભાવ ઊર્ધ્વગામી છે.

## સિદ્ધાત્માની સ્થિતિ !

સિધ્ધ ભગવંતો પોતાના સંપૂર્ણ સિધ્ધાંતને પ્રાપ્ત કરી સિધ્ધ ક્ષેત્રમાં પુદ્‌ગલરહિત પોતાના સ્વ-સ્વરૂપમાં નિરંતર વિરાજમાન છે.

**પ્રશ્નકર્તા :** મુક્ત થયા પછી આત્માની શી અવસ્થા હોય છે ? એ ક્યાં જાય છે ? શું કરે છે ? તેને કેવા અનુભવો થાય છે ?

**દાદાશ્રી :** પહેલી અજ્ઞાનથી મુક્તિ થાય છે, ત્યાર બાદ જે બાકી રહેલી કલમોનો હિસાબ પૂરો થાય. આ મન, વચન, કાયાનો સંપૂર્ણ નિકાલ થઈ જાય એટલે એ સંપૂર્ણ આત્મ સ્વરૂપ થઈ ગયો. મોક્ષે જવા બીજું કંઈ કારણ જોઈતું નથી. પહેલાંનાં જે ડિસ્ચાર્જ કર્મ છે એ જ એને સિદ્ધગતિમાં બેસાડી દે છે. ત્યાં પોતાના આત્મસ્વભાવમાં જ, જ્ઞાતાદૃષ્ટા ને પરમાનંદમા જ રહે છે. એમને આખું ય જગત દેખાયા કરે કે શું શું થઈ રહ્યુ છે, અંદર ગજબનું સુખ વર્તે ! ત્યાંનું એક સેકંડનું સુખ અહી પડયું હોય તો આખા જગતને છ મહિના સુધી એ ચાલે ! આપણે તો એ સુખનો છાંટો ય જોયો નથી.

**પ્રશ્નકર્તા :** સિધ્ધશિલા શું છે?

**દાદાશ્રી :** એ એક ક્ષેત્ર છે. જ્યાં જ્ઞેય નથી, સંયોગમાત્ર નથી. જે લોકાલોક સ્વરૂપ છે, એમાં લોક કે જ્યાં બધાં તત્વો છે ને અલોક કે જ્યાં



આકાશ તત્વ એકલું જ છે. લોક અને અલોક એ બેના સાંધાની આગળ સિધ્ધક્ષેત્ર છે. ત્યાં બધાં જ સિધ્ધાત્મા સ્વતંત્રપણે જુદાં જુદાં વિરાજે છે.

**પ્રશ્નકર્તા :** સિદ્ધાત્મા ત્યાં શું કરે ?

**દાદાશ્રી :** કશું જ નહીં, કરવાનો સ્વભાવ જ નથી. પોતાના પરમાત્મપદમાં જ રહે. સિદ્ધક્ષેત્રમાં બેઠેલાઓને જ્ઞાન એક જ પ્રકારનું દેખાય. આ હાથ હું ઊંચો કરું તો તે તેમને દેખાય. જ્ઞાન સર્વસ્વ પ્રકાશ કરે તેવું છે. જ્ઞાન શાથી કહેવાય ? કારણ કે જ્ઞેયને જુએ છે માટે. અવસ્થા બદલાય છે, પણ એને પોતે શુદ્ધ જ જુએ. અજ્ઞાની માંસનો ટુકડો જુએ કે ચીઢ ઉત્પન્ન થાય ને તેમાં અવસ્થિત થાય; જ્યારે સિદ્ધો તે જ વસ્તુને જ્ઞેય સ્વરૂપે, શુદ્ધ સ્વરૂપે જ જુએ.

જો સિદ્ધ ભગવાનના ગુણોની ભજના કરે તો શું નું શું પ્રાપ્ત થાય એવું છે !

## આત્મગુણો : જ્ઞાન, દર્શન !

આત્મા શું હશે ? શબ્દબ્રહ્મથી તો બધાંય જાણે છે કે અનંત ગુણવાળો છે. યથાર્થ આત્મજ્ઞાન તો ક્યારે કહેવાય ? જ્યારે તે ગુણો પરિણામ પામે ત્યારે. બાકી 'હું હીરો છું' બોલ્યે કંઈ હીરો ના પમાય. આત્મજ્ઞાન થવા આત્મા ગુણધર્મસહિત જાણે અને તે પરિણામ પામે તો આત્મજ્ઞાન થાય.

આત્માના મુખ્ય બે ગુણ છે : જ્ઞાન અને દર્શન. બીજા તો પાર વગરના ગુણો છે ! 'અનંત જ્ઞાન - અનંત દર્શન - અનંત શક્તિ - અનંત સુખ' !

આત્મા પોતે શુદ્ધ જ છે, પણ એના જે પર્યાય છે તે જરા અશુદ્ધ થયા છે. તે દરેકને જુદું જુદું ધોવાનું છે. એ પોતાનું સુખ આંતરે છે.

**પ્રશ્નકર્તા :** અનંત જ્ઞાન, એ આત્માના ગુણધર્મને ધર્મ કહેવાય કે ગુણ કહેવાય?

**દાદાશ્રી :** આત્માના અનંત ગુણધર્મો છે. ગુણો એ પરમેનન્ટ છે અને ધર્મ ટેમ્પરરી છે.

'હું અનંત જ્ઞાનવાળો છું' એ એનો 'પરમેનન્ટ' ગુણ છે. 'હું અનંત દર્શનવાળો છું' એ એનો 'પરમેનન્ટ' ગુણ છે. 'હું અનંત શક્તિવાળો છું' એ એનો 'પરમેનન્ટ' ગુણ છે. 'હું અનંત સુખધામ છું' એ એનો 'પરમેનન્ટ' ગુણ છે.

આત્માના ગુણ 'પરમેનન્ટ' છે અને એના ધર્મ વપરાઇ રહ્યા છે. જ્ઞાન 'પરમેનન્ટ' છે અને જોવું-જાણવું એ 'ટેમ્પરરી' છે. કારણ કે અવસ્થા બદલાય તેમ જોનારની અવસ્થા બદલાય છે. જેમ સિનેમામાં અવસ્થા બદલાય છે તેમ જોનારની અવસ્થા પણ બદલાય છે.

જ્ઞાન-દર્શન એ તો કાયમનો ગુણ છે અને જોવું-જાણવું એ ધર્મ છે. અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં 'શુદ્ધ ચેતન' સંપૂર્ણ શુદ્ધ છે, સર્વાંગ શુદ્ધ છે. અનંતા દ્રશ્યોને જોવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં 'શુદ્ધ ચેતન' સંપૂર્ણ શુદ્ધ છે, સર્વાંગ શુદ્ધ છે.

**પ્રશ્નકર્તા :** અનંતા જ્ઞેયો ને અનંતી અવસ્થાઓ ને તેનાં અનંત જ્ઞાન - આ તો બહુ ઊંચી વસ્તુ છે. આ વાક્ય ક્યાંય સાંભળ્યું નથી. આ જરા વિશેષતાથી સમજાવો.

**દાદાશ્રી :** આ વાક્યો તો અમે કેવળજ્ઞાનમાં જોઇને બોલીએ છીએ. 'જ્ઞાની'ના મુખે નીકળેલી વાતો સંપૂર્ણ સ્વતંત્ર હોય, મૌલિક હોય, એ કંઇથી ઉપાડેલું ના હોય. એનું 'વેલ્ડિંગ' જ કંઇ ઓર જાતનું હોય ! શાસ્ત્રના શબ્દો ના હોય !! એમનું એક જ વાક્ય શાસ્ત્રોના શાસ્ત્રો કરે તેવું છે.

'અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું' આટલું જ વાક્ય જો કોઇ પૂરેપૂરું સમજી જાય તો તે સંપૂર્ણ દશા પામી જાય !

અવસ્થાઓ અવાસ્તવિક છે ને મૂળ વસ્તુ વાસ્તવિક છે. આપણે



અવસ્થાના જાણનાર છીએ, ને પેલા લોકો અવસ્થામાં તે રૂપ થઇ જાય છે. પૈણ્યા તો કહે 'હું પૈણ્યો' ને રાંડયો તો કહે 'હું રાંડયો.' તે તે અવસ્થારૂપ થઇ જાય.

વિનાશી વસ્તુનું પરિવર્તન થાય છે. એમાં આત્માની જ્ઞાનશક્તિ પરિવર્તન પામે છે. કારણ કે અવસ્થાઓને 'જોનાર' 'જ્ઞાન' છે. તે અવસ્થા બદલાય તેમ જ્ઞાન પર્યાય બદલાય છે. પર્યાયોનું નિરંતર પરિવર્તન થયા જ કરે છે. છતાં તેમાં જ્ઞાન શુદ્ધ જ રહે છે. સંપૂર્ણ શુદ્ધ રહે છે, સર્વાંગ શુદ્ધ રહે છે.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન ક્યા સ્વરૂપે ફરે છે ? પર્યાય સ્વરૂપે ?

**દાદાશ્રી :** હા. પોતાના પર્યાયને પણ જે જાણે છે તે પોતે છે, શુદ્ધાત્મા છે.

**પ્રશ્નકર્તા :** અમે સંસારની પરિવર્તન થતી વસ્તુઓ જોઇ શકીએ છીએ, પણ પોતાની 'પરમેનન્સી' જોઇ શકાતી નથી.

**દાદાશ્રી :** જે વસ્તુને કાયમને માટે ફરતી દેખે તે પોતે 'પરમેનન્ટ' છે.

અનંતજ્ઞાન છે એટલે જ તો આ અનંત જ્ઞેયોને પહોંચી વળીએ છીએ. નહીં તો શી રીતે પહોંચાય ? એક જ દહાડો સાંભળ્યું હોય કે કાકા-સસરાનો છોકરો મરી ગયો. તેની નોંધ કંઇ ચોપડે નથી લેતા. પણ જ્યારે એમને ઘેર બાર વર્ષે જઇએ તો ય કેમ ચંદુલાલ છે કે ઘરમાં? એમ કંઇ કહીએ છીએ ?! એક ફેર જાણ્યું કે મરી ગયા તો એ જ્ઞાન કેવું હાજર ને હાજર રહે છે !! કેટલાય જણ મરી જાય છે પણ બધાનું લક્ષ રહે છે કે નથી રહેતું?

**પ્રશ્નકર્તા :** બિલકુલ રહે છે.

**દાદાશ્રી :** ગજબની શક્તિ છે આત્માની ! વેપાર કરે, બધું કરે છતાં ય પાછા આત્મામાં રહી શકે !

**પ્રશ્નકર્તા :** જ્ઞાન, દર્શન જે આત્માના ગુણો છે તે કઇ અપેક્ષાએ

કહેવાય ?

**દાદાશ્રી :** એ તો સ્વાભાવિક વસ્તુ છે.

## આત્મા : ગુણધર્મથી અભેદ સ્વરૂપે !

**પ્રશ્નકર્તા :** જ્ઞાન ભેદવાળું છે કે અભેદ છે ?

**દાદાશ્રી :** ભેદવાળું હોય જ નહીં. જ્ઞાન, દર્શન બધું અભેદ આત્મા રૂપે છે. જેમ સોનું છે તે તેનો રંગ પીળો છે, તે એનો ગુણ છે, પછી વજનદાર છે એ બીજો ધર્મ, કાટ નથી ચડતો એ એનો ધર્મ. એટલે સોનાના આ બધા ગુણધર્મ છે તેમ આત્માને ય ગુણધર્મો છે. સોનું જેમ એના ગુણધર્મોમાં અભેદભાવે સોનું જ છે તેમ આત્માના બધાં જ ગુણોમાં અભેદભાવે આત્મા જ છે, ત્યાં ભેદ નથી.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન આપણા વિચારમાં આવે છે ત્યારે તો એના ટુકડે ટુકડાં થઈ જાય છે, અભેદસ્વરૂપે રહેતું નથી. જાણીએ છીએ અભેદસ્વરૂપે, પણ શબ્દમાં વર્ણન કરવું હોય તો પછી ભેદસ્વરૂપે થઈ જાય છે.

**દાદાશ્રી :** વર્ણન કરવું હોય તો ભેદ દેખાય જ. સોનું પીળું છે તે બોલવું પડે, પણ એટ એ ટાઈમ બધાં ગુણધર્મ ના બોલાય. એ વજનદાર છે એ ફરી બોલવું પડે. એવી રીતે 'હું અનંત જ્ઞાનવાળો છું' છતાં ય ભેદ નથી, અભેદ સ્વરૂપે છે. વસ્તુ એક જ છે.

## પરિણમેલી અવસ્થામાં આત્મા શુદ્ધ !

જ્ઞાનનો સ્વભાવ એવો છે કે જ્ઞેયના આકારે થઈ જાય, છતાં પોતે શુદ્ધ જ રહે છે. એક જ્ઞેય ખસ્યું તો નવું જ્ઞેય આવે ને પોતે પાછો જ્ઞાનાકાર થાય, પણ બંને ચોંટી પડતાં નથી.

અવસ્થાનું જ્ઞાન નાશવંત છે, સ્વાભાવિક જ્ઞાન અવિનાશી છે. આ સૂર્ય છે ને આ તેનાં કિરણો છે તેમ આત્મા છે ને આત્માનાં કિરણો છે,



એ અવસ્થા છે, આ તો અવસ્થામાં જ ફેરફાર થાય છે. બાકી એક પરમાણુ વધ્યું નથી ને ઘટયું નથી !

## આત્મા : દ્રવ્ય, પર્યાય !

**પ્રશ્નકર્તા :** પર્યાય એટલે શું ?

**દાદાશ્રી :** જ્ઞેયમાં જ્ઞેયાકાર પરિણામ તે પર્યાય.

આત્માનો એકલાનો પ્રકાશ એવો છે કે સંપૂર્ણ જ્ઞેયાકાર થઈ શકે. બીજો કોઈ પ્રકાશ એવો નથી કે જે જ્ઞેયાકાર થઈ શકે.

**પ્રશ્નકર્તા :** 'શૂન્ય છે તત્ત્વથી જે, પૂર્ણ છે પર્યાયથી તે.' એટલે શું ?

**દાદાશ્રી :** દ્રવ્ય, ગુણ કરીને આત્મા શૂન્ય છે ને પર્યાય કરીને પૂર્ણ છે. આત્માને દ્રવ્ય, ગુણ અને પર્યાય છે અને પુદ્ગલને પણ દ્રવ્ય, ગુણ અને પર્યાય છે. દરેક પોતાના પર્યાયે કરીને પૂર્ણ છે અને મૂળ સ્વભાવે કરીને શૂન્ય છે. પોતે સ્વભાવમાં આવે તો શૂન્ય છે.

જ્ઞેય પ્રમાણે આત્માના પર્યાય થઈ જાય, પણ આત્માના દ્રવ્ય-ગુણ જ્ઞેય પ્રમાણે ના થાય. જ્ઞેય ખસી જાય એટલે પાછું પર્યાય પણ ઊડીને બીજે જાય. એટલે આમ પર્યાયથી પૂર્ણ છે.

**પ્રશ્નકર્તા :** દ્રવ્ય, ગુણથી શૂન્ય કેવી રીતે હોઈ શકે ?

**દાદાશ્રી :** શૂન્ય એટલે આ જગત શૂન્ય સમજે છે તેવો આનો અર્થ નથી. શૂન્ય એટલે નિર્વિકાર પદ. મનને શૂન્ય કરવા માગે છે, પણ મન આત્મા જેવું થાય ત્યારે એ શૂન્ય થાય. એટલે આત્માના ગુણે ગુણ પ્રાપ્ત થઈ જાય ત્યારે એ શૂન્ય થાય. મન એકઝોસ્ટ થઈ જાય એટલે શૂન્ય થઈ જાય.

પર્યાય વિનાશી હોય ને દ્રવ્ય-ગુણ અવિનાશી હોય. દ્રવ્ય-ગુણ સહચારી હોય. ગુણ બધા સહચારી છે ને પર્યાય બદલાયા કરે.

સિદ્ધ ભગવાનને ય દ્રવ્ય, ગુણ ને પર્યાય હોય. પણ એમના બધા શુદ્ધ પર્યાયો હોય, એટલે ખાલી જોવાનું ને જાણવાનું.

વસ્તુની સૂક્ષ્મ અવસ્થાને પર્યાય કહેવાય, સ્થૂળ અવસ્થાને અવસ્થા કહેવાય. અંગ્રેજીમાં 'ફેઝીઝ' કહે છે ને? જો કે એ પણ સ્થૂળ જ કહેવાય.

હું જે આત્મા સમજ્યો છું, તેને હું વાણી દ્વારા કહું છું. તેનો તમે માત્ર 'વ્યુ પોઈન્ટ'નો અર્થ સમજી શકો, બાકી તેનું વર્ણન અવર્ણનીય છે.

આત્મા પોતે જ્ઞાતા-દ્રષ્ટા ને પરમાનંદી છે. આ જ્ઞેયો છે તો એ પોતે જ્ઞાતા છે. જ્ઞેય-જ્ઞાતાનો સંબંધ છે. આ ફૂલની પાંખડી ય છે ને ફૂલે ય છે, પણ પાંખડી ફૂલ નથી ને ફૂલ પાંખડી નથી એવું છે.

જોવા-જાણવામાં કશી ભૂલ ન થાય એનું નામ જ્ઞાતાદ્રષ્ટા.

''અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં 'શુદ્ધ ચેતન' સંપૂર્ણ શુદ્ધ છે, સર્વાંગ શુદ્ધ છે.'' જ્ઞેયોને જાણવામાં કોઇ જાતની હરકત નથી. આત્માને જ્ઞેયો જોડે રાગદ્વેષથી બંધન છે અને વીતરાગતાથી છૂટા છે. ભલે દેહ હોય, મન હોય, વાણી હોય, પણ જ્ઞેયોની મહીં આત્મા વીતરાગતાથી છૂટો છે.

પર્યાય અનંત છે, એમાં ગભરાવાનું શું ? માથામાં કરોડ વાળ છે, પણ એક કાંસકો ફેરવ્યો કે ઠેકાણે આવી જાય !

## આત્મા : જ્ઞાન ક્રિયા !

જ્ઞાન અને દર્શન એ ક્રિયામાં ભગવાનને ખોટે ય શું છે ? અજ્ઞાન-ક્રિયામાં ભાંજગડ છે. જ્ઞાનક્રિયામાં તો થાક ના હોય. ભગવાન ક્રિયાશીલ, પણ જ્ઞાનક્રિયાના ક્રિયાશીલ છે. શુદ્ધ ચેતનની સક્રિયતા છે, પણ તે પોતાની સ્વાભાવિક છે, તેમાં થાક ના હોય. અરીસામાં પ્રતિબિંબ રૂપે દેખાઓ તેમાં અરીસાને શું મહેનત પડે ? એવા ભગવાન છે ! આખું જગત પ્રતિબિંબ રૂપે દેખાય તેવા શેષશાયી ભગવાન છે ! શેષશાયી શાથી કહ્યા ? અલ્યા, પરરમણ કરીશ તો સાપ કરડી ખાશે !

આત્મા પોતે અનંત કાળથી વીતરાગ જ છે, ક્યારેય એના ગુણધર્મ બદલાયા જ નથી. આત્મા-અનાત્મા 'મિક્ષ્ચર' સ્વરૂપે અનાદિથી રહ્યા છે, 'કમ્પાઉન્ડ' નથી થઇ ગયા. એ તો 'જ્ઞાની પુરુષ' બંનેને છૂટા પાડી આપે



તો અસલ આત્માનો અનુભવ થાય. એક પણ અનાત્માનું પરમાણુ આત્મામાં હોય ત્યાં સુધી અનુભવ ના થાય.

## દ્રવ્ય, ગુણ, પર્યાયથી શુદ્ધત્ત્વ !

**પ્રશ્નકર્તા :** તત્ત્વે કરીને આત્મા કેવો છે ?

**દાદાશ્રી :** આકાશ જેવો છે.

**પ્રશ્નકર્તા :** આત્માના પરમાણુ ખરાં કે ?

**દાદાશ્રી :** ના, આકાશમાં શું દેખાય ? આત્માનો તો પ્રકાશ જુદી જાતનો ને પેલા પરમાણુ જુદી જાતના છે. પરમાણુ તો કેટલા બધા ભેગા થાય ત્યારે વસ્તુ દેખાય. આ શરીર મન, વચન, અંતઃકરણ બધું પરમાણુનું બનેલું છે; જ્યારે આત્મા એક જ વસ્તુ છે.

**પ્રશ્નકર્તા :** તત્ત્વે કરીને આત્મા પ્રકાશનો બનેલો છે ?

**દાદાશ્રી :** પ્રકાશ જેવો છે એનો સ્વભાવ !

**પ્રશ્નકર્તા :** આપનું જ્ઞાનનું વાક્ય છે ''દ્રવ્ય, ગુણ, પર્યાયથી શુદ્ધચેતન સંપૂર્ણ શુદ્ધ છે, સર્વાંગ શુદ્ધ છે.'' તો આત્મા ક્યા પર્યાયોથી શુદ્ધ છે ? જ્ઞાન, દર્શન પર્યાયથી ?

**દાદાશ્રી :** જ્ઞાન-દર્શન તો એનાં ગુણ કહેવાય. કેરી જોઇ એટલે જ્ઞાન છે તે કેરીના આકારનું થઇ જાય. જેવો જ્ઞેયનો આકાર હોય તેવું જ જ્ઞાન થઇ જાય. જગતના લોકોને એ જ્ઞાન પર્યાય ચોંટી પડે ને અશુદ્ધિ થઇ જાય. આપણને એ ચોંટી ના પડે. પાછું ત્યાંથી ઊખડીને બીજે જાય. જ્યાં જુએ ત્યાં તન્મયાકાર ના થાય.

**પ્રશ્નકર્તા :** એને કેરીનાં આકારનું કહ્યું તો એ જ્ઞાન-દર્શનનો પર્યાય થયો ને ?

**દાદાશ્રી :** ના. જ્ઞાન-દર્શન તો ગુણ છે. અને પર્યાય એ જાડી ભાષામાં સમજાવું તો અવસ્થા કહેવાય. પર્યાયથી, જે વસ્તુ હોય તેના

આકારે જ્ઞેયાકાર થઇ જાય. દ્રશ્યકાર હોતું નથી. કારણ કે દર્શન સામાન્ય હોય તે જ્ઞાન વિશેષ ભાવે હોય તેથી જ્ઞેય જુદું જુદું હોય.

**પ્રશ્નકર્તા :** 'દ્રવ્ય, ગુણ, પર્યાયથી હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું', એ શુદ્ધાત્માએ કરીને કે પ્રતિષ્ઠિત આત્માએ કરીને ?

**દાદાશ્રી :** શુદ્ધાત્માએ કરીને.

**પ્રશ્નકર્તા :** સિદ્ધ ભગવંતોને કે જે સિદ્ધ ક્ષેત્રમાં છે, તે આ કેરી જુએ તો તેમને પર્યાય ઉત્પન્ન થાય કે નહીં ?

**દાદાશ્રી :** પર્યાય વગર તો આત્મા જ ના હોય ને ! પર્યાય હોય તો જ વસ્તુ તત્ત્વે કરીને અવિનાશી અને પર્યાયે કરીને વિનાશી હોય.

**પ્રશ્નકર્તા :** આપણે જે જોઇએ છીએ અને સિદ્ધ ભગવંતો જે જુએ છે તેનાં પર્યાય જુદાં હશે ?

**દાદાશ્રી :** એ તો જુદાં જ ને ! આપણે ચોંટેલાને ઉખાડીએ છીએ એને સિદ્ધોને તો કંઇ ઉખાડવા કરવાનું નહિ. એમને તો ચોંટતા જ નથી ને ! આપણને શ્રદ્ધામાં સિદ્ધોનું સ્વરૂપ છે ને વર્તનમાં આ વિનાશી સ્વરૂપ છે. પણ શ્રધ્ધામાં આ વિનાશી સ્વરૂપ ગયું છે.

**પ્રશ્નકર્તા :** 'દ્રવ્યે કરીને, તત્ત્વે કરીને સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું' એ જ્ઞાન-દર્શનથી જ ને ?

**દાદાશ્રી :** દ્રવ્યથી ખરો, જ્ઞાન-દર્શનથી ય ખરો અને ગુણથી ય ખરો, બધા જ ગુણથી.

**પ્રશ્નકર્તા :** આત્મા શુદ્ધ થઇ જાય પછી એના પર્યાય ખરા ?

**દાદાશ્રી :** પર્યાય વગર તો આત્મા જ ના હોય.

**પ્રશ્નકર્તા :** પર્યાય થાય તો પછી આત્મા એ બદલાઇ ના જાય ?

**દાદાશ્રી :** કશું જ ના બદલાય. આ લાઇટ છે તે જડ છે. તે તેને દાખલા તરીકે લઇએ તો આ લાઇટ એ દ્રવ્ય કહેવાય અને જે પ્રકાશ



આપવાની શક્તિ છે એ જ્ઞાન-દર્શન કહેવાય અને પ્રકાશમાં આ બધી વસ્તુઓ દેખાય તે જ્ઞેય કહેવાય. હવે લાઇટને કશામાં બંધ કરી દો તો એને કશું ચોંટી પડતું નથી, એ ચોખ્ખું જ રહે. તમારી શ્રદ્ધામાં છે તેવો આત્મા થશે.

**પ્રશ્નકર્તા :** પોતે પોતાના દ્રવ્યથી પણ શુદ્ધ છે, એ શેનાથી?

**દાદાશ્રી :** એ સ્વભાવથી જ છે. દ્રવ્યથી તો બધાં તત્ત્વો શુદ્ધ છે, ફકત પર્યાયથી જ બધું બગડયું છે.

આ પર્યાય શબ્દ સંસારમાં વપરાય છે તેમ ના વપરાય. પર્યાય ફકત અવિનાશી વસ્તુને, સત્ વસ્તુને જ લાગુ થાય છે, બીજી કોઇ જગ્યાએ લાગુ ના થાય. ચેતનના પર્યાય ચેતન હોય ને અચેતનના પર્યાય અચેતન હોય. દ્રવ્ય, ગુણ, પર્યાય જો એકઝેકટનેસમાં સમજાઇ જાય તો 'કેવળજ્ઞાન સ્વરૂપ' થઇ જાય !

**પ્રશ્નકર્તા :** અચેતન પર્યાય શું અસર કરે ?

**દાદાશ્રી :** 'જ્ઞાની'ને કશી જાતની અસર ના થાય અને અજ્ઞાનીને અસર કરે.

**પ્રશ્નકર્તા :** અજ્ઞાનીને કર્મ બંધાવડાવે ?

**દાદાશ્રી :** હા.

આત્માનાં દ્રવ્ય, ગુણ અને પર્યાય એ બહુ ઝીણી વાત છે, પહોંચે તેમ નથી. વીતરાગોનું વિજ્ઞાન પાર પમાય તેવું નથી.

## આત્મા : પરમાનંદ સ્વરૂપી !

જ્યાં સુધી વ્યવહાર આત્મા છે ત્યાં સુધી માનસિક આનંદ છે. આત્મા જાણ્યા પછી આત્માનો આનંદ પ્રાપ્ત થાય. શબ્દરૂપે સાંભળેલા આત્માથી કામ ના થાય, યથાર્થ સ્વરૂપે હોવું જોઇએ.

નિરંતર આનંદમાં રહેવું એનું નામ જ મોક્ષ. કોઇ ગાળો ભાંડે,

ગજવું કાપે, તો ય આનંદ ના જાય એનું નામ મોક્ષ. મોક્ષ કોઇ બીજી વસ્તુ નથી. 'જ્ઞાની પુરુષ'ને નિરંતર પરમાનંદ જ રહે.

આત્માનો સ્વભાવ જ પરમાનંદ સ્વરૂપ છે. સિદ્ધ ભગવંતોનો પરમાનંદ પાર વગરનો હોય. એમનો એક મિનિટનો આનંદ આખા જગતના જીવોનો એક વર્ષ દહાડાનો આનંદ ભેગો કરે તેટલો થાય. તો ય આ તો સ્થૂળ સિમિલી જ છે.

બહારથી કંઇ પણ આનંદ આવે છે એ પૌદ્‌ગલિક આનંદ છે. કિંચિત્ માત્ર બહારથી આનંદ ના હોય, પુદ્‌ગલ પરમાણુ માત્રમાંથી ના હોય, સહજ, અપ્રયાસ પ્રાપ્ત આનંદ એ જ આત્માનો આનંદ છે. શાસ્ત્રો વાંચીને જે આનંદ આવે છે એ આત્માનો આનંદ ન હોય. એ પૌદ્‌ગલિક આનંદ છે. બહુ તાપમાં થાકેલો માણસ બાવળિયા નીચે હાશ કરે એના જેવું છે. જે મહેનત કરી, એ મહેનતનો આનંદ છે. આનંદ તો સાહજિક રહેવો જોઇએ, નિરાકુળ આનંદ હોવો જોઇએ. લગ્નમાં ને સિનેમામાં આનંદ ખરો, પણ એ આકુળ-વ્યાકુળ આનંદ છે. એ મનોરંજન છે, આત્મરંજન નથી. નિરાકુળ આનંદ ઉત્પન્ન થાય એટલે સમજવું આત્મા પ્રાપ્ત થયો.

આનંદ એ તો આત્માના સહચારી ગુણોમાંનો એક ગુણ છે, અન્વય ગુણ છે. આત્મા જાણ્યા પછી આત્માનો શુદ્ધ પર્યાયિક આનંદ ઉત્પન્ન થાય છે, તે ક્રમે ક્રમે વધતો વધતો સંપૂર્ણ દશાને પામે છે. જેમ બહારના બધા જ સંજોગોમાંથી મુક્ત થઇ ગયા પછી વાંધો નહિ, ઠેઠ કેવળજ્ઞાન થતાં સુધી અમુક ભાગ શુદ્ધ પર્યાયમાં ના રહે. કેવળજ્ઞાન પછી જ્યારે બધા જ શુદ્ધ પર્યાયોમાં આવી જાય, પછી એ મોક્ષે જાય.

**પ્રશ્નકર્તા :** સાચા આનંદને કઇ રીતે અનુભવાય ?

**દાદાશ્રી :** સાચો આનંદ બાહ્ય કોઇ રીતે અનુભવાય નહીં. આ લૌકિક આનંદ માટે ઇન્દ્રિયોની જરૂર ખરી, પણ સાચા આનંદ માટે ઇન્દ્રિયોની જરૂર નથી. ઊલટું ઇન્દ્રિયો અંતરાય કરે. સાચો આનંદ તો શાશ્વત આનંદ છે. કોઇ પણ વસ્તુનો આધાર હોય તો તે પૌદ્‌ગલિક



આનંદ છે. આધાર એટલે કોઇ વસ્તુ મળે, વિષયોની વસ્તુ મળે, માન-તાન મળે, લોભનો લાભ થાય એ બધા કલ્પિત, પૌદ્‌ગલિક આનંદ ! જગત વિસ્મૃત કરાવડાવે એનું નામ આનંદ, અને એ જ આત્માનો આનંદ. આનંદ તો નિરુપાય આનંદ હોવો જોઇએ, મુક્ત આનંદ હોવો જોઇએ.

મહીં ભરપટ્ટે આનંદ જીવમાત્રને ભરેલો પડ્યો જ છે, પણ એ આત્માનો આનંદ આવતો બંધ થઇ ગયો છે. કષાય, કલેશ, રાગદ્વેષ થાય તેનાથી આત્મા પર આવરણ આવે ને આનંદ ચાલ્યો જાય. ગાયના શિંગડા પર રાઇનો દાણો મૂકે ને જેટલી વાર ટકે એટલી જ વાર જો આત્માનો આનંદ ચાખે તો એ પછી જાય નહીં, એક ફેરો દ્રષ્ટિમાં બેસી ગયો માટે. સાચો આનંદ એકધારો રહે, બહુ તૃપ્તિ રહે. એ આનંદનું વર્ણન ના થાય.

ક્રોધ, માન, માયા, લોભની ગેરહાજરી તે જ આનંદ. સંસારી આનંદ આવે છે એ મૂર્છાનો આનંદ છે, બ્રાન્ડી પીધા જેવો. જગતે આનંદ જોયો જ નથી. જે જોયું છે તે તિરોભાવી આનંદ જોયો છે. આનંદમાં થાક ના હોય, કંટાળો ના હોય. કંટાળો આવે એનું નામ થાક.

**પ્રશ્નકર્તા :** બીજે બધે કરતાં અહીંની વસ્તુ મને જુદી લાગે છે. અહીં બધાનાં મોઢાં ઉપર હાસ્ય, આનંદ જુદી જાતનો છે. એનું શું કારણ ?

**દાદાશ્રી :** આ તમને પરીક્ષા કરતાં આવડી એ બહુ મોટી વાત છે. આ પરીક્ષા કરવી સહેલી નથી. આ તો 'વર્લ્ડ'ની અજાયબી છે ! આનું કારણ અહીં બધાંની મહીં બળતરા બંધ થઇ ગઇ છે ને આત્માનો આનંદ ઉત્પન્ન થયો છે. અહીં સાચો આનંદ પ્રાપ્ત થાય છે તેનાથી કેટલાય અવતારના પડેલા ઘા રૂઝાઇ જાય છે. સંસારના ઘા તો રૂઝાય જ નહિ ને ! એક ઘા રૂઝાવા માંડયો ત્યાં બીજા પાંચ પડયા હોય ! આત્માના આનંદથી મહીં બધા જ ઘા રૂઝાઇ જાય, તેની મુક્તિ વર્તે !!

**પ્રશ્નકર્તા :** એવી કઇ ચીજ છે દુનિયામાં કે જે આનંદ પમાડે ?

**દાદાશ્રી :** 'જ્ઞાની પુરુષ'ને જોતાં જ આનંદ આવે.

**પ્રશ્નકર્તા :** તમને સાંભળતા જ અમને અપાર આનંદ થાય છે તો આપને કેટલો આનંદ છે ?

**દાદાશ્રી :** તમારી મહીં એ જ આનંદ ભરેલો છે, મારી મહીં એ જ આનંદ ભરેલો છે, બધામાં એ જ આનંદ છે, એક જ સ્વરૂપ છે. જેનો જેટલો પુરુષાર્થ અને જેટલો 'જ્ઞાની'નો રાજીપો, એ બેનો ગુણાકાર થયો કે ચાલ્યું.

## આત્મા : અનંત શક્તિ !

પોતે પોતાની સંપૂર્ણ શક્તિઓ વ્યકત થઇ જાય તે પરમાત્મા. પણ આ શક્તિઓ આવરાઇ ગયેલી છે, નહીં તો પોતે જ પરમાત્મા છે.

દરેક જીવમાત્રમાં, ગધેડાં, કૂતરાં, ગુલાબના છોડમાં ય આત્માની અનંત શક્તિઓ છે, પણ તે આવરાયેલી છે તેથી ફળ ના આપે. જેટલી પ્રગટ થઇ હોય એટલું જ ફળ આપે. 'ઇગોઇઝમ' અને મમતા બધી જાય તો એ શક્તિ વ્યક્ત થાય.

પુદ્‌ગલ પ્રત્યેની જેટલી સસ્પૃહતા હતી અને આત્મા પ્રત્યે નિઃસ્પૃહતા હતી, તે હવે પુદ્‌ગલ પ્રત્યે નિઃસ્પૃહતા જેટલા પ્રમાણમાં આવશે તેટલા પ્રમાણમાં આત્મા ઉપર સસ્પૃહતા આવશે.

પુદ્‌ગલની, આત્માની બધી જ શક્તિઓ એકમાત્ર પ્રગટ પરમાત્મામાં જ લગાડવા જેવી છે. મનુષ્યમાં પૂર્ણ પરમાત્મ શક્તિ છે, જે વાપરતાં આવડવી જોઇએ. 'જ્ઞાની પુરુષ' બધી જ શક્તિઓ આપવા તૈયાર છે, શક્તિ તમારી મહીં જ પડી છે. પણ તમને તાળું ઉઘાડીને લેવાનો હકક નથી. જ્ઞાનીપુરુષ ઉઘાડી આપે ત્યારે એ નીકળે. આ હિન્દુસ્તાનનો એક જ માણસ આખા વર્લ્ડનું કલ્યાણ કરી શકે એટલી બધી શક્તિઓ છે, પણ આ શક્તિઓ અત્યારે ઊંધે રસ્તે વહી રહી છે તેથી 'સેબોટેજ' થઇ રહ્યું છે. આના 'કંટ્રોલર' જોઇએ. 'જ્ઞાની પુરુષ' અને સત્‌પુરુષો અને સંતપુરુષો આના નિમિત્ત હોય છે.

ભગવાન પાસે કઇ શક્તિ માગવી ? આ તોફાન ચાલ્યું છે તેમાં



જ્ઞાનશક્તિ અને સ્થિરતાશક્તિ આપો એમ માગવું. પુદ્‌ગલ શક્તિ ના માગવી, જ્ઞાનશક્તિ માગવી.

મહીં અનંત શક્તિ છે. અનંતસિદ્ધિ છે, પણ અવ્યક્તરૂપે રહેલી છે. મહીં રૂપાળી, રળિયામણી શકિતઓ છે ! ગજબની શક્તિઓ છે તે મૂકીને બહારથી કદરૂપી શક્તિઓ વેચાતી લાવ્યા. સ્વભાવકૃત શક્તિઓ કેવી સુંદર છે ! અને આ વિકૃત શક્તિઓ બહારથી વેચાતી લાવ્યા ! મહીં દ્રષ્ટિ જ પડી નથી. આત્મા પ્રાપ્ત થાય એટલે એ શક્તિઓ વ્યકત થવા માંડે.

આત્મશક્તિઓને તો આત્મવીર્ય કહેવાય. આત્મવીર્ય ઓછું હોય તો તેનામાં નબળાઇ ઉત્પન્ન થાય; ક્રોધ, માન, માયા, લોભ ઉત્પન્ન થાય. અહંકારને લઇને આત્મવીર્ય તૂટી જાય, તે જેમ જેમ અહંકાર ઓગળે તેમ તેમ આત્મવીર્ય ઉત્પન્ન થતું જાય. જ્યારે જ્યારે આત્મવીર્ય ઘટતું લાગે ત્યારે પાંચ-પચીસ વખત મોટેથી બોલવું કે 'હું અનંત શક્તિવાળો છું' એટલે શક્તિ ઉત્પન્ન થાય.

**પ્રશ્નકર્તા :** 'હું અનંત શક્તિવાળો છું' એ બોલીએ છીએ, પણ સિદ્ધ ભગવાનો માટે એ શક્તિ કઇ ?

**દાદાશ્રી :** આ તો વાણી છે ત્યાં સુધી 'હું અનંત શક્તિવાળો છું' એ બોલવાની જરૂર છે અને મોક્ષે જતાં વિઘ્નો અનંત પ્રકારના છે તેથી તેની સામે આપણે અનંત શક્તિવાળા છીએ, પછી કશું રહેતું નથી. વાણી ને વિઘ્નો છે ત્યાં સુધી જ બોલવાની જરૂર છે.

**પ્રશ્નકર્તા :** આત્મા મોક્ષે ગયા પછી એની જ્ઞાતાદ્રષ્ટા સિવાય કઇ શક્તિ ?

**દાદાશ્રી :** બીજી ઘણી શક્તિઓ છે. પોતાની શક્તિથી એ આ બધું ઓળંગીને જાય પછી મોક્ષે ગયા પછી એ બધી શક્તિઓનો 'સ્ટોક' રહે. આજે ય એ બધી શક્તિઓ છે, પણ જેટલી વપરાય એટલી ખરી.

**પ્રશ્નકર્તા :** મોક્ષે ગયા પછી એ શક્તિઓ બીજાને કામ ના લાગે ને ?

**દાદાશ્રી :** પછી શેમાં વાપરવાની ? અને ત્યાં શું કામ છે વાપરીને ? પોતાને બીજી હરકત ના આવે તેવી 'સેફસાઈડ' રહે.

**પ્રશ્નકર્તા :** આ આત્માની અનંત શક્તિઓ છે તે દેહના આધારે ?

**દાદાશ્રી :** દેહને લઈને તો નાશવંત શક્તિઓ હાજર થાય.

**પ્રશ્નકર્તા :** મોક્ષમાં ય અનંત શક્તિઓ છે ?

**દાદાશ્રી :** હા. બધી જ શક્તિઓ ખરી, પણ ત્યાં વાપરવાની નહીં. મોક્ષે જતાં અનંત અંતરાયો છે, તેથી મોક્ષે જવા માટે સામી અનંત શક્તિ છે.

**પ્રશ્નકર્તા :** આત્માની અનંત શક્તિઓ કઈ રીતે વપરાય છે ? જ્ઞાતાદ્રષ્ટા રહેવામાં જ ?

**દાદાશ્રી :** જ્ઞાતાદ્રષ્ટાપણું એ મૂળ વસ્તુ છે. એ આવી જાય તો બધી શક્તિઓ ઉત્પન્ન થઈ જાય. એમાં 'આપણે' 'જોઈન્ટ' કરી દઈએ તો પેલી શક્તિઓ 'ઓટોમેટિકલી' પ્રાપ્ત થઈ જાય.

આત્માની અનંત શક્તિઓ છે, એ ઊંધી વપરાય તો આમે ય કરી નાખે ને સીધી વપરાય તો પાર વગરનો આનંદ ઉત્પન્ન થાય. ઊંધી વપરાઈ તેનાથી તો આ બધું જગત ઊભું થઈ ગયું છે ! સિદ્ધ ભગવાનોને તો નિરંતર જ્ઞાતાદ્રષ્ટા ને પરમાનંદ, એમાં જ નિરંતર રહેવાનું. ગજબનું સુખ તેમને વર્ત્યા કરે !

**પ્રશ્નકર્તા :** એટલે એનો અર્થ શું એમ થયો કે આ અનંત શક્તિઓ છે તે પોતે પોતાના સ્વભાવમાં રહેવા માટે જ વાપરવાની છે, મોક્ષે જતાં જતાં ?

**દાદાશ્રી :** આ અવળી શક્તિથી સંસાર ઊભો થઈ ગયો છે. હવે સવળી શક્તિ એટલી બધી છે કે જે બધાં જ વિઘ્નો તોડી આપે. તેથી જ તો આપણે પેલું વાક્ય બોલાવીએ છીએ : 'મોક્ષે જતાં વિઘ્નો અનેક પ્રકારના હોવાથી તેની સામે હું અનંત શક્તિવાળો છું'. જ્ઞાતાદ્રષ્ટા રહેવાથી તમામ વિઘ્નોનો નાશ થઈ જાય.



**પ્રશ્નકર્તા :** આત્મ શક્તિઓ ક્યારે પ્રગટ થાય ?

**દાદાશ્રી :** પોતે અનંત શક્તિવાળો જ છે ! આત્મા થઈને 'હું અનંત શક્તિવાળો છું' બોલે એટલે એ શક્તિ પ્રગટ થતી જાય. 'જ્ઞાનીપુરુષ' રસ્તા દેખાડે તે રસ્તે છૂટી જવું, નહીં તો છુટાય એવું નથી. માટે કહે તે રસ્તે ચાલી છૂટી જવું.

કોઈ ગાતું હોય તેની મશ્કરી કરો, તેના પર ચીઢિયા ખાવ કે બીજું કરો તો તે વિરાધના કરી કહેવાય. વિરાધનાનું ફળ ભયંકર આવે. અને આરાધના કરો કે 'બહુ સરસ, બહુ સરસ' તો તે તમને આવડી જાય.

આત્માની કેટલી બધી શક્તિ છે ? જમીનનું પૂછે તો તરત જવાબ આપે કે આટલા વીઘા છે, આકાર પૂછે તો આવો છે કહે, સામા ભાઈ આવતા જુએ કે તરત કહે કાકા સસરા આવ્યા ! ગમે ત્યારે ગમે તે પૂછે તો ય કેટલી બાજુનું લક્ષ 'એટ-એ-ટાઈમ' રાખે છે !

આત્માની ચૈતન્યશક્તિ શેનાથી આવરાય છે ? આ જોઈએ છે ને તે જોઈએ છે, લોકોને જોઈતું હતું તે તેમનું જોઈને આપણે ય શીખ્યા એ જ્ઞાન. આના વગર ચાલે નહીં. મેથીની ભાજી વગર ના ચાલે એમ કરતા કરતા ફસામણ થઈ ગઈ ! અનંત શક્તિવાળો છે, તેની પર પથરા નાખ નાખ કર્યા !

## *આત્મા : અગુરૂ - લઘુ સ્વભાવ !*

આત્મા અગુરૂ-લઘુ સ્વભાવનો છે. અગુરૂ-લઘુ એટલે અગુરૂ અલઘુ ! આત્મા ગુરૂ નથી, લઘુ નથી, જાડો નથી, પાતળો નથી, ઊંચો નથી, નીચો નથી, અગુરૂ-લઘુ સ્વભાવનો આત્મા છે. બીજું બધું ગુરૂ-લઘુ સ્વભાવનું છે. ક્રોધ, માન ,માયા, લોભ, રાગ, દ્વેષ એ બધાં ગુરૂ-લઘુ સ્વભાવનાં છે. ક્રોધ આવે ત્યારે શરૂઆતમાં થોડો હોય, પછી વધતો વધતો ટોચે જાય ને ત્યાંથી પાછો ઊતરવા માંડે તે ખલાસ થાય તેમ ખબર પડે; જ્યારે આત્મામાં ચઢ-ઉતર હોય જ નહીં. આ રાગદ્વેષ પણ ગુરૂ-લઘુ સ્વભાવના છે. આત્માને ને રાગદ્વેષને, એ બેને સાઢુ-સહિયારૂં ય

નથી. આ તો આરોપિત ભાવ છે કે આત્માને રાગ થાય છે, દ્વેષ થાય છે. એ વ્યવહારના ભાવો છે. ખરી રીતે રાગદ્વેષ એ પૌદ્‌ગલિક આકર્ષણ ને વિકર્ષણ છે ખાલી. રાગ એ આકર્ષણ ને દ્વેષ એ વિકર્ષણ છે.

જે પ્રેમ અગુરૂ-લઘુ સ્વરૂપ છે એ જ પરમાત્મ પ્રેમ છે. પરમાત્મા અગુરૂ-લઘુ પ્રેમ સ્વરૂપ છે. જે પ્રેમ વધે નહીં, ઘટે નહીં તે પરમાત્મ પ્રેમ છે. જે ઘડીકમાં ચઢે ને ઘડીકમાં ઊતરે એ પ્રેમ નથી, પણ આસક્તિ છે.

**પ્રશ્નકર્તા :** અગુરૂ-લઘુ સ્વભાવ બધાં દ્રવ્યમાં સામાન્ય છે?

**દાદાશ્રી :** દરેક દ્રવ્યમાં અગુરૂ-લઘુ સ્વભાવ એ સામાન્ય ગુણ છે. પણ પ્રકૃતિ, જે વિકૃત સ્વભાવ છે તે ગુરૂ-લઘુ સ્વભાવવાળી હોય. જગતમાં જે શુદ્ધ પરમાણુ છે તે અગુરૂ-લઘુ સ્વભાવનાં છે. માણસ જ્યારે ભાવ કરે ત્યારે પરમાણુ ખેંચાય છે ત્યારે પ્રયોગસા કહેવાય છે. એ પછી મિશ્રસા થાય. મિશ્રસા ફળ આપીને જાય, પછી પાછા વિશ્રસા એટલે શુદ્ધ પરમાણુ થઈ જાય. મિશ્રસા અને પ્રયોગસા એ ગુરૂ-લઘુ સ્વભાવનાં છે અને વિશ્રસા પરમાણુ અગુરૂ-લઘુ સ્વભાવનાં છે.

**પ્રશ્નકર્તા :** અગુરૂ-લઘુ સ્વભાવ એટલે હાનિ-વૃદ્ધિ કરાવે ?

**દાદાશ્રી :** ના, અગુરૂ-લઘુ સ્વભાવ એટલે બહાર હાનિ થાય, વૃદ્ધિ થાય, પણ 'પોતે' અગુરૂ-લઘુ સ્વભાવમાં આવી જાય. દરેક શુદ્ધ તત્ત્વમાં અગુરૂ-લઘુ સ્વભાવ સામાન્ય છે.

**પ્રશ્નકર્તા :** આત્માનો અગુરૂ-લઘુ સ્વભાવ એટલે કોઈ પ્રદેશને બહાર ના જવા દે તે ?

**દાદાશ્રી :** હા, એના પ્રદેશની બહાર ના જવા દે, એટલે સ્થિરતા છોડે નહીં.

ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ એ આત્માના અન્વય ગુણ નથી, વ્યતિરેક ગુણ છે. અન્વય ગુણ એટલે સહચારી ગુણ, કાયમ સાથે રહેનારા ગુણો. રાગદ્વેષ અન્વય ગુણ હોત તો સિદ્ધ ભગવંતોને પણ રાગદ્વેષ ના છોડે. પણ આ તો વ્યતિરેક ગુણ એટલે આત્માની હાજરીથી



પુદ્‌ગલમાં ઉત્પન્ન થતા ગુણો ! જેમ આ સૂર્યનારાયણની હાજરીથી આરસનો પથરો બપોરે ગરમ થઈ જાય, તેમાં આરસનો પથરો કંઈ ગરમ સ્વભાવનો નથી, એ તો મૂળ ઠંડા સ્વભાવનો જ છે. એ તો સૂર્ય-નારાયણના પ્રભાવથી ગરમ થાય છે.

આત્માને ટંકોત્કીર્ણ સ્વભાવવાળો કહે છે, તે અગુરૂ-લઘુ સ્વભાવને લઈને છે.

## આત્મા : અરૂપી !

આત્મા અરૂપી છે, તેણે બહુરૂપીનું રૂપ લીધું છે. બહાર બહુરૂપી ચાલે છે તેને પોતે જાણે કે આપણે પોતે બહુરૂપી નથી, પણ બહુરૂપીનું રૂપ લીધું છે. લોકો હસે તો પોતે ય હસે, એટલે પોતાનાં સ્વરૂપને જ જાણે.

આત્મા અરૂપી છે. એટલે ભગવાને શું કહ્યું કે અરૂપી કરીને આત્માને ભજવા જઈશ તો બીજાં પુદ્‌ગલ સિવાયનાં તત્ત્વો પણ અરૂપી છે એમાં તું ફસાઈ જઈશ. માટે 'જ્ઞાની પુરુષ' પાસેથી આત્મતત્ત્વ જાણજે તો મૂળ આત્મા મળશે. આત્મા અરૂપી એકલો જ નથી, એના બીજા બધા અનંત ગુણો છે. માટે એક ગુણ પકડી રહીશ તો ઠેકાણું નહીં પડે.

**પ્રશ્નકર્તા :** આત્મા અરૂપી છે અને કર્મ રૂપી છે. તો અરૂપી ને રૂપી કેવી રીતે લાગ્યા?

**દાદાશ્રી :** આ કર્મ લાગ્યાં, તે ભ્રાંતિથી લાગે છે કે 'મને વળગ્યું.' પણ એવું નથી. ઘરમાં ચંદુલાલ શેઠ એકલા હોય ને રાત્રે સૂતા હોય, ને બે વાગે રસોડામાં કંઈક ખખડે તો આખી રાત ભૂત છે કરીને ફફડ્યા કરે. સવારે આપણે જઈએ ને બારણું ખોલીએ તો મહીં મોટો ઉંદરડો ખખડાવતો હોય ! તારી અણસમજણથી જ વળગ્યું છે.

## આત્મા : ટંકોત્કીર્ણ સ્વભાવ

**પ્રશ્નકર્તા :** ટંકોત્કીર્ણ છે એમ આપ કહો છો, તો ટંકોત્કીર્ણ એટલે શું ?

**દાદાશ્રી :** ટંકોત્કીર્ણ એ 'સાયન્ટિફિક' શબ્દ છે. લોકભાષાનો શબ્દ નથી, ઋષભદેવ ભગવાનનો કહેલો શબ્દ છે. પંડિતોથી સમજાય એવો નથી. છતાં હું ટૂંકમાં સ્થૂળ ભાષામાં સમજાવું છું. આ પુદ્‌ગલ અને આત્માને ગમે તેટલું વલોવ વલોવ કરીએ તો ય તે કોઇ દહાડો ભેગું, એકાકાર-એટલે કે 'કમ્પાઉન્ડ' થઇ જતું નથી. 'મિક્ષ્ચર' રૂપે જ ત્રિકાળ રહે છે. 'કમ્પાઉન્ડ' થઇ જાય તો આત્માના મૂળ ગુણધર્મ બદલાઇ જાય, પણ 'મિક્ષ્ચર'માં ના બદલાય.

તેલ ને પાણી ગમે તેટલું 'મિક્ષ' કરવા જાય તો ય એકાકાર ના થઇ જાય. મૂળ વસ્તુ રૂપે આત્મા અને પુદ્‌ગલ એકાકાર ના થાય. એટલે આત્મા એ વસ્તુ રૂપે છે અને અવિનાશી છે, અને આત્મા સિવાયની બીજી વસ્તુઓ પણ છે કે જે અવિનાશી છે. તે બધી ભેગી થઇ છે, પણ એકાકાર નથી થઇ. એકાકાર થઇ પણ ના શકે. કારણ કે દરેક મૂળ તત્ત્વો ટંકોત્કીર્ણ સ્વભાવના છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઇ કરી શકે નહીં, એ ટંકોત્કીર્ણ સ્વભાવને લીધે છે.

આ પુદ્‌ગલ તત્ત્વનો સ્વભાવ એવો જુદી જ જાતનો છે કે જે આ બધું ઊભું કરી દે છે ! ત્યાં મતિ પહોંચે તેમ નથી. આત્માની માત્ર 'બિલીફ' બદલાય છે. આમાં 'કલ્પ'ના વિકલ્પ થયા તેથી આ દેહ ને સંસાર ઊભો થઇ જાય છે. છતાં ય આમાં આત્મા પોતે સ્વભાવપરિણામી જ રહે છે, ક્યારે ય સ્વભાવ ચૂકતો નથી.

ટંકોત્કીર્ણ શબ્દ તો બહુ ભારે છે, કોઇનું ગજું નથી એનો સંપૂર્ણ અર્થ કરવાનો. અર્થ કરે, પણ સહુની ભાષામાં કરે. 'જ્ઞાની પુરુષ' છેલ્લી ભાષામાં સમજાવે, પણ છેલ્લી ભાષામાં શબ્દો ના નીકળે. કારણ કે મૂળ વસ્તુએ પહોંચવા શબ્દો નથી હોતા. અમે જે બોલીએ એ સંજ્ઞાસૂચક શબ્દો છે, બાકી મૂળ વસ્તુ તો શબ્દાતીત છે. આત્મા શબ્દ મૂક્યો છે તે પણ સંજ્ઞાસૂચક છે. બાકી આત્મા વસ્તુ જ એવી છે કે જેનું નામ ના હોય, રૂપ ના હોય.

ટંકોત્કીર્ણ એ પરમાર્થ ભાષાનો શબ્દ છે ને સ્વાનુભવ તેનું પ્રમાણ છે.



શુદ્ધ ચેતન ટંકોત્કીર્ણ સ્વભાવવાળું છે. પર-પુદ્‌ગલમાં રહેવા છતાં શુદ્ધચેતન ટંકોત્કીર્ણ સ્વભાવથી ક્યારે ય પણ તન્મયાકાર થયું નથી એકત્વભાવને પામ્યું નથી, સર્વથા જુદું જ રહ્યું છે. ફક્ત ભ્રાંતિથી તન્મયાકાર ભાસે છે. કોઇ પણ વસ્તુમાં શુદ્ધચેતન ભેળસેળ થાય એવું નથી.

સ્થૂળતમથી સૂક્ષ્મતમ સુધીના તમામ પૌદ્‌ગલિક પર્યાયોનું શુદ્ધચેતન જ્ઞાતાદ્રષ્ટા માત્ર છે, ટંકોત્કીર્ણ છે, કેવળજ્ઞાન સ્વરૂપ છે.

## *આત્મા : અવ્યાબાધ સ્વરૂપ !*

'હું શુદ્ધાત્મા છું' એ લક્ષમાં બેઠું, ત્યારથી અનુભવશ્રેણીઓ શરૂ થઇ જાય. જીવડું પગ નીચે વટાઇ ગયું તો 'એને' શંકા પડે, નિઃશંકતા ના રહી શકે. માટે ત્યાં સુધી 'ચંદુલાલ' પાસે 'તમારે' પ્રતિક્રમણ કરાવવું પડે કે ચંદુલાલ, તમે જીવડું વાટ્યું માટે પ્રતિક્રમણ કરો. એમ કરતાં કરતાં સૂક્ષ્મ ભાવની અનુભવશ્રેણી પ્રાપ્ત થશે અને પોતાનું સ્વરૂપ અવ્યાબાધ સ્વરૂપ છે એમ લાગશે, દેખાશે ને અનુભવમાં આવશે. ત્યાર પછી શંકા નહીં પડે. ત્યાં સુધી તો જપ આત્મા, તપ આત્મા, ત્યાગ આત્મા, સત્ય આત્મામાં હોય છે, એ શુદ્ધાત્મામાં નથી. એ શ્રેણી ના કહેવાય. એટલે એ માણસ મોક્ષે જશે કે કઇ બાજુ જશે એ કહેવાય નહીં. શુદ્ધાત્માનું લક્ષ બેઠા પછી શ્રેણી મંડાય. ત્યાર પછી પોતાનું સ્વરૂપ અવ્યાબાધ છે, સૂક્ષ્મ છે, અમૂર્ત છે એ અનુભવમાં આવતું જાય.

**પ્રશ્નકર્તા :** અવ્યાબાધ એટલે શું ?

**દાદાશ્રી :** અવ્યાબાધનો અર્થ એ થાય કે મારું સ્વરૂપ એવું છે કે કોઇ જીવને કિંચિત્ માત્ર ક્યારે ય પણ દુઃખ ન કરી શકે અને સામાનું સ્વરૂપ પણ એવું છે કે એને દુઃખ ક્યારે ય પણ ના થાય; એવી જ રીતે આપણને પણ સામો દુઃખ ના દઇ શકે એ અનુભવ થઇ જાય. સામાને એનો અનુભવ નથી, પણ મને તો અનુભવ થઇ ગયો પછી મારાથી દુઃખ થશે એવી શંકા ના રહે. જ્યાં સુધી સામાને મારાથી દુઃખ થાય છે એવી શંકા સહેજ પણ થાય તો તેનું પ્રતિક્રમણ કરવાનું, એ શંકાનું નિવારણ

કરવાનું. અને 'આપણું' તો તેનું તે જ સ્વરૂપ છે; અવ્યાબાધ ! 'જ્ઞાની પુરુષે' જે ગાદી પર બેસાડયા તે ગાદી પર બેઠા બેઠા કામ કર્યા કરવાનું !!

**પ્રશ્નકર્તા :** આ પીડા કોને થાય છે ? આત્માને ?

**દાદાશ્રી :** આત્માને ક્યારે ય પીડા અડી જ નથી. અને જો પીડા અડે, એનો સ્પર્શ થાય તો એ પીડા સુખમય થઈ જાય. આત્મા અનંત સુખનું ધામ છે. માનેલા આત્માને પીડા થાય છે, મૂળ આત્માને કશું જ થતું નથી. મૂળ આત્મા તો અવ્યાબાધ સ્વરૂપ છે ! જરા ય બાધા-પીડા વગરનો છે !! આ દેહને છરી મારે, કાપે તો બાધા-પીડા ઊભી થાય, પણ આત્માને કશું જ ના થાય.

## આત્મા : અવ્યય !

આત્મા અવ્યય છે. મન, વચન, કાયાનો નિરંતર વ્યય થઈ રહ્યો છે. વ્યય બે પ્રકારનાં : એક અપવ્યય અને બીજો સદ્‌વ્યય. બાકી, આત્મા તો અવ્યય છે. અનંત કાળથી ભટકે છે; કૂતરામાં, ગધેડામાં ગયો, પણ આટલો ય આત્માનો વ્યય નથી થયો.

## આત્મા : નિરંજન, નિરાકાર !

**પ્રશ્નકર્તા :** આત્માને નિરંજન નિરાકાર કેમ કહ્યો છે ?

**દાદાશ્રી :** નિરંજન એટલે એને કર્મ લાગી શકતાં નથી. નિરાકાર એટલે એની કલ્પના કરી શકાય એવું નથી. બાકી એને આકાર છે, પણ તે સ્વાભાવિક આકાર છે, લોક સમજે એવો આકાર નથી. લોક તો કલ્પનામાં પડે કે આત્મા ગાય જેવો કે ઘોડા જેવો છે, એવો તે નથી. આત્માનો સ્વાભાવિક આકાર છે, કલ્પિત નથી. આત્મા નિરાકાર હોવા છતાં દેહાકારે છે. જે ભાગ પર દેહનું આવરણ છે, તે ભાગમાં આત્મા છે, તેનો તેવો આકાર છે.

આત્મા ભાજનના પ્રમાણમાં સંકોચ-વિકાસ કરે છે, ભાજન પ્રમાણે



પ્રકાશ કરે. છેલ્લા અવતાર પછી દેહ ના રહે ત્યારે આખા લોકને પ્રકાશ કરે.

**પ્રશ્નકર્તા :** સિદ્ધ ક્ષેત્રમાં ભાજન પ્રમાણે આત્મા હોય છે ?

**દાદાશ્રી :** એ છેલ્લા દેહના ભાજન પ્રમાણે હોય. છેલ્લો દેહ જે આકારનો હોય તેનાથી થોડોક જ ઓછો હોય.

**પ્રશ્નકર્તા :** તો આત્માનો આકાર છે કે નિરાકાર છે ?

**દાદાશ્રી :** નિરાકાર છે, છતાં સાકારી છે. કોઈ માણસથી એમ ના કહેવાય કે સાકારી જ છે. નિરાકાર તો ખરું જ, પણ સાકાર એના જુદા જુદા સ્વભાવનું છે.

**પ્રશ્નકર્તા :** જગતમાં બધું સાકારી છે. લોકો નિરાકારી કહે છે એ કેવી રીતે ?

**દાદાશ્રી :** નિરાકાર એ વસ્તુ જુદી છે. આપણ લોકો નિરાકારને 'વેકયુમ' સ્વરૂપ સમજે છે. પણ આ આકાશ જેવું છે. આકાશ નિરાકારી છે.

**પ્રશ્નકર્તા :** સંતો કહે છે કે પરમાત્મા નિરાકાર છે. તે પાછા કહે છે કે રામ-કૃષ્ણ થયા તે ભગવાન છે. દેહવાળા નિરાકાર છે એમ કહે છે તેથી અમે ગૂંચાઈએ છીએ.

**દાદાશ્રી :** જે નિરાકાર છે એ તો પરમાત્મા છે. પણ નિરાકારને ભજવા કેવી રીતે ? એ તો જેની મહીં પરમાત્મા પ્રગટ થયા હોય તેમને ભજવાથી પરમાત્મા પ્રાપ્ત થાય. ભગવાન એ વિશેષણ છે અને પરમાત્મા એ વિશેષણ નથી. પરમાત્માનું, નિરાકારનું ધ્યાન લેવાય નહીં. પણ દેહધારી પરમાત્મા હોય તેમનાં દર્શન કરાય, નિદિધ્યાસન થાય.

## આત્મા : અમૂર્ત !

આત્મા અમૂર્ત છે અને મૂર્તની મહીં રહેલો છે. જે મૂર્ત છે એ 'રીલેટિવ' છે અને મહીં અમૂર્ત છે તે 'રિયલ' છે. જે મૂર્તિમાં અમૂર્ત

પ્રગટ થઇ ગયા છે તે મૂર્તામૂર્ત ભગવાન કહેવાય. 'જ્ઞાની પુરુષ' પ્રગટ ભગવાન કહેવાય, ત્યાં આપણું આત્યંતિક કલ્યાણ થાય.

## આત્મા : પરમ જ્યોતિસ્વરૂપ !

**પ્રશ્નકર્તા :** આત્માનું સ્વરૂપ કંઇ નથી ?

**દાદાશ્રી :** આત્માનું જ્ઞાન સ્વરૂપ-દર્શન સ્વરૂપ છે.

**પ્રશ્નકર્તા :** જ્યોતિસ્વરૂપ કહે છે તે શું છે ?

**દાદાશ્રી :** આ સામાન્ય રીતે જ્યોતિસ્વરૂપ મનાય છે તેવું તે નથી. આપણે ત્યાં 'ઇલેક્ટ્રિક'નાં તેજને તેજ કહે છે, એવું તેજ આ ન હોય.

આત્મા પરમ જ્યોતિસ્વરૂપ છે, સ્વ-પર પ્રકાશક છે. જ્યોતિસ્વરૂપ એટલે આત્માનું જ્ઞાન અને દર્શન એ બે ભેગાં થાય તેને કહ્યું. જ્યોતિ સ્વરૂપ એટલે એ જ પ્રકાશક છે તેને કહ્યું. 'ઇનર-આઉટર' બધી જ વસ્તુઓને જાણે; વસ્તુને વસ્તુરૂપે જાણે ને અવસ્થાને અવસ્થા રૂપે જાણે. જેટલું જાણ્યું એટલું સુખ ઉત્પન્ન થાય.

## આત્મા : સ્વ-પર પ્રકાશક !

**પ્રશ્નકર્તા :** આત્મા સ્વ-પર પ્રકાશક છે તો તે સ્વપ્રકાશક ને પરપ્રકાશક કેવી રીતે ?

**દાદાશ્રી :** પુદ્ગલનાં જ્ઞેયો છે એ આખા બ્રહ્માંડનાં જ્ઞેયો છે. એ સર્વ જ્ઞેયોને પ્રકાશ કરનારો આત્મા છે. પોતે જ્ઞાતા છે, દ્રષ્ટા છે અને જ્ઞેયો અને દ્રશ્યોને પ્રકાશિત કરી શકે અને પોતે પોતાને પ્રકાશી શકે છે. બીજાં તત્ત્વોને જાણે અને પોતે જ્ઞાતા ને દ્રષ્ટા રહે.

**પ્રશ્નકર્તા :** તો આત્મા સ્વપ્રકાશક કેવી રીતે ?

**દાદાશ્રી :** પોતાના બધા જ ગુણોને જાણે, પોતાની અનંત શક્તિને જાણે માટે સ્વપ્રકાશક છે.



**પ્રશ્નકર્તા :** એનું ભાન થવું જોઇએ ને ?

**દાદાશ્રી :** ભાન થયા વગર તો લક્ષ જ ના બેસે ને !

**પ્રશ્નકર્તા :** મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર એ બધું પર છે ?

**દાદાશ્રી :** શુદ્ધાત્મા સિવાય બધું ય પર છે, સ્વ ન હોય.

**પ્રશ્નકર્તા :** દેહનાં જ્ઞેયો કયાં કયાં છે ?

**દાદાશ્રી :** બધાં બહુ જાતનાં છે. મહીં અંતઃકરણમાં જાતજાતના વિચારો આવે તે જ્ઞેયો, પાર વગરની ગાંઠો ફૂટે તે બધી જ જોઇ શકાય. કષાયો થાય, અતિક્રમણ થાય, એ બધાં જ્ઞેય છે. આવરણ ખસી જાય તો આખુંય બ્રહ્માંડ પ્રકાશમાન કરે તેવું છે. આત્મા 'ઇટસેલ્ફ' 'સાયન્સ' છે. વિજ્ઞાનઘન છે.

કેટલાંક કહે છે કે મને જ્યોતિ દેખાય છે, પ્રકાશ દેખાય છે. પણ એ અજવાળું જ્યોતિ સ્વરૂપ ન હોય. એ જ્યોતિને જે જુએ છે તે જોનારો આત્મા છે. તને જે દેખાય છે એ તો દ્રશ્ય છે. દ્રષ્ટાને ખોળી કાઢ.

## આત્મા : સૂક્ષ્મતમ જ્યોતિર્લિંગ !

**પ્રશ્નકર્તા :** આ જ્યોતિર્લિંગ શું છે ?

**દાદાશ્રી :** આત્મા જ્યોતિસ્વરૂપ છે. એ દેહલિંગ સ્વરૂપ નથી, સ્ત્રીલિંગ સ્વરૂપ નથી કે પુરુષલિંગ સ્વરૂપે ય નથી. આ સ્થૂળ જ્યોતિર્લિંગ કહેવા માગે છે એનાથી તો લાખો માઇલ આગળ સૂક્ષ્મ જ્યોતિર્લિંગ છે અને એની આગળ સૂક્ષ્મતર ને છેલ્લે સૂક્ષ્મતમ જ્યોતિર્લિંગ છે એ આત્મા છે.

જ્યોતિસ્વરૂપને લોકો આ લાઇટનું ફોકસ સમજી બેઠા. આ પ્રકાશ દેખાય છે તેમાંનો એકેય આત્મપ્રકાશ નથી.

## આત્મા : પ્રકાશ સ્વરૂપ !

આ વાંદરાની ખાડી આગળથી પસાર થઇએ ત્યારે ગંધાય, પણ

એ ગંધ પ્રકાશને ઓછી અડે છે ? પ્રકાશ તો પ્રકાશ સ્વરૂપે જ રહે છે. આત્માને સુગંધે ય અડતી નથી ને દુર્ગંધે ય અડતી નથી. ગંધ એ તો પુદ્ગલનો ગુણ છે, તેને તે સ્પર્શે છે.

## આત્મા : સર્વવ્યાપક !

**પ્રશ્નકર્તા :** આત્મા તો સર્વવ્યાપક છે ને ?

**દાદાશ્રી :** પ્રમેય પ્રમાણે પ્રમાતા ! પ્રમેય એટલે ભાજન. ઘડામાં લાઈટ મૂકો તો આખી રૂમમાં ફેલાય, અને રૂમની બહાર મૂકીએ તો એથી ય વધારે લાઈટ ફેલાય. આત્મા જ્ઞાનભાવે દેહથી છૂટો થાય ત્યારે તે સર્વવ્યાપક આખા બ્રહ્માંડમાં વ્યાપે, અને અજ્ઞાનભાવે પ્રકાશે તો અમુક જ ભાગ પ્રકાશે.

## આત્મા : એક સ્વભાવી !

**પ્રશ્નકર્તા :** આત્મા તો બધાંનો એક જ છે કે જુદો જુદો ?

**દાદાશ્રી :** રામચંદ્રજી મોક્ષે ગયા ત્યાં એમનો આત્મા તો ખરો કે નહીં ?

**પ્રશ્નકર્તા :** ખરો. અહીં મૂકીને તો ના જાય.

**દાદાશ્રી :** હં... હવે રામચંદ્રજી મોક્ષનું સુખ ભોગવે છે અને અહીં કેટલાંય પાર વગરની વેદના ભોગવે છે. આત્મા એક હોય તો તો એકને સુખ થાય તો બધાંને સુખ થાય, એક મોક્ષે જાય તો બધાં જ મોક્ષે જાય. એટલે આત્મા એક નથી, પણ એક સ્વભાવનો છે. જેમ આ સો ટચની લખેલી સોનાની લગડીઓ લાખ હોય તે ગણતરી કરવી હોય તો લાખ થાય, પણ છેવટે એ શું કહેવાય ?

**પ્રશ્નકર્તા :** સોનું.

**દાદાશ્રી :** એવી રીતે આ આત્માની ગણતરી કરવી હોય તો જુદા જુદા ગણાય. પણ છેવટે આ ચેતન એ જ ભગવાન છે. દેહ વગરની



સ્થિતિને પરમાત્મા કહેવાય.

**પ્રશ્નકર્તા :** એટલે આત્મામાંથી જ પરમાત્મા થાય એમ ?

**દાદાશ્રી :** આત્મા જ પરમાત્મા છે, ફક્ત એને ભાન થવું જોઈએ. 'હું પરમાત્મા છું' એવું તમને એક મિનિટ પણ ભાન થઈ જાય તો 'તમે' 'પરમાત્મા' થવા માંડો.

## આત્મા : સ્વભાવનો કર્તા !

આ 'જ્ઞાની પુરુષે' જ્ઞાનમાં શું જોયું ? એવું તે શું જોયું કે આત્માને અકર્તા કહ્યો? તો કર્તા કોણ ? આ જગત કેવી રીતે ચાલે છે, આ ક્રિયાઓ કઈ રીતે થાય છે એ જ્ઞાનમાં જોયું ત્યારથી સચોટ થઈ ગયું. સંસારનો કર્તા આત્મા નથી, આત્મા તો એના જ્ઞાનનો કર્તા છે, સ્વાભાવિક અને વિભાવિક જ્ઞાનનો કર્તા છે. એ તો પ્રકાશનો જ કર્તા છે, એની બહાર કોઈ દહાડો ગયો નથી.

ક્રિયાનો કર્તા એ આત્મા નથી. પોતે જ્ઞાનક્રિયા ને દર્શનક્રિયાનો જ કર્તા છે, બીજે ક્યાં ય એનું સક્રિયપણું નથી. માત્ર આત્માની હાજરીથી બીજાં બધાં તત્ત્વોની સક્રિયતા ઉત્પન્ન થઈ જાય છે.

## આત્મા : ચૈતન્યઘન સ્વરૂપ !

**પ્રશ્નકર્તા :** આત્મા ચૈતન્યઘન સ્વરૂપ છે એમ કહીએ છીએ, પછી બીજી વખતે એમ કહીએ છીએ કે આકાશ જેવો સૂક્ષ્મ છે. તો એ બેનો મેળ કેવી રીતે ખાય ?

**દાદાશ્રી :** આકાશ તત્ત્વ દરેક જગ્યાએ રહેલું છે. આ શરીરમાં ને હીરામાં ય આકાશ તત્ત્વ છે, પણ હીરામાં સૌથી ઓછું છે તેથી તે જલદી ભાંગે નહીં. જેમ આકાશ તત્ત્વ ઓછું તેમ વસ્તુ વધારે કઠણ. આત્મા આકાશ જેવો છે એટલે આખા શરીરમાં આકાશની પેઠ બધે જ રહી શકે. પાછું આકાશ જેવો સૂક્ષ્મ છે, એટલે આંખે દેખાય નહીં, પણ અનુભવમાં આવે.

**પ્રશ્નકર્તા :** આત્મામાં આકાશ હોય કે નહીં ?

**દાદાશ્રી :** ના, આત્મામાં આકાશ ના હોય. આકાશ જેવો એટલે બધે પ્રસરી જાય એવો છે.

ચૈતન્યનો અર્થ શું ? જ્ઞાન, દર્શન ભેગું કરીએ તો ચૈતન્ય કહેવાય. બીજી કોઇ વસ્તુમાં ચૈતન્ય નથી. માત્ર આત્મામાં જ અનંત જ્ઞાન, અનંત દર્શન છે, તેથી તેને ચૈતન્યઘન કહ્યો.

## *આત્મા : અનંત પ્રદેશો !*

આત્માના અનંત પ્રદેશો છે ને એક એક પ્રદેશે અનંત અનંત જ્ઞાયક શક્તિ છે. પણ જ્ઞેયને જ્ઞાયક માને છે તેથી આત્માના પ્રદેશો પર કર્મકલંક લાગે છે, તેનાથી પોતાની અનંત શક્તિ આવરાય છે. આ ઘડાની અંદર લાઇટ હોય અને તેનું મોઢું બંધ કર્યું હોય તો લાઇટ ના આવે. પીપળાના ઝાડની છાલ પર લાખ વળગે ને છાલ દેખાય નહીં તેના જેવું છે. આ એકેન્દ્રિય જીવને એક ઇન્દ્રિય જેટલું કાણું પડે તેટલો તેનો પ્રકાશ બહાર પડે. બે ઇન્દ્રિયને બે ઇન્દ્રિય જેટલું, ત્રણને ત્રણ ને ચારને ચાર જેટલો પ્રકાશ બહાર પડે. પાંચ ઇન્દ્રિય અને તેમાં ય મનુષ્યનું છેલ્લામાં છેલ્લું 'ડેવલપમેન્ટ', ત્યાં બધા જ પ્રદેશો ખુલ્લા થઇ શકે તેમ છે. જીવ માત્રને નાભિના 'સેન્ટર' આગળ આત્માના આઠ પ્રદેશો ખુલ્લા જ હોય, જેને લઇને આ જગત-વ્યવહાર ઓળખાણ-પિછાણ થાય છે. આનાથી દરેક જીવને ગૂંચવણ નથી પડતી. આ આઠ પ્રદેશો આવરાય તો કોઇ કોઇને ઓળખી ય ના શકે ને ઘેર પાછો ય ના આવે. પણ જુઓને, આ વ્યવસ્થિતની ગોઠવણી કેવી સુંદર છે ! આવરણોની પણ 'લિમિટ' રાખી છે ને ? મનુષ્યમાં ય વકીલને કાણું પડયું હોય તેના આધારે તેનું એ લાઇનનું દર્શન ખુલ્લું થઇ જાય. 'કેમિસ્ટ'ને એ દિશાનું કાણું ખુલ્લું પડયું હોય. નાની કીડીને ય ખુલ્લું થયું હોય.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ એમ આવરણોથી આત્માનું 'લાઇટ' રોકાયેલું હોય. 'જ્ઞાનીપુરુષ'ના તો બધાં જ આવરણ તૂટી ગયાં હોય તેથી ભગવાન સંપૂર્ણ પ્રકાશમાન થયા છે ! સંપૂર્ણ નિરાવરણીય થઇ જાય તો પોતે જ પરમાત્મા છે. સિદ્ધોને દરેકે દરેક પ્રદેશ ખુલ્લા હોય. પ્રદેશે પ્રદેશે



પોતાનું અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત સુખ હોય ! પણ ક્યાં ગયું એ સુખ ? 'સ્વરૂપજ્ઞાન' મળ્યા પછી જેમ જેમ આત્મ-પ્રદેશો નિરાવરણ થતા જાય તેમ તેમ આનંદ વધતો જાય.

એક આત્મામાં અનંતી શક્તિ છે. અનંતા જીવો છે, દરેક જીવ જુદી જુદી પ્રકૃતિના છે. દરેકનામાં જુદી જુદી શક્તિ નીકળી છે, એટલી શક્તિ એક આત્મામાં છે. જેનામાં જે પ્રગટ થઇ એ શક્તિથી એના રોટલા રળી ખાય છે.

આત્મા અનંત પ્રદેશાત્મક છે. આત્મા એક જ છે, એના ભાગ જુદા જુદા ને એવું કશું છે નહીં. પણ એ અનંત પ્રદેશવાળો છે. એટલે એક એક પ્રદેશે એક એક પરમાણુ ચોંટેલુ છે. જેમ આપણે મગફળી ઉપર ખાંડ ચઢાવીને સાકરિયા હલાવી હલાવીને બનાવીએ છીએ ને ? તેવી રીતે આ પ્રકૃતિ રાતદહાડો હાલ્યા જ કરે છે. તે આમાં ય જેને ખાંડ ચઢી ગઇ તે બધું આવરાયું ને જેટલું બાકી રહી ગયું તેનું તેટલું રહી ગયું. બધું નિયમસર ચાલ્યા જ કરે છે. જ્યાંથી જ્યાંથી આવરણ તૂટયું હોય, ત્યાંથી ત્યાંથી એની શક્તિ પ્રગટ થાય. કોઇને વાણીનું આવરણ તૂટયું હોય, બુદ્ધિનું તૂટયું હોય તો તે વકીલાત જ કર્યા કરે. હવે વકીલને કહ્યું હોય કે સાહેબ આટલું ખેતર જરા ખેડી આલોને, તો તે ના પાડે. કારણ કે એનું એ આવરણ ખૂલેલું ના હોય.

પણ આ બધું નિયમસર હોય છે. કોઇ દહાડો એવું નથી બનતું કે બધાને જ સુથારી કામનું આવરણ તૂટી જાય તો તે બધાં સુથાર જ થઇ જાય, અને તો શી દશા થાય ? શિલ્પીકામનું આવરણ બધાંને તૂટી જાય ને બધાં જ શિલ્પી થઇ જાય, તો કોને ત્યાં શિલ્પી કામ કરે પછી ? બધાં જ 'વોરિયર્સ' થઇ જાય તો ? એટલે આ 'વ્યવસ્થિત'ના પ્રમાણથી બધું 'વ્યવસ્થિત' રીતે પાકયા જ કરે. ડૉક્ટરો, વકીલો, બધા જ થાય એટલે સહુ કોઇનું ચાલે. નહીં તો બધા જ પુરુષો થઇ જાય તો શું થાય ? સ્ત્રીઓ ક્યાંથી લાવે ? પૈણે કોણ ?

પુદ્ગલ પરમાણુ તે એક પણ પ્રદેશે 'મારું' માન્યામાં ના આવે ત્યારે પોતાનું સંપૂર્ણ સુખ વર્તાય.

આખા બ્રહ્માંડને પ્રકાશવાની આત્મામાં શક્તિ છે. પોતે પોતાની આખા બ્રહ્માંડને પ્રકાશવાની જે સ્વ સંવેદનશક્તિ છે તેને કેવળજ્ઞાન કહેવાય છે.

**પ્રશ્નકર્તા :** પોતાના ગુણધર્મ, અનંત જ્ઞાન-અનંત દર્શન તેનું ધ્યાન કરે તો તે પ્રાપ્ત થાય ?

**દાદાશ્રી :** થાય, અવશ્ય થાય. આત્માના ગુણો જેટલા જાણ્યા તેટલાનું ધ્યાન કરે તો તેટલા આત્માના પ્રદેશ ખુલ્લા થતા જાય, તેમ તેમ જ્ઞાન પ્રકાશે ને તેમ તેમ આનંદ વધતો જાય.

મહાવીરને ત્રણ વસ્તુનું જ્ઞાન હતું :

(૧) એક પરમાણુને જોઈ શકતા હતા.

(૨) એક સમયને જોઈ શકતા હતા.

(૩) એક પ્રદેશને જોઈ શકતા હતા.

આવું તો વીતરાગોનું વિજ્ઞાન છે !

## આત્મા : વેદક ? નિર્વેદક ?

**પ્રશ્નકર્તા :** દાઢ દુઃખે ત્યારે આપણે કહીએ કે 'દાઢ મારી નથી'. પણ ત્યાં ખેંચાણ થાય તે શું ?

**દાદાશ્રી :** 'મને દાઢ દુઃખે છે,' બોલે તેને જબરજસ્ત 'ઈફેક્ટ' થાય, એકસો પચ્ચીસ ટકા દુઃખ થાય અને બીજો માણસ દાઢ દુઃખે છતાં મૌન સેવે તેને સો ટકા વેદના થાય. તે કોઈ અહંકારથી બોલે કે, આવી દાઢ તો ઘણા વખત દુઃખે છે,' તો પચાસ ટકા દુઃખ થઈ જાય.

વેદનાનો સ્વભાવ કેવો છે ? જો તેને પારકી જાણે તો એ જાણ્યા કરે, વેદે નહિ. 'આ મને થયું' એમ થયું તો વેદે, અને 'આ સહન નથી થતું' બોલે તો દસ ગણું થઈ જાય. એક પગ તૂટતો હોય તો બીજાને કહીએ તું ય તૂટ !

'જ્ઞાની'ને અહંકાર હોય નહીં એટલે એ દુઃખ ભોગવે નહીં. જ્યાં



સુધી આત્માનું અસ્પષ્ટ વેદન છે ત્યાં સુધી દુઃખને વેદે, એટલે કે દુઃખતી દાઢના જ્ઞાતા-દ્રષ્ટા રહેવાના પ્રયત્નમાં હોય; જ્યારે 'જ્ઞાની પુરુષ' કે જેમને આત્માનું સ્પષ્ટ વેદન હોય તે દુઃખને વેદે નહીં, પણ જાણે માત્ર. 'સ્વરૂપ જ્ઞાન'વાળાને દાઢ દુઃખતી હોય તો તે દુઃખ ભોગવે નહીં, પણ એનો એમને બોજો લાગ્યા કરે, પોતાનું સુખ અંતરાય; જ્યારે અમને તો અમારું સુખ અંતરાય નહીં, આવ્યા જ કરે. લોકો જાણે કે આ 'દાદા'ને અશાતા વેદનીય છે, પણ અમને વેદનીય અસર ના હોય ! વ્યવહારમાં વેદનીય ગણાય.

**પ્રશ્નકર્તા :** આ શાતા-અશાતા વેદનીય આત્માને નહીં ?

**દાદાશ્રી :** ના, આત્માને વેદન હોય જ નહીં. આત્મા જો કદી અશાતા વેદે તો એ આત્મા જ ન હોય. આત્મા પોતે અનંત સુખનો ધણી છે ! આ બરફ ઉપર દેવતા મૂક્યો હોય તો બરફ દઝાય ?

**પ્રશ્નકર્તા :** દેવતા ઠરી જાય.

**દાદાશ્રી :** આ તો સ્થૂળ દાખલો છે, 'એક્ઝેક્ટ' ના કહેવાય. આત્મા તો અનંત સુખનો ધણી, એને દુઃખ અડે જ કેવી રીતે ? એને ખાલી અડવામાત્રથી સુખ થાય.

**પ્રશ્નકર્તા :** તો આ વેદન કોણ ભોગવે છે ?

**દાદાશ્રી :** આત્માને ભોગવવાનું હોય નહીં, શરીર પણ ભોગવતું નથી. ખાલી અહંકાર જ કરે છે કે 'મને અશાતા વર્તે છે.' ખરી રીતે અહંકાર પણ પોતે ભોગવતો નથી. એ તો ખાલી અહંકાર કરે છે કે 'મેં ભોગવ્યું !' આત્માએ કોઈ દહાડો કોઈ વિષય ભોગવ્યો નથી, ખાલી ઈગોઈઝમ કરે છે એટલું જ. 'રોંગ-બિલીફ'થી કર્તાપણાનું અહમ્ ઊભું થયું. 'મેં આ કર્યું' તેના ફળમાં શાતા-અશાતા વેદે.

અજ્ઞાની અશાતા વેદનીય કલ્પાંત કરીને વેદે, 'જ્ઞાની' જ્ઞાનમાં રહીને નિકાલ કરે, નવું કર્મ ના બંધાય. અજ્ઞાની કર્મ બાંધે. કાં તો કો'કની ઉપર દ્વેષ કરે, કાં તો ડૉક્ટર ઉપર રાગ કરે, રાગદ્વેષ કર્યા કરે. રાગદ્વેષ ના થાય તે આત્મજ્ઞાનની નિશાની.

જગત આખું પોતાને 'ગમે' ત્યાં તન્મયાકાર થઇ જાય, તે રૂપ જ થઈ જાય. અને સ્વરૂપ જ્ઞાન પછી એ તન્મયાકાર ના થાય.

**પ્રશ્નકર્તા :** નિર્વેદ એટલે શું ?

**દાદાશ્રી :** નિર્વેદ એટલે મન, વચન, કાયા એ ત્રણે ય 'ઇફેકિટવ' હોવા છતાં પોતે 'અનઇફેકિટવ' રહે, વેદના ના રહે. સિદ્ધ ભગવાનને નિર્વેદ ના કહેવાય. કારણ કે તેમને મન, વચન, કાયા નથી. વેદનાનાં આધારે નિર્વેદ છે. એ દ્વંદ્વ છે. એકલું વેદ ના કહેવાય.

જાણવાની બાબતમાં આત્મા વેદક છે ને ખમવાની બાબતમાં નિર્વેદક છે.

આત્મા તો પરમાત્માસ્વરૂપી છે. એને પણ આ દેહની અસર પહોંચે છે. એ અસરને 'જોયા' કર્યું એટલે છૂટયા !

## આત્મા : શુદ્ધ ઉપયોગ !

આ દેહની સાથે આત્મા છે, તે આત્માને ઉપયોગ હોવો ઘટે. મનુષ્યો ચાર પ્રકારના ઉપયોગ કરી રહ્યા છે. આ જાનવરો આત્માનો ઉપયોગ કરતા નથી. ઉપયોગ ફકત અહંકારીઓને જ છે. જાનવરો તો સહજભાવે છે. આ ગાયો, ભેંસોને સહજભાવે રહે કે આ ખવાય ને આ ના ખવાય.

આત્માના ચાર ઉપયોગ છે. અશુદ્ધ ઉપયોગ, અશુભ ઉપયોગ, શુભ ઉપયોગ અને શુદ્ધ ઉપયોગ.

**પ્રશ્નકર્તા :** આત્માના ઉપયોગ, તે 'શુદ્ધાત્મા'ના કે 'પ્રતિષ્ઠિત આત્મા'ના ?

**દાદાશ્રી :** પહેલા ત્રણ ઉપયોગ પ્રતિષ્ઠિત આત્માના છે અને શુદ્ધ ઉપયોગ તે શુદ્ધાત્માનો અને તે ય ખરી રીતે પ્રજ્ઞાનો છે.

આ ઉપયોગમાં મૂળ આત્મા પોતે કંઇ કર્તા નથી.



અશુદ્ધ ઉપયોગ એટલે મનુષ્યને મારી નાંખે, મનુષ્યનું માંસ ખાય. એનું ફળ નર્કગતિ.

અશુભ ઉપયોગ એટલે કપટ કરે. ભેળસેળ કરે, સ્વાર્થ માટે જૂઠું બોલે, ક્રોધ, માન, માયા, લોભ કરે, એ બધો અશુભ ઉપયોગ. એનું ફળ તિર્યંચગતિ, જનાવરની ગતિ.

શુભ ઉપયોગ એટલે મનની શક્તિ, વાણીની, દેહની, અંતઃકરણની બધી શક્તિ પારકા માટે વપરાય તે ! સંપૂર્ણ શુભમાં રહે તે દેવગતિ મેળવે ને શુભાશુભવાળો મનુષ્યમાં આવે.

'શુદ્ધ ઉપયોગ' એટલે 'હું શુદ્ધાત્મા છું અને હું આ નથી કરતો પણ બીજું કોઇ કરે છે' એવું ભાન થાય, પોતે શુદ્ધમાં રહે અને સામાના શુદ્ધાત્મા જુએ એ. કોઇ ગાળ ભાંડે, ગજવું કાપી નાંખે તો ય એના શુદ્ધાત્મા જ જુએ તે શુદ્ધ ઉપયોગ ! જગત આખું નિર્દોષ દેખાય એમાં. 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ બેસે ત્યારથી શુદ્ધ ઉપયોગની શરૂઆત થાય છે, અને સંપૂર્ણ શુદ્ધ ઉપયોગને કેવળજ્ઞાન કહ્યું છે.

શુદ્ધ ઉપયોગ સિવાય બીજો પુરુષાર્થ નથી. શુદ્ધ ઉપયોગ ચૂકવો એને પ્રમાદ કહ્યો. એક ક્ષણ વાર ગાફેલ ના રહેવું જોઇએ. આ ટ્રેન સામેથી આવતી હોય તો ત્યાં ગાફેલ રહો છો ? જ્યારે આ તો અનંત અવતારની ભટકામણ છે ત્યાં ગાફેલ કેમ રહેવાય ?

**પ્રશ્નકર્તા :** ઉપયોગ એટલે 'એકઝેક્ટલી' કોને કહેવાય ?

**દાદાશ્રી :** આ પૈસા ગણો, સો સોની નોટો, ત્યારે કેવો ઉપયોગ રહે છે તમને? તે ઘડીએ ઉપયોગ ચૂકો છો ? હું તો કોઇ દહાડો આ રૂપિયા ગણવામાં ઉપયોગ ના દઉં. આમાં ઉપયોગ દીધે કેમ પાલવે ? આમાં તો મારો મહામૂલો ઉપયોગ બગડે. આ ઉપયોગ વેડફાય છે તેની કોઇને ખબર જ પડતી નથી. આત્માનો આખો ઉપયોગ ઊંધો જ વપરાયો છે. જ્યાં ઉપયોગ દેવાની જરૂર નથી, જે ઉપયોગ દીધા વગર ચાલે તેમ છે ત્યાં ઉપયોગ દે છે અને જયાં ઉપયોગ દેવાનો છે તેની ખબર નથી.

આ ઊંઘ સારી આવી કે નહીં આવી, એના માટે ઉપયોગ દેવાનો

હોય તો શું થાય ? ઊંઘ આવે જ નહીં. આ ગાડી ચાલતી હોય ને કોઇ માણસ ડબ્બામાં ઉતાવળ કરતો હોય, તે ડબ્બામાં આમ દોડે, તો તે વહેલો પહોંચી શકે ખરો ? એવું આ સંસારમાં લોકો દોડધામ કરે છે ! જરા શાંતિ પકડો ને ! સ્થિરતાથી જુઓ.

**પ્રશ્નકર્તા :** સ્થિર કરવું એનુ નામ ઉપયોગ ?

**દાદાશ્રી :** હા. તમે મારી જોડે વાતચીત કરતા હો ને તમારું ચિત્ત બીજે હોય તે એ ઉપયોગ ના કહેવાય. શેઠનું ધોકડું અહીં ખાતું હોય ને પોતે ગયા હોય મિલમાં, ચિત્તનું ઠેકાણું નહીં ! ઉપયોગ વગર ખાય છે તેનાં તો આ હાર્ટફેઇલ અને બ્લડ પ્રેશર થાય છે લોકોને !

**પ્રશ્નકર્તા :** ઉપયોગપૂર્વક જમવું એટલે શું ?

**દાદાશ્રી :** કોળિયો મોંમાં મૂકયો પછી તેનો સ્વાદ જાણે. મેથીનો સ્વાદ જાણે, મરચાંનો, મીઠાંનો, મરીનો, બધાંનો જ સ્વાદ જાણે, તે ઉપયોગપૂર્વકનું કહેવાય.

લોભિયાને લોભનો ઉપયોગ રહ્યા કરે, માનીને માનનો ઉપયોગ રહ્યા કરે. આ બે પ્રકારના મોટા ઉપયોગ સંસારીને રહે. લગ્નમાં માની ગયો હોય ને જરાક હાથ જોડીને જે જે કરવાનું પેલો ઉતાવળમાં ભૂલી ગયો તો એ ય મહીં છાતીનાં પાટિયાં બેસી જાય. ને આને આમ કરી નાખીશ ને તેમ કરી નાખીશ કરે, તેનાથી મહીં ભયંકર અશુભ ઉપયોગ થાય. લોભિયો શાક લેવા ગયો હોય તો તેનો ઉપયોગ કઇ ઢગલી સસ્તી છે તેમાં જ હોય, તે સડેલુ જ લઇ આવે !

વિષયોમાં ઉપયોગ કપટ કરવામાં જ રહ્યા કરે.

અજ્ઞાનદશામાં પણ માણસ આત્માનો શુભ ઉપયોગ કરી શકે છે. ખોટું થાય ત્યારે શાસ્ત્રના આધારે 'આવું ના કરવું' એમ કહે તે આત્માનો ઉપયોગ કહેવાય. મંદિર કે દેરાસરમાં જાય, શાસ્ત્રો વાંચે, એ બધો શુભ ઉપયોગ કહેવાય.

પ્રત્યક્ષ 'જ્ઞાની પુરુષ'ની આજ્ઞા પાળે તે 'શુદ્ધ ઉપયોગ' કહેવાય.



શુદ્ધ ઉપયોગ હોય ત્યાં અવિરતિ સાથે સંવરપૂર્વક નિર્જરા થયા કરે. તમારો જો શુદ્ધ ઉપયોગ હોય તો સામાનો ગમે તે ઉપયોગ હોય તો ય તમને તે ના અડે.

'જ્ઞાની પુરુષ' નિરંતર શુદ્ધ ઉપયોગમાં જ હોય. 'જ્ઞાની' નિર્ગ્રંથ હોય તેથી એક ક્ષણવાર પણ એમનો ઉપયોગ કયાંય અટકે નહીં. મનની ગાંઠ ફૂટે ત્યારે ગાંઠવાળો તો પા કલાક, અડધો કલાક એક જ વસ્તુમાં રમણતા કરે; 'જ્ઞાની' ક્યાંય એક ક્ષણ અટકે નહીં તેથી તેમનો ઉપયોગ નિરંતર ફર્યા જ કરે, તેમનો ઉપયોગ બહાર ના હોય. 'જ્ઞાની' ગૃહસ્થદશામાં રહે પણ ગૃહસ્થી ના હોય, નિરંતર વીતરાગતા એ જ એમનું લક્ષણ ! અમારે ઉપયોગમાં ઉપયોગ રહે.

**પ્રશ્નકર્તા :** અમે તમને પ્રશ્નોત્તરી કરીએ ત્યારે તમે શેમાં હો ?

**દાદાશ્રી :** અમે એના જ્ઞાતાદ્રષ્ટા રહીએ એ જ અમારો ઉપયોગ. આ શબ્દો નીકળે તે રેકર્ડ બોલે છે, એમાં અમારે કંઇ લેવાદેવા નહીં. એના પર ઉપયોગ રહે એટલે અમને ખબર પડી જાય કે ક્યાં ભૂલ થઇ ને ક્યાં ઉપયોગ નથી રખાતો. આ 'રેકર્ડ' સાંભળો તો તમને કેવું સ્પષ્ટ સમજાય કે આમાં આ ભૂલ છે ને આ 'કરેકટ' છે ?! તેવું અમને અમારી વાણીની 'રેકર્ડ' વાગતી હોય ત્યારે રહે.

પાંચે ય ઇન્દ્રિયોનો એટ-એ-ટાઇમ ઉપયોગ રાખે તે શુદ્ધ ઉપયોગ.

**પ્રશ્નકર્તા :** આપ જ્ઞાતાદ્રષ્ટા રહો, તે વખતે સ્વ-ઉપયોગ ના રહ્યો કહેવાય ને ?

**દાદાશ્રી :** જ્ઞાતાદ્રષ્ટા રહેવું એ જ સ્વ-ઉપયોગ અને પર-ઉપયોગ કોનું નામ ? 'હું ચંદુલાલ, હું ફલાણો, હું જ્ઞાની છું' એ પર-ઉપયોગ કહેવાય.

મનમાં તન્મયાકાર પરિણામ ના હોય, વાણીમાં તન્મયાકાર પરિણામ ના હોય અને વર્તનમાં તન્મયાકાર પરિણામ ના હોય એનું નામ શુદ્ધ ઉપયોગ.

## ઉપયોગમાં ઉપયોગ એ કેવળજ્ઞાન !

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું કે અમારે ઉપયોગ ઉપયોગમાં રહે, એટલે એમાં બે ઉપયોગ થયા. તો કયો ઉપયોગ કયા ઉપયોગમાં રહે ?

**દાદાશ્રી :** પહેલો ઉપયોગ એટલે જે શુદ્ધ ઉપયોગ છે, તે છે. એ ઉપયોગ એટલે પોતાની જાતને શુદ્ધ જોવી, બીજાને શુદ્ધ જોવા, આજ્ઞામાં રહેવું એ બધું શુદ્ધ ઉપયોગ કહેવાય. અને એ શુદ્ધ ઉપયોગની ઉપરે ય ઉપયોગ રાખે કે શુદ્ધ ઉપયોગ કેવો વર્તે છે. એ કેવળજ્ઞાન કહેવાય ને પહેલો શુદ્ધ ઉપયોગ કહેવાય. ઉપયોગ ઉપયોગમાં એ કેવળજ્ઞાન છે.

**પ્રશ્નકર્તા :** એ ઉપયોગ જ્ઞાન સ્વરૂપ કહેવાય ?

**દાદાશ્રી :** શુદ્ધ ઉપયોગ જ્ઞાન સ્વરૂપ કહેવાય અને ઉપયોગ ઉપયોગમાં એ વિજ્ઞાન સ્વરૂપ કહેવાય, કેવળજ્ઞાન સ્વરૂપ કહેવાય. શુદ્ધ ઉપયોગની જે જાગૃતિ છે તેની ઉપરે ય જાગૃતિ એ કેવળજ્ઞાનની જાગૃતિ છે, છેલ્લી જાગૃતિ છે. 'જ્ઞાની'ની જાગૃતિ એ શુદ્ધ ઉપયોગ કહેવાય, અને તેના ઉપરની જાગૃતિ એ કેવળજ્ઞાનનો ઉપયોગ કહેવાય. અમને જાગૃતિ પરની જાગૃતિ રહે, પણ જેવી તીર્થંકરની રહે એટલી બધી ના રહે.

**પ્રશ્નકર્તા :** અંતઃકરણની ક્રિયામાં જે વખતે ઉપયોગ રહે છે, જ્ઞેય-જ્ઞાતા સંબંધ રહે છે, તે વખતે પોતે જ્ઞાતા ને અંતઃકરણ જ્ઞેય રહે, એમાં ય પાછું કેવળજ્ઞાનમાં ઉપયોગ રહે ?

**દાદાશ્રી :** આ જ્ઞેય-જ્ઞાતા સંબંધના ઉપયોગને પેલો ઉપયોગ 'જાણે' કે કેટલો ઉપયોગ કાચો પડયો, કેટલો પાકો થયો. તીર્થંકરોને જ્ઞેય-જ્ઞાતા ઉપરે ય ઉપયોગ હોય, 'કેવળ' બધું હોય.

**પ્રશ્નકર્તા :** એટલે કેવળજ્ઞાનમાં જ્ઞેયથી છૂટું પડી ગયું કહેવાય ?

**દાદાશ્રી :** કેવળજ્ઞાનમાં જ્ઞેયથી છૂટું જ હોય. પણ જ્ઞેય-જ્ઞાતાવાળા સંબંધમાં જ્ઞેયની જોડે છૂટું નથી પડતું, એને સંબંધ રહ્યો છે અને સંબંધને જાણે છે કે આવો સંબંધ છે.



ઉપયોગ ઉપયોગમાં રહે એટલે જાગૃતિ જાગૃતિમાં જ રહે, બહાર ના ખેંચે. બહાર જે દેખાય તે સહેજા સહેજ દેખાય.

આખા જગતને ભગવત્ સ્વરૂપે સમજે તો એ શુદ્ધ ઉપયોગ કહેવાય.

## આત્મા : કેવળજ્ઞાન સ્વરૂપ !

પોતે પોતાની આખા બ્રહ્માંડને પ્રકાશવાની જે સ્વસંવેદન શક્તિ છે તે કેવળજ્ઞાન. કેવળ આત્મ-પ્રવર્તન એનું નામ કેવળજ્ઞાન. જ્ઞાનક્રિયા, દર્શનક્રિયા, સિવાય અન્ય કોઈ પ્રવર્તન નહીં તેનું નામ કેવળજ્ઞાન. અનંત જાતના અનંત પર્યાયોમાં પોતાના જ્ઞાન સિવાય અન્ય કંઇ જ નથી તે કેવળજ્ઞાન.

જેણે આત્મજ્ઞાન જાણ્યું એટલે પછી કેવળજ્ઞાન બહુ દૂર નથી. આત્મજ્ઞાન જાણ્યું એ કારણ કેવળજ્ઞાન છે અને પેલું કાર્ય કેવળજ્ઞાન છે. તેથી તો કહીએ છીએ, આત્મજ્ઞાન જાણો.

કેવળજ્ઞાન પામે એટલે કંઇ જ જાણવાપણું ના રહ્યું. કેવળજ્ઞાન એટલે 'એબ્સોલ્યુટ' ! કેવળ પોતાની સત્તાને જાણે !! આત્મા દેહ સ્વરૂપી નથી, વાણી કે વિચાર સ્વરૂપી નથી. આત્મા તો કેવળજ્ઞાન સ્વરૂપી છે ! મોક્ષ દૂર નથી; પોતાની પાસે જ છે. આ ઝાખરાં વળગ્યાં છે તેથી અનુભવમાં આવતો નથી. મોક્ષ એટલે સંસાર અડે નહીં, કષાય થાય નહીં. શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું હોય તો દેહ સાથે મોક્ષ ને કેવળજ્ઞાન થાય તો મોક્ષ થાય. શ્રદ્ધાપણે કેવળજ્ઞાન એટલે કેવળદર્શન.

**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાન વિશે સમજાવો.

**દાદાશ્રી :** આત્મા પોતે જ કેવળજ્ઞાન સ્વરૂપ છે. આ દેહ છે એ સ્થૂલ સ્વરૂપ છે. મહીં અંતઃકરણ ને એ બધું સૂક્ષ્મ સ્વરૂપો પણ છે, અને આત્મા છે. આત્મા તો કેવળજ્ઞાન સ્વરૂપ એટલે પ્રકાશ સ્વરૂપ જ છે, પ્રકાશમય જ છે, બીજું કંઇ નથી એનું. જેમ પરમાણુઓ વધતાં ગયાં ને આપણે માનતા ગયા કે 'હું મનુષ્ય છું, આમ છું, તેમ છું' તેમ તેમ એ

અજ્ઞાન ભણી ચાલ્યા. સમક્તિ થયા પછી કેવળજ્ઞાન ભણી ચાલવાનું છે. ધીમે ધીમે બોજા ઘટતા જાય, સંસારનાં લફરાં છૂટતાં જાય તેમ તેમ આનંદ વધતો જાય. ધીમે ધીમે પોતે પરમાત્મા થાય.

કેવળ એટલે એબ્સોલ્યુટ, બીજું કંઇ જ જેમાં ભળેલું નથી તે એબ્સોલ્યુટ જ્ઞાન.

અત્યારે જર્મનીવાળા કોઇ પૂછે કે વર્લ્ડમાં 'થિયરી ઓફ એબ્સોલ્યુટિઝમ' છે કોઇ જગ્યાએ ? તો આપણે કહીએ કે આ 'દાદા' છે કે જે 'થિયરી ઓફ એબ્સોલ્યુટિઝમ' જ નહીં, પણ 'એબ્સોલ્યુટિઝમ' ના 'થિયરમ'માં બેઠેલા છે ! તારે જે પૂછવું હોય તે પૂછ. આ 'અક્રમવિજ્ઞાન' એટલે 'થિયરી ઓફ એબ્સોલ્યુટિઝમ' છે.

જ્ઞાનનો સ્વભાવ જ છે કે જ્ઞાન પોતે તદ્-રૂપાકાર રહે. ત્યારે એ દર્શન સ્વરૂપે રહ્યા કરે, પ્રકાશ સ્વરૂપે રહ્યા કરે અને આનંદ સ્વરૂપે રહ્યા કરે.

મહીં કેવળ જ્ઞાન સત્તામાં પડેલું છે, પણ આજે ઉપયોગમાં નથી આવતું. આ સત્સંગ કરીએ છીએ તે તેને વ્યકત કરીએ છીએ. એક દહાડો સંપૂર્ણ નિવારણ થઇ જશે એટલે સંપૂર્ણ વ્યકત થઇ ગયું ! પછી મારી માફક તમને પણ આનંદ જશે જ નહીં. આપણે કહીએ કે જા અહીંથી, તો ય એ ના જાય.

**પ્રશ્નકર્તા :** 'એબ્સોલ્યુટ નોલેજ'ની 'ડેફિનેશન' આપી શકશો ?

**દાદાશ્રી :** 'કેરી ગળી લાગે છે' એ જ્ઞાન છે ને ? કે અજ્ઞાન છે?

**પ્રશ્નકર્તા :** જ્ઞાન છે.

**દાદાશ્રી :** એ જ્ઞાન છે, પણ તેથી કંઇ મોઢું ગળ્યું થાય ખરું ? એટલે જે જ્ઞાનથી મોઢું ગળ્યું ના થાય એ 'એબ્સોલ્યુટ' ના કહેવાય. જે જ્ઞાનથી સુખ જ વર્તે એનું નામ 'એબ્સોલ્યુટ'. જ્યારે 'હું શુદ્ધાત્મા છું' એ જ્ઞાન 'એબ્સોલ્યુટ' થશે ત્યારે બહારનું વળગણ છૂટી જશે, સર્વ અંતરાયો તૂટી જશે ને નિરંતર પોતાનું પરમાનંદ સ્વરૂપ રહેશે.



'એબ્સોલ્યુટ' સિવાયનું બીજું જ્ઞાન છે તે આનંદ ના આપે, એ તો માર્ગદર્શન બતાવે કે કેરી ગળી છે. જેમ બોર્ડ મારે છે ને કે 'મુંબઈ જવાનો રસ્તો'- એવી રીતે છે. ખાલી કહે છે કે 'તું પૈણીશ એટલે સુખી થઇ જઇશ' તેથી કંઇ સુખી થઇ ગયો ? ના, જ્યારે એબ્સોલ્યુટ જ્ઞાનમાં તો તે જ રૂપ થઇ જાય.

કેવળજ્ઞાન સ્વરૂપ તેને જ કહેવામાં આવે છે કે જ્યાં પુદ્ગલ પરિણતિ બંધ થઇ જાય. સર્વથા નિજ પરિણતિને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. કેવળદર્શનમાં નિજ પરિણતિ ઉત્પન્ન થાય છે. નિજ પરિણતિ સંપૂર્ણ થાય એને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. કેવળદર્શનમાં નિજ પરિણતિ ઉત્પન્ન થાય છે અને કેવળજ્ઞાનમાં સંપૂર્ણ થાય છે. નિજ પરિણતિ ઉત્પન્ન થયા બાદ ક્રમે ક્રમે વધ્યા કરે અને કેવળજ્ઞાન સ્વરૂપમાં પરિણમે. નિજ પરિણતિ એ આત્મભાવના છે, 'હું શુદ્ધાત્મા છું' એ આત્મભાવના નથી.

જ્યાં સુધી કેવળજ્ઞાન ના થાય ત્યાં સુધી મહીંના જ્ઞેયો જોવાનાં છે, ત્યાર પછી બ્રહ્માંડનાં જ્ઞેયો ઝળકે. આ કાળમાં અમુક જ અંશો સુધી જ્ઞેયો અને દ્રશ્યો ઝળકે.

શુદ્ધાત્મ પદ પ્રાપ્ત કર્યા પછી મહીં જે જ્ઞેય છે કે જે 'ડિસ્ચાર્જ' સ્વરૂપે છે તેના આપણે જ્ઞાતા છીએ. 'ડિસ્ચાર્જ' આપણા તાબામાં નથી, 'વ્યવસ્થિત'ના તાબામાં છે. આપણો તો જ્ઞાયકભાવ છે.

શુદ્ધાત્મા એ પરમાત્મા નથી. શુદ્ધાત્મા તો પરમાત્માના 'યાર્ડ'માં આવેલું સ્થાન છે. શુદ્ધાત્મ પદ થયા પછી આગળનું પદ કેવળજ્ઞાન સ્વરૂપ રહે છે, એ છેલ્લું પદ છે.

**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાન થાય ત્યારે પરમાત્મપદમાં આવે ?

**દાદાશ્રી :** આ શુદ્ધાત્મ પદ પ્રાપ્ત થાય એટલે કેવળજ્ઞાનના અંશની શરૂઆત થાય. સર્વાંશે કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાનના અમુક અંશનું ગ્રહણ થાય એટલે આત્મા તદ્દન છૂટો જ દેખાયા કરે, ત્યાર પછી 'એબ્સોલ્યુટ' થાય.

જાગૃતિ એ જ જ્ઞાન છે ને સંપૂર્ણ જાગૃતિ એનું નામ કેવળજ્ઞાન. તમામ પ્રકારની જાગૃતિ, અણુએ અણુ, પરમાણુએ પરમાણુની જાગૃતિ એનું નામ કેવળજ્ઞાન. કેવળજ્ઞાનનું જે આખરી પગથિયું છે તેમાં કેવળ સ્વરૂપની જ રમણતા રહે.

શુદ્ધ જ્ઞાન એટલે 'વોટ ઈઝ રિયલ ?' અને 'વોટ ઈઝ રિલેટિવ ?' એમ બે ભાગ પાડે તે અને વિશુદ્ધ જ્ઞાન એટલે 'થિયરી ઓફ એબ્સોલ્યુટિઝમ.' વિશુદ્ધ જ્ઞાન એટલે પરમાત્મા !

**પ્રશ્નકર્તા :** 'રિયાલિટી' અને 'રિયલ' એ બેમાં શું કહેવા માગો છો ?

**દાદાશ્રી :** આપણે શું કહીએ છીએ કે 'રિયાલિટી'થી 'રિયલ'માં જાવ. 'રિયાલિટી'થી મહીં ઠંડક આવે ને અનુભવ થાય.

**પ્રશ્નકર્તા :** ભગવાને સ્થિતપ્રજ્ઞ દશા પછી એક પગ પર ઊભા રહીને તપસ્યા કરી ત્યારબાદ એમને કેવળજ્ઞાન થયું. તે આપણે એ બધું ના કરીએ ત્યાં સુધી કેવળજ્ઞાન ક્યાંથી મળે ?

**દાદાશ્રી :** કેવળજ્ઞાન તો જ્ઞાનક્રિયાથી થાય, અને આ તો અજ્ઞાનક્રિયા કહેવાય. એક પગ પર ઊભા રહેવું એ તો હઠાગ્રહ કહેવાય. ભગવાન આવા હઠાગ્રહી ન્હોતા. ભગવાનને તો સમજવું મુશ્કેલ છે. પોતપોતાની ભાષામાં લઈ જાય છે વાતને.

**પ્રશ્નકર્તા :** યથાખ્યાત ચારિત્ર્ય એ જ કેવળજ્ઞાન ?

**દાદાશ્રી :** યથાખ્યાત ચારિત્ર્ય પૂરું થાય ત્યાર પછી કેવળ જ્ઞાન થાય. યથાખ્યાત પછી કેવળ ચારિત્ર્ય છે. કેવળજ્ઞાન ક્યારે થાય ? છેલ્લા અવતારના છેલ્લાં દસ-પંદર વર્ષ કે છેવટે પાંચ વર્ષે ય કોઈ સગાઈઓ, વ્યાવહારિક કે નાટકીય ના હોય ત્યારે. ભગવાન મહાવીરને નાટકીય સગાઈઓ ક્યારે ખસી ? ભગવાન તો પરણ્યા હતા, બેબી હતી, છતાં ય નાટકીય રીતે ઘરમાં રહેતા હતા. ત્રીસમે વર્ષે એ ય છૂટયું. અનાર્ય દેશમાં વિચર્યા ત્યારે કેવળજ્ઞાન ઊપજ્યું. સિદ્ધાંત શું કહે છે કે કેવળ થતાં પહેલાં અમુક વર્ષો કોરું હોવું જોઈએ. તે નિયમથી જ ઉદયમાં આવે છે,



તેને માટે ત્યાગની જરૂર નથી.

ગજસુકુમારને ભગવાન નેમીનાથ પાસેથી શુદ્ધાત્મપદ પ્રાપ્ત થયું હતું ગજસુકુમારની બ્રાહ્મણ કન્યા સાથે સગાઈ થઈ હતી. પાછળથી તો એ વૈરાગ્યને પામેલા, એટલે દીક્ષા લેવાના થયા. હવે સોમેશ્વર બ્રાહ્મણને મનમાં વેર ઊભું થયેલું કે મારી છોકરીને રખડાવી મારી. એક દિવસ જંગલમાં તળાવકાંઠે ગજસુકુમાર શુદ્ધાત્માનું ધ્યાન કરતા હતા. પદ્માસન વાળી બેઠા હતા. એમને તો ક્રમિકમાર્ગમાં પદ્માસન વાળવું પડે. આપણે અહીં પદ્માસન વાળીને બેઠો હોય તો પા કલાક પછી મારે કાઢી આલવો પડે પગ. એટલે અમે તો કહીએ, તને ફાવે તેમ બેસ. આ તો અક્રમજ્ઞાન છે ! હવે ગજસુકુમાર ધ્યાનમાં બેઠેલા ને ત્યાંથી તે વખતે સોમેશ્વર બ્રાહ્મણ પસાર થતો હતો. તેણે ગજસુકુમારને જોયા એટલે તો મહીં વેર ખળભળી ઊઠયું, ક્રોધે ભરાઈને એણે જમાઈના માથે માટીના ગારાની સગડી બનાવી અને મહીં અંગારા ધગધગાવ્યા. ત્યારે ગજસુકુમારે જોઈ લીધું હતું કે 'ઓ હો હો ! આજ તો સસરાજી મોક્ષની પાઘડી બાંધે છે !' એટલે એમણે શું કર્યું ?

ભગવાને તેમને સમજાવ્યું હતું કે, ''મોટો ઉપસર્ગ આવી પડે ત્યારે 'શુદ્ધાત્મા, શુદ્ધાત્મા' ના કરશો. શુદ્ધાત્મા તો સ્થૂલ સ્વરૂપ છે, શબ્દરૂપ છે. ત્યારે તો સૂક્ષ્મ સ્વરૂપમાં જતા રહેજો.'' એમણે પૂછ્યું, 'સૂક્ષ્મ સ્વરૂપ શું છે ?' ત્યારે ભગવાને સમજાવેલું કે, 'ફક્ત કેવળજ્ઞાન જ છે, બીજી કોઈ વસ્તુ નથી.' ત્યારે ગજસુકુમારે પૂછયું, 'કેવળજ્ઞાનનો અર્થ મને સમજાવો.' ત્યારે ભગવાને સમજાવ્યું, 'કેવળજ્ઞાન એ આકાશ જેવું સૂક્ષ્મ છે ; જ્યારે અગ્નિ સ્થૂલ છે. તે સ્થૂલ, સૂક્ષ્મને કોઈ દહાડો બાળી શકે નહીં. મારો, કાપો, બાળો તો ય પોતાના કેવળજ્ઞાન સ્વરૂપને કંઈ જ અસર થાય તેમ નથી. અને ગજસુકુમાર માથે અંગારા ધીકતા હતા ત્યારે 'હું કેવળજ્ઞાન સ્વરૂપ છું' એમ બોલ્યા ત્યાં ખોપરી ફાટી, પણ કશી જ અસર તેમને ના થઈ !

વાત જ સમજવાની છે. આત્મા પોતે કેવળજ્ઞાન સ્વરૂપ જ છે. કેવળજ્ઞાન કંઈ લેવા જવાનું નથી.

**પ્રશ્નકર્તા :** ગજસુકુમારને માથે પાઘડી બંધાવી, તે વખતે તેમની સ્થિતિ શું ? વેદનાની અસર ના થઇ એનું કારણ એમનું લક્ષ આત્મામાં પેસી ગયું, તે ? એટલે બહારના ભાગમાં શું થાય છે તેની તેમને ખબર ના રહી ?

**દાદાશ્રી :** વેદનાની અસર થઇ. રહેવાયું નહીં ત્યારે ભગવાનના શબ્દો યાદ આવ્યા કે હવે ચલો આપણા દેશમાં. અસર થયા વગર આત્મા 'હોમ ડિપાર્ટમેન્ટ'માં પેસે તેવો નથી.

**પ્રશ્નકર્તા :** તે વખતે લક્ષ 'એટ એ ટાઇમ' બે જગ્યાએ રહે ? વેદનામાં ને આત્મામાં ?

**દાદાશ્રી :** શરૂઆતમાં ધૂંધળું રહે. પછી વેદનામાં લક્ષ છોડી દે ને એક આત્મામાં જ પેસી જાય. જેને આત્મજ્ઞાન ના મળ્યું હોય તેને આવી અશાતા વેદનીય અધોગતિમાં લઇ જાય, ને જ્ઞાનીને તે મોક્ષે લઇ જાય !

કેવળજ્ઞાન સ્વરૂપ કેવું દેખાય ? આખા દેહમાં આકાશ જેટલો જ ભાગ પોતાનો દેખાય. આકાશ જ ખાલી દેખાય, બીજું કશું દેખાય નહીં, કોઇ મૂર્ત વસ્તુ એમાં ના હોય. આમ ધીમે ધીમે અભ્યાસ કરતા જવાનું છે. અનાદિકાળના અન્-અભ્યાસને 'જ્ઞાનીપુરુષ'ના કહેવાથી અભ્યાસ થતો જાય, અભ્યાસ થયો એટલે શુદ્ધ થઇ ગયું !

**પ્રશ્નકર્તા :** 'હું કેવળજ્ઞાન સ્વરૂપ છું' એમ વધારે બોલીએ તો વાંધો છે ?

**દાદાશ્રી :** કશો વાંધો નહીં. પણ શબ્દરૂપે બોલવાનો અર્થ નહીં, સમજીને બોલવું સારું. જ્યાં સુધી અશુદ્ધ બાબત આવે ને તે વખતે મહીં પરિણામ ઊંચાનીચાં થઇ જાય ત્યાં સુધી 'હું શુદ્ધાત્મા છું' બોલવું સારુ. પછી આગળની શ્રેણીમાં 'હું કેવળજ્ઞાન સ્વરૂપ છું' એમ બોલાય. ગુણોની ભજના કરે, તો સ્થિરતા રહે ! આ મારું સ્વરૂપ છે અને આ ન હોય, આ જે થાય છે, એ મારું સ્વરૂપ ન હોય. એવું બોલો તો ય ઊંચાનીચાં પરિણામ બંધ થઇ જાય, અસર ના કરે. આત્મા શું છે ? એના ગુણ સહિત બોલવું, જોવું, ત્યારે એ પ્રકાશમાન થાય.



**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાની અને જ્ઞાનીપુરુષ એમાં ફેર કેટલો ?

**દાદાશ્રી :** કેવળજ્ઞાની કોણ કે જેને બધી વસ્તુ જ્ઞાનથી દેખાય, જ્યારે 'જ્ઞાની પુરૂષ'ને બધી વસ્તુ સમજમાં હોય, બાધેભારે હોય. જયારે કેવળજ્ઞાનમાં પૂર્ણ ફોડ હોય, બાધે ભારે ના હોય. કેવળજ્ઞાની કાર્ય સ્વરૂપે થયેલા હોય અને જ્ઞાની પુરુષ કારણ સ્વરૂપે થયા છે, એટલે કે કેવળજ્ઞાનનાં કારણો સેવી રહ્યાં છે. એ કેવું છે કે એક માણસ વડોદરા જતો હોય, અહીંથી દાદર સ્ટેશન પર વડોદરા જવા માટે ગયો હોય ને આપણને કોઇ પૂછે તો કહીએ કે, વડોદરા ગયા. થઇ રહેલા કાર્યને કારણમાં આરોપણ કરી શકાય.

અમને કેવળજ્ઞાન આંગળી અડીને છટકી ગયું, પચ્યું નહીં, ચાર ડિગ્રી ઓછું રહ્યું. તે આ કેવળજ્ઞાનમાં નાપાસ થયો તે તમારે માટે કામ લાગ્યો.

**પ્રશ્નકર્તા :** દાદા, તમને અમે પ્રશ્નો પૂછીએ છીએ તેના જવાબ સચોટ ને તત્ક્ષણ આપો છો, પણ તે કોઇ શાસ્ત્રના આધારનું નથી હોતું. તો તે તમે ક્યાંથી જવાબ આપો છો ?

**દાદાશ્રી :** હું વિચારીને કે વાંચેલું નથી બોલતો, કેવળજ્ઞાનમાં આમ જોઇને બોલું છું. આ તમે સાંભળી રહ્યા છો, જોઇ રહ્યા છો તે કેવળજ્ઞાનનો પ્રકાશ છે. આ બધી વાણી કેવળ જ્ઞાનમય છે. કેવળજ્ઞાનનાં અમુક જ જ્ઞેયો અમને દેખાતાં ના હોય. આ તો દુષમકાળનું કેવળજ્ઞાન છે !!

અજ્ઞાનથી માંડીને કેવળજ્ઞાન સુધીના બધા જ ફોડ નીકળ્યા છે, કોઇ શાસ્ત્રમાં જડશે નહીં એવી અપૂર્વ વાતો છે. આ બહુ ઝીણી વાતો છે, આ સ્થૂલ નથી. સ્થૂલ વટાવ્યું, સૂક્ષ્મ વટાવ્યું સૂક્ષ્મતર વટાવ્યું અને આ સૂક્ષ્મતમની વાત છે. માટે 'આ' પરપોટો જીવે છે ત્યાં સુધી કામ કાઢી લો. એ છે ત્યાં સુધી વાતો સાંભળવા મળે, પછી આ લખેલી વાણી તથારૂપ ફળ આપે નહીં. પ્રત્યક્ષ સાંભળેલું હોય તેને શબ્દ ઊગ્યા વગર રહે નહીં. આ શબ્દો એકે ય નકામા જવાના નથી. જેની જેટલી શક્તિ એને એટલું પાચન થઇ જવાનું. આ કેવળજ્ઞાનમય વાણી છે. જ્યાં બુદ્ધિ

‘એન્ડ’ને (અંતને) પામે, મતિજ્ઞાન ‘એન્ડ’ને પામે, ત્યાં કેવળજ્ઞાન ઊભું રહ્યું છે. એ પ્રકાશ કેવળજ્ઞાનથી જ ઉત્પન્ન થયેલો પ્રકાશ છે !

આ જગતમાં જે કંઇ પણ કરવામાં આવે તે જગતને પોષાય યા ના પણ પોષાય, છતાં હું કંઇ જ કરતો નથી એવો જે સતત ખ્યાલ રહેવો તે કેવળદર્શન છે, એ સમજ રહેવી તે કેવળજ્ઞાન છે !

## આત્મા : અસંગ !

મન, વચન, કાયાની તમામ સંગીક્રિયાઓથી ‘શુદ્ધચેતન’ સાવ અસંગ જ છે. મન, વચન, કાયાની તમામ સંગીક્રિયાઓનું ‘શુદ્ધચેતન’ જ્ઞાતાદ્રષ્ટા માત્ર છે. સમીપમાં રહેવાથી ભ્રાંતિ ઉત્પન્ન થાય છે. બન્ને વસ્તુઓ સ્વભાવે કરીને જુદી જ છે. આત્માની કોઇ ક્રિયા છે જ નહીં, તો પછી આ બધી સંગીક્રિયાઓ કોની છે ? પુદ્ગલની.

પુદ્ગલ હેરાન કરે એવી વસ્તુ છે, એ પાડોશી છે. પુદ્ગલ ક્યારે હેરાન ના કરી શકે ? પોતે વીર્યવાન હોય ત્યારે. અગર તો આહાર બિલકુલ ઓછો લે, જીવવા પૂરતો જ લે, તો પુદ્ગલ હેરાન ના કરે.

શુદ્ધાત્મા એ નિર્લેપ છે, અસંગ છે, એને સંગ અડતો જ નથી. હીરો મુઠ્ઠીરૂપ થઇ ગયો ? કે મુઠ્ઠી હીરારૂપ થઇ ગઇ ? બન્ને પોતપોતાનું કામ કરે છે, બન્ને જુદા જ છે. એવું આત્મા અને અનાત્માનું છે. આત્માનો સ્વભાવ સંગમાં રહેવા છતાં અસંગી છે, તેને કોઇ ડાઘ પડે નહીં.

**પ્રશ્નકર્તા :** આત્મા અસંગ છે, છતાં શરીરમાં શું કામ રહેવું પડે છે ?

**દાદાશ્રી :** દેહનો સંગ તો તીર્થંકરોને ય રહે. એમને ય કાનમાં ખીલા ખોસાયા તે ય વેદવા પડયા, એ ય હિસાબ છે. દેહનું આયુષ્યકર્મ હોય તે પુરું કરવું પડે, પછી મોક્ષે જવાય. દેહમાં રહેવા છતાં ય અસંગ અને નિર્લેપ રહેવાય એવું વીતરાગોનું વિજ્ઞાન છે !

‘તું શુદ્ધાત્મા છે’ તો સંસારમાં રહ્યો છું એવી શંકા ના કરીશ.



## આત્મા : નિર્લેપ !

મન, વચન, કાયાના તમામ લેપાયમાન ભાવો જે આવે છે તેનાથી ‘શુદ્ધચેતન’ સર્વથા નિર્લેપ જ છે.

મનના જે ભાવો ઊભા થાય છે, વિચારો ઊભા થાય છે, તે અજ્ઞાનદશાનું સ્પંદન છે. જ્ઞાનદશામાં સ્પંદન બંધ થવાથી મન ઉત્પન્ન થતું નથી. વચન પણ અજ્ઞાનદશાનું સ્પંદન છે. કાયા પણ અજ્ઞાનદશાનું સ્પંદન છે. અજ્ઞાનદશામાં ઉત્પન્ન થયેલાં સ્પંદનો આજે ‘ડિસ્ચાર્જ’ સ્વરૂપે જ છે. ડિસ્ચાર્જ માં ફેરફાર થઇ શકે જ નહીં, તેના તરફ ઉદાસીન ભાવે રહેવાનું. જ્ઞાનદશા પછી સ્પંદન નહીં થવાથી મન, વચન, કાયાનો ઉદ્ભવ થતો નથી. મન લગ્ન બનાવે કે મરણ બતાવે તો તે બન્નેમાં ‘હું’ ઉદાસીન છું, વાણી કઠોર સ્વરૂપે નીકળે કે સુંદર સ્વરૂપે નીકળે, તો પણ ‘હું’ ઉદાસીન જ છું. વાણી કઠોર સ્વરૂપે નીકળે ને સામાને દુઃખ થાય તો થયેલા અતિક્રમણનું પ્રતિક્રમણ ‘હું’ કરાવું.

મન, વચન, કાયાના ભાવો એટલે પુદ્ગલના જે ભાવો ઉત્પન્ન થાય છે, તેના પરથી માનેલો આત્મા પોતાના ભાવો કરે છે, તેનાથી સંસાર ઊભો થાય છે. મન, વચન, કાયાનો જે જે ભાવો થાય છે તે બધા જ પુદ્ગલના ભાવો છે, શુદ્ધચેતનના ન હોય. આટલું જ જે સમજી ગયો તેનું કામ થઇ ગયું.

સાયન્સ શું કહે છે કે આ સોનુ-તાંબું છે, તે સોનાના સ્વભાવ તાંબામાં ના આવે ને તાંબાના સ્વભાવ સોનામાં ના આવે. બન્ને જોડે જોડે રહે, તો ય સહુ સહુના સ્વભાવમાં રહે છે.

ઘરબાર, બૈરી, છોકરાં ત્યાગ્યાં એ ય પુદ્ગલ ભાવ છે ને પૈણ્યો એ ય પુદ્ગલ ભાવ છે. પુદ્ગલના ભાવોને પોતાના માને છે તેનાથી સંસાર ચાલે છે. કારણ કે એને એમ લાગે છે કે ‘મારા સિવાય બીજો કોઇ ભાવ કરે જ નહીં, બીજું બધું જડ છે.’ પણ એને ખબર નથી કે આ જડના પણ ભાવો છે ને એ ભાવો પણ જડ છે. ‘આ ચેતનભાવ છે ને આ જડભાવ છે’ આ સમજાયું કે છૂટી ગયો.

પુદ્ગલના ભાવ કેવા છે ? આવ્યા પછી જતા રહે. અને જતો ના રહે તે આત્મભાવ છે. પુદ્ગલનો ભાવ એટલે પૂરેલો ભાવ છે, તે ગલન થઇ જશે. આ બહુ ઝીણી વાત છે અને છેલ્લી દશાની વાત છે. નિરપેક્ષ વાત છે.

અમે તમને મહાત્માઓને જે આત્મા આપ્યો છે તે નિર્લેપ જ આપ્યો છે. મનના વિચારો આવે છે, જે જે ભાવો આવે છે, તે બધા લેપાયમાન ભાવો છે. તે 'આપણ'ને હઉ લેપી નાખવા જાય. નિર્લેપને પણ લેપવા જાય તેવા છે. પણ એ તારા ભાવ નથી. જે પૂરણ થયેલા ભાવો છે તેનું ગલન થાય છે, તેમાં તને શું છે તે ? ચાર વર્ષ પહેલાનો ગુનો હોય અને તે કોર્ટમાં દટાઇ ગયો હોય ને આજે કાગળિયું આવે કે ના આવે ? પહેલાંના પૂરણનું આજે ગલન થાય છે, તેમાં તું શું કામ ડર્યા કરે છે ? આ મન, વચન, કાયાના તમામ લેપાયમાન ભાવોથી 'હું' મુક્ત જ છું મન, વચન, કાયાની તમામ સંગીક્રિયાઓથી 'હું' અસંગ જ છું. આ સંગીક્રિયાઓ એ બધી સ્થૂલ ક્રિયાઓ છે, અને આત્મા તો બિલકુલ સૂક્ષ્મ છે. બે કોઇ દહાડો ભેગા કરવા હોય તો ય થાય નહીં. આ તો ભ્રાંતિથી જગત ઊભું થયું છે. આત્મા, એક ક્ષણવારે ય રાગીદ્વેષી થયો નથી, આ તો ભ્રાંતિથી એવુ લાગે છે. અનાત્મા કોઇ દહાડો થયો નથી ને અનાત્મા, આત્મા કયારેય થયો નથી. ફકત રોંગ બિલીફ જ બેસી ગઇ છે કે 'આ હું કરું છું.'

આત્મા અસંગ જ છે. ખાતી વખતે જુદો છે, પીતી વખતે જુદો છે. આત્મા જુદો હોય તો જ એ જાણી શકે, નહીં તો એ જાણી ના શકે.

## મન, વચન, કાયાની ટેવો અને તેનો સ્વભાવ !

મન, વચન, કાયાની ટેવો અને તેના સ્વભાવને 'શુદ્ધચેતન' જાણે છે અને પોતાના સ્વ-સ્વભાવને પણ 'શુદ્ધચેતન' જાણે છે. કારણ કે તે સ્વ-પર પ્રકાશક છે.

આત્માનો મોક્ષગામી સ્વભાવ છે, જ્ઞાતાદ્રષ્ટા છે. ને સ્વરૂપજ્ઞાન



પછી આપણે આપણા સ્વભાવને જાણીએ છીએ અને આ મન, વચન, કાયાની ટેવોને પણ જાણીએ છીએ. મન આવું છે, વાણીની ટેવ આવી છે, સામાને અપ્રિય થઇ પડે એવી છે, ખરાબ ભાષા છે, એવું બધું તમે જાણો કે ના જાણો ? તમે આ ય જાણો ને 'પેલું' ય જાણો. કારણ કે તમે સ્વ-પર પ્રકાશક છો. પોતાને, 'સ્વ' ને પણ પ્રકાશ કરી શકે અને પરને પણ પ્રકાશ કરી શકે. અજ્ઞાની માણસ, 'પર' એકલાને જ પ્રકાશ કરી શકે, સ્વ ને પ્રકાશ ના કરી શકે. એમને એમ થાય ખરું કે મારું મન બહુ ખરાબ છે, પણ પાછા જાય ક્યાં ? ત્યાં ને ત્યાં જ રહેવું પડે. જ્યારે આત્મજ્ઞાનવાળો તો જુદો રહે.

**પ્રશ્નકર્તા :** ટેવો અને તેનો સ્વભાવ એ ના સમજાયું.

**દાદાશ્રી :** મન, વચન, કાયાની ટેવ એકલી નથી કહી. જોડે તેનો સ્વભાવ કહ્યો છે ! સ્વભાવ એટલે કોઇ કોઇ ટેવ ખૂબ જાડી હોય છે, કોઇ ટેવ છે તે બિલકુલ પાતળી હોય છે, નખના જેટલી જ પાતળી હોય, તે એક કે બે વખત પ્રતિક્રમણ કરે એટલે ખલાસ થઇ જાય. અને જે ટેવ ખૂબ જાડી હોય તેનાં તો પ્રતિક્રમણ ખૂબ કરીએ, છોલ-છોલ કરીએ ત્યારે એ ઘસાઇ જાય !

મન, વચન, કાયાની ટેવો જે છે એ તો મરે ત્યારે છૂટે એવી છે, પણ એનો જે સ્વભાવ છે, એ ઘસી નાખવો જોઇએ. પાતળા રસથી બંધાયેલી ટેવોનાં તો બે-પાંચ-વખત પ્રતિક્રમણ કરશો તો એ ઊડી જશે, પણ જાડા રસવાળાને તો પાંચસો પાંચસો વખત પ્રતિક્રમણ કરવાં પડે. ને કેટલીક ગાંઠો, લોભની ગાંઠો તો એટલી મોટી હોય કે રોજ બબ્બે ત્રણ ત્રણ કલાક લોભનાં પ્રતિક્રમણ કર કર કરે તો ય છ વર્ષે ય પૂરી ના થાય ! અને કોઇને લોભની ગાંઠ એવી હોય કે એક દહાડામાં કે ત્રણ કલાકમાં ખલાસ કરી નાખે ! એવા જાતજાતના સ્વભાવ રસ હોય છે.

## સંયોગો : પર ને પરાધીન !

સ્થૂલ સંયોગો, સૂક્ષ્મ સંયોગો, વાણીના સંયોગો પર છે અને પરાધીન છે અને શુદ્ધચેતન તેનું જ્ઞાતાદ્રષ્ટા માત્ર છે.

સ્થૂલ સંયોગો એટલે બહારથી ભેગા થાય છે, તે છે. સ્થૂળ સંયોગો ઉપાધિ સ્વરૂપ છે, છતાં તેના આપણે જ્ઞાતાદ્રષ્ટા રહી શકીએ છીએ. કારણ કે આ અક્રમવિજ્ઞાન છે, સૂક્ષ્મ સંયોગો જે દેહની અંદર ઉત્પન્ન થાય છે, મનના, બુધ્ધિના, ચિત્તના, અહંકારના એ સૂક્ષ્મ સંયોગો છે, ને પાછા ચંચળ ભાગના છે. ચંચળ ભાગ એ સૂક્ષ્મ છે. વાણીના સંયોગ તો પ્રગટ માલમ પડી જાય. વાણી સૂક્ષ્મ-ભાવે ઉત્પન્ન થાય છે અને સ્થૂલ ભાવે પ્રગટ થાય છે. વાણીના સંયોગ સૂક્ષ્મ-સ્થૂલ કહેવાય. આ બધા સંયોગો પર છે ને પરાધીન છે. એને પકડયો પકડી શકાતો નથી, અને ભગાડયો ભગાડી શકાતો નથી. સંયોગ માત્ર જ્ઞેય સ્વરૂપ છે ને આપણે જ્ઞાતા છીએ. સંયોગ ખુદ જ વિયોગી સ્વભાવનો છે. માટે જ્ઞાતાદ્રષ્ટા રહેશે તો એનો વિયોગ ઈટસેલ્ફ થઈ જશે. આમાં આત્માનું કોઈ કર્તવ્ય રહેતું નથી. એ માત્ર જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં રહી શકે છે. ઈચ્છિત કે અનિચ્છિત સંયોગ હોય તેનો વિયોગ થાય છે. ગમતા સંયોગને પકડયો પકડી શકાતો નથી, ના ગમતા સંયોગને ભગાડયો ભગાડી શકાતો નથી. માટે નિશ્ચિત રહેવું. સંયોગ આપણા કાબૂમાં નથી. આ 'દાદા'ની આજ્ઞા છે માટે ફાંસીનો સંયોગ ઊભો થાય તો તે પણ વિયોગી સ્વભાવનો છે, એમ જાણો. આપણી પાસે નાશવંત છે તે જ લઈ જશે ને ? અને તે પાછું 'વ્યવસ્થિત'ના હિસાબમાં આવી ગયેલું હોય તો તેને કોઈ કાઢનાર નથી. માટે 'વ્યવસ્થિત'માં જે હો તે ભલે હો.

આ વાત જેણે આત્મા પ્રાપ્ત કર્યો છે તેને જ લાગુ પડે છે. બીજા માટે લાગુ નથી થતી. કારણ કે આત્મદશામાં આવ્યા સિવાય ગાળો બોલે ને પછી બોલે કે વાણી પર છે ને પરાધીન છે તો તેનો દુરુપયોગ થઈ જાય. પછી મનમાં નક્કી ના કરે કે આવું ખોટું નથી બોલવું. એટલે એની પ્રગતિ રુંધાઈ જાય. જ્યારે જેને આત્મા પ્રાપ્ત થયો છે. તે તો અત્યંત જાગ્રતપણે સ્થૂલ સંયોગો, સૂક્ષ્મ સંયોગો ને વાણીના સંયોગોનો જ્ઞાતાદ્રષ્ટા રહે ને જાગૃતિપૂર્વક પ્રતિક્રમણ કરાવી એનો નિકાલ કરે. કારણ કે હવે દુકાન ખાલી કરવી છે એમ નક્કી હોય છે.

અક્રમવિજ્ઞાન જુદું જ છે. એમાં અમે પહેલું ચાર્જ થતું બંધ કરી આપીએ છીએ અને જે ડિસ્ચાર્જ રહે છે તેનો સમભાવે નિકાલ કરવાનો



કહીએ છીએ, નવું ચાર્જ ના થાય એવું કરી આપીએ છીએ. આ સહેલામાં સહેલો આત્યંતિક મુક્તિનો માર્ગ છે ! જેને એ મળી ગયો એ છૂટી ગયા !!

## પ્રાકૃત ગુણો : આત્મ ગુણો !

**પ્રશ્નકર્તા :** આત્મા પ્રાપ્ત કરવા, તે માટે પાત્ર થવા સારા ગુણોની જરૂર ખરી?

**દાદાશ્રી :** ના. ગુણોની જરૂર નથી, નિષ્કેફીની જરૂર છે. ગુણને શું કરવાના ? આ બધા તો પ્રાકૃત ગુણો છે, પૌદ્‌ગલિક ગુણો છે.

**પ્રશ્નકર્તા :** આ બધા ગુણો તો આત્માના જ હોય ને ?

**દાદાશ્રી :** આમાં એક પણ આત્માનો ગુણ નથી. તમે પ્રકૃતિને આધીન છો, અને પ્રકૃતિના ગુણો અને આત્માના ગુણો સર્વથા જુદા છે.

પ્રકૃતિનો એક પણ ગુણ 'શુદ્ધચેતન'માં નથી અને 'શુદ્ધચેતન'નો એક પણ ગુણ પ્રકૃતિમાં નથી, બન્ને ગુણે કરીને સર્વથા જુદા છે.

❖❖❖❖❖

# [૭]

# આત્મા વિશે પ્રશ્નાવલિ !

## આવરણના આધારે, ભિન્નતા !

**પ્રશ્નકર્તા :** આત્માના આધારે દેહ છે કે દેહને આધારે આત્મા ?

**દાદાશ્રી :** આત્મા હોય તો દેહ ઊભો રહે.

**પ્રશ્નકર્તા :** અજ્ઞાનીનો આત્મા, જ્ઞાનીનો આત્મા અને મોક્ષે ગયેલાનો આત્મા, આ ત્રણેયની શક્તિઓમાં ફેર શો ? સિદ્ધો શું કરી શકે? સર્વજ્ઞ તો ચાહે સો કરી શકે છે.

**દાદાશ્રી :** અજ્ઞાનીનો આત્મા બંધનમાં છે એવું લાગે; જ્યારે જ્ઞાનીનો આત્મા અબંધ-બંધમાં હોય, અમુક અપેક્ષાએ બંધ અને અમુક અપેક્ષાએ અબંધ લાગે. અને પેલા સિદ્ધ ભગવંતો તો અબંધ જ રહે, મોક્ષમાં જ રહે. સિદ્ધ ભગવંતો કરવા માટે નથી રહ્યાં. દેહધારી જ ચાહે સો કરી શકે. સિદ્ધ ભગવંતોની શક્તિ સંપૂર્ણ વિકસિત થયેલી છે, પણ



કોઈને કામ ના લાગે.

**પ્રશ્નકર્તા :** સ્વભાવે, ગુણધર્મે કરીને એક જ છે તો શક્તિઓની ભિન્નતા શાને આધારે ?

**દાદાશ્રી :** એ ભિન્નતા આવરણને આધારે છે.

**પ્રશ્નકર્તા :** વસ્તુની અવસ્થાઓ કઇ શક્તિથી બદલાય છે ?

**દાદાશ્રી :** કાળતત્ત્વથી. કાળ ફરે તેમ અવસ્થા બદલાયા કરે.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન અને હૃદયને સંબંધ ખરો કે ?

**દાદાશ્રી :** બેઉને કશી લેવા-દેવા નહીં. હૃદય 'રીલેટિવ' છે. ને જ્ઞાન 'રિયલ' છે. પણ હૃદય સારું હોય તો જ જ્ઞાનમાં જલદી પ્રગતિ માંડી શકે.

**પ્રશ્નકર્તા :** કેવળીને આત્મા દેખાતો હશે ?

**દાદાશ્રી :** આત્મા કેવળીને જ્ઞાનથી દેખાય. જોવું એટલે ભાન થવું ને જાણવું એટલે અનુભવ થવો. એ અરૂપીપદ છે, અનુભવગમ્ય છે.

**પ્રશ્નકર્તા :** કેવળી સિવાય આત્મા બીજા દેખી શકે ખરા ?

**દાદાશ્રી :** ના.

## અજ્ઞાનથી મુક્તિ એ જ મોક્ષ !

**પ્રશ્નકર્તા :** આત્માને મુક્ત શેનાથી થવાનું ?

**દાદાશ્રી :** પહેલાં અજ્ઞાનથી મુક્ત થવાનું, પછી અજ્ઞાનથી ઊભી થયેલી 'ઇફેક્ટ્સ'થી મુક્ત થવાનું.

**પ્રશ્નકર્તા :** આત્માનો મોક્ષ કહે છે, તે મોક્ષ કોઇ ભૌગોલિક સ્થાન છે ?

**દાદાશ્રી :** એ ભૌગોલિક સ્થાન છે એ બરાબર છે, પણ ખરેખર તમે પોતે જ મોક્ષ સ્વરૂપ છો !

**પ્રશ્નકર્તા :** આત્મા, પરમાત્મા તો જુદા જ છે. એ બેનો કંઇ સંબંધ તો ખરો ને ?

**દાદાશ્રી :** જુદા નથી. એ જ આત્મા, ને એ જ પરમાત્મા છે. ફક્ત દશામાં ફેર છે. ઘેર આવો ત્યારે ચંદુભાઈ અને ઓફિસમાં બેઠા ત્યારે કલેક્ટર સાહેબ કહેવાય. 'હું, બાવો ને મંગળદાસ' એના જેવું છે !

**પ્રશ્નકર્તા :** આત્મા પરમાત્મા એક થાય એ તો છેલ્લું સ્ટેજ કહેવાય ને ?

**દાદાશ્રી :** હા, એ છેલ્લું સ્ટેજ કહેવાય. એ પછી આગળ કશું કરવાનું રહેતું નથી.

## આત્માનું દ્રવ્ય, ક્ષેત્ર !

**પ્રશ્નકર્તા :** આત્મા ક્ષેત્ર તરીકે કેવી રીતે રહેલો છે ?

**દાદાશ્રી :** આત્માનું સ્વક્ષેત્ર, પોતાનો અનંત પ્રદેશી ભાગ છે તે. એનું ખરેખર ક્ષેત્ર નથી કહેવા માંગતો. એ તો પરક્ષેત્રમાંથી કાઢવા માટે સ્વક્ષેત્રનું વર્ણન કર્યું છે.

**પ્રશ્નકર્તા :** આત્માનું દ્રવ્ય બદલાય ?

**દાદાશ્રી :** આત્માનું સ્વદ્રવ્ય ના બદલાય. પણ આત્માને જે દ્રવ્ય આ સંસારભાવથી લાગુ થયા છે તે બધા બદલાયા કરે. ક્ષેત્ર બદલાયા કરે, કાળ બદલાયા કરે અને તેના આધારે ભાવ બદલાયા કરે. ભયવાળી જગ્યાએ ગયા ત્યાં ભય ઉત્પન્ન થાય. જીવમાત્રને સમયે સમયે ભાવ બદલાયા કરે.

**પ્રશ્નકર્તા :** આત્માના પ્રકાર જુદા જુદા હોય ?

**દાદાશ્રી :** ના, આત્મા એક જ પ્રકારના છે.



**પ્રશ્નકર્તા :** આત્માને રાગદ્વેષ લાગે ?

**દાદાશ્રી :** ના, રાગદ્વેષ એ આત્માનો ગુણ નથી. આ તો રોંગ બિલિફથી રાગદ્વેષ થાય છે.

## આત્મા એ જ પરમાત્મા !

**પ્રશ્નકર્તા :** 'આત્મા એ જ પરમાત્મા છે' એ સમજાવો.

**દાદાશ્રી :** 'રીલેટિવ'માં આત્મા છે ને 'રિયલ'માં પરમાત્મા છે. જ્યાં સુધી વિનાશી ચીજોનો વેપાર છે ત્યાં સુધી સંસારી આત્મા છે, ને સંસારમાં નથી તો પરમાત્મા છે. 'રીલેટિવ'ને ભજે તો વિનાશી છે ને 'રિયલ'ને ભજે તે પરમાત્મા છે, તને ભાન હોય તો પરમાત્મામાં રહે ને ભાન નથી તો તું ચંદુભાઈ છે.

**પ્રશ્નકર્તા :** આત્માને ઓળખવાથી આપણને શું પ્રાપ્ત થયું સમજવું?

**દાદાશ્રી :** સનાતન સુખ.

**પ્રશ્નકર્તા :** આત્મા ચેતન છે. સનાતન છે, કે તેનું વિલીનીકરણ થાય છે ? શું એની સ્થિતિ બદલાય છે?

**દાદાશ્રી :** આત્મા સનાતન છે, એનો એ જ રહે છે, જેમ વીંટીમાં સોનું અને તાંબું ભેગું થયું હોય તો સોનાની સ્થિતિ બદલાતી નથી, એના ગુણધર્મ બદલાતા નથી તેમ. આત્માના ગુણધર્મ અનાત્માની સાથે રહેવા છતાં બદલાતા નથી. અને સોનાને પ્રયોગે કરીને છૂટું પાડી શકાય છે.

**પ્રશ્નકર્તા :** ઘઉંના દાણામાં અને પક્ષીમાં ચેતના જુદી ને ?

**દાદાશ્રી :** ના, ચેતના તો સરખી જ, મારામાં, તમારામાં ને ઘઉંના દાણામાં ચેતના તો સરખી જ પણ દરેકના આવરણમાં ફેર છે.

**પ્રશ્નકર્તા :** ચેતન બીજાને હલાવે ?

**દાદાશ્રી :** ના, એના ખાલી સ્પર્શથી જ બધું ચાલે છે. સંજોગોના દબાણથી એક 'બીલિફ' ઊભી થઈ જાય છે કે 'હું કરું છું'. તે વિભાવિક ભાવમાં હોવા છતાં આત્મા 'પોતે' સ્વાભાવિક ભાવમાં જ હોય છે.

**પ્રશ્નકર્તા :** મૃતદેહમાં તો બધાં જ તત્ત્વો રહે છે ને ?

**દાદાશ્રી :** ના. ખાલી પુદ્ગલ અને આકાશ બે જ તત્ત્વો રહે છે. બીજાં ઊડી જાય છે. પછી બધાં જ તત્ત્વો છૂટાં પડી જાય છે ને સહુ સહુનાં મૂળ તત્ત્વોમાં જતાં રહે છે.

**પ્રશ્નકર્તા :** પણ તેમાં ય સ્પેસ રોકે ને ?

**દાદાશ્રી :** મૂળ પુદ્ગલ તત્ત્વની પોતાની સ્વાભાવિક સ્પેસ તો હોય જ. પણ આ બીજા પરમાણુઓના સંમેલનથી જે દેહ ઉત્પન્ન થાય છે તે પણ જગા રોકે છે. આત્મા નીકળી ગયા પછી બધા પોતાના મૂળ તત્ત્વમાં આવી જાય છે.

**પ્રશ્નકર્તા :** માણસે નિશ્ચય કર્યો હોય કે સ્વરૂપમાં રહેવું છે, તે બુદ્ધિગમ્ય છે ? આ મનથી થાય છે ? કે આનાથી અતીત છે ?

**દાદાશ્રી :** સ્વરૂપમાં રહેવું એ મનથી, બુદ્ધિથી, બધાંથી તદ્ન અતીત છે. પણ સ્વરૂપનું ભાન હોવું જોઈએ. મન 'કમ્પલિટ ફિઝિકલ' છે.

## *નિદ્રામાં ચેતનની સ્થિતિ !*

**પ્રશ્નકર્તા :** રાત્રે સૂઈ ગયા, સવારે જાગ્યા, તે કોને ખબર પડે છે કે એકી ઊંઘે સવાર થઈ ?

**દાદાશ્રી :** આ બધું મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર અંતઃકરણના ધર્મ છે બધાં. આત્મા ચૈતન્ય અક્રિય ભાગ છે, જ્ઞાતાદ્રષ્ટા ને અક્રિય છે. એમાં અંતઃકરણ અક્રિય થાય તો સુખમય પરિણામ વર્ત્યા કરે. રાતે ઊંઘી જાય એટલે અક્રિય થઈ ગયો, તેનું સુખ વર્તે. આ ક્રિયા છે ત્યાં સુધી સુખ ઘટે. આ અહંકારે કરીને ઊંઘે છે. ને અહંકારે કરીને જાગે છે. અને 'એકી ઊંઘે



સવાર થઈ' કહે છે એ ય અહંકાર જ છે

**પ્રશ્નકર્તા :** એમાં આત્માનો ભાસ ખરો ?

**દાદાશ્રી :** ના, ના.

**પ્રશ્નકર્તા :** રાત્રે ઊંઘી ગયા પછી આત્માની દશા કઈ હોય છે ?

**દાદાશ્રી :** જે નિરંતર શુદ્ધાત્માના ભાનમાં રહે છે તે તો ઊંઘમાં ય તે જ સ્થિતિમાં રહે છે. અને જે 'હું ચંદુલાલ છું' ના ભાનવાળો છે તેને ય ઊંઘમાં 'હું ચંદુલાલ છું'નું ભાન જતું રહેતું નથી. તેથી તો એ બોલે છે કે મને સરસ ઊંઘ આવી. અલ્યા, તું તો ઊંઘતો હતો તે આ ખબર કોને પડી ? એ અહંકારે જાણ્યું.

**પ્રશ્નકર્તા :** મનયોગી અને આત્મયોગીમાં શો ફેર છે ?

**દાદાશ્રી :** બહુ ફેર છે, આકાશ-પાતાળ જેટલું અંતર છે. પણ જે દેહયોગી છે તેનાં કરતાં મનયોગી ઘણા ઊંચા. મનના યોગથી આત્માના યોગને ના પહોંચાય.

**પ્રશ્નકર્તા :** અંતર્મુખી અને બહિર્મુખી એ બે વિષે સમજાવો.

**દાદાશ્રી :** અવિનાશીનો વિચાર આવ્યો કે અંતર્મુખી થાય. જ્યાં સુધી વિનાશી ચીજોની રૂચિ છે, ઇચ્છા છે, વૃત્તિઓ બહાર ભટકે છે, ત્યાં સુધી બહિર્મુખી રહે.

## *આત્મા - અનાત્માનું ભેદાંકન !*

**પ્રશ્નકર્તા :** આત્મા અને અનાત્મા છૂટા પાડવા હોય તો શું કરવું?

**દાદાશ્રી :** સોનું અને તાંબું વીંટીંમાં ભેગું રહેલું હોય ને એમાંથી સોનું છૂટું પાડવું હોય તો શું કરવું ? ચોકસીને પૂછો તો તે શું કહેશે ? અમને વીંટી આપી જાવ એટલે કામ થઈ જશે. તેમ તમારે અમને એટલું જ કહેવાનું કે અમારો ઉકેલ લાવી આપો. તો કામ થઈ જાય. આત્મા એક સેકંડ પણ અનાત્મા થયો નથી. જ્ઞાનીને કહેવા જેવું છે, તમારે કરવા

જેવું કશું જ નથી. કરવું એ ભ્રાંતિ છે, 'જ્ઞાની' મળી ગયા તેનો ઉકેલ આવી ગયો.

**પ્રશ્નકર્તા :** પરમાત્માને ઓળખવામાં દુઃખ અને અશાંતિનો અનુભવ કેમ થાય છે ?

**દાદાશ્રી :** પરમાત્મા તો છે જ, પણ તમે પરમાત્માની જોડે જુદાપણું રાખો છો. મહીં પરમાત્મા બેઠા છે તેની ભક્તિ ઉત્પન્ન થઈ જાય તો પછી દુઃખ ઉત્પન્ન ના થાય. પણ ઓળખાણ વગર શી રીતે ભક્તિ ઉત્પન્ન થાય ? પ્રત્યક્ષ ભક્તિથી સુખ છે અને પરોક્ષ ભક્તિથી ઘડીમાં શાંતિ થાય ને ઘડીમાં અશાંતિ થાય.

**પ્રશ્નકર્તા :** ભગવાન દુઃખનો હર્તા છે ને સુખનો કર્તા છે, તો પછી અશાંતિ કેમ છે ?

**દાદાશ્રી :** ભગવાન દુઃખના હર્તા ય નથી ને સુખના કર્તા ય નથી. ભગવાન જોડે ભેદબુદ્ધિ જાય, અભેદબુદ્ધિ ઉત્પન્ન થાય, ત્યારે દુઃખ જાય. ભગવાન કોઈનું દુઃખ લેતા નથી ને સુખ આપતા નથી, એ તો એમ કહે છે કે મારી જોડે તન્મયાકાર થઈ જા, એક થઈ જા, એટલે દુઃખ નથી. એક વાત સાચી ના જાણે એનું નામ ભ્રાંતિ.

## ભોમિયો ભાંગે ભવ ભટકામણ !

**પ્રશ્નકર્તા :** મોક્ષે જવાનો સરળ રસ્તો કયો ?

**દાદાશ્રી :** ભોમિયાને મળવું તે, ભોમિયો મળ્યો એટલે ઉકેલ આવી ગયો. એનાથી સીધો ને સરળ માર્ગ વળી બીજો કયો છે ?

ભગવાને કહ્યું કે શું કરવાથી મોક્ષે જવાય ? સમકિત થાય તો જવાય અથવા 'જ્ઞાની પુરુષ'ની કૃપા થાય તો જવાય. 'જ્ઞાની' બે પ્રકારના. એક શાસ્ત્રજ્ઞાની અને બીજા અનુભવજ્ઞાની, યથાર્થ જ્ઞાની. યથાર્થ જ્ઞાની તો મહીંથી પાતાળ ફોડીને બોલે એ યથાર્થ જ્ઞાન. યથાર્થ



જ્ઞાનથી આત્મજ્ઞાન થાય. બાકી જ્યાં સુધી 'હું ચંદુલાલ છું' એ મમતાભાવ છે ત્યાં સુધી સમતાભાવ ક્યાંથી આવે ? એક વખત સમક્તિને સ્પર્શે ત્યાર પછી જ યથાર્થ સમતાભાવ આવે. આ લોકો કહે છે તે તો લૌકિક સમતાભાવ કહેવાય. શાસ્ત્રો-પુસ્તકો વાંચી વાંચીને પુસ્તકોનો મોક્ષ થયો પણ એમનો ના થયો !

## આત્મસુખની અનુભૂતિ

**પ્રશ્નકર્તા :** મન શાંત થાય, મન પજવે નહીં તો એ કયું સુખ ઉત્પન્ન થાય ? ચિત્ત ભટકે નહીં તો એ કયું સુખ ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** આ મન જ બધું કરે છે. મન જ ચિત્તને, અહંકારને, બધાંને ઉશ્કેરે છે. મન શાંત થઈ ગયું એટલે બધું શાંત થઈ જાય.

**પ્રશ્નકર્તા :** આત્મદશામાં આત્માનું સુખ કેવી રીતે ખબર પડે કે આ આત્માનું જ છે ?

**દાદાશ્રી :** બહારથી કશામાંથી સુખ ના હોય, કંઈ જોવાથી સુખ ઉત્પન્ન થયેલું ના હોય, કંઈ સાંભળવાથી, ખાવાથી, સ્પર્શથી, ઠંડકથી કે કોઈ જાતનું ઈન્દ્રિયસુખ ના હોય, પૈસાને લીધે સુખ ના હોય, કોઈ આવો કહેનારું ના હોય, વિષયસુખ ના હોય, ત્યાં આગળ મહીં જે સુખ વર્તાય તે આત્માનું સુખ છે. પણ આ સુખની તમને ખાસ ખબર ના પડે. જ્યાં સુધી વિષયો હોય ત્યાં સુધી આત્માનું સ્પષ્ટ સુખ ના આવે.

## છૂટે દેહાધ્યાસ ત્યાં ...

**પ્રશ્નકર્તા :** દેહાધ્યાસ ગયો કોને કહેવાય ?

**દાદાશ્રી :** ગજવું કાપી લે, ગાળ ભાંડે, મારે, તો ય તમને રાગદ્વેષ ના થાય તો દેહાધ્યાસ ગયો કહેવાય. જ્યાં સુધી આત્મજ્ઞાન પ્રાપ્ત ના થાય ત્યાં સુધી આખું જગત દેહાધ્યાસે વીંટાળાયેલું છે. જેટલા વિકલ્પ એટલા દેહાધ્યાસ. દેહ ગનેગારી વીંટાળવા માટે નથી, મુક્તિ માટે છે, ભવોભવની ગનેગારી લાવેલા તેનો નિકાલ તો કરવો પડશે ને ?

દેહાધ્યાસ જાય એટલે ચારિત્રમાં આવ્યો કહેવાય.

**પ્રશ્નકર્તા :** દેહમાં આત્માનું સ્થાન ક્યાં ?

**દાદાશ્રી :** આ વાળમાં ને નખમાં નથી, બીજે બધે જ આત્માનું સ્થાન છે. આ જ્યાં દેવતા અડાડીએ ને ખબર પડે ત્યાં આત્માનું સ્થાન છે.

**પ્રશ્નકર્તા :** જડમાં ચેતન મૂકી શકાય ?

**દાદાશ્રી :** 'આ પેન મારી છે' કહ્યું, તે તમે મારાપણાનું ચેતન મુક્યું, તેથી એ જો મારાથી ખોવાઇ જાય તો તમને દુઃખ થાય !

## દેહ - આત્માનું ભિન્નત્વ

**પ્રશ્નકર્તા :** આત્મા અને દેહનો સંબંધ શો છે ?

**દાદાશ્રી :** આત્મા અને દેહનો કોઇ સંબંધ નથી. આ માણસની પાછળ જેમ પડછાયો છે તેને માણસ જોડે જેટલું કનેકશન છે, તેટલું આત્માને અને દેહને સંબંધ છે. પડછાયો જેમ સૂર્યનારાયણની હાજરીથી ઊભો થાય છે. તેમ આત્માની હાજરીથી આ બધું ઊભું થાય છે. આ તો પારકી ચીજ બથાવી પડયા છે.

આત્મા અને દેહનો સંબંધ એટલો છૂટો છે. જેમ આ લિફ્ટમાં ઊભેલો માણસ અને લિફ્ટ એ બે જુદાં છે. લિફ્ટ બધું જ કાર્ય કરે છે. તમારે તો ફક્ત બટન જ દબાવવું પડે છે, એટલું જ કાર્ય કરવાનું હોય છે. આ નહીં સમજાવાથી લોકો ભયંકર અશાતાઓ, પીડાઓ ભોગવે છે. આ લિફ્ટને ઊંચકવા જાય એના જેવું આ તોફાન છે. આ મન, વચન, કાયા ત્રણે ય લિફ્ટ છે. ખાલી 'લિફ્ટ'નું બટન જ દબાવવાનું છે. એક આત્મા છે ને બીજો અહંકાર છે. જેને સંસારિક પૌદ્ગલિક વસ્તુઓ જોઇતી હોય તેણે અહંકારે કરીને બટન દબાવવાનું. અને જેને સંસારી વસ્તુઓ જોઇતી ના હોય તેણે આત્માના ભાવે કરીને બટન દબાવવાનું. આત્માના ભાવે કરીને કેમ ? તો કે', છૂટવું છે, મોક્ષે જવું છે. હવે એને



અહંકાર કરીને આગળ વધારવું નથી.

અહીં વાગ્યું હોય તો અહંકાર કહે કે 'મને બહુ વાગ્યું.' એટલે દુઃખ પામે અને અહંકાર કહે કે 'મને કંઇ વાગ્યું નથી.' તો દુઃખ ના થાય. ખાલી અહંકાર જ કરે છે. આ વીતરાગોનું ગૂઢ વિજ્ઞાન જો સમજો તો આ જગતમાં કોઇ જાતનું દુઃખ હોતું હશે !? આત્મા પોતે તો પરમાત્મા જ છે ! આત્મા ચૈતન્ય છે અને જડ સંબંધ છે. પોતે સંબંધી અને જડ સંબંધ માત્ર છે. આપણને સંયોગોનો સંબંધ થયો છે, બંધ નથી થયો. સંયોગો પાછા વિયોગી સ્વભાવના છે. એક ફેરો 'જ્ઞાની પુરુષ' પાસેથી આત્મા પ્રાપ્ત કરી લે પછી સંયોગ સંબંધ બધો વિયોગી સ્વભાવનો છે.

## ... ત્યાં છે સાચું જ્ઞાન

સાચું જ્ઞાન હોય તેની નિશાની શું ? નાના બાળકથી માંડીને વૃદ્ધ સુધીના, નાનું બાળક એટલે દોઢ વરસથી માંડીને એંશી વરસ સુધીના સંસારી પદથી માંડીને સંન્યાસી પદ સુધીના બધાં મનુષ્યોને આકર્ષણ કરે. કારણ કે ફેક્ટ વસ્તુ છે. બાળકને ય મહીં દર્શન થાય. જે ધર્મસ્થાનોમાં બાળકોને હેડેક થઇ જાય ત્યાં સાચો ધર્મ નથી, એ બધું રીલેટિવ છે.

જે વાદ ઉપર વિવાદ ના થાય એ સાચું જ્ઞાન કહેવાય. અને વાદ ઉપર વિવાદ થાય, સંવાદ થાય, પ્રતિવાદ થાય, જીભાજોડી થાય ત્યાં સાચું જ્ઞાન ના હોય.

જ્ઞાન બે પ્રકારના- એક સંસારમાં શું ખરું ને શું ખોટું ? શું અહિતકારી ને શું હિતકારી દેખાડે તે અને બીજું મોક્ષમાર્ગનું જ્ઞાન. એમાં જો મોક્ષમાર્ગનું જ્ઞાન પ્રાપ્ત થઇ જાય તો પેલું સંસાર માટેનું જ્ઞાન તો સહેજે ઉત્પન્ન થાય. કારણ કે એને દ્રષ્ટિ મળી ને ! દિવ્યદ્રષ્ટિ મળી ! મોક્ષમાર્ગનું જ્ઞાન ના મળે તો સંસારના હિતાહિતનું જ્ઞાન આપનારા સંતો મળવા જોઇએ. આ કાળમાં એવા સંતો દુર્લભ હોય છે.

## વજ્રલેપમ્ ભવિષ્યતિ

**પ્રશ્નકર્તા :** લોકો ભગવાનને છેતરીને ધર્મમાં ભ્રષ્ટાચાર કરે છે.

**દાદાશ્રી :** એ બહુ ખોટું કહેવાય. એટલા માટે તો પહેલાંથી જ પહેલાના જ્ઞાનીઓ શ્લોક બોલેલા :

અન્ય ક્ષેત્રે કૃતમ્ પાપમ્, ધર્મક્ષેત્રે વિનશ્યતિ,
ધર્મક્ષેત્રે કૃતમ્ પાપમ્, વજ્રલેપમ્ ભવિષ્યતિ.

વજ્રલેપ એટલે લાખો વરસ માટે ખલાસ થઇ જાય ! નર્ક મળે ! જે પોતાનું જ અહિત કરી રહ્યાં છે તેને અમે જાગતા ઊંઘે છે એમ કહીએ છીએ. આનાથી તો મનુષ્યપણું જતું રહેશે, દુઃખના ડુંગર ઊભા કરી રહ્યાં છે. આને જ્ઞાન એકલું જ અટકાવી શકે. સત્યજ્ઞાન મળવું જોઈએ. પસ્તાવો એકલો કરવાથી કશું વળે નહીં. પસ્તાવો એ તો ધર્મનું એક શરૂઆતનું પગથિયું છે.

**પ્રશ્નકર્તા :** ખોટાં કામ કરે ને પસ્તાવો કરે ને પાછું એનું એ ચાલ્યા કરે ને ?

**દાદાશ્રી :** પસ્તાવો હાર્ટિલી હોવો જોઈએ.

ઊંધું જ્ઞાન મળે છે તેમાંથી તૃષ્ણાઓ ઉત્પન્ન થાય છે અને ઊંધા જ્ઞાનની આરાધનાથી ફળસ્વરૂપે દુઃખ આવે છે. બાકી, કુદરત કોઇને દુઃખ આપવા સર્જાયેલી નથી. મનુષ્ય સિવાયના ઇતર પ્રાણીઓને કંઇ ચિંતા કે દુઃખ નથી.

વિકલ્પી થાય ત્યાર પછી મનુષ્ય અહંકારી થાય. ત્યાં સુધી અહંકાર નોર્મલ કહેવાય છે, સાહજિક, વાસ્તવિક અહંકાર કહેવાય. વિકલ્પી થાય તો જવાબદાર બન્યો. અને જવાબદાર બન્યા પછી દુઃખ આવે. જ્યાં સુધી વિકલ્પી ના થાય, જવાબદાર ના થાય, ત્યાં સુધી કુદરત કોઇ દિવસ કોઇને ય દુઃખ આપતી નથી.

**પ્રશ્નકર્તા :** દુઃખ મનુષ્યો જ ઊભાં કરે છે ?

**દાદાશ્રી :** આપણે જ ઊભું કર્યું છે, કુદરતે નહીં. કુદરત તો હેલ્પફૂલ છે. જ્ઞાનનો દુરૂપયોગ થયો એટલે શેતાનનું રાજ તમારી ઉપર થઇ ગયું ત્યાં પછી ભગવાન ઊભા ના રહે.



## ભગવાન સ્વરૂપ, ક્યારે ?

**પ્રશ્નકર્તા :** જીવ, આત્મા અને ભગવાનમાં ફેર શો ?

**દાદાશ્રી :** સ્વસત્તામાં આવી જાય ત્યાર પછી ભગવાન કહેવાય. પુરુષ થાય પછી પુરુષાર્થમાં આવે ત્યારે ભગવાન કહેવાય, ને જ્યાં સુધી પ્રકૃતિની સત્તામાં છે ત્યાં સુધી જીવ છે.

'હું મરી જઇશ' એવું ભાન છે તે જીવ છે ને 'હું નહીં મરું' તેવું ભાન આવે તે આત્મા ને 'ફૂલ સ્ટેજ'માં આવે તે ભગવાન.

**પ્રશ્નકર્તા :** આત્મા ભગવાનનું સ્વરૂપ ક્યારે ગણાય ?

**દાદાશ્રી :** પોતાના સ્વરૂપનું ભાન થાય ત્યારે ભગવાન સ્વરૂપ થવા માંડે અને પછી કર્મના બોજા ઓછા થઇ જાય ત્યારે છેલ્લે ફુલ સ્વરૂપ થાય ત્યારે પોતે જ પરમાત્મા થાય.

**પ્રશ્નકર્તા :** આત્મા દૈહિક રૂપ ધારણ કરે ત્યારે જીવ કહેવાય ?

**દાદાશ્રી :** આત્મા દૈહિક રૂપ ધારણ કરતો નથી. ખાલી 'બિલીફ' બદલાય છે. 'હું ચંદુલાલ છું' એ રોંગ બિલીફ બેઠી છે. ખરી રીતે તમે આત્માસ્વરૂપ જ છો ને આત્મસ્વરૂપે કોઇ દહાડો મરતા જ નથી, ખાલી 'બિલીફ' જ મરે છે.

**પ્રશ્નકર્તા :** દરેકના આત્મા એક સ્વરૂપ છે, તો પછી દરેકને અનુભવ જુદા જુદા કેમ થાય છે ?

**દાદાશ્રી :** દરેક આત્મા સમસરણ માર્ગમાં છે. એના પ્રવાહ જુદા જુદા હોવાથી દરેકને જુદા જુદા અનુભવ થાય છે.

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા અને અશુદ્ધાત્મા બંને આત્મા એક હોય ?

**દાદાશ્રી :** અશુદ્ધ તો અપેક્ષાના આધારે કહેવાય છે. 'હું ચંદુલાલ છું' ત્યારે અશુદ્ધ કહેવાય, એ જીવાત્મા કહેવાય. અને એ 'રોંગ બિલીફ'

ફ્રેકચર થઇ જાય ને ‘રાઇટ બિલીફ’ બેસે ત્યારે ‘શુદ્ધાત્મા’ કહેવાય.

**પ્રશ્નકર્તા :** ‘હું શુદ્ધાત્મા છું’ એમ બોલું છું તેમાં કંઇ પ્રચંડ અહંકાર તો નથી ઘૂસી જતો ને ?

**દાદાશ્રી :** ના, એ તો (આ જ્ઞાન મળ્યા પછી) તમે પોતે તે સ્વરૂપ થઇને બોલો છો. પોતાના સ્વરૂપમાં જ બોલ્યા માટે અહંકાર ના કહેવાય. જ્યાં પોતે નથી ત્યાં હું છું માને તે અહંકાર છે.

**પ્રશ્નકર્તા :** સાચા જીવવાળા કોને કહેવાય ?

**દાદાશ્રી :** સાચા જીવવાળા તો આત્મા શુદ્ધાત્મા જાણ્યો એ જ પોતે કહેવાય. બાકી, આ મંદિરને ભગવાન માનીએ તો ભગવાન ક્યાં જાય? મંદિરને ભગવાન કહીને ચોંટી પડીએ તો ભગવાન હસ્યા કરે કે અલ્યા, તું આંધળો છે કે શું ? આ મને ઓળખતો નથી ને આ મંદિરને ચોંટી પડયો ! મંદિરને જ ચેતન માને છે.

## આત્મા મોક્ષસ્વરૂપ, તો મોક્ષ કોનો ?

**પ્રશ્નકર્તા :** આત્મા અજર છે, અમર છે, દેહથી છૂટો છે, તો મોક્ષ કોનો થાય છે ?

**દાદાશ્રી :** અહંકારનો. અહંકારનો મોક્ષ થઇ જાય એટલે એ વિલય થઇ જાય. જેનો ઉદ્ભવ થયો છે, તેનો વિલય થાય. અહંકાર જ બંધાયેલો છે, આત્મા બંધાયેલો નથી. જ્ઞાની પુરુષ સમજણ પાડે એટલે અહંકારનો મોક્ષ થઇ જાય.

આત્મા શુદ્ધ જ છે, મોક્ષસ્વરૂપ જ છે ! ક્યારે ય અશુદ્ધ થયો નથી કે બંધાયો નથી !!

આ જગત એ ‘ઇગોઇઝમ’નું વિઝન છે. આકાશકુસુમવત્ દેખાડે એનું નામ ઇગોઇઝમ. કોઇ વખત આંખ ઉપર હાથ દબાઇ ગયો હોય તો બે ચંદ્રમા દેખાય. આમા શું સત્ય છે ? શું રહસ્ય છે ? અરે ભાઇ,



ચંદ્રમા તો એકનો એક જ છે. તારી અણસમજણથી આવું બે દેખાય છે.

અરીસા આગળ ચકલી બેસે છે, ત્યાં બે ચકલી હોય છે ? છતાં એને ભ્રાંતિ થાય છે કે બીજી ચકલી છે, તે ચાંચ માર માર કરે છે. એને વાગતું ય હશે. એને કાઢી મૂકીએ તો ય એ પાછી આવે. આપણે એને પૂછીએ કે શું ખોળો છો બહેન ? તમને નથી ધણી, નથી દિયર, નથી સાસુ તો શું ખોળો છો ? એવું આ લોકોને આંટી પડી ગઇ છે. આ અરીસો તો મોટું ‘સાયન્સ’ છે. આત્માનું ‘ફિઝિકલ’ વર્ણન કરવું હોય તો આ અરીસો જ એક સાધન છે !

‘હું છું, હું છું’ કરે છે તો આત્મા કહે છે કે જા, તું અને હું જુદાં! એ ઇગોઇઝમ ઓગળી ગયો કે ‘તું જ છે’ અહંકાર એમ ને એમ ઓગળશે નહીં, એ ચટણીની જેમ વટાય એવો નથી. એ તો પોતાની ભૂલો દેખાય એટલે અહંકાર ઓગળે. અહંકાર એટલે ભૂલનું સ્વરૂપ.

## બ્રહ્મ, પરબ્રહ્મની પહેચાન !

**પ્રશ્નકર્તા :** બ્રહ્મ અને પરબ્રહ્મ એટલે શું ?

**દાદાશ્રી :** બ્રહ્મ એ આત્મા છે ને પરબ્રહ્મ એ પરમાત્મા છે. જ્યાં સુધી દેહધારી હોય ત્યાં સુધી એ આત્મા આત્મા ગણાય, પરમાત્મા ગણાય નહીં. તીર્થંકરો ને જ્ઞાની પુરુષો દેહધારી પરમાત્મા ગણાય.

**પ્રશ્નકર્તા :** આ બ્રહ્મ છે એ શું છે ?

**દાદાશ્રી :** તમારું નામ શું છે ?

**પ્રશ્નકર્તા :** ચંદુલાલ.

**દાદાશ્રી :** તમે ચંદુભાઇ છો એ તદ્દન ખોટું નથી. બાય રીલેટિવ વ્યુ પોઇન્ટ યુ આર ચંદુભાઇ એન્ડ બાય રિયલ વ્યુ પોઇન્ટ યુ આર બ્રહ્મ! બ્રહ્મ એટલે આત્મા. પણ બ્રહ્મનું ભાન થવું જોઇએ ને ?

**પ્રશ્નકર્તા :** માયિક બ્રહ્મ અને અમાયિક બ્રહ્મ એ સમજાવો.

**દાદાશ્રી :** એવું છે ને, માયિક બ્રહ્મને બ્રહ્મ કહેવું એ ગુનો છે. જે ભ્રમણામાં પડયા એને બ્રહ્મ કહેવાય કેમ કરીને ? માયિક એટલે ભ્રમણામાં પડેલો. સાચા બ્રહ્મને બ્રહ્મ કહેવાય.

**પ્રશ્નકર્તા :** જો મનુષ્ય સંપૂર્ણ બ્રહ્મસ્વરૂપ, પરમાત્માસ્વરૂપ થઈ ગયો, તો એ વાત કરી શકે ?

**દાદાશ્રી :** જે વાત કરી શકતા નથી તે બ્રહ્મસ્વરૂપ થયા જ નથી. સંપૂર્ણ બ્રહ્મસ્વરૂપે ક્યારે કહેવાય કે બહારનું સંપૂર્ણ ભાન હોય, સંસારીઓ કરતાં વધારે ભાન હોય. દેહભાન જતું રહે એ તો એકાગ્રતા છે. એને આત્મા પ્રાપ્ત થયો ના કહેવાય. સંપૂર્ણ બ્રહ્મ સ્વરૂપ થયા પછી વાણી હોય, બધું જ હોય. કારણ કે દેહ અને આત્મા બન્ને છૂટા જ વર્તે. જેમ આ કોટ અને શરીર છૂટાં વર્તે તેમ. પોતપોતાના નિજધર્મમાં રહે, બ્રહ્મ બ્રહ્મના ધર્મમાં અને અનાત્મા અનાત્મ ભાગમાં રહે છે. દેહભાન ના રહે એ જ્ઞાનની પૂર્ણતાની, નિર્વિકલ્પ દશાની નિશાની નથી. એકાગ્રતા કરે, કુંડલિની જાગ્રત કરે. એ ટેમ્પરરી અવસ્થા છે. પછી પાછો હતો તેવો ને તેવો થઈ જાય. એ હેલ્પિંગ વસ્તુ છે, પણ પૂર્ણદશા ન્હોય.

❖❖❖❖❖

# [૮]

# સૂઝ, ઉદાસીનતા !

## સૂઝ, સમસરણ માર્ગની દેણ !

**પ્રશ્નકર્તા :** સૂઝ એટલે શું ? એ પ્રેરણા કહેવાય ?

**દાદાશ્રી :** પ્રેરક એ ડિસ્ચાર્જ છે. મહીં એકદમ લાઈટ મારી દે અને તેનાથી પ્રેરણા થાય છે. એ લાઈટ થાય છે તે સૂઝ છે. સૂઝ એ તો અવિરત પ્રવાહ છે. પણ તેને આવરણ આવેલાં છે તેથી દેખાતું નથી એટલે કંઈ સૂઝ ના પડે. એટલે લોકો જરાક માથું ખંજવાળે એટલે મહીં લાઈટ થાય ને સૂઝ પડી જાય. આ માથું ખંજવાળે એટલે શું થાય છે એ ખબર છે?

**પ્રશ્નકર્તા :** ના, દાદા.

**દાદાશ્રી :** ચિત્તવૃત્તિઓ આમતેમ ખેંચાયેલી હોય, તે માથું ખંજવાળે એટલે જરાક એકાગ્ર થાય. એકાગ્રતા થઈ કે મહીં ઝટ સૂઝ પડી

જાય.

જગત સૂઝ પડે છે તેને પુરુષાર્થ કહે છે. ખરી રીતે આ પુરુષાર્થ છે જ નહીં. સૂઝ એ તો કુદરતી બક્ષિસ છે.

દરેકને સૂઝ હોય છે, તે તેની સૂઝ પરથી આપણને માલુમ પડી જાય કે આ સમસરણ માર્ગના પ્રવાહના કેટલામા માઈલે છે. છ મહિના પહેલાંની અને અત્યારની સૂઝમાં ફેર પડયો હોય, વધી હોય તો સમજાય કે એ ક્યા માઈલે પહોંચ્યો છે. આ જગતમાં જોવા જેવી એ એક જ વસ્તુ છે. આ મનુષ્યમાં શરીરમાં એકલી સૂઝ જ 'ડિસ્ચાર્જ' નથી, બીજું બધું જ 'ડિસ્ચાર્જ' છે. સૂઝ પોતે 'ચાર્જ' નથી કરતી, પણ સૂઝમાંથી 'ચાર્જ' ઊભું થઇ જાય છે. સૂઝમાં અહંકાર ભેગો થયો તો ચાર્જ ઊભું થાય છે. સૂઝમાં અહંકાર નથી, પણ તેમાં અહંકાર પછીથી ભળે છે.

**પ્રશ્નકર્તા :** સૂઝ અને દર્શન એક જ કે ?

**દાદાશ્રી :** એક ખરાં, પણ લોક દર્શનને બહુ નીચલી ભાષામાં લઈ જાય છે. દર્શન તો બહુ ઊંચી વસ્તુ છે. વીતરાગોએ સૂઝને દર્શન કહ્યું છે. અગિયારમા માઈલથી રખડતાં આગળ ચાલ્યા તો ત્યાંનું દર્શન થયું. જેમ જેમ આગળ ચાલે તેમ તેમ તેનું 'ડેવલપમેન્ટ' વધતું જાય, તેમ તેમ તેનું દર્શન ઊચું વધતું જાય. અને એક દહાડો મહીં લાઈટ થઇ જાય કે 'હું આ ન હોય, પણ હું આત્મા છું.' કે દર્શન નિરાવરણ થઇ જાય !

તમે જે પ્રોજેકટ કરો છો તે સૂઝના આધારે કરો છો, પછી પ્રેરણા થાય તે લખો છો. સૂઝ બહુ ઝીણી વસ્તુ છે.

જગતમાં અંતરસૂઝને 'હેલ્પ' કોઇ એ કરી નથી. યોગમાં અંતરસૂઝ બહુ 'સ્પીડિલી' ખીલે છે. પણ લોકો ઊંધે માર્ગે ગયા તે ખાલી ચકરડાં જ જોયા કરે છે !

સૂઝ પછી ભાવ ઉત્પન્ન થાય છે, જગતમાં ભાગ્યે જ બહુ થોડા માણસો સૂઝમાં ને ભાવમાં જાગૃત હોય. સૂઝ અને ભાવ જે સહજ પ્રયત્ને મળે છે, અપ્રયાસ પ્રયત્ને મળે છે, તેની દીવાદાંડી થઇ બેસે છે, બાકી



ભાવજાગૃતિ હોય તેને જાગૃત કહે છે, અને સૂઝ જાગૃતિ તો બહુ ઊંચી વસ્તુ છે. ભાવજાગૃતિમાં આવ્યો એટલે સપનામાંથી આળસ મરડીને કંઈક ભાન થયું એમ સમજાય.

**પ્રશ્નકર્તા :** સૂઝ અને પ્રજ્ઞામાં શો ફેર છે ?

**દાદાશ્રી :** પ્રજ્ઞા એ કાયમી વસ્તુ છે. ને સૂઝ 'ચેન્જ' માર્યા કરે. જેમ આગળ વધે તેમ સૂઝ 'ચેન્જ' થાય કરે. પ્રજ્ઞા એ 'ટેમ્પરરી પરમેનન્ટ' વસ્તુ છે. જ્યાં સુધી સંપૂર્ણપદ ના પ્રાપ્ત થાય, સિદ્ધદશા ના થાય ત્યાં સુધી જ પ્રજ્ઞા હોય. પ્રજ્ઞા સ્વરૂપજ્ઞાન પછી જ ઉત્પન્ન થાય છે; જ્યારે સૂઝ તો દરેકને સમસરણ માર્ગના માઈલે ઉત્પન્ન થતી બક્ષિસ છે.

હવે જે સૂઝ પડે છે તે પણ સંપૂર્ણ સ્વતંત્ર નથી. આત્મા પરમાત્મ-સ્વરૂપ છે. તે ખોટું ય સૂઝાડતો નથી ને સાચું ય સૂઝાડતો નથી. એ તો પાપનો ઉદય આવે ત્યારે ખોટું સૂઝે અને પુણ્યનો ઉદય આવે ત્યારે સાચું દેખાડે. આત્મા કશું જ કરતો નથી,એ તો માત્ર સ્પંદનોને જ જોયા કરે છે.

**પ્રશ્નકર્તા :** સમજ અને સૂઝમાં ફેર ?

**દાદાશ્રી :** સમજને સૂઝ કહે છે, સમજ એ દર્શન છે, એ આગળ વધતું વધતું ઠેઠ કેવળદર્શન સુધી જાય.

આ અમે તમને સમજાવીએ અને તમને એની ગેડ બેસવી એટલે એ તમને 'ફૂલ' સમજમાં આવી જાય. એટલે હું જે કહેવા માગું છું તે તમને પોઈન્ટ-ટુ-પોઈન્ટ 'એકઝેક્ટલી' સમજાઈ જાય. એનું નામ ગેડ બેઠી કહેવાય. દરેકનું વ્યૂ પોન્ઈટ જુદું જુદું હોય એટલે જુદી જુદી રીતે સમજાય. દરેકની દર્શનશક્તિના આધારે વાત 'ફીટ' થાય.

**પ્રશ્નકર્તા :** સૂઝ પડે છે ત્યારે સૂઝમાં સૂઝ છે કે અહંકાર બોલે છે એ ખબર પડતી નથી.

**દાદાશ્રી :** અહંકારના પડઘા છે તેને લીધે માણસ સૂઝનો લાભ પૂરેપૂરો ઉઠાવી શકતો નથી. સૂઝ તો દરેકને પડયા જ કરે. જેમ જેમ અહંકાર શૂન્યતાને પામતો જાય તેમ તેમ સૂઝ વધતી જાય.

આ સાયન્ટિસ્ટોને સૂઝમાં દેખાય, તેમને જ્ઞાનમાં ના દેખાય. સૂઝ એ કુદરતી બક્ષિસ છે.

## ઉદાસીનતા કોને કહેવાય ?

હું સર્વ પરતત્ત્વોથી સર્વથા ઉદાસીન જ છું.

હું સર્વ પરતત્ત્વોથી સર્વથા વીતરાગ જ છું.

આ ઉદાસીન એટલે લોકભાષાનો ઉદાસ નહીં, પણ હું સ્વતત્ત્વવાળો થયો એટલે હવે મારે આ પરાયાં તત્ત્વોની જરૂર નથી. એથી 'એને' ઉદાસીનભાવ રહે, પોતાનું સુખ અનંત સાહેબીવાળું છે એવું ભાન થાય એટલે બાહ્યવૃત્તિઓ ના થાય, એટલે પરદ્રવ્યો પ્રત્યે વીતરાગ ભાવ રહે. પોતાના સ્વરૂપનું જ્ઞાન ના હોય તેવી ઉદાસીનતા આપણને ના હોય. પણ ઉલ્લાસિત ઉદાસીનતા હોય. ભગત લોકોને ઘેર લગ્ન હોય તો ય ઉદાસીનતા લાગે તેવું આપણને ના હોય.

આત્મસ્વરૂપ પ્રાપ્ત કર્યા પછી બીજે બધેથી પહેલી ઉદાસીનતા આવે ને છેવટે વીતરાગતા આવે.

**પ્રશ્નકર્તા :** વૈરાગ્ય, ઉદાસીનતા અને વીતરાગતામાં શો ફેર છે ?

**દાદાશ્રી :** વૈરાગ્ય ક્ષણજીવી છે. વૈરાગ ઉત્પન્ન થાય ત્યાંથી તે સંપૂર્ણ વૈરાગ્ય રહે તે બધા ભાગને વૈરાગ્ય કહ્યો. વૈરાગ એટલે ના ભાવતું, ના ગમતું થયું તે. પણ પધ્ધતિસરનું ના કહેવાય. દુઃખ આવે એટલે વૈરાગ આવે અને ઉદાસીનતા વીતરાગતાનું પ્રવેશદ્વાર છે.

ઉદાસીનતા એ ક્રમિકમાર્ગની બહુ ઊંચી વસ્તુ છે. ક્રમિકમાર્ગમાં ઉદાસીનતા એટલે બધી નાશવંતી ચીજો પર ભાવ તૂટી જાય અને અવિનાશીની શોધ હોવા છતાં તે પ્રાપ્ત ના થાય.



વૈરાગીને 'ગમે નહીં' તે પોતાની શક્તિથી તેનું નથી હોતું. અમુક ગમે ને અમુક ના ગમે એવું હોય; જ્યારે ઉદાસીનતાવાળાને તો એક આત્મા જાણવા સિવાય બીજી કોઈ વસ્તુમાં રૂચિ ના હોય.

**પ્રશ્નકર્તા :** વીતરાગતા વર્તે છે કે ઉદાસીનતા વર્તે છે, એ કેવી રીતે સમજાય ? બેમાં ફેર શું ?

**દાદાશ્રી :** ઉદાસીનતા એટલે રાગદ્વેષ પર આંતરો નાખી દેવો તે અને વીતરાગતામાં રાગદ્વેષ જ ના હોય. ઉદાસીનતામાં પહેલાં બધી વૃત્તિઓ મંદ પડી જાય પછી વીતરાગતા ઉત્પન્ન થાય. ઉદાસીનતા એટલે રૂચિ આવે ય નહીં ને અરૂચિ આવે ય નહીં.

**પ્રશ્નકર્તા :** બહાર ક્યાંય ઉલ્લાસ ના લાગે ને મહીં રાગદ્વેષ ના હોય તે શું કહેવાય ?

**દાદાશ્રી :** ઉદાસીનતામાં અંદર ઉલ્લાસ હોય ને બહાર ઉલ્લાસ ના દેખાય; જ્યારે વીતરાગતામાં અંદર બહાર બધે ઉલ્લાસ હોય.

❖❖❖❖❖

# [૯]

# પ્રતિષ્ઠિત આત્મા : શુદ્ધાત્મા !

## જગતનું અધિષ્ઠાન શું ?

'પ્રતિષ્ઠિત આત્મા' આ જગતનું અધિષ્ઠાન છે. 'પ્રતિષ્ઠિત આત્મા' કોણ ? 'હું ચંદુલાલ છું, આ દેહ મારો છે, આ મારું છે, મન મારું છે', એવી પ્રતિષ્ઠા કરવાથી પ્રતિષ્ઠિત આત્મા બંધાય છે. આ શેનાથી ઉત્પન્ન થયું ? અજ્ઞાનમાંથી. આ મૂર્તિમાં પ્રતિષ્ઠા કરે તો તે ફળ આપે છે, ત્યારે આ તો ભગવાનની સાક્ષીમાં પ્રતિષ્ઠા થાય છે તે કેવું ફળ આપે !

આ 'પ્રતિષ્ઠિત આત્મા' એ અમે નવો શબ્દ આપ્યો છે. લોકોને સાદી ભાષામાં સમજાય અને ભગવાનની વાત સહેલાઈથી સમજાય એવી રીતે મૂક્યું છે.

**પ્રશ્નકર્તા** : 'પ્રતિષ્ઠિત આત્મા' પુદ્‌ગલ છે કે ચેતન છે ?

**દાદાશ્રી** : પુદ્‌ગલ છે, પણ ચેતનભાવ પામેલું છે, એને આપણે



'ચાર્જ' થયેલું કહીએ છીએ. એ વિશેષભાવે પરિણમતું પુદ્‌ગલ છે. એને અમે મિશ્રચેતન કહીએ છીએ.

**પ્રશ્નકર્તા** : આહાર, ભય, નિદ્રા અને મૈથુન આ ચાર સંજ્ઞાઓ એ ગાંઠો છે કે પ્રતિષ્ઠિત આત્માનો સ્વભાવ છે ?

**દાદાશ્રી** : એ પ્રતિષ્ઠિત આત્માનો સ્વભાવ નથી, પ્રતિષ્ઠિત આત્મા એ 'ઈગોઈઝમ'નું પૂતળું છે. જેટલા ભાવ ભરેલા તેટલા ભાવ ઊભા થયા. આહાર દીઠો કે આહારની ગાંઠ ફૂટે. લાકડી દીઠી તો ભયની ગાંઠ ફૂટે. આહાર, ભય, મૈથુન, નિદ્રા એ સંજ્ઞાઓ ગાંઠો સ્વરૂપે છે; સંયોગ મળ્યો કે ગાંઠ ફૂટે.

પ્રતિષ્ઠિત આત્મામાં ક્રોધ, માન, માયા, લોભની પ્રતિષ્ઠા થયેલી તે અત્યારે ફળ આપે છે. સ્વરૂપનું જ્ઞાન થઈ ગયું એટલે પ્રતિષ્ઠા બંધ થઈ.

જગતના લોકો કહે છે ને કે 'મારો આત્મા પાપી છે' એ પ્રતિષ્ઠિત આત્મા માટે કહેવાય છે. મૂળ આત્મા તો શુદ્ધાત્મા છે, એ એક ક્ષણ પણ અશુદ્ધ થયો જ નથી. આત્માના જે પર્યાયો છે તે અશુદ્ધ થયા છે એટલે પ્રતિષ્ઠા કરેલી કે 'આ હું છું, આ મારું છે.'

'ચાર્જ'માં પ્રતિષ્ઠિત આત્મા હોય નહીં. 'ચાર્જ'માં પોતે હોય. 'ડિસ્ચાર્જ'માં પ્રતિષ્ઠિત આત્મા હોય.

## વ્યવહાર આત્મા : નિશ્ચય આત્મા !

**પ્રશ્નકર્તા** : આ શુભ-અશુભ ભાવ થાય છે તે કોને થાય છે ? પ્રતિષ્ઠિત આત્માને ?

**દાદાશ્રી** : એવું છે કે શુભ અને અશુભ ભાવ પ્રતિષ્ઠિત આત્મા કરે તે વખતે તે પ્રતિષ્ઠિત આત્મા ગણાતો નથી, તે ઘડીએ 'વ્યવહાર આત્મા' ગણાય છે. પ્રતિષ્ઠિત આત્મા તો જેને સ્વરૂપજ્ઞાન મળ્યા પછી

બાકી રહ્યું તે પ્રતિષ્ઠિત આત્મા. જે પ્રતિષ્ઠા દેહમાં 'હું'પણાની કરી હતી તે પ્રતિષ્ઠાનું ફળ રહ્યું છે. સ્વરૂપજ્ઞાન પહેલાં પ્રતિષ્ઠિત આત્મા કહેવાય નહીં, વ્યવહાર આત્મા કહેવાય.

**પ્રશ્નકર્તા :** જ્યારે વ્યવહાર આત્મા શુભ-અશુભ ભાવ કરે, ત્યારે ચૈતન્ય આત્માને વળગણ કેવી રીતે લાગે ?

**દાદાશ્રી :** આ શુભ-અશુભ ભાવ થાય છે તેમાં વ્યવહાર આત્મા એકલો નથી, નિશ્ચય આત્મા ભેગા હોય છે, 'એની' માન્યતા જ એ છે કે આ જ હું એક છું.

**પ્રશ્નકર્તા :** નિશ્ચય આત્મા એટલે શું ?

**દાદાશ્રી :** નિશ્ચય આત્મા એટલે શુદ્ધાત્મા. એવું છે કે, આ 'વ્યવહાર આત્મા' છે તે વ્યવહારથી કર્તા છે અને નિશ્ચયથી આત્મા અકર્તા છે.

**પ્રશ્નકર્તા :** નિશ્ચય આત્મા ભાવનો તો કર્તા ખરો ને ?

**દાદાશ્રી :** એ ભાવનો ય કર્તા નથી. ભાવનો ય કર્તા સ્વરૂપની અજ્ઞાનતા !

**પ્રશ્નકર્તા :** ભાવો ક્યારે થાય ?

**દાદાશ્રી :** સ્વરૂપની અજ્ઞાનતા હોય ત્યાકે ભાવ ને અભાવ થાય.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન હોય તો ભાવ હોય ?

**દાદાશ્રી :** જ્ઞાન હોય તો ભાવ જ ના હોય. જ્ઞાન હોય ત્યાં સ્વભાવ-ભાવ હોય, અને જ્યાં જ્ઞાન નથી ત્યાં ભાવ હોય. મિથ્યાત્વ છે ત્યાં ભાવ કે અભાવ છે; સમકિત હોય ત્યાં તે નથી.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન હાજર હોય તો જ ભાવ અભાવ થાય ને ?

**દાદાશ્રી :** હા, આત્મા હોય તો જ ભાવ અભાવ થાય, નહીં તો આ 'ટેપરેકર્ડ'માં ભાવાભાવ ના થાય.



**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્માએ પરલક્ષ કર્યું એટલે ભાવ અભાવ થયા ?

**દાદાશ્રી :** શુદ્ધાત્મા પરલક્ષ કરતો જ નથી. 'શુદ્ધાત્મા' એ 'શુદ્ધાત્મા' જ રહે છે, નિરંતર જ્ઞાનસહિત, સંપૂર્ણ જ્ઞાનસહિત છે. પરલક્ષને પણ એ પોતે જાણે છે કે આ પરલક્ષ કોણે કર્યું !

**પ્રશ્નકર્તા :** પરલક્ષ કરનારો કોણ ?

**દાદાશ્રી :** એટલું જ 'જ્ઞાની પુરુષ' પાસે સમજી જાય તો આ સંસારના બધા ફોડ ઉકલી જાય. આ અહીં જ ગેડ બેસવી જોઈએ કે આ પ્રેરણા કરનાર કોણ ?

**પ્રશ્નકર્તા :** ભાવનો ઉંદ્‌ભવ થવો એ પ્રેરણા કહેવાય ?

**દાદાશ્રી :** ના, એ આત્માનો ગુણ નથી. એ તમારી અજ્ઞાનતાથી થયું છે.

**પ્રશ્નકર્તા :** અજ્ઞાનતા ક્યારે થાય ? જ્ઞાનની હાજરીમાં જ ને ?

**દાદાશ્રી :** હા. જ્ઞાન છે તો અજ્ઞાન હોય. જેમ પેલો માણસ દારૂ પીધેલો હોય, તે ચંદુલાલ શેઠ હોય તો બોલે કે 'હું સયાજીરાવ ગાયકવાડ છું.' ત્યારથી આપણે ના સમજીએ કે આને દારૂનો અમલ છે ? તેમ આ અજ્ઞાનનો અમલ છે.

**પ્રશ્નકર્તા :** અજ્ઞાન જ્ઞાનમય થાય તો ?

**દાદાશ્રી :** ત્યારે એને અજ્ઞાન ન કહેવાય. પછી તો જ્ઞાનમય પરિણામ જ વર્ત્યા કરે. અને જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી અજ્ઞાનમય પરિણામ જ વર્ત્યા કરે. પછી તપ કરે, જપ કરે, શાસ્ત્રો વાંચે કે ગમે તે ક્રિયા કરે, પણ એનાથી કર્મ જ બંધાય. પણ તે ભૌતિક સુખ આપનારાં હોય.

**પ્રશ્નકર્તા :** આત્માનો આમાં દોષ નથી તો તેને બંધન કેમ થાય ?

**દાદાશ્રી :** પોતાનો દોષ ક્યારે કહેવાય કે પોતે સંપૂર્ણ દોષિત હોય

તો જ દોષ કહેવાય. નૈમિત્તિક દોષને દોષ કહેવાય નહીં. મારા ધક્કાથી જ તમને ધક્કો વાગ્યો ને તેથી પેલાને વાગ્યો, તેથી પેલા ભાઈ તમને ગુનેગાર ગણે છે. તેવી રીતે આત્મા પોતે આ ભાવનો કર્તા નથી, પણ આ નૈમિત્તિક ધક્કાઓને લઈને, 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' ને લઈને થાય છે.

**પ્રશ્નકર્તા :** 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' ચેતનને લાગુ પડે કે અચેતનને ?

**દાદાશ્રી :** માન્યતાને લાગુ પડે છે, પ્રતિષ્ઠિત આત્માને લાગુ પડે છે. પ્રતિષ્ઠિત આત્મામાં ય બહુ શક્તિ છે. તમે, ચંદુલાલ અહીં બેઠાં બેઠાં શારદાબહેન માટે સહેજ પણ અવળો વિચાર કરો તો તે તેમને ઘેર પહોંચી જાય તેમ છે !

**પ્રશ્નકર્તા :** તમારા અને અમારા પ્રતિષ્ઠિત આત્મામાં શો ફેર છે ?

**દાદાશ્રી :** કશો જ ફેર નથી. તમારામાં અજ્ઞાનતા હતી તેને લઈને ચંચળતા હોય. અમારામાં નામે ય ચંચળતા ના હોય.

## *'જ્ઞાની' કોણ ? 'દાદા ભગવાન' કોણ ?*

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાન' એટલે શું ? 'એ. એમ. પટેલ' નો આત્મા એ જ 'દાદા ભગવાન' ?

**દાદાશ્રી :** હા. બે જાતના આત્મા છે એક 'મિકેનિકલ આત્મા' અને એક 'દરઅસલ આત્મા'. 'મિકેનિકલ આત્મા' ચંચળ હોય અને 'દરઅસલ આત્મા' એ 'દાદા ભગવાન' છે.

આ બધું બોલે, કરે, ખાય, પીએ, ધંધા કરે, શાસ્ત્રો વાંચે ધર્મધ્યાન કરે એ બધું 'મિકેનિકલ' છે, એ ન્હોય 'દરઅસલ આત્મા'. તમારામાં ય 'દરઅસલ આત્મા' એ જ 'દાદા ભગવાન' છે, એ જ 'પરમાત્મા' છે.

આ બધો વ્યવહાર જે કરે છે તે 'મિકેનિકલ આત્મા' કરે છે. જપ,



તપ, ધ્યાન, શાસ્ત્રોનું વાંચન એ બધું જ 'મિકેનિકલ આત્મા' કરે છે. શેને માટે ? તો કહે કે, 'અવિચળ આત્મા પ્રાપ્ત કરવા માટે'. પણ મૂળમાં ભૂલ એ છે કે 'હું આત્મા છું' એવું જેને માને છે તે 'મિકેનિકલ આત્મા' છે. અને એને સુધારવા ફરે છે. ક્રોધ, માન, માયા, લોભને દબાવવા માટે, એનું છેદન કરવા માટે ધમાલ ધમાલ કરી મેલે છે. પણ આ ગુણ કોના છે ? આત્માના છે ? આની ઓળખ નહીં હોવાથી અનંત અવતારથી આ માર ખા ખા કર્યા છે. ક્રોધ, માન, માયા, લોભ એ આત્માના વ્યતિરેક ગુણો છે, અન્વય ગુણો નથી. અન્વય ગુણો એટલે આત્માના સ્વાભાવિક ગુણો, નિરંતર સાથે રહેનારા ગુણો. જ્યારે વ્યતિરેક ગુણો એટલે આત્માની ખાલી હાજરીથી જ પુદ્ગલમાં ઉત્પન્ન થતા ગુણો !

**પ્રશ્નકર્તા :** 'મિકેનિકલ આત્મા' અને 'શુદ્ધાત્મા'માં શો ફેર છે ?

**દાદાશ્રી :** 'મિકેનિકલ આત્મા' એ આત્માથી પ્રતિબિંબ ઊભું થયેલું, તેવા સ્વરૂપે દેખાય. એમાં 'દરઅસલ આત્મા'ના ગુણધર્મ ના હોય, પણ તેવાં જ લક્ષણ દેખાય. એટલે આખું જગત એમાં ફસાયું છે. 'મિકેનિકલ આત્મા'માં અચળતા ના હોય.

**પ્રશ્નકર્તા :** આપનામાં 'જ્ઞાની' કોણ અને 'દાદા ભગવાન' કોણ એ નથી સમજાતું.

**દાદાશ્રી :** જ્ઞાનનાં વાક્યો જે બોલે છે એમને વ્યવહારમાં 'જ્ઞાની' કહેવાય છે. અને મહીં પ્રગટ થયા છે એ વગર તો જ્ઞાન વાક્યો નીકળે નહીં. મહીં પ્રગટ થયા છે એ 'દાદા ભગવાન' છે. અમારે પણ એ પદ લેવું છે એટલે અમે પણ 'દાદા ભગવાન'ને નમસ્કાર કરીએ. અમુક ટાઈમ અમે 'દાદા ભગવાન' જોડે અભેદ રહીએ, તન્મય રહીએ અને વાણી બોલતી વખતે મહીં 'ભગવાન' જુદા ને 'અમે' જુદા !

❖❖❖❖❖

## [૧૦]

# જગસંચાલકની હકીકત !

### જેને ભગવાન માને છે ...

કોઈ બાપો ય તમારો ઉપરી નથી. કોઈ ઉપરી જ નથી, કોઈ બોસ નથી. વગર કામનો ભડક ભડક કરે છે. અરે, ભગવાને ય તારો ઉપરી નથી. તું પોતે ભગવાન છે, પણ તેનું ભાન થવું જોઈએ. અને જ્યાં સુધી પોતે ભગવાન છે તેવું ભાન ના થાય, ત્યાં સુધી ભગવાનને ઉપરી માનવા જોઈએ, ત્યાં સુધી ભગત રહેવું જોઈએ અને ભાન થયા પછી ભગતપણું છૂટયું !

કોઈ બાપો ય તારો ઉપરી નથી, તેની આ 'ગેરેન્ટી' આપું છું. આ તો વગર કામની ભડક ઘૂસી ગઈ છે કે 'આમ કરી નાખશે, તેમ કરી નાખશે.' માટે તારે ભડકવાનું કોઈ કારણ નથી, અને તારું 'વ્યવસ્થિત' હશે તો તને કોઈ છોડવાનું નથી. આ 'ઈન્કમટેક્ષ'વાળાનું કાગળિયું આવ્યું કે શેઠ ભડકી મરે. અલ્યા, આ કાગળિયું તો તારા 'વ્યવસ્થિત'માંનો એક એવિડન્સ છે. 'ઈન્કમટેક્ષ'વાળો કઈ સરમુખત્યાર નથી. માટે ભગવાનને



ઉપરી બનાવવાની મેલો ને પીડા ! આ ભગવાનને ઉપરી બનાવવો તેનાં કરતા આપણી 'વાઈફ'ને ઉપરી બનાવીએ તો એ ભજિયાં તો બનાવી આપે ! અલ્યા, તું પોતે જ ભગવાન છે. પણ તે જાણતો નથી. જ્યાં સુધી આ જાણતા નથી ત્યાં સુધી ભગવાનને ઉપરી તરીકે માથે રાખે છે, પણ ક્યા ભગવાન ? જો તારે ભગવાનને જ ઉપરી રાખવા હોય તો ક્યા ભગવાનને રાખીશ ? ઉપરવાળાને નહીં. ઉપર તો કોઈ બાપો ય નથી, ઉપર તો ખાલી આકાશ છે. ભગવાન તો મહીં બેઠા છે તે છે. ખરી 'થિયરી' તો મહીં બેઠા છે તે જ ભગવાન છે. તેનું નામ 'શુદ્ધાત્મા'. તેને ગમે તે નામ આપો, પણ મહીં બેઠેલાની જ તપાસ કરે તો કામ થશે. ભગવાન ઉપર છે, ઉપર છે-એમ ગપ્પાં મારે, કાગળો લખે, વિનંતી કરે કશું વળે નહીં.

બાકી લોકો ભગવાનનું અવલંબન લે છે, પણ તે શાના આધારે? ભગવાનને ઓળખ્યા વગર તેમનું સીધું અવલંબન શી રીતે લેવાય ? ભગવાનની તો પહેલી ઓળખ જોઈએ. જગત આખું ભગવાનને જાણતું જ નથી.

### ... એ તો 'મિકેનિકલ એડજસ્ટમેન્ટ' !

આ જગતને જે શક્તિ ચલાવી રહી છે તેને જ આખું જગત ભગવાન માને છે. ખરેખર જગત ચલાવનારો ભગવાન નથી. એ તો એક 'મિકેનિકલ એડજસ્ટમેન્ટ' છે, 'કોમ્પ્યુટર' જેવું છે. 'મશીનરી' વીતરાગ હોય કે રાગદ્વેષવાળી હોય ?

**પ્રશ્નકર્તા :** વીતરાગ હોય.

**દાદાશ્રી :** તે આ જગત ચલાવનાર શક્તિ વીતરાગ છે. 'મિકેનિકલ એટજસ્ટમેન્ટ' છે તેને લોકો જાણે કે આ જ ભગવાન છે. આ શક્તિમાં વીતરાગતાનો ગુણ ખરો, પણ એ શક્તિ ભગવાન છે જ નહીં, એ તો 'ઓન્લી સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' છે. પણ લોકોને એનું ભાન નથી, બેભાનપણાથી બધું ચાલે છે. અને પોતાના સ્વરૂપનું જેને ભાન થઈ ગયું ત્યાર પછી તેનો 'એવિડન્સ' બદલાય છે. એ છૂટો

થઇ જાય છે, મુક્ત થઇ જાય છે ! 'હું જ ચંદુભાઇ છું' એ 'રોંગ બિલીફ' છે.

'ધી વર્લ્ડ ઇઝ ધી કમ્પ્લીટ ડ્રામા ઇટસેલ્ફ.' ડ્રામાની ગોઠવણી પણ એની મેળે 'ઇટસેલ્ફ' થયેલી છે, અને તે પાછી 'વ્યવસ્થિત'ને વશ છે.

❖❖❖❖❖

## ખંડ : ૨

# વ્યવહાર જ્ઞાન

## [૧]

## જીવન જીવવાની કળા !

### આવી 'લાઇફ'માં શો સાર ?

આ જીવનનો હેતુ શું હશે, એ સમજાય છે ? કંઇક હેતુ તો હશે ને ? નાના હતા, પછી ઘૈડા થાય છે ને પછી નનામી કાઢે છે. નનામી કાઢે છે ત્યારે આપેલું નામ લઇ લે છે. અહીં આવે કે તરત નામ આપવામાં આવે છે, વ્યવહાર ચલાવવા ! જેમ ડ્રામામાં ભર્તૃહરિ નામ આપે છે ને ? 'ડ્રામા' પૂરો એટલે નામ પૂરું. એમ આ વ્યવહાર ચલાવવા નામ આપે છે, અને એ નામ ઉપર બંગલા, મોટર, પૈસો રાખે છે અને નનામી કાઢે છે ત્યારે એની જપ્તી થઇ જાય છે. લોકો જીવન ગુજારે છે ને પછી ગુજરી જાય છે ? આ શબ્દો જ 'ઇટસેલ્ફ' કહે છે કે આ બધી અવસ્થાઓ છે, ગુજારો એટલે જ વાટખર્ચી ! હવે આ જીવનનો હેતુ મોજશોખ હશે કે પછી પરોપકાર માટે હશે ? કે પછી શાદી કરીને ઘર ચલાવવું એ હેતુ છે ? આ શાદી તો ફરજિયાત હોય છે. કોઇને ફરજિયાત શાદી ન હોય તો શાદી ના થાય. પણ નાછૂટકે શાદી થાય



છે ને ?! આ બધું શું નામ કાઢવાનો હેતુ છે? આગળ સીતા ને એવી સતીઓ થઇ ગયેલી, તે નામ કાઢી ગયેલી. પણ નામ તો અહીંનું અહીં જ રહેવાનું છે, ને જોડે શું લઇ જવાનું છે ? તમારી ગૂંચો !

તમારે મોક્ષે જવું હોય તો જજો ને ના જવું હોય તો ના જશો, પણ અહીં તમારી ગૂંચોના બધા જ ખુલાસા કરી જાઓ. અહીં તો દરેક જાતના ખુલાસા થાય. આ વ્યાવહારિક ખુલાસા થાય છે તો ય વકીલો પૈસા લે છે ! પણ આ તો અમૂલ્ય ખુલાસો, એનું મૂલ્ય ના હોય. આ બધો ગૂંચાળો છે ! અને તે તમને એકલાને જ છે એમ નથી, આખા જગતને છે. 'ધ વર્લ્ડ ઇઝ ધ પઝલ ઇટસેલ્ફ.' આ 'વર્લ્ડ' 'ઇટસેલ્ફ પઝલ' થયેલું છે.

ધર્મ વસ્તુ તો પછી કરવાની છે, પણ પહેલી જીવન જીવવાની કળા જાણો ને શાદી કરતા પહેલાં બાપ થવાનું લાયકાતપત્ર મેળવો. એક ઇન્જિન લાવીએ, એમાં પેટ્રોલ નાખીએ અને ચલાવ ચલાવ કરીએ પણ એ મિનિંગલેસ જીવન શું કામનું ? જીવન તો હેતુસર હોવું જોઇએ. આ તો ઇન્જિન ચાલ્યા કરે, ચાલ્યા જ કરે, એ નિરર્થક ના હોવું જોઇએ. એને પટ્ટો જોડી આપે તો ય કંઇક દળાય. પણ આ તો આખી જિંદગી પૂરી થાય છતાં કશું જ દળાતું નથી અને ઉપરથી આવતા ભવના વાંક ઊભા કરે છે !!

આ તો લાઇફ બધી ફ્રેકચર થઇ છે. શેના હારુ જીવે છે તે ભાને ય નથી રહ્યું કે આ મનુષ્યસાર કાઢવા માટે હું જીવું છું ! મનુષ્યસાર શું છે ? તો કે' જે ગતિમાં જવું હોય તે ગતિ મળે અગર તો મોક્ષે જવું હોય તો મોક્ષે જવાય ! આવા મનુષ્ય-સારનું કોઇને ભાન જ નથી, તેથી ભટક ભટક કર્યા કરે છે.

### પણ એ કળા કોણ શીખવે ?!

આજે જગતને હિતાહિતનું ભાન જ નથી, સંસારના હિતાહિતનું કેટલાકને ભાન હોય, કારણ કે એ બુદ્ધિના આધારે કેટલાકે ગોઠવેલું હોય

છે. પણ એ સંસારી ભાન કહેવાય કે સંસારમાં શી રીતે હું સુખી થાઉં ? ખરેખર તો આ પણ 'કરેકટ' નથી. 'કરેકટનેસ' તો ક્યારે કહેવાય કે જીવન જીવવાની કળા શીખ્યો હોય તો. આ વકીલ થયો તો ય કંઈ જીવન જીવવાની કળા આવડી નહીં. ત્યારે ડૉક્ટર થયો તો ય એ કળા ના આવડી. આ તમે 'આર્ટિસ્ટ'ની કળા શીખી લાવ્યા કે બીજી કોઇ પણ કળા શીખી લાવ્યા, એ કંઇ જીવન જીવવાની કળા ના કહેવાય. જીવન જીવવાની કળા તો, કોઇ માણસ સરસ જીવન જીવતો હોય તેને આપણે કહીએ કે, તમે આ શી રીતે જીવન જીવો છો એવું કંઇક મને શીખવાડો. હું શી રીતે ચાલું ? તો એ કળા શીખાય ? એના કળાધર જોઇએ, એનો કળાધર હોવો જોઇએ, એનો ગુરુ હોવો જોઇએ. પણ આની તો કોઇને પડેલી જ નથી ને? જીવન જીવવાની કળાની તો વાત જ ઉડાડી મેલી છે ને ? અમારી પાસે જે કોઇ રહેતો હોય તેને આ કળા મળી જાય. છતાં, આખા જગતને આ કલા નથી આવડતી એવું આપણાથી ના કહેવાય. પણ જો 'કંપ્લીટ' જીવન જીવવાની કળા શીખેલા હોય ને તો લાઈફ 'ઇઝી' રહે પણ ધર્મ તો જોડે જોઇએ જ. જીવન જીવવાની કળામાં ધર્મ મુખ્ય વસ્તું છે અને ધર્મમાં ય બીજું કશું નહીં, મોક્ષ ધર્મની ય વાત નહીં, માત્ર ભગવાનની આજ્ઞારૂપી ધર્મ પાળવાનો છે. મહાવીર ભગવાન કે કૃષ્ણ ભગવાન કે જે કોઇ ભગવાનને તમે માનતા હો તેની આજ્ઞાઓ શું કહેવા માગે છે તે સમજીને પાળો. હવે બધી ના પળાય તો જેટલી પળાય એટલી સાચી. હવે આજ્ઞામાં એવું હોય કે બ્રહ્મચર્ય પાળજો ને આપણે પૈણીને લાવીએ તો એ વિરોધાભાસ થયું કહેવાય. ખરી રીતે તેઓ એમ નથી કહેતા કે તમે આવું વિરોધાભાસવાળું કરજો. એ તો એવું કહે છે કે તારાથી જેટલી અમારી આજ્ઞાઓ 'એડજસ્ટ' થાય એટલી 'એડજસ્ટ' કર. આપણાથી બે આજ્ઞાઓ 'એડજસ્ટ' ના થઇ તો શું બધી આજ્ઞાઓ મૂકી દેવી ? આપણાથી થતું નથી માટે શું આપણે છોડી દેવું ? તમને કેવું લાગે છે ? બે ના થાય તો બીજી બે આજ્ઞા પળાય તો ય બહુ થઇ ગયું.

લોકોને વ્યવહારધર્મ પણ એટલો ઊંચો મળવો જોઇએ કે જેથી લોકોને જીવન જીવવાની કળા આવડે. જીવન જીવવાની કળા આવડે એને



જ વ્યવહારધર્મ કહ્યો છે. કંઇ તપ, ત્યાગ કરવાથી એ કળા આવડે નહીં. આ તો અજીર્ણ થયું હોય તો કંઇક ઉપવાસ જેવું કરજે. જેને જીવન જીવવાની કળા આવડી તેને આખો વ્યવહારધર્મ આવી ગયો અને નિશ્ચય ધર્મ તો ડેવલપ થઈને આવે તો પ્રાપ્ત થાય અને આ અક્રમ માર્ગે તો નિશ્ચય ધર્મ જ્ઞાનીની કૃપાથી જ પ્રાપ્ત થઇ જાય છે ! 'જ્ઞાની પુરુષ' પાસે તો અનંત જ્ઞાનકળા હોય ને અનંત પ્રકારની બોધકળા હોય ! એ કળાઓ એવી સુંદર હોય કે સર્વ પ્રકારનાં દુઃખોથી મુક્ત કરે.

## *સમજ કેવી ? તે દુઃખમય જીવ્યા !!*

'આ' જ્ઞાન જ એવું છે કે જે છતું કરે અને જગતના લોકો તો આપણે છતું નાખ્યું હોય તો ય ઊંધું કરી નાખે. કારણ કે સમજણ ઊંધી છે. ઊંધી સમજણ છે એટલે ઊંધું કરે, નહીં તો આ હિન્દુસ્તાનમાં કોઇ જગ્યાએ દુઃખ નથી. આ જે દુઃખો છે તે અણસમજણનાં દુઃખો છે અને લોકો સરકારને વગોવે, ભગવાનને વગોવે કે, આ અમને દુઃખ દે છે ! લોકો તો બસ વગોવણાં કરવાનો ધંધો જ શીખ્યા છે.

હમણાં કોઇ અણસમજણથી, ભૂલથી માંકડ મારવાની દવા પી જાય તો એ દવા એને છોડી દે ?

**પ્રશ્નકર્તા :** ના છોડે.

**દાદાશ્રી :** કેમ, ભૂલથી પી લીધીને ? જાણી જોઇને નથી પીધી તો ય એ ના છોડે ?

**પ્રશ્નકર્તા :** ના. એની અસર ના છોડે.

**દાદાશ્રી :** હવે એને મારે છે કોણ ? એ માંકડ મારવાની દવા એને મારે છે, ભગવાન નથી મારતો, આ દુઃખ આપવું કે બીજી કોઇ વસ્તુ કરવી એ ભગવાન નથી કરતો, પુદ્ગલ જ દુઃખ દે છે. આ માંકડની દવા એ પણ પુદ્ગલ જ છે ને ? આપણને આનો અનુભવ થાય છે કે ના થાય ? આ કાળના જીવો પૂર્વવિરાધક વૃત્તિઓના, પૂર્વવિરાધક કહેવાય. પહેલાના કાળના લોકો તો ખાવાનું-પીવાનું ન હોય, લૂગડાં-લત્તાં ન હોય

તો ય ચલાવી લેતા, અને અત્યારે કશાયની તાણ નહીં તો ય આટલો બધો કકળાટ, કકળાટ ! તેમાં ય ધણીને 'ઇન્કમટેક્ષ', 'સેલ્સટેક્ષ'નાં લફરાં હોય, એટલે ત્યાંના સાહેબથી એ ભડકતા હોય અને ઘેર બઇ-સાહેબને પૂછીએ કે તમે શેના ભડકો છો ? ત્યારે એ કહે કે, 'મારા ધણી વસમા છે.'

ચાર વસ્તુઓ મળી હોય ને કકળાટ માંડે એ બધાં મૂર્ખ, ફૂલીશ કહેવાય. ટાઇમે ખાવાનું મળે છે કે નથી મળતું ? ગમે તેવું પછી હોય, ઘીવાળું કે ઘી વગરનું, પણ મળે છે ને ? ટાઇમે ચા મળે છે કે નથી મળતી ? પછી બે ટાઇમ હો કે એક ટાઇમ, પણ ચા મળે છે કે નથી મળતી ? અને લૂગડાં મળે છે કે નથી મળતાં ? ખમીશ-પાટલૂન શિયાળામાં ટાઢમાં પહેરવાનાં કપડાં મળે છે કે નથી મળતાં ? પડી રહેવાની ઓરડી છે કે નહીં ? આટલી ચાર વસ્તુ મળે ને પછી બૂમ પાડે તે બધાંને જેલમાં ઘાલી દેવાં જોઇએ! તેમ છતાં તેને બૂમ રહેતી હોય તો તેણે શાદી કરી લેવી જોઇએ. શાદીની બૂમ માટે જેલમાં ના ઘાલી દેવાય. આ ચાર વસ્તુઓ જોડે આની જરૂર છે. ઉંમરલાયક થયેલાને શાદી માટે ના ન પડાય. પણ આમાંય કેટલાક શાદી થઇ હોય ને તેને તોડી નાખે છે ને પછી એકલા રખડે છે ને દુઃખ વહોરે છે. થયેલી શાદી તોડી નાખે છે, કઇ જાતની પબ્લિક છે આ ?! આ ચાર-પાંચ વસ્તુ ના હોય તો આપણે જાણીએ કે આ ભઇને જરા અડચણ પડે છે. તે ય દુઃખ ના કહેવાય, અડચણ કહેવાય. આ તો આખો દહાડો દુઃખમાં કાઢે છે, આખો દહાડો તરંગો કર્યા જ કરતો હોય. જાતજાતના તરંગો કર્યા કરે!!

આ એક જણનું મોઢું જરા હિટલર જેવું હતું, એનું નાક જરાક મળતું આવતું હતું. તે પોતાની જાતને મનમાં ખુદ માની બેઠેલો કે આપણે તો હિટલર જેવા છીએ ! મેર ચક્કર ! કંઇ હિટલર ને કંઇ તું ? શું માની બેઠો છે ?! હિટલર તો અમથો બૂમ પાડે તો આખી દુનિયા હાલી ઊઠે ! હવે આ લોકોના તરંગોનો ક્યાં પાર આવે !

એટલે વસ્તુની કશી જરૂર નથી, આ તો અજ્ઞાનતાનું દુઃખ છે. અમે 'સ્વરૂપ જ્ઞાન' આપીએ પછી દુઃખ ના રહે. અમારાં પાંચ વાક્યોમાં આપણે ક્યાં નથી રહેતા એટલું જ બસ જોયા કરવાનું ! એના ટાઇમે



ખાવાનું બધું મળ્યાં કરે, અને એ પાછું 'વ્યવસ્થિત' છે. જો દાઢી એની મેળે થાય છે તો શું તને ખાવાપીવાનું નહીં મળી રહે ? આ દાઢીની ઇચ્છા નથી તો ય તે થાય છે ! હવે તમને વધારે વસ્તુની જરૂર નથી ને ? વધારે વસ્તુની જુઓ ને કેટલી બધી ઉપાધિ છે! તમને 'સ્વરૂપજ્ઞાન' મળતાં પહેલાં તરંગો આવતા હતા ને ? તરંગોને તમે ઓળખો ખરા ને ?

**પ્રશ્નકર્તા :** જી હા, તરંગો આવતા હતા.

**દાદાશ્રી :** મહીં જાતજાતના તરંગો આવ્યા કરે, તે તરંગોને ભગવાને આકાશી ફૂલ કહ્યું છે. આકાશી ફૂલ કેવું હતું ને કેવું નહોતું. એના જેવી વાત ! બધા તરંગમાં ને અનંગમાં, બેમાં જ પડ્યા છે. આમ, સીધી ધોલ મારતાં નથી. સીધી ધોલ મારે એ તો પધ્ધતિસર કહેવાય. પણ મહીં 'એક ધોલ ચોડી દઇશ' એવી અનંગ ધોલ માર્યા કરે. જગત તરંગી ભૂતોમાં તરફડયા કરે છે. આમ થશે તો આમ થશે ને તેમ થશે.

## આવા શોખની ક્યાં જરૂર છે ?

જગત આખું 'અનૂનેસેસરી' પરિગ્રહના સાગરમાં ડૂબી ગયું છે 'નેસેસરી'ને ભગવાન પરિગ્રહ કહેતા નથી. માટે દરેકે પોતાની 'નેસેસિટી' કેટલી છે એ નક્કી કરી લેવું જોઇએ. આ દેહને મુખ્ય શેની જરૂર છે ? મુખ્ય તો હવાની. તે તેને ક્ષણે ક્ષણે ફ્રી ઓફ કોસ્ટ મળ્યા જ કરે છે. બીજું, પાણીની જરૂર છે. એ પણ એને ફ્રી ઓફ કોસ્ટ મળ્યા જ કરે છે. પછી જરૂરિયાત ખાવાની છે. ભૂખ લાગે છે એટલે શું કે ફાયર થયો, માટે એને હોલવો. આ 'ફાયર'ને હોલવવા માટે શું જોઇએ ? ત્યારે આ લોકો કહે કે, 'શ્રીખંડ, બાસુંદી !' ના અલ્યા, જે હોય તે નાખી દેને મહીં. ખીચડી-કઢી નાખી હોય તો ય એ હોલવાય. પછી સેકન્ડરી સ્ટેજ ની જરૂરિયાતમાં પહેરવાનું, પડી રહેવાનું એ છે. જીવવા માટે કંઇ માનની જરૂર છે ? આ તો માનને ખોળે છે ને મૂર્ચ્છિત થઇને ફરે છે. આ બધું 'જ્ઞાની પુરુષ' પાસેથી જાણવું જોઇએ ને ?!

એક દહાડો જો નળમાં ખાંડ નાખેલું પાણી આવે તો લોક કંટાળી જાય. અલ્યા, કંટાળી ગયો ? તો કે' હા, અમારે તો સાદું જ પાણી

જોઇએ. આવું જો થાય ને તો એને સાચાની કિંમત સમજાય. આ લોક તો ફેન્ટા ને કોકાકોલા ખોળે છે. અલ્યા, તારે શેની જરૂરિયાત છે એ જાણી લે ને ! ચોખ્ખી હવા, ચોખ્ખું પાણી ને રાત્રે ખીચડી મળી ગઇ તો આ દેહ બૂમ પાડે ? ના પાડે. એટલે જરૂરિયાત શું છે એટલું નક્કી કરી લો. ત્યારે આ લોક અમુક જ પ્રકારનો આઈસ્ક્રીમ ખોળશે ! કબીર સાહેબ શું કહે છે ?

''તેરા વેરી કોઇ નહીં, તેરા વેરી ફેલ.''

'અન્નેસેસરી' માટે ખોટી દોડાદોડ કરે છે એ જ 'ફેલ' કહેવાય. તું હિન્દુસ્તાનમાં રહે છે ને નહાવા માટે પાણી માંગે તો અમે તેને 'ફેલ' ના કહીએ ?

''અપને ફેલ મિટા દે, ફિર ગલી ગલી મેં ફિર.''

આ દેહની જરૂરિયાત કેટલી ? ચોખ્ખું ઘી-દૂધ જોઇએ ત્યારે એ ચોખ્ખું નથી આપતા ને પેટમાં કચરો નાખે છે. એ ફેલ શું કામના ? આ માથામાં શું નાખે છે, બળ્યું ? શેમ્પુ, સાબુ જેવું ના દેખાય ને પાણી જેવું દેખાય એવું માથામાં ઘાલશે. આ અક્કલના ઇસ્કોતરાઓએ એવી શોધખોળ કરી કે જે ફેલ નહોતા એ ય ફેલ થઇ ગયા ! આનાથી અંતરસુખ ઘટી ગયું ! ભગવાને શું કહ્યું હતું કે બાહ્યસુખ અને અંતરસુખની વચ્ચે પાંચ, દશ ટકાનો ફેર હશે તો ચાલશે, પણ આ નેવું ટકાનો ફેર હોય તો તે ના ચાલે. આવડો મોટો થયા પછી એ ફેલ થાય ! મરવું પડે ? પણ એમ નથી મરાતું ને સહન કરવું પડે. આ તો નર્યા ફેલ જ છે, 'અન્નેસેસરી' જરૂરિયાત ઊભી કરી છે.

એક કલાક બજાર બંધ થઇ ગયું હોય તો લોકોને ચિંતા થઇ જાય ! અલ્યા, તારે શું જોઇએ છે તે તને ચિંતા થાય છે ? તો કહે કે, મારે જરા આઈસ્ક્રીમ જોઇએ છે, સિગરેટ જોઇએ છે ! આ તો ફેલ જ વધાર્યા ને? આ અંદર સુખ નથી તેથી લોક બહાર ડાફોળિયાં મારે છે. મહીં અંતરસુખની જે સિલક હતી તે ય આજે જતી રહી છે. અંતરસુખનું બેલેન્સ ના તોડશો. આ તો જેમ ફાવે તેમ સિલક વાપરી નાખી તો પછી



અંતરસુખનું બેલેન્સ જ શી રીતે રહે ? નકલ કરીને જીવવું સારું કે અસલ ? આ છોકરાંઓ એકબીજાની નકલ કરે છે. આપણને નકલ કેવી ? આ ફોરેનના લોકો આપણી નકલ કરી જાય. પણ આ તો 'ફોરેન'ના થોડા 'હિપ્પી' અહીં આવ્યા ને અહીંના લોકોએ તેમની નકલ કરી નાખી ! આને જીવન કહેવાય જ કેમ ?

લોકો 'ગોળ મળતો નથી, ખાંડ મળતી નથી' એમ બૂમો પાડે છે. ખાવાની ચીજો માટે કંઈ બૂમો પાડવી ? ખાવાની ચીજોને તો તુચ્છ ગણી છે. ખાવાનું તો પેટ છે તે મળી રહે છે. દાંત છે તેટલા કોળિયા મળી રહે છે. દાંતે ય કેવા છે ! ચીરવાના, ફાડવાના, ચાવવાના જુદા જુદા, આ આંખો કેવી સારી છે ? કરોડ રૂપિયા આપે તો ય આવી આંખ મળે ? ના મળે. અરે, લાખ રૂપિયા હોય તો ય અક્કરમી કહેશે, 'હું દુઃખી છું'. આપણી પાસે આટલી બધી કિંમતી વસ્તુઓ છે એની કિંમત સમજતો નથી. આ એકલી આંખની જ કિંમત સમજે તો ય સુખ લાગે.

આ દાંતે ય છેવટે તો નાદારી કાઢવાના, પણ અત્યારે બનાવટી દાંત ઘાલીને સાદાર કરે છે. પણ તે ભૂત જેવું લાગે. કુદરતને નવા દાંત આપવાના હોય તો તે ના આપત ? નાના છોકરાને નવા દાંત આપે છે ને ?

આ દેહને ઘઉં ખવડાવ્યા, દાળ ખવડાવી, છતાં છેવટે નનામી ! સબકી નનામી! છેવટે તો આ નનામી જ નીકળવાની છે. નનામી એટલે કુદરતની જપ્તી. બધું અહીં મૂકીને જવાનું ને જોડે શું લઇ જવાનું ? ઘરનાં જોડેની, ઘરાક જોડેની, વેપારી જોડેની ગૂંચો ! ભગવાને કહ્યું કે 'હે જીવો ! બુઝો, બુઝો, બુઝો. મનુષ્યપણું ફરી મળવું મહાદુર્લભ છે.''

જીવન જીવવાની કળા આ કાળમાં ના હોય. મોક્ષનો માર્ગ તો જવા દો, પણ જીવન જીવતાં તો આવડવું જોઇએ ને ?

## શેમાં હિત ? નક્કી કરવું પડે !

અમારી પાસે વ્યવહાર જાગૃતિ તો નિરંતર હોય ! કોઇ

ઘડિયાળની કંપની મારી પાસે પૈસા લઇ ગઇ નથી. કોઇ રેડિયોવાળાની કંપની મારી પાસેથી પૈસા લઇ ગઇ નથી. અમે એ વસાવ્યાં જ નથી. આ બધાંનો અર્થ જ શો છે ? 'મિનિંગલેસ' છે. જે ઘડિયાળે મને હેરાન કર્યો, જેને જોતાંની સાથે જ મહીં તેલ રેડાય એ શું કામનું ? ઘણા ખરાને બાપને દેખવાથી મહીં તેલ રેડાય. પોતે વાંચતો ના હોય, ચોપડી આઘી મૂકીને રમતમાં પડયો હોય ને અચાનક બાપને દેખે તો તેને તેલ રેડાય, એવું આ ઘડિયાળ દેખતાંની સાથે તેલ પડયું તો બળ્યું મેલ ઘડિયાળને છેટું. અને આ બીજું બધું રેડિયો-ટી.વી તો પ્રત્યક્ષ ગાંડપણ છે, પ્રત્યક્ષ 'મેડનેસ' છે.

**પ્રશ્નકર્તા :** રેડિયો તો ઘરઘરમાં છે.

**દાદાશ્રી :** એ વાત જુદી છે. જ્યાં જ્ઞાન જ નથી ત્યાં આગળ શું થાય ? એને જ મોહ કહેવાય ને ? મોહ કોને કહેવાય છે ? ના જરૂરિયાત ચીજને લાવે ને જરૂરિયાત ચીજની કસર વેઠે એનું નામ મોહ કહેવાય.

આ કોના જેવું છે તે કહું ? આ ડુંગળીને ખાંડની ચાસણીમાં નાખીને આપે તો લઇ આવે તેના જેવું છે. અલ્યા, તારે ડુંગળી ખાવી છે કે ચાસણી ખાવી છે તે પહેલાં નક્કી કર. ડુંગળી એ ડુંગળી હોવી જોઇએ. નહીં તો ડુંગળી ખાધાનો અર્થ જ શો ? આ તો બધું ગાંડપણ છે. પોતાનું કંઇ ડિસિઝન નહીં, પોતાની સૂઝ નહીં ને કશું ભાને ય નહીં! કો'કને ડુંગળીને ખાંડની ચાસણીમાં ખાતો જુએ એટલે પોતે પણ ખાય ! ડુંગળી એવી વસ્તુ છે કે ખાંડની ચાસણીમાં નાખે કે તે યુઝલેસ થઇ જાય. એટલે કોઇને ભાન નથી, બિલકુલ બેભાનપણું છે. પોતાની જાતને મનમાં માને કે, 'હું કંઇક છું' અને એને ના ય કેમ પડાય આપણાથી ? આ આદિવાસી પણ મનમાં સમજે કે, 'હું કંઇક છું.' કારણ કે એને એમ થાય કે, 'આ બે ગાયો ને આ બે બળદનો હું ઉપરી છું !' અને એ ચાર જણનો એ ઉપરી જ ગણાય ને ? જ્યારે એમને મારવું હોય ત્યારે એ મારી શકે, એ માટે અધિકારી છે એ. અને કોઇનો ઉપરી ના હોય તો છેવટે વહુનો તો ઉપરી હોય જ. આને કેમ પહોંચી વળાય ? જ્યાં વિવેક નથી, સારાસારનું ભાન નથી ત્યાં શું થાય ? મોક્ષની તો વાત જવા દો પણ



સાંસારિક હિતાહિતનું પણ ભાન નથી.

સંસાર શું કહે છે કે રેશમી ચાદર મફત મળતી હોય તો તે લાવીને પાથરો નહીં અને 'કોટન' વેચાતી મળતી હોય તો લાવો. હવે તમે પૂછશો કે એમાં શું ફાયદો ! તો કે' આ મફત લાવવાની ટેવ પડયા પછી જો કદી નહીં મળે તો મુશ્કેલીમાં મુકાઇ જઇશ. માટે એવી ટેવ રાખજે કે કાયમ મળ્યા કરે. માટે કોટનની વેચાતી લાવજે. નહીં તો ટેવ પડયા પછી કપરું લાગશે. આ જગત જ બધું એવું થઇ ગયું છે, ઉપયોગ નામે ય ના મળે. મોટા મોટા આચાર્ય મહારાજોને કહીએ કે, 'સાહેબ, આ ચાર ગોદડાંમાં આજે સૂઇ જાઓ.' તો એમને મહાઉપાધિ લાગે, ઊંઘ ના આવે આખી રાત ! કારણ કે સાદડીમાં સૂવાની ટેવ પડેલી ને ! આ સાદડીથી ટેવાયેલા છે ને પેલા ચાર ગોદડાંથી ટેવાયેલા છે. ભગવાનને તો બેઉ કબૂલ નથી. સાધુના તપને કે ગૃહસ્થીના વિલાસને ભગવાન કબૂલ કરતા નથી એ તો કહે છે કે જો તમારું ઉપયોગપૂર્વક હશે તો તે સાચું. ઉપયોગ નથી ને એમને એમ ટેવ પડી જાય તે બધું મિનિંગલેસ કહેવાય.

વાતો જ સમજવાની છે કે આ રસ્તે આવું છે ને આ રસ્તે આવું છે. પછી નક્કી કરવાનું છે કે કયે રસ્તે જવું. ના સમજાય તો 'દાદા'ને પૂછવું, તે 'દાદા' તમને બતાવશે કે આ ત્રણ રસ્તા જોખમવાળા છે ને આ રસ્તો બિનજોખમી છે તે રસ્તે અમારા આશીર્વાદ લઇને ચાલવાનું છે.

## *ને આવી ગોઠવણીથી સુખ આવે !*

એક જણ મને કહે કે, 'મને કશી સમજણ પડતી નથી. કશાક આશીર્વાદ મને આપો.' તેના માથે હાથ મૂકીને મે કહ્યું, 'જા, આજથી સુખની દુકાન કાઢ. અત્યારે તારી પાસે જે છે તે દુકાન કાઢી નાખ.' સુખની દુકાન એટલે શું ? સવારથી ઊઠયા ત્યારથી બીજાને સુખ આપવું, બીજો વેપાર ના કરવો. હવે એ માણસને તો આની બહુ સમજણ પડી ગઇ. એણે તો બસ આ શરૂ કરી દીધું, એટલે તો એ ખૂબ આનંદમાં આવી ગયો ! સુખની દુકાન કાઢે ને એટલે તારે ભાગે ય સુખ જ રહેશે

અને લોકોને ભાગે ય સુખ જ જશે. આપણે હલવાઇની દુકાન હોય પછી કોઇને ત્યાં જલેબી વેચાતી લેવા જવું પડે ? જ્યારે ખાવી હોય ત્યારે ખવાય. દુકાન જ હલવાઇની હોય ત્યાં પછી શું ? માટે તું સુખની જ દુકાન કાઢ. પછી કશી ઉપાધિ જ નહીં.

તમારે જેની દુકાન કાઢવી હોય તેની કાઢી શકાય. જો બધા જ દહાડાની ના કાઢી શકાય તો અઠવાડિયામાં એક દહાડો રવિવારના દહાડે તો કાઢો ! આજે રવિવાર છે, 'દાદા'એ કહ્યું છે કે સુખની દુકાન કાઢવી છે. તમને સુખના ઘરાકો મળી રહેશે. 'વ્યવસ્થિત' નો નિયમ જ એવો છે કે ગ્રાહકને ભેગા કરી આલે. 'વ્યવસ્થિત' નો નિયમ એ છે કે તેં જે નક્કી કર્યું હોય તે પ્રમાણે તને ઘરાક મોકલી આપે.

જેને જે ભાવતું હોય તેણે તેની દુકાન કાઢવી. કેટલાક તો સળીઓ કર્યા કરે. એમાંથી એ શું કાઢે ? કોઇને હલવાઇનો શોખ હોય તો તે શેની દુકાન કાઢે ? હલવાઇની જ. લોકોને શેનો શોખ છે ? સુખનો. તો સુખની જ દુકાન કાઢ, જેથી લોકો ય સુખ પામે ને પોતાના ઘરનાં ય સુખ ભોગવે. ખાઓ, પીઓ ને મઝા કરો. આવતા દુઃખના ફોટા ના પાડો. ખાલી નામ સાંભળ્યું કે ચંદુભાઇ આવવાના છે, હજુ આવ્યા નથી, ખાલી કાગળ જ આવ્યો છે ત્યાંથી જ એના ફોટા પાડવા મંડી જાય.

આ 'દાદા' તો 'જ્ઞાની પુરુષ' એમની દુકાન કેવી ચાલે ? આખો દિવસ ! આ 'દાદા' ની સુખની દુકાન, તેમાં કોઇએ ઢેખાળો નાખ્યો હોય તો યે પાછા એને ગુલાબજાંબુ ખવડાવીએ. સામાને ઓછી ખબર છે કે આ સુખની દુકાન છે એટલે ત્યાં ઢેખાળો ના મરાય ? એમને તો, નિશાન તાકયા વગર જ્યાં આવ્યું ત્યાં મારે.

આપણે કોઇને દુઃખ નથી આપવું આવું નક્કી કર્યું તો ય આપનારો તો આપી જ જાય ને ? ત્યારે શું કરીશ તું ? જો હું તને એક રસ્તો બતાવું. તારે અઠવાડિયામાં એક દહાડો 'પોસ્ટ ઓફિસ' બંધ રાખવાની. તે દા'ડે કોઇનો મનીઓર્ડર સ્વીકારવો નહીં ને કોઇને મનીઓર્ડર કરવાનો નહીં. અને કોઇ મોકલે તો તેને બાજુએ મૂકી રાખવાનું ને કહેવાનું કે, 'આજે પોસ્ટઓફિસ બંધ છે. કલ બાત કરેંગે.'



અમારે તો કાયમ પોસ્ટ ઓફિસ બંધ જ હોય છે.

આ દિવાળીને દહાડે બધા શા માટે ડાહ્યા થઇ જાય છે ? એમની 'બિલીફ' બદલાઇ જાય છે તેથી. આજે દિવાળીનો દહાડો છે, આનંદમાં ગાળવો છે એવું નક્કી કરે છે તેથી એમની બિલીફ બદલાઇ જાય છે, તેથી આનંદમાં રહે છે. 'આપણે' માલિક એટલે ગોઠવણી કરી શકીએ. તે નક્કી કર્યું હોય કે 'આજે તોછડાઇ કરવી નથી.' તો તારાથી તોછડાઇ નહીં થાય. આ અઠવાડિયામાં એક દહાડો આપણે નિયમમાં રહેવાનું, પોસ્ટ ઓફિસ બંધ કરીને એક દહાડો બેસવાનું. પછી છો ને લોકો બૂમો પાડે કે આજે પોસ્ટ ઓફિસ બંધ છે ?

## વેર ખપે ને આનંદ પણ રહે !

આ જગતમાં કોઇપણ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન દેવાની ભાવના હોય તો જ કમાણી કહેવાય. એવી ભાવના રોજ સવારે કરવી. કોઇ ગાળ આપે તે આપણને ના ગમતી હોય તો તેને જમે જ કરવી, તપાસ ના કરવી કે મેં એને ક્યારે આપી હતી. આપણે તો તરત જ જમે કરી લેવી કે હિસાબ પતી ગયો. ને ચાર પાછી આપી તો ચોપડો ચાલુ રહે, એને ઋણાનુબંધ કહે છે. ચોપડો બંધ કર્યો એટલે ખાતું બંધ. આ લોક તો શું કરે કે પેલાએ એક ધીરી હોય તો આ ઉપરથી ચાર ધીરે ! ભગવાને શું કહ્યું છે કે, જે રકમ તને ગમતી હોય તે ધીર અને ના ગમતી હોય તો ના ધીરીશ. કોઇ માણસ કહે કે, તમે બહુ સારા છો તો આપણે ય કહીએ કે 'ભઇ, તમે ય બહુ સારા છો.' આવી ગમતી વાત ધીરો તો ચાલે.

આ સંસાર બધો હિસાબ ચૂકવવાનું કારખાનું છે. વેર તો સાસુ થઇને, વહુ થઇને, છોકરો થઇને, છેવટે બળદ થઇને પણ ચૂકવવું પડે. બળદ લીધા પછી રૂપિયા બારસો ચૂકવ્યા પછી બીજે દિવસે એ મરી જાય ! એવું છે આ જગત !! અનંત અવતાર વેરમાં ને વેરમાં ગયા છે ! આ જગત વેરથી ખડું રહ્યું છે ! આ હિન્દુઓ તો ઘરમાં વેર બાંધે અને આ મુસ્લિમોને જુએ તો એ ઘરમાં વેર ના બાંધે, બહાર ઝઘડો કરી આવે. એ જાણે કે આપણે તો આની આ જ ઓરડીમાં આની જ જોડે રાત્રે પડી રહેવાનું છે, ત્યાં ઝઘડો કર્યે કેમ પાલવે ? જીવન જીવવાની કળા શું છે

કે સંસારમાં વેર ના બંધાય ને છૂટી જવાય. તે નાસી તો આ બાવા-બાવલીઓ જાય છે જ ને ? નાસી ના જવાય. આ તો જીવનસંગ્રામ છે, જન્મથી જ સંગ્રામ ચાલુ ! ત્યાં લોક મોજમઝામાં પડી ગયું છે !

ઘરનાં બધાં જોડે, આજુબાજુ, ઓફિસમાં બધાં જોડે 'સમભાવે નિકાલ' કરજો. ઘરમાં ના ભાવતું થાળીમાં આવ્યું ત્યાં 'સમભાવે નિકાલ' કરજો. કોઇને છંછેડશો નહીં જે ભાણામાં આવે તે ખાજે. જે સામું આવ્યું તે સંયોગ છે ને ભગવાને કહ્યું છે કે સંયોગને ધક્કો મારીશ તો એ ધક્કો તને વાગશે ! એટલે અમને ના ભાવતી વસ્તુ મૂકી હોય તો ય અમે મહીંથી બે ચીજ ખાઇ લઇએ. ના ખાઇએ તો બે જણની જોડે ઝઘડા થાય. એક તો જે લાવ્યો હોય, જેણે બનાવ્યું હોય તેની જોડે ભાંજગડ પડે, તરછોડ વાગી જાય, અને બીજું ખાવાની ચીજ જોડે. ખાવાની ચીજ કહે છે કે, મેં શો ગુનો કર્યો ? હું તારી પાસે આવી છું, ને તું મારું અપમાન શું કામ કરે છે ? તને ઠીક લાગે તેટલું લે, પણ અપમાન ના કરીશ મારું. હવે એને આપણે માન ના આપવું જોઇએ ? અમને તો આપી જાય તો ય અમે તેને માન આપીએ. કારણ કે એક તો ભેગું થાય નહીં ને ભેગું થાય તો માન આપવું પડે. આ ખાવાની ચીજ આપી ને તેની તમે ખોડ કાઢી તો પહેલુ આમાં સુખ ઘટે કે વધે ?

**પ્રશ્નકર્તા :** ઘટે.

**દાદાશ્રી :** ઘટે એ વેપાર તો ના કરો ને ? જેનાથી સુખ ઘટે એવો વેપાર ન જ કરાય ને ? મને તો ઘણા ફેર ના ભાવતું શાક હોય તે ખઇ લઉં ને પાછો કહું કે આજનું શાક બહુ સરસ છે.

**પ્રશ્નકર્તા :** એ દ્રોહ ના કહેવાય ? ના ભાવતું હોય ને આપણે કહીએ કે ભાવે છે, તો એ ખોટું મનને મનાવવાનું ના થયું ?

**દાદાશ્રી :** ખોટું મનને મનાવવાનું નહીં. એક તો 'ભાવે છે' એવું કહીએ તો આપણા ગળે ઊતરશે. 'નથી ભાવતું' કહ્યું એટલે શાકને રીસ ચઢશે, બનાવનારને રીસ ચઢશે અને ઘરના છોકરાં શું સમજશે કે આ ડખાવાળા માણસ કાયમ આવું જ કર્યા કરે છે ? ઘરનાં છોકરાંઓ



આપણી આબરૂ જોઇ જાય.

અમારે ઘરમાં ય કોઇ જાણે નહીં કે 'દાદા'ને આ ભાવતું નથી કે ભાવે છે. આ રસોઇ બનાવવી તે શું બનાવનારના હાથનો ખેલ છે ? એ તો ખાનારના 'વ્યવસ્થિત'ના હિસાબે ભાણામાં આવે છે, તેમાં ડખો ના કરવો જોઇએ.

## સાહ્યબી, છતાં ય ના માણી !

આ હોટલમાં ખાય છે તે પછી મરડો થાય. હોટલમાં ખાય પછી ધીમે ધીમે આમ ભેગો થાય અને એક બાજુ પડી રહે. પછી એ જ્યારે પરિપાક થાય ત્યારે મરડો થાય. ચૂંક આવે એ કેટલાય વર્ષો પછી પરિપાક થાય. અમને તો આ અનુભવ થયો ત્યાર પછી બધાને કહેતા કે હોટલનું ના ખવાય. અમે એક વખત મીઠાઇની દુકાને ખાવા ગયેલા. તે પેલો મીઠાઇ બનાવતો હતો તેમાં પરસેવો પડે, કચરો પડે ! આજકાલ તો ઘેરે ય ખાવાનું બનાવે છે તે ક્યાં ચોખ્ખું હોય છે ? લોટ બાંધે ત્યારે હાથ ધોયા ના હોય, નખમાં મેલ ભરાયો હોય. આજકાલ નખ કાપતા નથી ને ? અહીં કેટલાક આવે એને નખ લાંબા હોય ત્યારે મારે તેને કહેવું પડે છે, બહેન આમાં તને લાભ છે કે ? લાભ હોય તો નખ રહેવા દેજે. તારે કંઇ ડ્રોઇંગનું કામ કરવાનું હોય તો રહેવા દેજે. ત્યારે એ કહે કે, ના. આવતી કાલે કાપી લાવીશ. આ લોકોને કંઇ સેન્સ જ નથી ! તે નખ વધારે છે, ને કાન પાસે રેડિયો લઇને ફરે છે ! પોતાનું સુખ શામાં છે એ ભાન જ નથી, અને પોતાનું પણ ભાન ક્યાં છે ? એ તો લોકોએ જે ભાન આપ્યું તે જ ભાન છે.

બહાર કેટલી બધી જાહોજલાલી ભોગવવાની છે ! આ લાખ રૂપિયાની ડબલડેકર બસમાં આઠ આના આપે તો અહીંથી ઠેઠ ચર્ચગેટ સુધી બેસીને જવા મળે ! એમાં ગાદી પાછી કેવી સરસ ! અરે ! પોતાના ઘેરે ય એવી નથી હોતી ! હવે આવી સરસ પુણ્યૈ મળી છે પણ ભોગવતાં નથી આવડતું, નહીં તો હિન્દુસ્તાનમાં લોકોને લાખ રૂપિયાની બસ ક્યાંથી ભાગ્યમાં હોય ? આ મોટરમાં જાઓ છો તે કશે ધૂળ ઊડે છે ?

ના. એ તો રસ્તા ધૂળ વગરના છે. ચાલે તો પગે ય ધૂળ ચડે નહીં. અરે, બાદશાહને ય એના વખતમાં રસ્તા ધૂળવાળા હતા. તે બહાર જઇને આવે તો ધૂળથી ભરાઇ જાય ! અને આમને બાદશાહ કરતાં ય વધારે સાહ્યબી છે, પણ ભોગવતાં જ નથી આવડતું ને ? આ બસમાં બેઠો હોય તો ય મહીં ચક્કર ચાલુ !

## સંસાર સહેજે ય ચાલે, ત્યાં...

કશું દુઃખ જેવું છે જ નહીં અને જે છે એ અણસમજણનાં દુઃખો છે. આ દુનિયામાં કેટલા બધા જીવો છે ? અસંખ્યાત જીવો છે ! પણ કોઇની ય બૂમ નથી કે અમારે ત્યાં દુકાળ પડયો ! અને આ અક્કરમીઓ વરસે વરસે બૂમાબૂમ કરે છે ! આ દરિયામાં કોઇ જીવ ભૂખે મરી ગયો હોય એવું છે ? આ કાગડા-બાગડા બધા ભૂખે મરી જાય એવું છે ? ના, એ ભૂખથી નહીં મરવાના, એ તો કંઇ અથડાઇ પડયા હોય, એક્સિડન્ટ થયો હોય, અગર તો આયુષ્ય પૂરું થાય ત્યારે મરી જાય. કોઇ કાગડો તમને દુઃખી દેખાયો ? કોઇ સુકાઇને કંતાઇ ગયેલો કાગડો દેખ્યો તમે ? આ કૂતરાંને કંઇ ઊંઘની ગોળીઓ ખાવી પડે છે ? એ તો કેવાં નિરાંતે ઊંઘી જાય છે. આ અક્કરમીઓ જ વીસ-વીસ ગોળીઓ ઊંઘવા માટે ખાય છે ! ઊંઘ એ તો કુદરતી બક્ષિસ છે, ઊંઘમાં તો ખરેખરો આનંદ હોય! અને આ ડોકટરો તો બેભાન થવાની ગોળીઓ આપે છે. ગોળીઓ ખાઇને બેભાન થવું તે આ દારૂ પીએ છે તેના જેવું છે. કોઇ ‘બ્લડપ્રેશર’ વાળો કાગડો જોયો તમે ! આ મનુષ્ય નામનાં જીવડાં એકલા જ દુઃખિયાં છે. આ મનુષ્ય એકલાંને જ કોલેજની જરૂર છે.

આ ચકલાં સુંદર માળો ગૂંથે છે તે તેમને કોણ શિખવાડવા ગયેલું ? આ સંસાર ચલાવવાનું તો આપમેળે જ આવડે એવું છે. હા, ‘સ્વરૂપજ્ઞાન’ મેળવવા પુરુષાર્થ કરવાની જરૂર છે. સંસારને ચલાવવા કશું જ કરવાની જરૂર નથી. આ મનુષ્યો એકલાં જ બહુ દોઢડાહ્યા છે. આ પશુ-પક્ષીઓને શું બૈરી-છોકરાં નથી ? તેમને પરણાવવા પડે છે ? આ તો મનુષ્યોને જ બૈરી-છોકરાં થયાં છે. મનુષ્યો જ પરણાવવામાં પડ્યાં છે. પૈસા ભેગા કરવામાં પડ્યા છે. અલ્યા, આત્મા જાણવા પાછળ મહેનત



કર ને ! બીજા કશા માટે મહેનત-મજૂરી કરવા જેવી છે જ નહીં. અત્યાર સુધી જે કંઇ કર્યું છે તે પોક મૂકવા જેવું કર્યું છે. આ છોકરાંને ચોરી કરતાં કોણ શિખવાડે છે ? બધું બીજમાં જ રહેલું છે. આ લીમડો પાને પાને કડવો શાથી છે ? એના બીજમાં જ કડવાશ રહેલી છે. આ મનુષ્યો એકલાં જ દુઃખી-દુઃખી છે, પણ એમાં એમનો દોષ નથી. કારણ કે ચોથા આરા સુધી સુખ હતું, અને આ તો પાંચમો આરો, આ આરાનું નામ જ દુષમકાળ ! એટલે મહાદુઃખે કરીને સમતા ઉત્પન્ન ના થાય. કાળનું નામ જ દુષમ !! પછી સુષમ ખોળવું એ ભૂલ છે ને ?

❖❖❖❖❖

# [૨]
# યોગ-ઉપયોગો પરોપકારાય !

## જીવનમાં, મહત્કાર્ય જ આ બે !!

મનુષ્યનો અવતાર શેને માટે છે ? પોતાનું આ બંધન, કાયમનું બંધન તૂટે એ હેતુ માટે છે, 'એબ્સોલ્યુટ' થવા માટે છે અને જો આ 'એબ્સોલ્યુટ' થવાનું જ્ઞાન પ્રાપ્ત ના થાય તો તું પારકાના હારુ જીવજે. આ બે જ કામ કરવા માટે હિન્દુસ્તાનમાં જન્મ છે. આ બે કામ લોકો કરતાં હશે ? લોકોએ તો ભેળસેળ કરીને મનુષ્યમાંથી જાનવરમાં જવાની કળા ખોળી કાઢી છે !

## પરોપકારથી પુણ્યૈ સથવારે !

જ્યાં સુધી મોક્ષ ના મળે ત્યાં સુધી પુણ્ય એકલું જ મિત્ર સમાન કામ કરે છે અને પાપ દુશ્મન સમાન કામ કરે છે. હવે તમારે દુશ્મન રાખવો છે કે મિત્ર રાખવો છે એ તમને જે ગમે તે પ્રમાણે નક્કી કરવાનું છે, અને મિત્રનો સંજોગ કેમ થાય તે પૂછી લેવું અને દુશ્મનનો સંજોગ કેમ જાય તે પૂછી લેવું અને જો દુશ્મન ગમતો હોય તો તે સંજોગ કેવી



રીતે થાય એ પૂછે, એટલે અમે તેને કહીએ કે, જેમ ફાવે તેમ દેવું કરીને ઘી પીજે, ગમે ત્યાં રખડજે ને તને ફાવે તેમ મજા કરજે, પછી આગળની વાત આગળ ! અને પુણ્યરૂપી મિત્ર જોઈતો હોય તો અમે બતાડી દઈએ કે, ભઈ, આ ઝાડ પાસેથી શીખી લે. કોઈ ઝાડ એનું ફળ પોતે ખાઈ જાય છે ? ત્યારે કોઈ ગુલાબ એનું ફૂલ ખાઈ જતું હશે ? થોડુંક તો ખાઈ જતું હશે, નહીં ? આપણે ના હોઈએ ત્યારે રાત્રે એ ખાઈ જતું હશે, નહીં ? ના, ખાઈ જાય ?

**પ્રશ્નકર્તા :** ના ખાય.

**દાદાશ્રી :** આ ઝાડ-પાન એ તો મનુષ્યોને ફળ આપવા માટે મનુષ્યોની સેવામાં છે. હવે ઝાડોને શું મળે છે ? એમની ગતિ ઊંચી જાય છે, અને મનુષ્યો આગળ વધે છે-એમની હેલ્પ લઈને ! એમ માનો ને, કે આપણે કેરી ખાધી. એ આંબાના ઝાડનું શું ગયું ? અને આપણને શું મળ્યું ? આપણે કેરી ખાધી એટલે આપણને આનંદ થયો. એનાથી આપણી વૃત્તિઓ જે બદલાઈ તેનાથી આપણે સો રૂપિયા આધ્યાત્મિક કમાઈએ. હવે કેરી ખાધી એટલે તેમાંથી પાંચ ટકા આંબાને તમારામાંથી જાય અને પંચાણું ટકા તમારે ભાગે રહે. એટલે એ લોકો આપણા ભાગમાંથી પડાવે, પાંચ ટકા પડાવે ને એ બિચારાં ઊંચી ગતિમાં આવે અને આપણી અધોગતિ થતી નથી, આપણે પણ વધીએ. એટલે આ ઝાડો કહે છે કે અમારું બધું ભોગવો, દરેક જાતનાં ફળ ફૂલ ભોગવો.

માટે આ જગત તમને પોષાતું હોય, જગત જો તમને ગમતું હોય, જગતની ચીજોની ઈચ્છા હોય, જગતના વિષયોની વાંછના હોય તો આટલું કરો, 'યોગ-ઉપયોગો પરોપકારાય.' યોગ એટલે આ મન, વચન, કાયાનો યોગ અને ઉપયોગ એટલે બુદ્ધિ વાપરવી, મન વાપરવું, ચિત્ત વાપરવું-એ બધું જ પારકાને માટે વાપર અને પારકાને માટે ના વપરાય તો આપણા લોકો છેવટે ઘરનાં માટે પણ વાપરે છે ને ! આ કૂતરીને ખાવાનું કેમ મળે છે ? એ બચ્ચાંની મહીં ભગવાન રહેલા છે. તે બચ્ચાંની સેવા કરે છે તેનાથી એને બધું મળી રહે છે. આ આધારે જગત બધું ચાલી રહ્યું છે. આ ઝાડને ક્યાંથી ખોરાક મળે છે ? આ ઝાડોએ કંઈ પુરુષાર્થ કર્યો છે ? એ તો જરા ય 'ઈમોશનલ' નથી. એ કોઈ દહાડો 'ઈમોશનલ'

થાય છે ? એ તો કોઇ દહાડો આઘાં-પાછાં થતાં જ નથી. એમને કોઇ દહાડો થતું નથી કે લાવ અહીંથી માઇલ છેટે વિશ્વામિત્રી છે તે ત્યાં જઇને પાણી પી આવું !

## પરોપકાર, પરિણામે લાભ જ !

**પ્રશ્નકર્તા :** આ જગતમાં સારાં કૃત્યો ક્યાં કહેવાય ? એની વ્યાખ્યા આપી શકાય ?

**દાદાશ્રી :** હા, સારાં કૃત્યો તો આ ઝાડ કરે, બધાં કરે છે એ તદ્દન સારાં કૃત્યો કરે છે. પણ એ પોતે કર્તાભાવે નથી. આ ઝાડ જીવવાળાં છે. બધાં પારકા માટે પોતાનાં ફળ આપે છે. તમે તમારાં ફળ પારકાને આપી દો. તમને તમારા ફળ મળ્યા કરશે. તમારાં જે ફળ ઉત્પન્ન થાય-દૈહિક ફળ, માનસિક ફળ, વાચિક ફળ. 'ફ્રી ઓફ કોસ્ટ' લોકોને આપ્યા કરો તો તમને તમારી દરેક વસ્તુ મળી આવશે, તમારી જીવન-જરૂરિયાતમાં કિંચિત્ માત્ર અડચણ નહીં પડે. અને જ્યારે એ ફળ તમે તમારી મેળે ખાઇ જશો તો અડચણ આવી મળશે. આ આંબો એનાં ફળ ખાઇ જાય તો એનો માલિક જે હોય તે શું કરે ? એને કાપી નાખે ને ? તેમ આ લોકો પોતાનાં ફળ પોતે જ ખાઇ જાય છે, એટલું જ નહીં ઉપરથી ફી માંગે છે ! એક અરજી લખી આપવાના બાવીસ રૂપિયા માંગે છે ! જે દેશમાં 'ફ્રી ઓફ કોસ્ટ' વકીલાત કરતા, અને ઉપરથી ઘરનું જમાડીને વકીલાત કરતાં ત્યાં આ દશા થઇ । ગામમાં વઢવાડ થઇ હોય, તો નગરશેઠ હોય તે પેલા બે લઢવાવાળાને કહેશે, 'ભાઇ ચંદુલાલ, તમે આજે સાડા દસ વાગે ઘેર આવજો અને નગીનદાસ, તમે પણ તે ટાઇમે ઘેર આવજો;' અને નગીનદાસની જગ્યાએ કોઇ મજૂર હોય કે ખેડૂત હોય કે જે વઢતા હોય તેમને ઘેર બોલાવી જાય. બેઉને બેસાડે, બેઉને સહમત કરે. જેના પૈસા ચૂકવવાના હોય તેને થોડા રોકડા અપાવી, બાકીના હપ્તા બંધાવી આપે. પછી બેઉ જણને કહેશે, ચાલો, મારી જોડે જમવા બેસી જાઓ. બન્નેને જમાડીને પછી ઘેર મોકલી આપે ! છે અત્યારે આવા વકીલ ? માટે સમજો, અને સમયને ઓળખીને ચાલો. અને જો પોતાની જાતને પોતા માટે જ વાપરે તો મરણ વખત દુઃખી થવાય. જીવ નીકળે



નહીં ! ને બંગલા મોટર છોડીને જવાય નહીં!

અને આ લાઇફ જો પરોપકાર માટે જશે તો તમને કશી ય ખોટ નહીં આવે, કોઇ જાતની તમને અડચણ નહીં આવે, તમારી જે જે ઇચ્છાઓ છે તે બધી જ પૂરી થશે. અને આમ કૂદાકૂદ કરશો તો એકે ય ઇચ્છા પૂરી નહીં થાય, કારણ કે એ રીત તમને ઊંઘ જ નહીં આવવા દે. આ શેઠિયાઓને તો ઊંઘ જ નથી આવતી, ત્રણ-ત્રણ, ચાર-ચાર દિવસ સુધી ઊંઘી નથી શકતા. કારણ કે લૂંટબાજી જ કરી છે જેની ને તેની.

**પ્રશ્નકર્તા :** પરોપકારી માણસ લોકોના સારા માટે કહે તો પણ લોકો તે સમજવાને તૈયાર જ નથી, તેનું શું ?

**દાદાશ્રી :** એવું છે, કે પરોપકાર કરનાર જો સામાની સમજણ જુએ તો તો એ વકીલાત કહેવાય. એટલે સામાની સમજણ જોવાની ના હોય. આ આંબો છે તે ફળ આપે છે. પછી તે આંબો એની કેટલી કેરીઓ ખાતો હશે ?

**પ્રશ્નકર્તા :** એકે ય નહીં.

**દાદાશ્રી :** તો એ બધી કેરીઓ કોના માટે છે ?

**પ્રશ્નકર્તા :** પારકા માટે.

**દાદાશ્રી :** હં... તે આંબો જુએ છે કે આ મારી કેરીઓ ખાનારો લુચ્ચો છે કે સારો છે ? જે આવે ને લઇ જાય તેની તે કેરી, મારી નહીં. પરોપકારી જીવન તો એ જીવે છે !

**પ્રશ્નકર્તા :** પણ જે ઉપકાર કરે તેની ઉપર જ લોકો દોષારોપણ કરે છે, તો ય ઉપકાર કરવો ?

**દાદાશ્રી :** હા. એ જ જોવાનું છે. અપકાર ઉપર ઉપકાર કરે તે જ ખરું છે. આવી સમજણ લોક ક્યાંથી લાવે ? આવી સમજણ હોય તો તો કામ જ થઇ ગયું !

આ પરોપકારીની તો બહુ ઊંચી સ્થિતિ છે, એ જ આખા મનુષ્ય-

જીવનનો ધ્યેય છે. અને હિન્દુસ્તાનમાં બીજો ધ્યેય, અંતિમ ધ્યેય મોક્ષ પ્રાપ્તિનો છે.

**પ્રશ્નકર્તા :** પરોપકારની સાથે 'ઇગોઇઝમ'ની સંગતિ હોય કે ?

**દાદાશ્રી :** હંમેશાં પરોપકાર જે કરે છે તેનો 'ઇગોઇઝમ' નોર્મલ જ હોય, તેનો વાસ્તવિક 'ઇગોઇઝમ' હોય. અને જે કોર્ટમાં દોઢસો રૂપિયા ફી લઇને બીજાનું કામ કરતા હોય તેનો 'ઇગોઇઝમ' બહુ વધી ગયેલો હોય, એટલે જેને 'ઇગોઇઝમ' વધારવાનો ના હોય તેનો 'ઇગોઇઝમ' બહુ વધી ગયો હોય.

આ જગતનો કુદરતી નિયમ શું છે કે તમારા પોતાનાં ફળ બીજાને આપો તો કુદરત તમારું ચલાવી લેશે. આ જ ગુહ્ય સાયન્સ છે. આ પરોક્ષ ધર્મ છે. પછી પ્રત્યક્ષ ધર્મ આવે છે, આત્મધર્મ છેલ્લે આવે મનુષ્યજીવનનો હિસાબ આટલો જ છે. અર્ક આટલો જ છે કે મન, વચન, કાયા પારકા માટે વાપરો.

❖❖❖❖❖

# [૩]

# દુઃખ ખરેખર છે ?

## 'રાઇટ બિલીફ' ત્યાં દુઃખ નથી !

**પ્રશ્નકર્તા :** દાદા, દુઃખ વિશે કંઇક કહો. આ દુઃખ શેમાંથી ઉત્પન્ન થાય છે ?

**દાદાશ્રી :** તમે જો આત્મા છો તો આત્માને દુઃખ હોય જ નહીં કોઇ દહાડોય અને તમે ચંદુલાલ છો તો દુઃખ હોય. તમે આત્મા છો તો દુઃખ હોતું નથી, ઊલટું દુઃખ હોય તે ઓગળી જાય. 'હું' ચંદુલાલ છું એ 'રોંગ બિલીફ' છે. આ મારા વાઇફ છે, આ મારાં મધર છે, ફાધર છે, કાકા છે, કે હું 'એકસપોર્ટ-ઇમ્પોર્ટ'નો વેપારી છું, એ બધી જાતજાતની 'રોંગ બિલીફ' છે. આ બધી 'રોંગ બિલીફ'ને લઇને દુઃખ ઉત્પન્ન થાય છે. જો 'રોંગ બિલીફ' જતી રહે ને 'રાઇટ બિલીફ' બેસી જાય તો જગતમાં કંઇ દુઃખ છે જ નહીં. અને તમારા જેવા (ખાધે પીધે સુખી) ને દુઃખ હોય નહીં. આ તો બધાં વગર કામનાં અણસમજણનાં દુઃખો છે.

## દુઃખ તો ક્યારે ગણાય ?

દુઃખ કોને કહેવાય ? આ શરીરને ભૂખ લાગે ત્યાર પછી ખાવાનું આઠ કલાક-બાર કલાકમાં ના મળે ત્યારે દુઃખ ગણાય. તરસ લાગ્યા પછી બે-ત્રણ કલાકમાં પાણી ના મળે તો એ દુઃખ જેવું લાગે. સંડાસ લાગ્યા પછી સંડાસમાં જવા ના દે, તો પછી એને દુઃખ થાય કે ના થાય ? સંડાસ કરતાં ય આ મૂતરડીઓ છે તે બધી બંધ કરી દે ને, તો માણસો બધાં બૂમાબૂમ કરી મેલે. આ મૂતરડીઓનું તો મહાન દુઃખ છે લોકોને. આ બધાં દુઃખને દુઃખ કહેવાય.

**પ્રશ્નકર્તા :** આ બધું બરાબર છે, પણ અત્યારે સંસારમાં જોઇએ તો દસમાંથી નવ જણાને દુઃખ છે.

**દાદાશ્રી :** દસમાંથી નવ નહીં, હજારમાં બે જણ સુખી હશે, કંઇક શાંતિમાં હશે. બાકી બધું રાતદહાડો બળ્યા જ કરે છે. શક્કરિયાં ભરહાડમાં મૂક્યાં હોય તો કેટલી બાજુ બફાયા કરે ?

**પ્રશ્નકર્તા :** આ દુઃખ જે કાયમ છે એમાંથી ફાયદો કેમનો ઉઠાવવાનો ?

**દાદાશ્રી :** આ દુઃખને વિચારવા માંડે તો દુઃખ જેવું નહીં લાગે. દુઃખનું જો યથાર્થ પ્રતિક્રમણ કરશો તો દુઃખ જેવું નહીં લાગે. આ વગર વિચારે ઠોકમઠોક કર્યું છે કે આ દુઃખ છે, આ દુઃખ છે ! એમ માનો ને, કે તમારે ત્યાં બહુ વખતના જૂના સોફાસેટ છે. હવે તમારા મિત્રને ઘેર સોફાસેટ હોય જ નહીં એટલે તે આજે એ નવી જાતના સોફાસેટ લાવ્યા. એ તમારા 'વાઇફ' જોઇ આવ્યાં. પછી ઘેર આવીને કહે કે, 'તમારા ભાઇબંધને ઘેર કેવા સરસ સોફાસેટ છે ! ને આપણે ત્યાં ખરાબ થઇ ગયા છે.' તે આ દુઃખ આવ્યું !!! ઘરમાં દુઃખ નહોતું તે જોવા ગયા ત્યાંથી દુઃખ લઇને આવ્યા !

તમે બંગલો બાંધ્યો ના હોય ને તમારા ભાઇબંધે બંગલો બાંધ્યો ને તમારાં 'વાઇફ' ત્યાં જાય, જુએ ને કહે કે, 'કેવો સરસ બંગલો તેમણે બાંધ્યો ! અને આપણે તો બંગલા વગરનાં !' એ દુઃખ આવ્યું !!!



એટલે આ બધાં દુઃખો ઊભાં કરેલાં છે.

હું ન્યાયાધીશ હોઉં તો બધાંને સુખી કરીને સજા કરું. કોઇને એના ગુના માટે સજા કરવાની આવે તો પહેલાં તો હું એને પાંચ વર્ષથી ઓછી સજા થાય એવું નથી એવી વાત કરું. પછી વકીલ ઓછાં કરવાનું કહે ત્યારે ૪ વર્ષ, પછી ૩ વર્ષ, ૨ વર્ષ એમ કરતાં કરતાં છેલ્લે છ મહિનાની સજા કરું. આથી પેલો જેલમાં તો જાય અને સુખી થાય. મનમાં રાજી થાય કે છ મહિનામા પત્યું, આ તો માન્યતાનું જ દુઃખ છે. જો તેને પહેલી જ છ મહિનાની સજા થશે એમ કહેવામાં આવે તો એને એ બહુ લાગે.

## 'પેમેન્ટ'માં તો સમતા રખાય !

આ તમને ગાદીએ બેસો એવું સુખ છે, છતાં ભોગવતાં ના આવડે ત્યારે શું થાય ? એંસી રૂપિયાના મણના ભાવના બાસમતી હોય તેની મહીં રેતી નાખે ! આ દુઃખ આવ્યું હોય તો એને જરા કહેવું તો જોઇએ ને કે, 'અહીં કેમ આવ્યાં છો ? અમે તો દાદાના છીએ. તમારે અહીં આવવાનું નહીં. તમે જાઓ બીજી જગ્યાએ. અહીં ક્યાં આવ્યા તમે ? તમે ઘર ભૂલ્યા.' એટલું એમને કહીએ તો એ જતા રહે. આ તો તમે બિલકુલ અહિંસા કરી (!). દુઃખ આવે તો તેમને ય પેસવા દેવાના ? એમને તો કાઢી મૂકવાના, એમાં અહિંસા તૂટતી નથી. દુઃખનું અપમાન કરીએ તો એ જતાં રહે. તમે તો તેનું અપમાને ય કરતા નથી. એટલા બધા અહિંસક ના થવાય.

**પ્રશ્નકર્તા :** દુઃખને મનાવીએ તો ના જાય ?

**દાદાશ્રી :** ના. એને મનાવાય નહીં. એને પટાવીએ તો એ પટાવાય નહીં એવું છે. એને તો આંખ કાઢવી પડે. એ નાન્યતર જાતિ છે. એટલે એ જાતિનો સ્વભાવ જ એવો છે. એને અટાવીએ પટાવીએ તો એ વધારે તાબોટા પાડે અને આપણી પાસે ને પાસે આવતું જાય !

'વારસ અહો મહાવીરના, શૂરવીરતા રેલાવજો,
કાયર બનો ના કોઇ દી, કષ્ટો સદા કંપાવજો.'

આપણે ઘરમાં બેઠાં હોઈએ ને કષ્ટો આવે તો તે આપણને દેખીને કંપી જાય ને એ જાણે કે આપણે અહીં ક્યાં ફસાયા ! આપણે ઘર ભૂલ્યાં લાગે છે ! આ કષ્ટો આપણાં માલિક નથી, એ તો નોકરો છે.

જો કષ્ટો આપણાંથી ધ્રૂજે નહીં તો આપણે 'દાદાનાં' શેનાં ? કષ્ટને કહીએ કે, 'બે જ કેમ આવ્યાં ? પાંચ થઈને આવો. હવે તમારાં બધાં જ પેમેન્ટ કરી દઈશું.' કોઈ આપણને ગાળ ભાંડે તો આપણું જ્ઞાન તેને શું કહે ? એ તો 'તને' ઓળખતો જ નથી. ઊલટું તારે એને કહેવાનું કે, 'ભાઈ, કંઈ ભૂલ થઈ હશે તેથી ગાળ ભાંડી ગયો. માટે શાંતિ રાખજે.' આટલું કર્યું કે તારું 'પેમેન્ટ' થઈ ગયું ! આ લોકો તો કષ્ટો આવે એટલે બૂમાબૂમ કરે કે, 'હું મરી જ ગયો !' એમ બોલે. મરવાનું એક વખત ને બોલે સો સો વખત કે 'હું મરી ગયો !?' અલ્યા, જીવતો છું ને શું કામ મરી ગયો છું, એમ બોલે છે ? મર્યા પછી બોલજે ને કે 'હું મરી ગયો.' જીવતો કંઈ મરી જાય ? 'હું મરી ગયો' એ તો આખી જિંદગીમાં બોલવાનું વાકય નથી. સાચા દુઃખને જાણવું જોઈએ કે દુઃખ કોને કહેવાય ?

આ બાબાને હું માર માર કરું છું તો ય એ રડતો નથી ને હસે છે, એનું શું કારણ? અને તમે એને એક ટપલી મારો તો એ રડવા માંડશે, એનું શું કારણ ? એને વાગ્યું તેથી ! ના એને વાગ્યાનું દુઃખ નથી, એનું અપમાન કર્યું તેનું એને દુઃખ છે.

આને દુઃખ કહેવાય જ કેમ ? દુઃખ તો કોને કહેવાય કે ખાવાનું ના મળે, સંડાસ જવાનું ના મળે, પેશાબ કરવાનો ના મળે તેને દુઃખ કહેવાય. આ તો સરકારે ઘેરઘેર સંડાસ કરી આપ્યાં છે, નહીંતર તો પહેલાં ગામમાં લોટા લઈને જંગલમાં જવું પડતું હતું. હવે તો બેડરૂમમાંથી ઊઠયા કે આ સંડાસ ! પહેલાંના ઠાકોરને ય ત્યાં નહોતી એવી સગવડ આજના મનુષ્યો ભોગવે છે. ઠાકોરને ય સંડાસ જવા લોટો લઈને જવું પડતું ! એણે જુલાબ લીધો હોય તો ઠાકોરે ય દોડે ! અને આખો દહાડો આમ થઈ ગયું ને તેમ થઈ ગયું એવી બૂમાબૂમ કરે છે. અલ્યા શું થઈ ગયું તે ? આ પડી ગયું, પેલુ પડી ગયું ! શું પડી ગયું? 



વગર કામના શું કામ બૂમાબૂમ કરો છો ?

આ દુઃખ છે તે અવળી સમજણનું છે. જો સાચી સમજણ ફીટ કરે તો દુઃખ જેવું છે જ નહીં. આ આપણો પગ પાક્યો હોય તો આપણે તપાસ કરવાની કે મારા જેવું દુઃખ લોકોને છે કે કેમ ? દવાખાનામાં જોઈ આવીએ ત્યારે ખબર પડે કે ઓહોહો ! દુઃખ તો અહીં જ છે. મારા પગે જરાક થયું છે ને હું નાહક દુઃખી થઈ રહ્યો છું. આ તો તપાસ તો કરવી પડે ને ! વગર તપાસે દુઃખ માની લઈએ તે પછી શું થાય ? તમને બધા પુણ્યશાળીઓને દુઃખ હોય જ કેવી રીતે ? તમે પુણ્યશાળીને ઘેર જન્મ્યા. થોડીક મહેનતે આખા દિવસનો ખોરાક મલ્યા કરે.

**પ્રશ્નકર્તા :** સહુને પોતાનું દુઃખ મોટું લાગે ને ?

**દાદાશ્રી :** એ તો પોતે ઊભું કરેલું એટલે જેટલું મોટું કરવું હોય તેટલું થાય, ચાળીસ ગણું કરવું હોય તો તેટલું થાય !

## *... નક્કી કરવા જેવો 'પ્રોજેક્ટ' !!*

આ મનુષ્યોને જીવન જીવતાં જ ના આવડયું, જીવન જીવવાની ચાવી જ ખોવાઈ ગઈ છે. ચાવી બિલકુલ ખોવાઈ ગઈ હતી; તે હવે પાછું કંઈક સારું થયું છે. આ અંગ્રેજો આવ્યા પછી લોકો પોતાના ચુસ્ત સંસ્કારમાંથી ઢીલાં પડયાં, એટલે બીજામાં ડખોડખલ ના કરે ને મહેનત કર્યા કરે. પહેલાં તો નર્યો ડખલો જ કરતા હતા.

આ લોકો વગર કામના માર ખા ખા કરે છે. આ જગતમાં તમારો કોઈ બાપો ય ઉપરી નથી. તમે સંપૂર્ણ સ્વતંત્ર છો. તમારો પ્રોજેકટ પણ સ્વતંત્ર છે, પણ તમારો પ્રોજેકટ એવો હોવો જોઈએ કે કોઈ જીવને તમારા થકી કિંચિત્‌માત્ર દુઃખ ના થાય. તમારો પ્રોજેકટ બહુ મોટો કરો, આખી દુનિયા જેવો કરો.

**પ્રશ્નકર્તા :** એ શક્ય છે ?

**દાદાશ્રી :** હા. મારો બહુ મોટો છે. કોઈ પણ જીવને દુઃખ ના થાય એવી રીતે હું રહું છું.

**પ્રશ્નકર્તા :** પણ બીજા માટે તો એ શક્ય નથી ને ?

**દાદાશ્રી :** શક્ય નથી, પણ એનો અર્થ એવો નથી કે બધા જીવોને દુઃખ આપીને આપણો પ્રોજેક્ટ કરવો.

એનો કંઈક નિયમ તો રાખવો જોઈએ ને કે ઓછામાં ઓછું કોઈને દુઃખ થાય એવો પ્રોજેક્ટ કરી શકાય ?! હું તમને તદ્દન અશક્ય છે તે કરવાનું નથી કહેતો.

## ... માત્ર ભાવના જ કરવાની !!

**પ્રશ્નકર્તા :** કોઈને દુઃખ જ નથી, તો પછી આપણે બીજાને દુઃખ દઈએ તો એને દુઃખ કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** દુઃખ એની માન્યતામાંથી ગયેલું નથી ને ? તમે મને ધોલ મારો તો મને દુઃખ નહીં થાય, પણ બીજાને તો એની માન્યતામાં એનાથી દુઃખ છે એટલે એને મારશો તો એને દુઃખ થશે જ. 'રોંગ બિલીફ' હજી ગઈ નથી. કોઈ આપણને ધોલ મારે તો આપણને દુઃખ થાય છે, એ 'લેવલ'થી જોવું. કો'કને ધોલ મારતી વખતે મનમાં આવવું જોઈએ કે મને ધોલ મારે તો શું થાય ?

આપણે કોઈની પાસેથી રૂપિયા દસ હજાર ઉછીના લાવ્યા, પછી આપણા સંજોગ અવળા થયા એટલે મનમાં વિચાર આવે કે 'પૈસા પાછા નહીં આપું તો શું થવાનું છે !' તે ઘડીએ આપણે ન્યાયથી તપાસ કરવી જોઈએ કે, 'મારે ત્યાંથી કોઈ પૈસા લઈ ગયો હોય ને એ મને પાછા ના આપે તો શું થાય મને?' એવી ન્યાયબુદ્ધિ જોઈએ. એમ થાય તો મને બહુ જ દુઃખ થાય, તેમ સામાને પણ દુઃખ થશે. માટે મારે પૈસા પાછા આપવા જ છે' એવું નક્કી જોઈએ અને એવું નક્કી કરો તો પાછું આપી શકાય.

**પ્રશ્નકર્તા :** મનમાં એમ થાય કે આ દસ કરોડનો આસામી છે તો આપણે તેને દસ હજાર નહિ આપીએ તો કંઈ તકલીફ નહીં થાય.



**દાદાશ્રી :** એને તકલીફ નહિ થાય એવું તમને ભલે લાગતું હોય, પણ તેવું નથી. એ કરોડપતિ એના છોકરા માટે એક રૂપિયાની વસ્તુ લાવવી હોય તો સાચવી સાચવીને લાવે. કોઈ કરોડપતિને ઘેર તમે પૈસા રખડતા મૂકેલા જોયા ? પૈસો દરેકને જીવ જેવો વહાલો હોય છે.

આપણા ભાવ એવા હોવા જોઈએ કે આ જગતમાં આપણાં મન, વચન, કાયાથી કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન હો.

**પ્રશ્નકર્તા :** પણ એ રીતે સામાન્ય મનુષ્યને અનુસરવું મુશ્કેલ પડે ને ?

**દાદાશ્રી :** હું તમને આજે ને આજે તે પ્રમાણે વર્તવાનું કહેતો નથી. માત્ર ભાવના જ કરવાની કહું છું. ભાવના એટલે તમારો નિશ્ચય.

❖❖❖❖❖

## [૪]

# 'ફેમિલી ઓર્ગેનાઇઝેશન' !

### આ તે કેવી 'લાઇફ' ?!

'ફેમિલી ઓર્ગેનાઇઝેશન'નું જ્ઞાન છે તમારી પાસે ? આપણા હિન્દુસ્તાનને 'હાઉ ટુ ઓર્ગેનાઇઝ ફેમિલી' એ જ્ઞાન જ ખૂટે છે. ફોરેનવાળા તો ફેમિલી જેવું સમજતા જ નથી. એ તો જેમ્સ વીસ વરસનો થયો એટલે એનાં માબાપ વિલિયમ ને મેરી, જેમ્સને કહેશે કે, 'તું તારે જુદો ને અમે બે પોપટ અને પોપટી જુદાં !' એમને 'ફેમિલી ઓર્ગેનાઇઝ' કરવાની બહુ ટેવ જ નથી ને ? અને એમની ફેમિલી તો ચોખ્ખું જ બોલે. મેરી જોડે વિલિયમને ના ફાવ્યું એટલે ડાયવોર્સની જ વાત ! અને આપણે તો ક્યાં ડાયવોર્સની વાત ?! આપણે તો જોડે ને જોડે જ રહેવાનું, કકળાટ કરવાનો ને પાછું સૂવાનું ય ત્યાં જ, એની એ જ રૂમમાં !

આ જીવન જીવવાનો રસ્તો નથી. આ ફેમિલી લાઇફ ના કહેવાય. અરે, આપણી ડોસીઓને જીવન જીવવાનો રસ્તો પૂછયો હોત તો કહેત કે, 'નિરાંતે ખાઓ, પીઓ, ઉતાવળ શું કામ કરો છો ?' માણસને શેની



'નેસેસિટી' છે, તેની પહેલાં તપાસ કરવી પડે. બીજી બધી અન્‌નેસેસિટી. એ અન્‌નેસેસિટીની વસ્તુઓ માણસને ગૂંચવે, પછી ઊંઘની ગોળીઓ ખાવી પડે !

આ ઘરમાં શા માટે લડાઈઓ થાય છે ? છોકરાં જોડે કેમ વઢવાડ થાય છે ? એ બધું જાણવું તો પડે ને ? આ છોકરો સામો થાય ને એને માટે ડોકટરને પૂછીએ કે 'કાંઇ બતાવો.' પણ એ શી દવા બતાવે ? એની જ બૈરી એની સામે થતી હોય ને !

આ તો આખી જિંદગી રૂની સર્વે કરે, કોઇ લવિંગની સર્વે કરે, કાંઇ ને કાંઈ સર્વે કરે, પણ અંદરની સર્વે કોઇ દહાડો નથી કરી !

શેઠ તમારી સુગંધ તમારા ઘરમાં આવે છે ?

**પ્રશ્નકર્તા :** સુગંધ એટલે શું ?

**દાદાશ્રી :** તમારા ઘરના બધા માણસોને તમે રાજી રાખો છો ? ઘરમાં કકળાટ થતો નથી ને ?

**પ્રશ્નકર્તા :** કકળાટ તો થાય છે. રોજ થાય છે.

**દાદાશ્રી :** તે કઇ જાતના પાક્યા તમે ? વહુને શાંતિ ના આપી, છોકરાંને શાંતિ ના આપી ! અરે, તમારી જાતને પણ શાંતિ ના આપી ! તમારે મોક્ષે જવું હોય તો મારે વઢવું પડશે અને તમારે દેવગતિમાં જવું હોય તો બીજો સરળ રસ્તો તમને લખી આપું. પછી તો હું તમને 'આવો શેઠ, પધારો.' એમ કહું. મને બેઉ ભાષા આવડે. આ ભ્રાંતિની ભાષા હું ભૂલી નથી ગયો. પહેલાં 'તુન્ડે તુન્ડે મતિર્ભિન્ના' હતી, તે અત્યારે તુમડે તુમડે મતિર્ભિન્ના થઇ ગઇ છે ! તુન્ડે ય ગયાં ને તુમડાં રહ્યાં ! સંસારના હિતાહિતનું ય કોઇ ભાન નથી.

### આવું સંસ્કારસિંચન શોભે ?

મા-બાપ તરીકે કેમ રહેવું તેનું ય ભાન નથી. એક ભાઇ હતા તે પોતાની બૈરીને બોલાવે છે. 'અરે, બાબાની મમ્મી ક્યાં ગઇ ?' ત્યારે

બાબાની મમ્મી મહીંથી બોલે, કેમ શું છે ? ત્યારે ભાઇ કહે, 'અહીં આવ, જલદી જલદી અહીં આવ, જો જો, તારા બાબાને ! કેવું પરાક્રમ કરતા આવડે છે, એ જો તો ખરી !! બાબાએ પગ ઊંચા કરીને મારા ગજવામાંથી કેવા દસ પૈસા કાઢયા ! કેવો હોંશિયાર થયો છે બાબો !'

મેર ચક્કર, ઘનચક્કર આવા કંઇથી પાક્યા ! આ બાપ થઇ બેઠા ! શરમ નથી આવતી ? આ બાબાને કેવું ઉત્તેજન મળ્યું એ સમજાય છે ? બાબાએ જોયા કર્યું કે આપણે બહુ મોટું પરાક્રમ કર્યું ! આવું તે શોભે ? કંઇ કાયદેસર હોવુ જોઇએ ને ? આ હિન્દુસ્તાનનું મનુષ્યપણું આવું લૂંટાઇ જાય તે શોભે આપણને ? શું બોલવાથી છોકરાંને સારું 'એનકરેજમેન્ટ' થાય ને શું બોલવાથી તેને નુકસાન થાય, એનું ભાન તો હોવું જોઇએ ને ? તો 'અનૂટેસ્ટેડ ફાધર' ને 'અનૂટેસ્ટેડ મધર' છે. બાપ મૂળો ને મા ગાજર, પછી બોલો, છોકરાં કેવાં પાકે ? કંઇ સફરજન ઓછાં થાય ?!

## *પ્રેમમય ડીલિંગ - છોકરાં સુધરે જ !!*

એક બાપે એના છોકરાંને સહેજ જ હલાવ્યો એટલે છોકરો ફાટી ગયો, ને બાપને કહેવા લાગ્યો કે, 'મારે ને તમારે નહીં ફાવે.' પછી બાપ છોકરાને કહેવા લાગ્યો કે, 'ભઇ ! મેં તને કશું ખરાબ નથી કહ્યું તું શું કામ ગુસ્સે થાય છે ?' ત્યારે મેં બાપને કહ્યું કે, 'હવે શું કામ ઓરડો ધૂઓ છો ? પહેલાં હલાવ્યું શું કામ ? કોઇને હલાવશો નહીં, આ પાકાં ચીભડાં છે. કશું બોલશો નહીં. મેરી ભી ચૂપ ને તેરી ભી ચૂપ. ખઇ, પીને મોજ કરો.'

**પ્રશ્નકર્તા :** આ છોકરાં ખરાબ લાઇને ચઢી જાય તો માબાપની ફરજ છે ને કે એને વાળવો જોઇએ ?

**દાદાશ્રી :** એવું છે ને, કે માબાપ થઇને એને કહેવું જોઇએ, પણ માબાપ છે જ ક્યાં અત્યારે ?

**પ્રશ્નકર્તા :** માબાપ કોને કહેવાય ?



**દાદાશ્રી :** માબાપ તો તેનું નામ કહેવાય કે છોકરો ખરાબ લાઇને ચઢયો હોય છતાં ય એક દહાડો માબાપ કહેશે, ભઇ, આ આપણને શોભે નહીં, આ તેં, શું કર્યું ? તે બીજે દહાડેથી એનું બંધ થઇ જાય ! એવો પ્રેમ જ ક્યાં છે ? આ તો પ્રેમ વગરનાં માબાપ. આ જગત પ્રેમથી જ વશ થાય. આ માબાપને છોકરાં પર કેટલો પ્રેમ છે-ગુલાબના છોડ પર માળીનો પ્રેમ હોય તેટલો ! આને માબાપ કેમ કહેવાય ? 'અનૂસિર્ટિફાઇડ ફાધર' ને 'અનૂસર્ટિફાઇડ મધર' ! પછી છોકરાંની શી સ્થિતિ થાય ? ખરી રીતે પહેલાં 'ટેસ્ટિંગ' કરાવીને, 'સર્ટિફિકેટ' મેળવીને પછી જ પરણવાની છૂટ હોવી જોઇએ. પરીક્ષામાં પાસ થયા વગર, સર્ટિફિકેટ વગર 'ગવર્મેન્ટ'માં ય નોકરીએ લેતા નથી, તો આમાં 'સર્ટિફિકેટ' વગર પૈણાવાય શી રીતે ? આ મા કે બાપ તરીકેની જવાબદારી દેશના વડાપ્રધાન તરીકેની જવાબદારી કરતાં ય વધારે છે, વડાપ્રધાન કરતાં ય ઊંચું પદ છે.

**પ્રશ્નકર્તા :** 'સર્ટિફાઇડ ફાધર-મધર'ની વ્યાખ્યા શું ?

**દાદાશ્રી :** 'અનૂસર્ટિફાઇડ' મા-બાપ એટલે પોતાનાં છોકરાં પોતાના કહ્યા પ્રમાણે ચાલે નહીં, પોતાના છોકરાં પોતાના ઉપર ભાવ રાખે નહીં, હેરાન કરે ! તે મા-બાપ 'અનૂસર્ટિફાઇડ' જ કહેવાય ને ?

## *... નહીં તો મૌન ધરી 'જોયા' કરો !!!*

એક સિંધીભાઇ આવેલા તે કહે કે એક છોકરો આમ કરે છે ને બીજો તેમ કરે છે, એને શી રીતે સુધારવો ! મે કહ્યું, 'તમે એવા છોકરા શું કરવા લાવ્યા ? છોકરા સારા વીણીને આપણે ના લઇએ ?' આ હાફૂસની કેરીઓ બધી એક જાતની હોય છે તે બધી મીઠી જોઇને, ચાખી કરીને બધી લાવીએ. પણ તમે બે ખાટી લાવ્યા, બે ઉતરેલી લાવ્યા, તૂરી લાવ્યા, બે ગળી લાવ્યા, પછી એના રસમાં બરકત આવે ખરી ? પછી વઢંવઢા કરીએ એનો શો અર્થ ? આપણે ખાટી કેરી લાવ્યા પછી ખાટીને ખાટી જાણવી તેનું નામ જ્ઞાન. આપણને ખાટો સ્વાદ આવ્યો તે જોયા કરવાનું. આ પ્રકૃતિને જોયા કરવાની છે. કોઇના હાથમાં સત્તા નથી.

અવસ્થા માત્ર કુદરતી રચના છે. આમાં કોઇનું કશું ચાલે નહીં, ફેરફાર થાય નહીં ને પાછું વ્યવસ્થિત છે.

**પ્રશ્નકર્તા :** મારવાથી છોકરાં સુધરે કે નહીં ?

**દાદાશ્રી :** કોઇ દહાડો સુધરે નહીં, મારવાથી કશું સુધરે નહીં. આ મશીન ને મારી જુઓ તો ! એ ભાંગી જાય. તેમ આ છોકરાં ય ભાંગી જાય. ઉપરથી સાજાંસમાં દેખાય, પણ મહીં ભાંગી જાય. બીજાને એનકરેજ કરતા ના આવડે તો પછી મૌન રહે ને, ચા પીને છાનોમાનો. બધાંના મોઢાં જોતો જા, આ બે પૂતળાં કકળાટ માંડે છે તેને જોતો જા. આ આપણા કાબુમાં નથી. આપણે તો આના જાણકાર જ છીએ.

જેને સંસાર વધારવો હોય તેણે આ સંસારમાં વઢંવઢા કરવી, બધું ય કરવું. જેને મોક્ષે જવું હોય તેને અમે 'શું બને છે' તેને 'જુઓ' એમ કહીએ છીએ.

આ સંસારમાં વઢીને કશું સુધરવાનું નથી, ઊલટો મનમાં અહંકાર કરે છે કે હું ખૂબ વઢયો. વઢયા પછી જુઓ તો માલ હતો તેનો તે જ હોય, પિત્તળનો હોય તે પિત્તળનો જ ને કાંસાનો હોય તે કાંસાનો જ રહે. પિત્તળને માર માર કરે તો એને કાટ ચઢયા વગર રહે ? ના રહે. કારણ શું ? તો કે' કાટ ચઢવાનો સ્વભાવ છે એનો. એટલે મૌન રહેવાનું. જેમ સિનેમામાં ના ગમતો સીન આવે તો તેથી કરીને ત્યાં આપણે જઇને પડદો તોડી નાખવો ? ના, એ ય જોવાનું. બધા જ ગમતા સીન આવે કંઇ ? કેટલાક તો સિનેમામાં ખુરશી પર બેઠા બેઠા બૂમાબૂમ કરે કે, એ ય મારી નાખશે, મારી નાખશે ! આ મોટા દયાળુનાં ખોખાં જોઇ લ્યો ! આ તો બધું જોવાનું છે. ખાવ, પીવો, જુઓ ને મઝા કરો !!

## ... પોતાનું જ સુધારવાની જરૂર !

**પ્રશ્નકર્તા :** આ છોકરાં શિક્ષકની સામે થઇ જાય છે, તે ક્યારે સુધરશે ?

**દાદાશ્રી :** જે ભૂલના પરિણામ ભોગવે તેની ભૂલ છે. આ ગુરુઓ



જ ઘનચક્કરો પાક્યા છે તે શિષ્યો સામા થાય છે. આ છોકરાં તો ડાહ્યા જ છે, પણ ગુરુઓ ને મા-બાપ ઘનચક્કર પાકયાં છે ! અને વડીલો જૂની પક્કડ પકડી રાખે પછી છોકરાં સામાં થાય જ ને ? અત્યારે મા-બાપનું ચારિત્ર્ય એવું હોતું નથી કે છોકરાં સામાં ના થાય. આ તો વડીલોનું ચારિત્ર્ય ઘટી ગયું છે, તેથી છોકરાં સામાં થાય છે. આચાર, વિચાર ને ઉચ્ચારમાં સવળો ફેરફાર થતો જાય તો પોતે પરમાત્મા થઈ શકે છે ને અવળો ફેરફાર થાય તો રાક્ષસ પણ થઇ શકે છે.

લોકો સામાને સુધારવા માટે બધું ફ્રેકચર કરી નાખે છે. પહેલાં પોતે સુધરે તે બીજાને સુધારી શકે. પણ પોતે સુધર્યા વગર સામો કેમનો સુધરે ? માટે પહેલાં તમારા પોતાના બગીચાનું સંભાળો પછી બીજાનું જોવા જાવ. તમારું સંભાળશો તો જ ફળફૂલ મળશે.

## ડખો નહીં, 'એડજસ્ટ' થવા જેવું !

સંસારનો અર્થ જ સમસરણ માર્ગ, એટલે નિરંતર પરિવર્તનપણાને પામ્યા કરે. ત્યારે આ ઘૈડિયાઓ જૂના જમાનાને જ વળગી રહે. અલ્યા, જમાના પ્રમાણે કર, નહીં તો માર ખઇને મરી જઇશ ! જમાના પ્રમાણે એડજસ્ટમેન્ટ લેવું જોઇએ. મારે તો ચોર જોડે, ગજવાં કાપનાર જોડે, બધાં જોડે એડજસ્ટમેન્ટ થાય. ચોર જોડે અમે વાત કરીએ તો એ ય જાણે કે આ કરુણાવાળા છે. અમે ચોરને તું ખોટો છે એવું ના કહીએ. કારણ કે એનો એ 'વ્યૂ પોઇન્ટ' છે. ત્યારે લોક એને નાલાયક કહીને ગાળો ભાંડે. ત્યારે આ વકીલો જુઠ્ઠા નથી ? 'સાવ જુઠ્ઠો કેસ જિતાડી આપીશ' એમ કહે, તે એ ઠગારા ના કહેવાય ? ચોરને લુચ્ચો કહે ને આ તદ્દન જુઠ્ઠા કેસને સાચો કહે, તેનો સંસારમાં વિશ્વાસ કેમ કરાય ? છતાં એનું ય ચાલે છે ને ? કોઇને ય અમે ખોટો ના કહીએ. એ એના 'વ્યૂ પોઇન્ટ'થી કરેકટ જ છે. પણ એને સાચી વાતની સમજ પાડીએ કે આ ચોરી કરે છે તેનું ફળ તને શું આવશે.

આ ઘૈડિયાં ઘરમાં પેસે તો કહેશે, 'આ લોખંડનું કબાટ ? આ રેડિયો ? આ આવું કેમ ? તેવું કેમ ?' એમ ડખો કરે. અલ્યા, કોઇ

જુવાનની દોસ્તી કર. આ તો યુગ જ બદલાયા કરવાનો. તે વગર આ જીવે શી રીતે ? કંઇક નવું જુએ એટલે મોહ થાય. નવું ના હોય તો જીવે શી રીતે ? આવું નવું તો અનંત આવ્યું ને ગયું, તેમાં તમારે ડખો કરવાનો ના હોય. તમને ના ફાવે તો તે તમારે ના કરવું. આ આઇસ્ક્રીમ એમ નથી કહેતો તમને કે અમારાથી ભાગો. આપણે ના ખાવો હોય તો ના ખઇએ. આ તો ઘૈડિયાં એની પર ચિઢાયા કરે. આ મતભેદો તો જમાનો બદલાયાના છે. આ છોકરાં તો જમાના પ્રમાણે કરે. મોહ એટલે નવું નવું ઉત્પન્ન થાય અને નવું ને નવું જ દેખાય છે. અમે નાનપણથી બુદ્ધિથી બહુ જ વિચારી લીધેલું કે આ જગત ઊંધું થઇ રહ્યું છે કે છતું થઇ રહ્યું છે, અને એ પણ સમજાયેલું કે કોઇને સત્તા જ નથી આ જગતને ફેરવવાની. છતાં અમે શું કહીએ છીએ કે, જમાના પ્રમાણે એડજસ્ટ થાવ ! છોકરો નવી જ ટોપી પહેરી આવે તો એવું ના કહીએ કે, આવું કંઇથી લઇ આવ્યો ? એના કરતાં એડજસ્ટ થઇએ કે, આવી સરસ ટોપી ક્યાંથી લાવ્યો ? કેટલાની આવી ? બહુ સસ્તી મળી ? આમ એડજસ્ટ થઇ જઇએ.

આ છોકરાંઓ આખો દહાડો કાને રેડિયો નથી અડાડી રાખતા ? કારણ કે આ રસ નવો નવો ઉદયમાં આવ્યો છે બિચારાને ! આ એનું નવું 'ડેવલપમેન્ટ' છે. જો 'ડેવલપ' થયેલો હોત તો કાને રેડિયો અડાડત જ નહીં, એક ફેરો જોઇ લીધા પછી ફરી અડાડે નહીં. નવીન વસ્તુને એક ફેર જોવાની હોય, એનો કાયમ અનુભવ લેવાનો ના હોય. આ તો કાનની નવેસરથી ઇન્દ્રિય આવી છે તેથી આખો દહાડો રેડિયો સાંભળ્યા કરે છે ! મનુષ્યપણાની તેમની શરૂઆત થાય છે. મનુષ્યપણામાં હજારો વખત આવી ગયેલો માણસ આવું તેવું ના કરે.

**પ્રશ્નકર્તા :** છોકરાઓને ફરવાનું બહુ હોય છે.

**દાદાશ્રી :** છોકરાં કોઇ આપણાં બંધાયેલાં નથી, સહુસહુના બંધનમાં છે, આપણે તો એટલું કહેવું પડે કે, 'વહેલા આવજો'. પછી જ્યારે આવે ત્યારે 'વ્યવસ્થિત'. વ્યવહાર બધો કરવાનો, પણ કષાયરહિત કરવાનો. વ્યવહાર કષાયરહિત થયો તો મોક્ષ ને કષાયસહિત વ્યવહાર તે સંસાર.



**પ્રશ્નકર્તા :** અમારો ભત્રીજો રોજ નવ વાગે ઊઠે છે, કશું કામ થતું નથી.

**દાદાશ્રી :** આપણે તેને ઓઢાડીને કહીએ કે નિરાંતે સૂઇ જા ભાઇ. એની પ્રકૃતિ જુદી તે મોડો ઊઠે ને કામ વધારે કરે ને અક્કરમી ચાર વાગ્યાનો ઊઠયો હોય તો ય કશું ના કરે. હું ય દરેક કામમાં હમેશાં લેટ હતો. સ્કૂલમાં ય ઘંટ સાંભળ્યા પછીથી ઘેરથી નીકળતો અને કાયમ માસ્તરનો કકળાટ સાંભળતો ! હવે માસ્તરને શી ખબર કે મારી પ્રકૃતિ શું છે ? દરેકનું 'રસ્ટન' જુદું 'પીસ્ટન' જુદું જુદું હોય.

**પ્રશ્નકર્તા :** પણ મોડામાં 'ડિસિપ્લિન' ના રહે ને ?

**દાદાશ્રી :** આ મોડો ઊઠે એટલા માટે તમે કકળાટ કરો તે જ 'ડિસિપ્લિન' નથી. માટે તમે કકળાટ કરવાનું બંધ કરી દો. તમારે જે જે શક્તિઓ માગવી હોય, તે આ દાદા પાસે રોજ સો-સો વખત માંગજો, બધી મળશે.

હવે આ ભાઇને સમજ પાડી, એટલે એમણે તો અમારી આજ્ઞા પાળીને ભત્રીજાને ઘરમાં બધાંએ કશું કહેવાનું બંધ કર્યું. અઠવાડિયા પછી પરિણામ એ આવ્યું કે ભત્રીજો એની જાતે સાત વાગે ઊઠતો થઇ ગયો ને ઘરમાં બધા કરતાં વધારે સારું કામ કરતો થયો !

## *સુધારવા માટે 'કહેવાનું' બંધ કરો !*

આ કાળમાં ઓછું બોલવું એના જેવું એકે ય નથી. આ કાળમાં બોલ પથ્થર જેવા વાગે એવા નીકળે છે, અને દરેકના એવા જ હોય. એટલે બોલવાનું ઓછું કરી નાખવું સારું. કોઇને કશું કહેવા જેવું નથી. કહેવાથી વધારે બગડે છે. એને કહીએ કે, ગાડીએ વહેલો જા. તો એ મોડો જાય અને કશું ના કહીએ તો ટાઇમે જાય. આપણે ના હોઇએ તો બધું ચાલે એવું છે. આ તો પોતાનો ખોટો અહંકાર છે. જે દહાડાથી છોકરાં જોડે કચકચ કરવાનું તમે બંધ કરશો તે દહાડાથી છોકરાં સુધરશે. તમારા બોલ સારા નીકળતા નથી, એનાથી સામો અકળાય છે. તમારો

બોલ એ સંઘરતો નથી, ઊલટા એ બોલ પાછા આવે છે. આપણે તો છોકરાંને ખાવાનું પીવાનું બનાવી આપીએ ને આપણી ફરજ બજાવીએ, બીજું કહેવા જેવું નથી. કહેવાથી ફાયદો નથી એવું તમને તારણ નીકળે છે ? છોકરાં મોટાં થયાં છે એ કંઇ દાદરેથી પડી જાય છે ? તમે તમારો આત્મધર્મ શું કરવા ચૂકો છો ? આ છોકરાં જોડેનો તો રિલેટિવ ધર્મ છે. ત્યાં ખોટી માથાકૂટ કરવા જેવી નથી. કકળાટ કરો છો તેના કરતાં મૌન રહેશો તો વધારે સારું રહેશે. કકળાટથી તો પોતાનું મગજ બગડી જાય ને સામાનું પણ બગડી જાય.

**પ્રશ્નકર્તા :** છોકરાં એની જવાબદારી સમજીને રહેતાં નથી.

**દાદાશ્રી :** જવાબદારી વ્યવસ્થિત ની છે, એ તો એની જવાબદારી સમજેલો જ છે. એને કહેતાં તમને આવડતું નથી તેથી ડખો થાય છે. સામો માને ત્યારે આપણું કહેલું કામનું. આ તો માબાપ બોલે ગાંડું પછી છોકરાં ય ગાંડું કાઢે.

**પ્રશ્નકર્તા :** છોકરાં તોછડાઇથી બોલે છે.

**દાદાશ્રી :** હા, પણ એ તમે શી રીતે બંધ કરશો ? આ તો સામસામું બંધ થાય ને તો બધાનું સારું થાય.

એક ફેરો મનમાં વિખવાદ પડી ગયો પછી એની લિન્ક ચાલુ થઇ જાય, પછી મનમાં એના માટે ગ્રહ બંધાઇ જાય કે આ માણસ આવો છે. ત્યારે આપણે મૌન લઇને સામાને વિશ્વાસમાં લેવા જેવું છે. આ બોલ બોલ કરવાથી કોઇનું સુધરે નહીં. સુધરવાનું તો 'જ્ઞાની પુરુષ'ની વાણીથી સુધરે. છોકરાં માટે તો માબાપની જોખમદારી છે. આપણે ના બોલીએ તો ના ચાલે ? ચાલે એટલે ભગવાને કહ્યું છે કે જીવતાં જ મરેલાની જેમ રહે. બગડેલું સુધરી શકે છે. બગડેલાને કાપી ના નાખવું. બગડેલાને સુધારવું એ અમારાથી થઇ શકે, તમારે ના કરવું. તમારે અમારી આજ્ઞા પ્રમાણે ચાલવું. એ તો જે સુધરેલો હોય તે જ બીજાને સુધારી શકે ? પોતે જ સુધર્યા ના હોય તે બીજાને શી રીતે સુધારી શકે ?

છોકરાંને સુધારવા હોય તો આ અમારી આજ્ઞા પ્રમાણે ચાલો.



ઘરમાં છ મહીના મૌન લો. છોકરાં પૂછે તો જ બોલવાનું અને તે પણ તેમને કહી દેવાનું કે મને ના પૂછો તો સારું. અને છોકરાં માટે અવળો વિચાર આવે તો તેનું તરત જ પ્રતિક્રમણ કરી નાખવું.

## 'રીલેટિવ' સમજી ઉપલક રહેવું !

છોકરાંને તો નવ મહિના પેટમાં રાખવાના, પછી ચલાવવાના, ફેરવવાનાં, નાનાં હોય ત્યાં સુધી. પછી છોડી દેવાનાં, આ ગાયો-ભેંસો ય છોડી દે છે ને ? છોકરાંને પાંચ વર્ષ સુધી ટોકવા પડે, પછી ટોકાય પણ નહીં અને વીસ વરસ પછી તો એની બૈરી જ એને સુધારે. આપણે સુધારવાનું ના હોય.

છોકરાં જોડે ઉપલક રહેવાનું. ખરી રીતે પોતાનું કોઇ છે જ નહીં. આ દેહના આધારે મારાં છે. દેહ બળી જાય તો કોઇ જોડે આવે છે ? આ તો જે મારો કહી કોટે વળગાડે છે, તેને બહુ ઉપાધિ છે. બહુ લાગણીના વિચાર કામ લાગે નહીં. છોકરો વ્યવહારથી છે. છોકરો દાઝે તો દવા કરીએ, પણ આપણે કંઇ રડવાની શરત કરેલી છે?

ઓરમાન છોકરાં હોય તે ઢીંચણે કરીને કંઇ ધાવણ આવે ? ના, એવું રાખવું. આ કળિયુગ છે. 'રીલેટિવ' સગાઇ છે. 'રીલેટિવ' ને 'રીલેટિવ' રાખવું, 'રીયલ' ના કરવું. આ રીયલ સંબંધ હોય તો છોકરાંને કહીએ કે તું સુધરે નહીં ત્યાં સુધી જુદો રહે. પણ આ તો રીલેટિવ સગાઇ છે માટે-એડજસ્ટ એવરીવેર. આ તમે સુધારવા નથી આવ્યા, તમે કર્મના સકંજામાંથી છૂટવા આવ્યા છો. સુધારવા કરતાં સારી ભાવના ભાવો. બાકી કોઇ કોઇને સુધારી ના શકે. એ તો જ્ઞાની પુરુષ સુધરેલા હોય તે બીજાંને સુધારી શકે. માટે તેમની પાસે લઇ જાવ. આ બગડે છે શાનાથી ? છંછેડવાથી. આખા વર્લ્ડનું કામ છંછેડવાથી બગડયું છે. આ કૂતરાંને ય છંછેડો તો કૈડી ખાય, બચકું ભરે. એટલા માટે લોક કૂતરાંને છંછેડતા નથી. આ મનુષ્યોને છંછેડે તો શું થાય ? એ ય બચકું ભરશે. માટે ના છંછેડશો.

આ અમારા એક એક શબ્દમાં અનંતા અનંતા શાસ્ત્રો રહ્યાં છે !

આ સમજે અને પાંસરો હેંડયો તો કામ જ કાઢી નાખે !! એકાવતરી થઇ જવાય એવું આ વિજ્ઞાન છે ! લાખો અવતાર કપાઇ જશે !! આ વિજ્ઞાનથી તો રાગે ય ઊડી જાય ને દ્વેષે ય ઊડી જાય. ને વીતરાગ થઇ જવાય. અગુરુ-લઘુ સ્વભાવનો થઇ જાય એટલે આ વિજ્ઞાનનો જેટલો લાભ ઉઠાવાય તેટલો ઓછો છે.

## સલાહ આપવી પણ ના છૂટકે !!

અમારી પેઠ 'અબુધ' થઇ ગયો તો કામ જ થઇ ગયું. બુદ્ધિ વપરાઇ તો સંસાર ઊભો થયો પાછો. ઘરનાં પૂછે તો જ જવાબ આપવો આપણે અને તે વખતે મનમાં થાય કે આ ના પૂછે તો સારું એવી આપણે બાધા રાખવી. કારણ કે ના પૂછે તો આપણે આ મગજ ચલાવવું ના પડે. એવું છે ને, કે આપણા આ જૂના સંસ્કાર બધા ખલાસ થઇ ગયા છે. આ દુષમકાળ જબરજસ્ત વ્યાપેલો છે, સંસ્કારમાત્ર ખલાસ થઇ ગયા છે. માણસને કોઇને સમજણ પાડતાં આવડતી નથી. બાપ છોકરાંને કંઇક કહે તો છોકરો કહેશે કે, 'મારે તમારી સલાહ નથી સાંભળવી.' ત્યારે સલાહ આપનારો કેવો ને લેનારે કેવો ? કઇ જાતના લોક ભેગા થયા છો ?! આ લોક તમારી વાત શાથી નથી સાંભળતા ? સાચી નથી તેથી. સાચી હોય તો સાંભળે કે ના સાંભળે ? આ લોક શાથી કહે છે ? આસક્તિને લીધે કહે છે. આ આસક્તિને લીધે તો પોતે પોતાના અવતાર બગાડે છે.

## હવે, આ ભવમાં તો સાચવી લઇએ !

બધું 'વ્યવસ્થિત' ચલાવે છે, કશું બોલવા જેવું નથી. 'પોતાનો' ધર્મ કરી લેવા જેવો છે. પહેલાં તો એમ જાણતા હતા કે આપણે ચલાવીએ છીએ એટલે આપણે હોલવવું પડે. હવે તો ચલાવવાનું આપણે નહીં ને ? હવે તો આ ય ભમરડા ને તે ય ભમરડા ! મેલ ને પીડા અહીંથી ! પ્યાલા ફૂટે, કઢી ઢળે, વહુ છોકરાંને વઢતી હોય તો ય આપણે આમ આડા ફરીને નિરાંતે બેસી જવું. આપણે જોઇએ ત્યારે એ કહે ને કે, તમે જોતા હતા ને કેમ ના બોલ્યા ? અને ના હોય તો હાથમાં માળા લઇ ને ફેરવ્યા કરીએ એટલે એ કહેશે કે, આ તો માળામાં છે. મેલો ને પૈડ ! આપણે



શી લેવા-દેવા ? સ્મશાનમાં ના જવાનું હોય તો કચ કચ કરો ! માટે કશું બોલવા જેવું નથી. આ તો ગાયો ભેંસો ય એના બાબા જોડે રીતસર ભોં ભોં કરે, વધારે બોલે નહીં ! ને આ મનુષ્યો તો ઠેઠ સુધી બોલ બોલ કરે. બોલે એ મૂરખ કહેવાય, આખા ઘરને ખલાસ કરી નાખે. એનો ક્યારે પાર આવે ? અનંત અવતારથી સંસારમાં ભટકયા. ના કોઇનું ભલું કર્યું, ના પોતાનું ભલું કર્યું. જે માણસ પોતાનું ભલું કરે તે જ બીજાનું ભલું કરે.

## સાચી સગાઇ કે પરભારી પીડા ?!

બાબો માંદો હોય તો આપણે દવા બધી કરીએ, પણ બધું ઉપલક. આપણા છોકરાંને કેવા માનવા જોઇએ ? ઓરમાન. છોકરાંને મારા છોકરાં કહે અને છોકરાં ય મારી મા કહે, પણ મહીં લાંબી સગાઇ નહીં. એટલે આ કાળમાં ઓરમાઇ સગાઇ રાખજો, નહીં તો માર્યા ગયા જાણજો. છોકરાં કોઇને મોક્ષે લઇ જનારાં નથી. જો તમે ડાહ્યા થશો તો છોકરાં ડાહ્યાં થશે. છોકરાં જોડે વહાલ તે કરાતું હશે ? આ વહાલ તો ગોળી મારે. વહાલ દ્વેષમાં ફરી જાય. પરાણે પ્રીત કરીને ચલાવી લેવાનું. બહાર 'સારું લાગે છે' તેમ કહેવાનું. પણ મહીં જાણીએ કે પરાણે પ્રીતિ કરી રહ્યા છીએ, આ ન હોય સાચી સગાઇ. છોકરાની સગાઇની ક્યારે ખબર પડે કે જ્યારે આપણે એક કલાક એને મારીએ, ગાળો દઇએ ત્યારે એ કલદાર છે કે નહીં, એની ખબર પડે. જો તમારો સાચો દીકરો હોય તો તમારા મારી રહ્યા પછી એ તમને પગે લાગીને કહે કે 'બાપુજી, તમારો હાથ બહુ દુઃખતો હશે !' આવું કહેનારો હોય તો સાચી સગાઇ રાખીએ. પણ આ તો એક કલાક છોકરાને ટૈડકાવીએ તો છોકરો મારવા ફરી વળે ! આ તો મોહને લઇને આસક્તિ થાય છે. 'રિયલ છોકરો' કોને કહેવાય કે બાપ મરી જાય એટલે છોકરો સ્મશાનમાં જઇને કહે કે 'મારે મરી જવું છે.' કોઇ છોકરો બાપ જોડે જાય છે તમારા મુંબઇમાં ?

આ તો બધી પરભારી પીડા છે. છોકરો એમ નથી કહેતો કે મારા પર પડતું નાંખો, પણ આ તો બાપ જ છોકરાં પર પડતું નાખે છે. આ આપણી જ ભૂલ છે. આપણે બાપ તરીકેની બધી જ ફરજો બજાવવાની,

જેટલી ઘટિત હોય તેટલી બધી જ બજાવવાની. એક બાપ એના છોકરાને છાતીએ 'આમ' દબાવ દબાવ કરતો હતો, તે ખૂબ દબાવ્યો એટલે છોકરાએ બાપને બચકું ભરી લીધું ! કોઇ આત્મા કોઇનો પિતા-પુત્ર હોઇ શકે જ નહીં. આ કળિયુગમાં તો માંગતા લેણાવાળાં છોકરાં થઇને આવ્યા હોય છે ! આપણે ઘરાકને કહીએ કે, મને તારા વગર ગમતું નથી, તારા વગર ગમતું નથી તો ઘરાક શું કરે ? મારે.આ તો રિલેટિવ સગઇઓ છે, આમાંથી કષાયો ઊભા થાય. આ રાગ કષાયમાંથી દ્વેષ કષાય ઊભો થાય. ઉછાળે ચઢવાનું જ નહીં. આ દૂધપાક ઉભરાય ત્યારે લાકડું કાઢી લેવું પડે, એના જેવું છે.

## ... છતાં ઘટિત વ્યવહાર કેટલો ?

**પ્રશ્નકર્તા :** છોકરાંની બાબતમાં કયું ઘટિત છે ને કયું અઘટિત છે એ સમજાતું નથી.

**દાદાશ્રી :** જેટલું સામા જઇને કરીએ છીએ એ જ દોઢડહાપણ છે, તે પાંચ વર્ષ સુધી જ કરવાનું હોય. પછી તો છોકરો કહે કે, 'બાપુજી મને ફી આપો.' ત્યારે આપણે કહીએ કે, 'ભઇ પૈસા કંઇ અહીં આગળ નળમાં આવતા નથી. અમને બે દહાડા આગળથી કહેવું. અમારે ઉછીના લાવવા પડે છે.' એમ કહીને બીજે દહાડે આપવા. છોકરાં તો એમ સમજી બેઠાં હોય છે કે નળમાં પાણી આવે એમ બાપુજી પાણી જ આપે છે. માટે છોકરાં જોડે એવો વ્યવહાર રાખવો કે એની સગાઇ રહે અને બહુ ઉપર ચઢી વાગે નહીં, બગડે નહીં. આ તો છોકરાં ઉપર એટલું બધું વહાલ કરે કે છોકરો બગડી જાય. અતિશય વહાલ તે હોતું હશે ? આ બકરી જોડે વહાલ આવે ? બકરીમાં ને છોકરામાં શો ફેર છે ? બેઉમાં આત્મા છે. અતિશય વહાલે ય નહીં ને નિઃસ્પૃહ પણ નહીં થઇ જવાનું. છોકરાંને કહેવું કે, કંઇ કામકાજ હોય તો પૂછજો. હું બેઠો છું ત્યાં સુધી કંઇ અડચણ હોય તો પૂછજો. અડચણ હોય તો જ, નહીં તો હાથ ઘાલીએ નહીં. આ તો છોકરાના ગજવામાંથી પૈસા નીચે પડ પડ કરતા હોય તો બાપ બૂમાબૂમ કરી મેલે, 'એય ચંદુ, એય ચંદુ !' આપણે શું કામ બૂમાબૂમ કરીએ ? એની મેળે પૂછશે ત્યારે ખબર પડશે. આમાં આપણે કકળાટ



ક્યાં કરીએ ? અને આપણે ના હોત તો શું થાત ? 'વ્યવસ્થિત'ના તાબામાં છે, અને વગર કામનો ડખો કરીએ છીએ. સંડાસે ય 'વ્યવસ્થિત'ના તાબામાં છે, અને તમારું તમારી પાસે છે. પોતાના સ્વરૂપમાં પોતે હોય ત્યાં પુરુષાર્થ છે. અને પોતાની-સ્વસત્તા છે. આ પુદ્ગલમાં પુરુષાર્થ છે જ નહીં. પુદ્ગલ પ્રકૃતિને આધીન છે.

છોકરાંનો અહંકાર જાગે ત્યારે પછી તેને કશું કહેવાય નહીં અને આપણે શું કામ કહીએ ? ઠોકર વાગશે તો શીખશે. છોકરાં પાંચ વર્ષનાં થાય ત્યાં સુધી કહેવાની છૂટ અને પાંચથી સોળ વર્ષવાળાને વખતે બે ટપલી મારવી ય પડે. પણ વીસ વર્ષનો જુવાન થયા પછી એનું નામે ય ન લેવાય, કશું અક્ષરે ય બોલાય નહીં, બોલવું એ ગુનો કહેવાય. નહીં તો કો'ક દહાડો બંદૂક મારી દે.

**પ્રશ્નકર્તા :** આ 'અન્સર્ટિફાઇડ' 'ફાધર' અને 'મધર' થઇ ગયાં છે એટલે આ પઝલ ઊભું થાય છે ?

**દાદાશ્રી :** હા, નહીં તો છોકરાં આવાં હોય જ નહીં, છોકરાં કહ્યાગરાં હોય. આ તો મા-બાપ જ ઠેકાણાં વગરનાં છે. જમીન એવી છે, બીજ એવું છે, માલ રાશી છે ! ઉપરથી કહે કે મારાં છોકરાં મહાવીર પાકવાના છે ! મહાવીર તે પાકતા હશે ? મહાવીરની મા તો કેવી હોય !! બાપ જરા વાંકા-ચૂંકા હોય તો ચાલે, પણ મા કેવી હોય ?!

**પ્રશ્નકર્તા :** છોકરાંના ઘડતર માટે કે સંસ્કાર માટે આપણે કશો વિચાર જ નહીં કરવાનો ?

**દાદાશ્રી :** વિચાર કરવા માટે વાંધો નથી.

**પ્રશ્નકર્તા :** ભણતર તો સ્કૂલમાં થાય, પણ ઘડતરનું શું ?

**દાદાશ્રી :** ઘડતર સોનીને સોંપી દેવાનું, એના ઘડવૈયા હોય તે ઘડે. છોકરો પંદર વરસનો થાય ત્યાં સુધી એને આપણે કહેવું, ત્યાં સુધી આપણે જેવાં છીએ એવો તેને ઘડી આલીએ. પછી એને એની વહુ જ ઘડી આલશે. આ ઘડતાં નથી આવડતું, છતાં લોક ઘડે જ છે ને ?! એથી

ઘડતર સારું થતું નથી. મૂર્તિ સારી થતી નથી. નાક અઢી ઇંચનું હોય ત્યારે સાડા ચાર ઇંચનું કરી નાખે ! પછી એની વાઇફ આવશે તે કાપીને સરખું કરવા જશે. પછી પેલો ય પેલીનું કાપશે ને કહેશે, 'આવી જા.'

## ફરજિયાતમાં નાટકીય રહીએ !

આ નાટક છે ! નાટકમાં બૈરી-છોકરાંને પોતાનાં કાયમનાં કરી લઈએ તે કંઇ ચાલી શકે ? હા, નાટકમાં બોલે તેમ બોલવામાં વાંધો નહીં કે, 'આ મારો મોટો દીકરો, શતાયુ થા.' પણ બધું ઉપલક, 'સુપરફ્લુઅસ' નાટકીય. આ બધાંને સાચાં માન્યાં તેના જ પ્રતિક્રમણ કરવાં પડે છે. જો સાચું ના માન્યું હોત તો પ્રતિક્રમણ કરવાં ના પડત, જ્યાં સત્ય માનવામાં આવ્યું ત્યાં રાગ ને દ્વેષ શરૂ થઇ જાય, અને પ્રતિક્રમણથી જ મોક્ષ છે. આ દાદા દેખાડે છે તે આલોચના-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાનથી મોક્ષ છે.

આ સંસાર તો તાયફો છે નર્યો, મશ્કરી જેવું છે. એક કલાક જો છોકરાં જોડે લડીએ તો છોકરો શું કહે ? 'તમારે અહીં રહેવું હોય તો હું નહીં રહું.' બાપા કહે, 'હું તને મિલકત નહીં આપું.' તો છોકરો કહે, 'તમે નહીં આપનારા કોણ ?' આ તો મારી ઠોકીને લે એવાં છે. અરે, કોર્ટમાં એક છોકરાએ વકીલને કહ્યું કે, 'મારા બાપની નાકકટ્ટી થાય એવું કરો તો હું તમને ત્રણસો રૂપિયા વધારે આપીશ.' બાપ છોકરાંને કહે કે, 'તને આવો જાણ્યો હોત, તો જન્મતાં જ તને મારી નાખ્યો હોત !' ત્યારે છોકરો કહે કે, 'તમે મારી ના નાખ્યો તે ય અજાયબી છે ને !!' આવું નાટક થવાનું તે શી રીતે મારો !! આવાં આવાં નાટક અનંત પ્રકારનાં થઇ ગયાં છે, અરે ! સાંભળતાં ય કાનના પડદા તૂટી જાય !! અલ્યા, આનાથી ય કંઇ જાતજાતનું જગમાં થયું છે, માટે ચેતો જગતથી ! હવે 'પોતાના' દેશ ભણી વળો, 'સ્વદેશ'માં ચાલો. પરદેશમાં તો ભૂતાં ને ભૂતાં જ છે. જ્યાં જાઓ ત્યાં !

કૂતરી બચ્ચાં ધવડાવે છે એ ફરજિયાત છે, એ કંઇ ઉપકાર કરતી નથી. પાડું બે દહાડા ભેંસને ધાવે નહીં તો ભેંસને બહુ દુઃખ થાય. આ તો પાતાની ગરજે ધવડાવે છે. બાપા છોકરાંને મોટાં કરે છે તે પોતાની ગરજે, એમાં નવું શું કર્યું ? એ તો ફરજિયાત છે.



## છોકરાં જોડે 'ગ્લાસ વિથ કેર' !

**પ્રશ્નકર્તા :** દાદા, ઘરમાં છોકરાં-છોકરીઓ ગાંઠતાં નથી, હું ખૂબ વઢું છું તો ય કઇ અસર થતી નથી.

**દાદાશ્રી :** આ રેલવેનાં પાર્સલ પર લેબલ મારેલું તમે જોયું છે ? 'ગ્લાસ વિથ કેર' એવું હોય છે ને ? તેમ ઘરમાં પણ 'ગ્લાસ વિથ કેર' રાખવું. હવે ગ્લાસ હોય અને તમે હથોડા માર માર કરો તો શું થાય ? એમ ઘરમાં માણસોને કાચની જેમ સાચવવાં જોઇએ. તમને એ બંડલ પર ગમે તેટલી ચીઢ ચઢી હોય તો ય તેને નીચે ફેંકો ? તરત વાંચી લો કે 'ગ્લાસ વિથ કેર' ! આ ઘરમાં શું થાય છે કે કંઇક થયું તો તમે તરત જ છોકરીને કહેવા મંડી પડો, 'કેમ આ પાકીટ ખોઇ નાખ્યું ? ક્યાં ગઇ હતી ? પાકીટ કેવી રીતે ખોવાઇ ગયું ?' આ તમે હથોડા માર માર કરો છો. આ 'ગ્લાસ વિથ કેર' સમજે તો પછી સ્વરૂપજ્ઞાન ના આપ્યું હોય તો ય સમજી જાય.

આ જગતને સુધારવાનો રસ્તો જ પ્રેમ છે. જગત જેને પ્રેમ કહે છે તે પ્રેમ નથી, તે તો આસક્તિ છે. આ બેબી પર પ્રેમ કરો, પણ તે પ્યાલો ફોડે તો પ્રેમ રહે ? ત્યારે તો ચિઢાય. માટે એ આસક્તિ છે.

છોકરા-છોકરી છે તેના તમારે વાલી તરીકે, ટ્રસ્ટી તરીકે રહેવાનું છે. એને પૈણાવાની ચિંતા કરવાની ના હોય. ઘરમાં જે બની જાય તેને કરેક્ટ કહેવું, 'ઇન્કરેક્ટ' કહેશો તો કશો ફાયદો નહીં થાય. ખોટું જોનારને બળાપો થશે. એકનો એક છોકરો મરી ગયો તો કરેક્ટ છે એમ કોઇને ના કહેવાય. ત્યાં તો એમ કહેવું પડે કે, બહુ ખોટું થઇ ગયું. દેખાડો કરવો પડે. ડ્રામેટિક કરવું પડે. બાકી અંદરખાને 'કરેક્ટ' જ છે. એમ કરીને ચાલવું. પ્યાલો જ્યાં સુધી હાથમાં છે ત્યાં સુધી પ્યાલો ! પછી પડી જાય ને ફૂટી જાય એટલે 'કરેક્ટ' છે એમ કહેવું. બેબીને કહેવું કે, સાચવીને ધીરે રહીને લેજે પણ મહીં 'કરેક્ટ' છે એમ કહેવું. ક્રોધની વાણી ના નીકળે એટલે સામાને ના વાગે. મોઢે બોલી નાખે તે એકલો

જ ક્રોધ ના કહેવાય, મહીં ઘુમાય તે ય ક્રોધ છે. આ સહન કરવું, એ તો ડબલ ક્રોધ છે. સહન કરવું એટલે દબાવ દબાવ કરવું તે, એ તો એક દહાડો સ્પ્રીંગ ઊછળે ત્યારે ખબર પડે. સહન શા માટે કરવાનું ? આનો તો જ્ઞાનથી ઉકેલ લાવી નાખવાનો. ઉંદરડે મૂછો કાપી તે 'જોવાનું' અને 'જાણવાનું' તેમાં રડવાનું શાને માટે ? આ જગત જોવા-જાણવા માટે છે !

## ઘર, એક બગીચો !

એક ભાઇ મને કહે કે, 'દાદા, ઘરમાં મારી બૈરી આમ કરે છે ને તેમ કરે છે.' ત્યારે મે તેને કહ્યું કે, 'બેનને પૂછો એ શું કહે છે ?' એ કહે છે કે 'મારો ધણી આવો નાગો છે. અક્કલ વગરનો છે.' હવે આમાં તમારો એકલાંનો ન્યાય શું કરવા ખોળો છો ? ત્યારે એ ભાઇ કહે કે, 'મારું ઘર તો બગડી ગયું છે. છોકરાં બગડી ગયાં છે, બૈરી બગડી ગઇ છે.' મે કહ્યું, 'બગડી નથી ગયું કશું. તમને એ જોતાં આવડતું નથી. તમારું ઘર તમને જોતાં આવડવું જોઇએ.' તમારું ઘર તો બગીચો છે. સત્યુગ, દ્વાપર ને ત્રેતાયુગમાં ઘર એટલે ખેતરાં જેવાં હતાં. કોઇ ખેતરમાં નર્યા ગુલાબ જ. કોઇ ખેતરમાં નર્યા ચંપા, કોઇમાં કેવડો, એમ હતું. અને આ કળિયુગમાં ખેતર રહ્યું નથી, બગીચા થઇ ગયા. એટલે એક ગુલાબ, એક મોગરો, એક ચમેલી ! હવે તમે ઘરમાં વડીલ ગુલાબ હો ને ઘરમાં બધાંને ગુલાબ કરવા ફરો, બીજા ફૂલને કહો કે, મારા જેવું તું નથી, તું તો ધોળું છે. તારું ધોળું કેમ આવ્યું ? ગુલાબી ફૂલ લાવ. આમ સામાને માર માર કરો છો ! અલ્યા, ફૂલને જોતાં તો શીખો. તમારે તો એટલે સુધી કરવાનું કે, આ શું પ્રકૃતિ છે ! કઇ જાતનું ફૂલ છે ! ફળફૂલ આવે ત્યાં સુધી છોડને જો જો કરવાનું કે આ કેવો છોડ છે ? મને કાંટા છે આને કાંટા નથી. મારો ગુલાબનો છોડ છે, આનો ગુલાબનો નથી. પછી ફૂલ આવે ત્યારે આપણે જાણવું કે, 'ઓહોહો ! આ તો મોગરો છે !' એટલે એની સાથે મોગરાના હિસાબે વર્તન રાખવું. ચમેલી હોય તો તેના હિસાબે વર્તન રાખવું. સામાની પ્રકૃતિના હિસાબે વર્તન રાખવું. પહેલાં તો ઘરમાં ડોસા હોય તે તેમના કહ્યા પ્રમાણે ઘરમાં છોકરાં ચાલે, વહુઓ ચાલે. જ્યારે કળિયુગમાં જુદી જુદી પ્રકૃતિ, તે કોઇને મેળ ખાય નહીં, માટે આ કાળમાં તો ઘરમાં બધાની પ્રકૃતિના સ્વભાવને એડજસ્ટ થઇને



જ કામ લેવું જોઇએ. એ એડજસ્ટ નહીં થાય તો રીલેશન બગડી જશે. માટે બગીચાને સંભાળો અને ગાર્ડનર થાવ. વાઇફની જુદી પ્રકૃતિ હોય, છોકરાંની, છોકરીઓની જુદી જુદી પ્રકૃતિ હોય. તે દરેકની પ્રકૃતિનો લાભ ઉઠાવો. આ તો રીલેટિવ સંબંધ છે, વાઇફ પણ રીલેટિવ છે. અરે, આ દેહ જ રીલેટિવ છે ને ! રીલેટિવ એટલે એમની જોડે બગાડો તો એ છૂટાં થઇ જાય !

કોઇને સુધારવાની શક્તિ આ કાળમાં ખલાસ થઇ ગઇ છે. માટે સુધારવાની આશા છોડી દો, કારણ કે મન, વચન, કાયાની એકાત્મવૃત્તિ હોય તો જ સામો સુધરી શકે, મનમાં જેવું હોય તેવું વાણીમાં નીકળે ને તેવું જ વર્તનમાં હોય તો જ સામો સુધરે. અત્યારે એવું છે નહીં. ઘરમાં દરેકની જોડે કેવું વલણ રાખવું તેની 'નોર્માલિટી' લાવી નાખો.

## એમાં મૂર્છિત થવા જેવું જ શું ?!

કેટલાક તો છોકરાં 'દાદા, દાદા' કહે, એટલે દાદાજી મહીં મલકાય ! અલ્યા, છોકરાં 'દાદા, દાદા' ના કરે તો શું 'મામા, મામા' કરે?! આ છોકરાં 'દાદા, દાદા' કરે, પણ મહીં સમજતાં હોય કે દાદા એટલે થોડા વખતમાં જે મરી જવાના છે તે, જે કેરીઓ હવે નકામી થઇ ગઇ, કાઢી નાખવાની થઇ એનું નામ દાદા ! અને દાદો મહીં મલકાય કે હું દાદો થયો ! આવું જગત છે !

અરે, પપ્પાને જ બાબો જઇને કાલી ભાષામાં કહે કે 'પપ્પાજી, ચાલો મમ્મી ચા પીવા બોલાવે.' તે બાપો મહીં એવો મલકાય, એવો મલકાય, જાણે સાંઢ મલકાયો ! એક તો બાળભાષા, કાલીભાષા, તેમાં ય પપ્પાજી કહે... એટલે ત્યાં તો મોટો પ્રધાન હોય તો ય તેમનો હિસાબ નહીં. આ તો મનમાં શું ય માની બેઠો છે કે મારા સિવાય કોઇ પપ્પો જ નથી. મેર ગાંડિયા ! આ કૂતરાં, ગધેડાં, બિલાડાં નર્યા પપ્પા જ છે ને ? કોણ પપ્પા નથી ? આ બધો કકળાટ એનો એ જ છે ને ?

સમજીને પપ્પા ના થાય એવું કંઇ ચરિત્ર કોઇનું ઉદયમાં આવે તો એનાં તો વધામણાં જ લેવાં પડે. બાકી બધા પપ્પા જ થાય છે ને ? બોસે

ઑફિસમાં ટૈડકાવ્યો હોય ને ઘેર બાબો 'પપ્પા, પપ્પા' કરે. એટલે તે ઘડીએ બધું ભૂલી જાય ને આનંદ થાય. કારણ કે આ પણ એક પ્રકારની મદિરા જ કહેવાય છે, તે બધું ભુલાવી દે છે !

એકુંય છોકરાં ના હોય ને છોકરો જન્મે તો તે હસાવડાવે, ભાઈને ખૂબ આનંદ કરાવડાવે. ત્યારે એ જાય ત્યારે રડાવડાવે ય એટલું જ. માટે આપણે એટલું જાણી લેવું કે આવ્યા છે તે જાય, ત્યારે શું શું થાય ? માટે આજથી હસવું જ નહીં. પછી ભાંજગડ જ નહીં ને ! આ તો ક્યા અવતારમાં બચ્ચાં ન્હોતાં ? કૂતરાં, બિલાડાં-બધે બચ્ચાં, બચ્ચાં ને બચ્ચાં જ કોટે વળગાડયાં છે. આ બિલાડીને ય બેબીઓ જ હોય છે ને !

## *વ્યવહાર નોર્માલિટીપૂર્વક ઘટે !*

માટે દરેકમાં નોર્માલિટી લાવી નાખો. એક આંખમાં પ્રેમ ને એક આંખમાં કડકાઈ રાખવી. કડકાઈથી સામાને બહુ નુકસાન નથી થતું, ક્રોધ કરવાથી બહુ નુકસાન થાય છે. કડકાઈ એટલે ક્રોધ નહીં, પણ ફૂંફાડો. અમે પણ ધંધા પર જઈએ એટલે ફૂંફાડો મારીએ, કેમ આમ કરો છો ? કેમ કામ નથી કરતાં ? વ્યવહારમાં જે જગ્યાએ જે ભાવની જરૂર હોય, ત્યાં તે ભાવ ઉત્પન્ન ના થાય તો એ વ્યવહાર બગાડયો કહેવાય.

એક માણસ મારી પાસે આવ્યો, તે બેન્કનો મેનેજર હતો. તે મને કહે કે, 'મારા ઘરમાં મારી વાઈફને ને છોકરાંને હું એક અક્ષરે ય કહેતો નથી. હું બિલકુલ ઠંડો રહું છું.' મેં તેમને કહ્યું, 'તમે છેલ્લામાં છેલ્લા પ્રકારના નકામા માણસ છો. આ દુનિયામાં કશા કામના તમે નથી.' પેલો માણસ મનમાં સમજે કે હું આવું કહીશ એટલે આ દાદા મને મોટું ઈનામ આપી દેશે. મેર ગાંડિયા, આનું ઈનામ હોતું હશે ? છોકરો ઊંધું કરતો હોય, ત્યારે એને આપણે 'કેમ આવું કર્યું ? હવે આવું નહીં કરવાનું' એમ નાટકીય બોલવાનું, નહીં તો બાબો એમ જ જાણે કે આપણે જે કંઈ કરીએ છીએ તે કરેક્ટ જ છે. કારણ કે બાપાએ એક્સેપ્ટ કર્યું છે. આ ના બોલ્યા, તેથી તો ઘરનાં ફાટી ગયાં છે. બોલવાનું બધું પણ નાટકીય ! છોકરાઓને રાત્રે બેસાડીને સમજાવીએ, વાતચીત કરીએ. ઘરનાં બધા ખૂણામાં પૂંજો



તો વાળવો પડશે ને ? છોકરાઓને જરાક હલાવવાની જ જરૂર હોય છે. આમ સંસ્કાર તો હોય છે, પણ હલાવવું પડે. તેમને હલાવવામાં કશો ગુનો છે ?

**પ્રશ્નકર્તા :** દાદા, મારો છોકરો પંદરસો રૂપિયા મહિને કમાય છે. હું રીટાયર્ડ છું, તેની સાથે રહું છું. હવે છોકરા અને વહુ મને ટોકયા કરે છે કે તમે આમ કેમ કરો છો ? બહાર કેમ જાવ છો ? એટલે હું તેમને કહેવાનો છું કે હું ઘરમાંથી ચાલ્યો જઈશ.

**દાદાશ્રી :** ખવડાવે-પીવડાવે છે સારી રીતે ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** ત્યાર પછી ચાલ્યો જઈશ એમ ના બોલાય. વખતે કહ્યા પછી જવાનું ના બને, આપણા બોલ આપણે જ ગળવા પડે.

**પ્રશ્નકર્તા :** એટલે મારે એમને કશું જ કહેવાનું નહીં ?

**દાદાશ્રી :** બહુ ત્યારે ધીમે રહીને કહીએ કે, આમ કરો તો સારું, પછી માનવું ના માનવું તમારી મરજીની વાત છે, તમારી ધોલ સામાને વાગે તેવી હોય અને તેનાથી સામાનામાં ફેરફાર થતો હોય તો જ ધોલ મારજો ને જો પોલી ધોલ મારશો, તો એ ઊલટો વિફરશે. તેના કરતાં ઉત્તમ તો ધોલ ના મારવી તે છે.

ઘરમાં ચાર છોકરાં હોય તેમાં બેની કંઈ ભૂલ ના હોય તો ય બાપ એમને ટૈડકાય ટૈડકાય કરે અને બીજા બે ભૂલો કર્યા જ કરે તો પણ એને કંઈ ના કરે. આ બધું એની પાછળના 'રુટકોઝ'ને લઈને છે.

## *એ તો આશા જ ના રાખશો !*

**પ્રશ્નકર્તા :** છોકરાંને ચિરંજીવી કેમ કહેતા હશે ?

**દાદાશ્રી :** ચિરંજીવી ના લખે તો બીજા શબ્દ પેસી જશે. આ છોકરો મોટો થાય ને સુખી થાય, આપણી નનામી નીકળતાં પહેલાં એને

સુખી જોઈએ, એવી ભાવના ખરી ને ? છતાં મહીં મનમાં એવી આશા ખરી કે આ ઘૈડપણમાં સેવા કરે. આ આંબા શા માટે ઉછેરે છે ? કેરીઓ ખાવા. પણ આજના છોકરાં, એ આંબા કેવા છે ? એને બે જ કેરીઓ આવશે ને બાપા પાસેથી બીજી બે કેરીઓ માંગશે. માટે આશા ના રાખશો.

એક ભાઈ કહે કે, મારો દીકરો કહે છે કે 'તમને મહિને સો રૂપિયા મોકલું ?' ત્યારે એ ભાઈ કહે કે, 'મેં તો તેને કહી દીધું કે ભઈ, મારે તારા બાસમતીની જરૂર નથી, મારે ત્યાં બાજરી પાકે છે. તેનાથી પેટ ભરાય છે. આ નવો વેપાર ક્યાં શરૂ કરવો ? જે છે તેમાં સંતોષ છે.'

## 'મિત્રાચારી' એ ય 'એડજસ્ટમેન્ટ' !

**પ્રશ્નકર્તા :** છોકરાંને મહેમાન ગણવાં ?

**દાદાશ્રી :** મહેમાન ગણવાની જરૂર નથી. આ છોકરાંને સુધારવા માટે એક રસ્તો છે, એમની જોડે મિત્રાચારી કરો, અમે તો નાનપણથી જ આ રસ્તો લીધેલો. તે આવડા નાના છોકરો જોડે પણ મિત્રાચારી ને પંચાશી વર્ષના ઘૈડિયા જોડે પણ મિત્રાચારી ! છોકરાં જોડે મિત્રાચારીનું સેવન કરવું જોઈએ. છોકરાં પ્રેમ ખોળે છે, પણ પ્રેમ તેમને મળતો નથી. એટલે પછી એમની મુશ્કેલી એ જ જાણે, કહેવાય નહીં ને સહેવાય નહીં. આજના જુવાનિયાંઓ માટેનો રસ્તો અમારી પાસે છે. આ વહાણનું સુકાન કઈ રીતે લેવું તે અમને મહીંથી જ રસ્તો મળે છે. મારી પાસે પ્રેમ એવો ઉત્પન્ન થયો છે કે જે વધે નહીં ને ઘટે પણ નહીં. વધઘટ થાય તેને આસક્તિ કહેવાય. જે વધઘટ ના થાય તે પરમાત્મ-પ્રેમ છે. એટલે ગમે તે માણસ વશ થઈ જાય.મારે કોઈને વશ કરવા નથી, છતાં પ્રેમને સહુ કોઈ વશ રહ્યા કરે છે અમે તો નિમિત્ત છીએ.

## ખરો ધર્મોદય જ હવે !

**પ્રશ્નકર્તા :** આ નવી પ્રજામાંથી ધર્મનો લોપ શા માટે થતો જાય છે ?



**દાદાશ્રી :** ધર્મનો લોપ તો થઈ જ ગયો છે, લોપ થવાનો બાકી જ રહ્યો નથી. હવે તો ધર્મનો ઉદય થાય છે. લોપ થઈ રહે ત્યારે ઉદયની શરૂઆત થાય. જેમ આ દરિયામાં ઓટ પૂરી થાય એટલે અડધા કલાકમાં ભરતીની શરૂઆત થાય. તેવું આ જગત ચાલ્યા કરે છે. ભરતી-ઓટના નિયમ પ્રમાણે. ધર્મ વગર તો માણસ જીવી જ શકે નહીં. ધર્મ સિવાય બીજો આધાર જ શો છે, માણસને ?

આ છોકરાંઓ અરીસો છે. છોકરાંઓ ઉપરથી ખબર પડે કે 'આપણામાં કેટલી ભૂલ છે !'

બાપ રાત્રે ઊંઘે નહીં ને છોકરો નિરાંતે ઊંઘે છે, એમાં બાપની ભૂલ. મેં બાપને કહ્યુ કે, 'આમાં તારી જ ભૂલ છે.' તેં જ ગયા અવતારમાં છોકરાંને ચંપે ચઢાવેલો, ફટવેલો ને, તે ય તારી કંઈક લાલચ ખાતર. આ તો સમજવા જેવું છે. આ 'અનુસર્ટિફાઈડ ફાધર' ને 'અનુસર્ટિફાઈડ મધર'ને પેટે છોકરાં જન્મ્યાં છે, તેમાં એ શું કરે ? વીસ-પચીસ વર્ષના થાય એટલે બાપ થઈ જાય. હજી એનો જ બાપ એના માટે બૂમો પાડતો હોય ! આ તો રામ આશરે ફાધર થઈ જાય છે. આમાં છોકરાનો શો વાંક? આ છોકરા અમારી પાસે બધી ભૂલો કબૂલ કરે, ચોરી કરે તો તે ય કબૂલ કરી લે છે. આલોચના તો ગજબનો પુરુષ હોય ત્યાં જ થાય. હિન્દુસ્તાનનો કંઈ અજાયબ સ્ટેજમાં ફેરફાર થઈ જશે !

## સંસ્કાર પમાડવા, તેવું ચારિત્ર ખપે !

**પ્રશ્નકર્તા :** દાદા, ઘરસંસાર બધો શાંતિથી રહે ને અંતરાત્માનું સચવાય એવું કરી આપો.

**દાદાશ્રી :** ઘરસંસાર શાંતિમાં રહે એટલું જ નહીં, પણ છોકરાં પણ આપણું જોઈને વધારે સંસ્કારી થાય એવું છે. આ તો બધું માબાપનું ગાંડપણ જોઈને છોકરાં પણ ગાંડા થઈ ગયાં છે. કારણ કે માબાપના આચાર, વિચાર પદ્ધતિસર નથી. ધણી-ધણિયાણી ય છોકરાં બેઠાં હોય ત્યારે ચેનચાળા કરે એટલે છોકરાં બગડે નહીં તો શું થાય ? છોકરાંને કેવા સંસ્કાર પડે ? મર્યાદા તો રાખવી જોઈએ ને ? આ દેવતાનો કેવો

ઑ પડે છે ? નાનું છોકરું ય દેવતાનો ઑ રાખે છે ને ? માબાપનાં મન ફ્રેક્ચર થઇ ગયાં છે. મન વિહ્‌વળ થઇ ગયાં છે, વાણી ગમે તેવી બોલે છે. સામાને દુઃખદાયી થઇ પડે તેવી વાણી બોલે છે, એટલે છોકરાંઓ ખરાબ થઇ જાય. આપણે એવું બોલીએ કે ધણીને દુઃખ થાય ને ધણી એવું બોલે કે આપણને દુઃખ થાય. આ તો બધું 'પઝલ' ઊભું થઇ ગયું છે. હિન્દુસ્તાનમાં આવું ના હોય. પણ આ કળિયુગનું નિમિત્ત છે. એટલે આવું જ હોય. તેમાં ય આ એક અજાયબ વિજ્ઞાન નીકળ્યું છે. તે જેને ભેગું થશે તેનું કામ નીકળી જશે.

## ... માટે સદ્‌ભાવનામાં વાળો !

**પ્રશ્નકર્તા :** છોકરાં વાંકા ચાલે તો શું કરવું ?

**દાદાશ્રી :** છોકરાં વાંકે રસ્તે જાય તો ય આપણે એને જોયા કરવું ને જાણ્યા કરવું. અને મનમાં ભાવ નક્કી કરવો, અને પ્રભુને પ્રાર્થના કરવી કે આવા પર કૃપા કરો.

આપણે તો જે બન્યું તે કરેક્ટ કહેવું. જે ભોગવે તેની ભૂલ છે. બન્યું તે કરેક્ટ કહીને ચાલો તો ઉકેલ આવશે. ભગવાને કહ્યું, 'તું સુધર તો તારી હાજરીથી બધું સુધરશે !'

નાનાં છોકરાં-છોકરીઓને સમજાવવું કે સવારે નાહીધોઇને સૂર્યપૂજા કરવી, ને રોજ ટૂંકામાં બોલે કે, મને તથા જગતને સદ્‌બુધ્ધિ આપો, જગતનું કલ્યાણ કરો. આટલું બોલે તો તેમને સંસ્કાર મળ્યા કહેવાય, અને માબાપનું કર્મબંધન છૂટયું. આ તો બધું ફરજીયાત છે. મા-બાપ પાંચ હજારનું દેવું કરીને છોકરો ભણાવ્યો હોય તેમ છતાં કોઇ દિવસ છોકરો ઉદ્ધતાઇ કરે તો, બોલી ના બતાવાય કે અમે તને ભણાવ્યો. એ તો આપણે 'ડયુટી બાઉન્ડ' હતા, ફરજિયાત હતું. ફરજિયાત હતું તે કર્યું. આપણે આપણી ફરજ બજાવવી.

❖❖❖❖❖

[૫]

# સમજથી દીપે ગૃહસંસાર !

## મતભેદમાં સમાધાન કઇ રીતે ?

કાળ વિચિત્ર આવી રહ્યો છે. આંધીઓ ઉપર આંધીઓ થવાની છે ! માટે ચેતતા રહેજો. આ જેમ પવનની આંધીઓ આવે છે ને તેવી કુદરતની આંધી આવી રહી છે. મનુષ્યોને માથે મહામુશ્કેલીઓ છે. સક્કરિયું ભરહાડમાં બફાય તેમ લોકો બફાઇ રહ્યા છે ! શેના આધારે જીવી રહ્યા છે, તેની પોતાને સમજણ નથી. પોતાની જાતની શ્રદ્ધા પણ જતી રહી છે ! હવે શું થાય ? ઘરમાં વાઇફ જોડે મતભેદ થાય તો તેનું સમાધાન કરતાં આવડે નહીં, છોકરાં જોડે મતભેદ ઊભો થયો તો તેનું સમાધાન કરતાં ના આવડે અને ગુંચાયા કરે.

**પ્રશ્નકર્તા :** ધણી તો એમ જ કહે ને, કે 'વાઇફ' સમાધાન કરે, હું નહીં કરું !

**દાદાશ્રી :** હં..., એટલે 'લિમિટ' પૂરી થઇ ગઇ. 'વાઇફ' સમાધાન

કરે ને આપણે ના કરીએ તો આપણી 'લિમિટ' થઇ ગઇ પૂરી. ખરો પુરુષ હોય ને તે તો એવું બોલે કે 'વાઇફ' રાજી થઇ જાય અને એમ કરીને ગાડી આગળ ચાલુ કરી દે. અને તમે તો પંદર-પંદર દહાડા, મહિના-મહિના સુધી ગાડી બેસાડી રાખો, તે ના ચાલે. જ્યાં સુધી સામાના મનનું સમાધાન નહીં થાય ત્યાં સુધી તમારે મુશ્કેલી છે. માટે સમાધાન કરવું.

**પ્રશ્નકર્તા :** સામાનું સમાધાન થયું કેવી રીતે કહેવાય ? સામાનું સમાધાન થાય, પણ તેમાં તેનું અહિત હોય તો ?

**દાદાશ્રી :** એ તમારે જોવાનું નહીં. સામાનું અહિત હોય તે તો સામાને જોવાનું છે. તમારે સામાનું હિતાહિત જોવું, પણ તમે હિત જોનારામાં, તમારામાં શક્તિ શી છે? તમે તમારું જ હિત જોઇ શકતા નથી, તે બીજાનું હિત શું જુઓ છો ? સહુ સહુના ગજા પ્રમાણે હિત જુએ છે, એટલું હિત જોવું જોઇએ. પણ સામાના હિતની ખાતર અથડામણ ઊભી થાય એવું હોવું ના જોઇએ.

**પ્રશ્નકર્તા :** સામાનું સમાધાન કરવાનો આપણે પ્રયત્ન કરીએ, પણ તેમાં પરિણામ જુદું આવવાનું એવી આપણને ખબર હોય તો એનું શું કરવું ?

**દાદાશ્રી :** પરિણામ ગમે તે આવે, આપણે તો 'સામાનું સમાધાન કરવું છે' એટલું નક્કી રાખવું. 'સમભાવે નિકાલ' કરવાનું નક્કી કરો, પછી નિકાલ થાય કે ના થાય તે પહેલેથી જોવાનું નહીં. અને નિકાલ થશે ! આજે નહીં તો બીજે દહાડે થશે, ત્રીજે દહાડે થશે. ચીકણું હોય તો બે વર્ષે, ત્રણ વર્ષે કે પાંચ વર્ષે ય થશે. વાઇફના ઋણાનુબંધ બહુ ચીકણાં હોય, છોકરાંઓના ચીકણાં હોય, માબાપના ચીકણાં હોય ત્યાં જરાક વધુ સમય લાગે. આ બધા આપણી જોડે ને જોડે જ હોય, ત્યાં નિકાલ ધીમે ધીમે થાય. પણ આપણે નક્કી કર્યું છે કે જ્યારે ત્યારે 'આપણે સમભાવે નિકાલ કરવો છે' એટલે એક દહાડો એ નિકાલ થઇ રહેશે, એનો અંત આવશે. જ્યાં ચીકણા ઋણાનુબંધ હોય ત્યાં બહુ જાગૃતિ રાખવી પડે, આવડો અમથો સાપ હોય પણ ચેતતા ને ચેતતા



રહેવું પડે. અને બેફામ રહીએ, અજાગ્રત રહીએ તો સમાધાન થાય નહીં. સામી વ્યક્તિ બોલી જાય ને આપણે પણ બોલી જઇએ, બોલી જવાનોય વાંધો નથી, પણ બોલી જવાની પાછળ આપણે 'સમભાવે નિકાલ' કરવો છે એવો નિશ્ચય રહેલો છે, તેથી દ્વેષ રહેતો નથી. બોલી જવું એ પુદ્ગલનું છે અને દ્વેષ રહેવો, એની પાછળ પોતાનો ટેકો રહે છે. માટે આપણે તો 'સમભાવે નિકાલ' કરવો છે એમ નક્કી કરી કામ કર્યે જાવ, હિસાબ ચૂકતે થઇ જ જશે. ને આજે માંગનારને ના અપાયું તો કાલે અપાશે, હોળી પર અપાશે, નહીં તો દિવાળી પર અપાશે. પણ માંગનારો લઇ જ જશે.

આ જગત ચૂકતે કર્યા પછી નનામીમાં જાય છે. આ ભવના તો ચૂકતે કરી નાખે છે જ ગમે તે રસ્તે, પછી નવાં બાંધ્યાં તે જુદાં. હવે આપણે નવા બાંધીએ નહીં ને જૂનાં આ ભવમાં ચૂકતે થઇ જ જવાનાં. બધો હિસાબ ચૂકતે થયો એટલે ભઇ ચાલ્યા નનામી લઇને ! જ્યાં કંઇ પણ ચોપડામાં બાકી રહ્યું હોય ત્યાં થોડા દહાડા વધારે રહેવું પડે. આ ભવનું આ દેહના આધારે બધું ચૂકતે જ થઇ જાય. પછી અહીં જેટલી ગૂંચો પાડી હોય તે જોડે લઇ જાય ને ફરી પાછો નવો હિસાબ શરૂ થાય.

## ... માટે અથડામણ ટાળો !

માટે જ્યાં હો ત્યાંથી અથડામણને ટાળો. આ અથડામણો કરી આ લોકનું તો બગાડે છે, પણ પરલોક હઉ બગાડે છે ! જે આ લોકનું બગાડે તો પરલોકનું બગાડયા વગર રહે નહીં ! આ લોક સુધરે તેનો પરલોક સુધરે. આ ભવમાં આપણને કોઇ પણ જાતની અડચણ ના આવી તો જાણવું કે પરભવે પણ અડચણ છે જ નહીં અને અહીં અડચણ ઊભી કરી તો તે બધી ત્યાં જ આવવાની છે.

**પ્રશ્નકર્તા :** અથડામણમાં અથડામણ કરીએ તો શું થાય ?

**દાદાશ્રી :** માથું ફૂટી જાય ! એક માણસ મને સંસાર પાર કરવાનો રસ્તો પૂછતો હતો. તેને મે કહ્યું કે, 'અથડામણ ટાળજે.' મને પૂછયું કે, 'અથડામણ એટલે શું ?' ત્યારે મેં કહ્યું કે 'આપણે સીધા ચાલતા હોઇએ

ને વચમાં થાંભલો આવે તો આપણે ફરીને જવું કે થાંભલાને અથડાવવું ?' ત્યારે એ કહે, 'ના. અથડાઇએ તો માથું તૂટી જાય.'

આ પથરો આમ વચ્ચે પડેલો હોય તો આપણે શું કરવું જોઇએ ? ફરીને જવું જોઇએ. આ ભેંસના ભાઈ રસ્તામાં વચ્ચે આવે તો શું કરો ? ભેંસના ભાઈને ઓળખો ને તમે ? એ આવતો હોય તો ફરીને જવું પડે, નહીં તો માથું મારે તો તોડી નાખે બધું. તેવું માણસો ય કોઇક એવા આવતા હોય તો ફરીને જવું પડે. તેવું અથડામણનું છે. કોઇ માણસ વઢવા આવે, શબ્દો બોમ્બગોળા જેવા આવતા હોય ત્યારે આપણે જાણવું કે અથડામણ ટાળવાની છે. આપણા મન ઉપર અસર બિલકુલ હોય નહીં છતાં કંઇક અસર ઓચિંતી થઇ, ત્યારે આપણે જાણીએ કે સામાના મનની અસર આપણા પર પડી; એટલે આપણે ખસી જવું. એ બધી અથડામણો છે. એ જેમ જેમ સમજતા જશો તેમ તેમ અથડામણને ટાળતા જશો, અથડામણ ટાળે તેનાથી મોક્ષ થાય છે ! આ જગત અથડામણ જ છે, સ્પંદન સ્વરૂપ છે.

એક ભાઇને એકાવનની સાલમાં આ એક શબ્દ આપ્યો હતો. 'અથડામણ ટાળ' કહ્યું હતુ અને આવી રીતે તેને સમજણ પાડી હતી. હું શાસ્ત્ર વાંચતો હતો ત્યારે એ મને આવીને કહે કે, 'દાદા, મને કશુંક આપો.' એ મારે ત્યાં નોકરી કરતો હતો ત્યારે મેં એને કહ્યું, 'તને શું આપે ? તું આખી દુનિયા જોડે લઢીને આવે છે, મારામારી કરીને આવે છે.' રેલવેમાં ય ઠોકાઠોક કરે, આમ પૈસાનાં પાણી કરે ને રેલવેને જે કાયદેસર ભરવાના છે તે ના ભરે અને ઉપરથી ઝઘડા કરે, આ બધું હું જાણું. તે મેં એને કહ્યું કે, 'તું અથડામણ ટાળ. બીજું કશું તારે શીખવાની જરૂર નથી.' તે આજ સુધી હજી યે પાળે છે. અત્યારે તમે એની સાથે અથડામણ કરવાની નવી નવી રીતો ખોળી કાઢો, જાતજાતની ગાળો ભાંડો તો એ આમ ખસી જશે.

માટે અથડામણ ટાળો, અથડામણથી આ જગત ઊભું થયું છે. એને ભગવાને વેરથી ઊભું થયું છે, એમ કહ્યું છે. દરેક માણસ, અરે જીવમાત્ર વેર રાખે. વધુ પડતું થયું કે વેર રાખ્યા વગર રહે નહીં.તે પછી સાપ હોય, વીંછી હોય, બળદિયો હોય કે પાડો હોય, ગમે તે હોય પણ વેર રાખે.



કારણ કે બધાનામાં આત્મા છે, આત્મશક્તિ બધાનામાં સરખી છે. કારણ આ પુદ્‌ગલની નબળાઇને લઇને સહન કરવું પડે છે. પણ સહન કરતાંની સાથે એ વેર રાખ્યા વગર રહે નહીં અને આવતે ભવે એ એનું વેર વાળે પાછું !

## સહન ? નહીં, સોલ્યુશન લાવો !

**પ્રશ્નકર્તા :** દાદા, અથડામણ ટાળવાનું આપે જે કહ્યું, એટલે સહન કરવું એમ અર્થ થાય ને ?

**દાદાશ્રી :** અથડામણ ટાળવાનું એટલે સહન કરવાનું નથી. સહન કરશો તો કેટલું કરશો ? સહન કરવું અને 'સ્પ્રીંગ' દબાવવી એ બે સરખું છે. 'સ્પ્રીંગ' દબાવેલી કેટલા દહાડા રહેશે ! માટે સહન કરવાનું તો શીખશો જ નહીં, સોલ્યુશન કરવાનું શીખો.

અજ્ઞાન દશામાં તો સહન જ કરવાનું હોય છે. પછી એક દહાડો 'સ્પ્રીંગ' ઊછળે તેમ બધું પાડી નાખે, પણ એ તો કુદરતનો નિયમ જ એવો છે.

એવો જગતનો કાયદો જ નથી કે કોઇને લીધે આપણે સહન કરવું પડે. જે કંઇ સહન કરવાનું થાય છે બીજાના નિમિત્તે, એ આપણો જ હિસાબ હોય છે. પણ આપણને ખબર નથી પડતી કે આ ક્યા ચોપડાનો ને ક્યાંનો માલ છે, એટલે આપણે એમ જાણીએ કે આણે નવો માલ ધીરવા માંડયો. નવો કોઇ ધીરે જ નહીં, ધીરેલો જ પાછો આવે. આપણા જ્ઞાનમાં સહન કરવાનું હોતું નથી. જ્ઞાનથી તપાસ કરી લેવી કે સામો 'શુદ્ધાત્મા' છે. આ જે આવ્યું તે મારા જ કર્મના ઉદયથી આવ્યું છે, સામો તો નિમિત્ત છે. પછી આપણને આ જ્ઞાન ઇટસેલ્ફ જ 'પઝલ' 'સોલ્વ' કરી આપે.

**પ્રશ્નકર્તા :** એનો અર્થ એમ થયો કે મનમાં સમાધાન કરવાનું કે આ માલ હતો તે પાછો આવ્યો એમ ને ?

**દાદાશ્રી :** એ પોતે શુદ્ધાત્મા છે ને આ એની પ્રકૃતિ છે. પ્રકૃતિ આ

ફળ આપે છે. આપણે શુદ્ધાત્મા છીએ, એ પણ શુદ્ધાત્મા છે. હવે બન્નેને 'વાયર' ક્યાં લાગુ થયો છે? આ પ્રકૃતિ ને તે પ્રકૃતિ, બન્ને સામસામી બધા હિસાબ ચૂકવે છે. એમાં આ પ્રકૃતિના કર્મનો ઉદય તે પેલો આપે કંઈક. માટે આપણે કહ્યું કે આ આપણા કર્મનો ઉદય છે ને સામો નિમિત્ત છે, એ આપી ગયો એટલે આપણો હિસાબ ચોખ્ખો થઈ ગયો. આ 'સોલ્યુશન' હોય ત્યાં પછી સહન કરવાનું રહે જ નહીં ને ?

સહન કરવાથી શું થશે ? આવો ફોડ નહીં પાડો, તો એક દહાડો એ 'સ્પ્રીંગ' કૂદશે. કૂદેલી સ્પ્રીંગ તમે જોયેલી ? મારી 'સ્પ્રીંગ' બહુ કુદતી હતી. ઘણા દહાડા હું બહુ સહન કરી લઉં ને પછી એક દહાડો ઉછળે તો બધું જ ઉડાડી મૂકું. આ બધું અજ્ઞાન દશાનું, મને એનો ખ્યાલ છે. એ મારા લક્ષમાં છે. એટલે તો હું કહી દઉં ને કે સહન કરવાનું શીખશો નહીં. એ અજ્ઞાનદશામાં સહન કરવાનું હોય. આપણે અહીં તો ફોડ પાડી દેવો કે આનું પરિણામ શું, એનું કારણ શું, ચોપડામાં પદ્ધતિસરનું જોઈ લેવું, કોઈ વસ્તુ ચોપડા બહારની હોતી નથી.

## *હિસાબ ચૂક્તે કે 'કોઝિઝ' પડયાં ?*

**પ્રશ્નકર્તા :** નવી લેવડદવડ ના થાય એ કેવી રીતે બને ?

**દાદાશ્રી :** નવી લેવડદેવડ કોને કહેવાય ? 'કોઝિઝ'ને નવી લેવડદેવડ કહેવાય, આ તો 'ઈફેક્ટ' જ છે ખાલી ! આ જે જે બને છે એ બધું 'ઈફેક્ટ' જ છે, અને 'કોઝિઝ' અદર્શનીય છે. ઈન્દ્રિયથી 'કોઝિઝ' દેખાય નહીં, જે દેખાય છે એ બધી ઈફેક્ટ છે. એટલે આપણે જાણવાનું કે હિસાબ ચૂકતે થયો. નવું જે થાય છે તે તો મહીં થઈ રહ્યું છે, તે અત્યારે ના દેખાય, એ તો જ્યારે પરિણામ પામે ત્યારે. હજુ એ તો મેળમાં લખેલું નથી, નોંધવહીમાંથી હજુ તો એ ચોપડામાં આવશે.

**પ્રશ્નકર્તા :** આગળના પાકા ચોપડાનું અત્યારે આવે છે ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** આ અથડામણ થાય છે તે 'વ્યવસ્થિત'ના આધારે જ



હશે ને ?

**દાદાશ્રી :** હા. અથડામણ છે તે 'વ્યવસ્થિત'ના આધારે ખરી પણ એવું ક્યારે કહેવાય ? અથડામણ થઈ ગયા પછી. 'આપણે અથડામણ નથી કરવી' એવો આપણો નિશ્ચય હોય. સામે થાંભલો દેખાય એટલે આપણે જાણીએ કે થાંભલો આવે છે, ફરીને જવું પડશે, અથડાવું તો નથી. પણ એમ છતાં અથડામણ થઈ જાય ત્યારે આપણે કહેવું, વ્યવસ્થિત છે. પહેલેથી જ 'વ્યવસ્થિત છે' માનીને હેંડીએ તો તો 'વ્યવસ્થિત'નો દુરુપયોગ થયો કહેવાય.

## *'ન્યાય સ્વરૂપ', ત્યાં ઉપાય તપ !!*

**પ્રશ્નકર્તા :** અથડામણ ટાળવાની 'સમભાવે નિકાલ' કરવાની આપણી વૃત્તિ હોય, છતાં સામો માણસ આપણને હેરાન કરે, અપમાન કરે તો શું કરવું આપણે ?

**દાદાશ્રી :** કશું નહીં. એ આપણો હિસાબ છે, તો આપણે તેનો 'સમભાવે નિકાલ' કરવો છે એમ નક્કી રાખવું. આપણે આપણા કાયદામાં જ રહેવું, અને આપણે આપણી મેળે આપણું 'પઝલ' 'સોલ્વ' કર્યા કરવું.

**પ્રશ્નકર્તા :** સામો માણસ આપણું અપમાન કરે ને આપણને અપમાન લાગે એનું કારણ આપણો અહંકાર છે ?

**દાદાશ્રી :** ખરી રીતે સામો અપમાન કરે છે તે આપણો અહંકાર ઓગાળી નાખે છે, અને તે ય પેલો 'ડ્રામેટિક' અહંકાર. જેટલો એકસેસ અહંકાર હોય તે ઓગળે, એમાં બગડી શું જવાનું છે ? આ કર્મો છૂટવાં દેતાં નથી. આપણે તો નાનું બાળક સામું હોય તો ય કહીએ, હવે છૂટકારો કર.

તમને કોઈએ અન્યાય કર્યો ને તમને એમ થાય કે મને આ અન્યાય કેમ કર્યો તો તમને કર્મ બંધાય. કારણ કે તમારી ભૂલને લઈને સામાને અન્યાય કરવો પડે છે. હવે અહીં ક્યાં મતિ પહોંચે ? જગત તો

કકળાટ કરી મેલે ! ભગવાનની ભાષામાં કોઇ ન્યાયે ય કરતું નથી ને અન્યાયે ય કરતું નથી, 'કરેક્ટ' કરે છે. હવે આ લોકોની મતિ ક્યાંથી પહોંચે ? ઘરમાં મતભેદ ઓછા થાય, ભાંજગડ ઓછી થાય, આજુ-બાજુનાનો પ્રેમ વધે તો સમજીએ કે વાતની સમજણ પડી. નહીં તો વાતની સમજ પડી નથી.

જ્ઞાન કહે છે કે તું ન્યાય ખોળીશ તો તું મૂર્ખ છે ! માટે એનો ઉપાય છે તપ !

કો'કે તમને અન્યાય કર્યો હોય તો તે ભગવાનની ભાષામાં 'કરેક્ટ' છે; જે સંસારની ભાષામાં ખોટું કર્યું એમ કહેશે.

આ જગત ન્યાયસ્વરૂપ છે, ગપ્પું નથી. એક મચ્છર પણ એમને એમ તમને અડે તેમ નથી. મચ્છર અડયો માટે તમારું કંઇક કારણ છે. બાકી એમ ને એમ એક સ્પંદન પણ તમને અડે તેવું નથી. તમે સંપૂર્ણ સ્વતંત્ર છો. કોઇની આડખીલી તમને નથી.

**પ્રશ્નકર્તા :** અથડામણમાં મૌન હિતકારી ખરું કે નહીં ?

**દાદાશ્રી :** મૌન તો બહુ હિતકારી કહેવાય.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, બહાર મૌન હોય, પણ અંદર તો બહુ ઘમસાણ ચાલતું હોય તેનું શું થાય ?

**દાદાશ્રી :** એ કામનું નહીં. મૌન તો પહેલામાં પહેલું મનનું જોઇએ.

## *ઉત્તમ તો, 'એડજસ્ટ એવરીવેર' !*

**પ્રશ્નકર્તા :** જીવનમાં સ્વભાવ નથી મળતા તેથી અથડામણ થાય છે ને ?

**દાદાશ્રી :** અથડામણ થાય તેનું જ નામ સંસાર છે !

**પ્રશ્નકર્તા :** અથડામણ થવાનું કારણ શું ?



**દાદાશ્રી :** અજ્ઞાનતા.

**પ્રશ્નકર્તા :** એકલું શેઠ જોડે જ અથડામણ થાય એવું નથી, બધાં જોડે થાય છે, તેનું શું ?

**દાદાશ્રી :** હા, બધા જોડે ય થાય. અરે, આ ભીંત જોડે ય થાય.

**પ્રશ્નકર્તા :** એનો રસ્તો શું હશે ?

**દાદાશ્રી :** અમે બતાવીએ છીએ પછી ભીંત જોડે પણ અથડામણ ના થાય. આ ભીંત જોડે અથડાય તેમાં કોનો દોષ ? જેને વાગ્યું તેનો દોષ. એમાં ભીંતને શું ! ચીકણી માટી આવે ને તમે લપસ્યા એમાં ભૂલ તમારી છે. ચીકણી માટી તો નિમિત્ત છે. તમારે નિમિત્તને સમજીને મહીં આંગળા ખોસી દેવા પડે. ચીકણી માટી તો હોય જ, ને લપસાવવું એ તો એનો સ્વભાવ જ છે.

**પ્રશ્નકર્તા :** પણ કંકાસ ઊભા થવાનું કારણ શું ? સ્વભાવ ના મળે તેથી ?

**દાદાશ્રી :** અજ્ઞાનતા છે તેથી. સંસાર તેનું નામ કે કોઇકોઇના સ્વભાવ મળે જ નહીં. આ 'જ્ઞાન' મળે તેનો એક જ રસ્તો છે, 'એડજસ્ટ એવરીવેર' ! કોઇ તને મારે તો ય તારે તેને 'એડજસ્ટ' થઇ જવાનું.

**પ્રશ્નકર્તા :** વાઇફ જોડે ઘણીવાર અથડામણ થઇ જાય છે. મને કંટાળો ય આવે છે.

**દાદાશ્રી :** કંટાળો આવે એટલું જ નહીં, પણ કેટલાક તો દરિયામાં પડતું નાખે, બ્રાંડી પીને આવે.

મોટામાં મોટું દુઃખ શેનું છે ? 'ડિસએડજસ્ટમેન્ટ'નું, ત્યાં 'એડજસ્ટ એવરીવેર'નું કરે તો શું વાંધો છે.

**પ્રશ્નકર્તા :** એમાં તો પુરુષાર્થ જોઇએ.

**દાદાશ્રી :** કશો પુરુષાર્થ નહીં. મારી આજ્ઞા પાળવાની કે 'દાદા' એ કહ્યું છે કે 'એડજસ્ટ એવરીવેર.' તે એડજસ્ટ થયા કરે. બીબી કહે કે,

'તમે ચોર છો.' તો કહેવું કે, 'યુ આર કરેકટ.' અને થોડીવાર પછી એ કહે કે, 'ના, તમે ચોરી નથી કરી.' તો ય 'યુ આર કરેકટ.' કહીએ.

એવું છે બ્રહ્માનો એક દિવસ, એટલી આપણી આખી જિંદગી ! બ્રહ્માનો એક દહાડો જીવવું ને આ શી ધાંધલ ? વખતે આપણને બ્રહ્માના સો વર્ષ જીવવાનું હોય તો તો આપણે જાણીએ કે ઠીક છે, એડજસ્ટ શા માટે થઈએ ? 'દાવો માંડ' કહીએ. પણ આ તો જલદી પતાવવું હોય તેને શું કરવું પડે ? 'એડજસ્ટ' થઈએ કે દાવો માંડો કહીએ ? પણ આ તો એક દહાડો જ છે, આ તો જલદી પતાવવાનું છે. જે કામ જલદી પતાવવું હોય તેને શું કરવું પડે ? 'એડજસ્ટ' થઈને ટૂંકાવી દેવું, નહીં તો લંબાયા કરે કે ના લંબાયા કરે ?

બીબી જોડે લઢે તો રાત્રે ઊંઘ આવે ખરી ? અને સવારે નાસ્તો ય સારો ના મળે.

અમે આ સંસારની બહુ સૂક્ષ્મ શોધખોળ કરેલી. છેલ્લા પ્રકારની શોધખોળ કરીને અમે આ બધી વાતો કરીએ છીએ ! વ્યવહારમાં કેમ કરીને રહેવું તે ય આપીએ છીએ અને મોક્ષમાં કેવી રીતે જવાય તે ય આપીએ છીએ. તમને અડચણો કેમ કરીને ઓછી થાય એ અમારો હેતુ છે.

## ઘરમાં ચલણ છોડવું તો પડે ને ?

ઘરમાં આપણે આપણું ચલણ ના રાખવું, જે માણસ ચલણ રાખે તેને ભટકવું પડે. અમે ય હીરાબાને કહી દીધેલું કે અમે નાચલણી નાણું છીએ. અમને ભટકવાનું પોષાય નહીં ને ! નાચલણી નાણું હોય તેને શું કરવાનું ? એને ભગવાનની પાસે બેસી રહેવાનું. ઘરમાં તમારું ચલણ ચલાવવા જાવ તો અથડામણ થાય ને ? આપણે તો હવે 'સમભાવે નિકાલ' કરવાનો. ઘરમાં 'વાઈફ' જોડે 'ફ્રેન્ડ' તરીકે રહેવાનું . એ તમારા 'ફ્રેન્ડ' ને તમે એમના 'ફ્રેન્ડ' ! અને અહીં કોઈ નોંધ કરતું નથી કે ચલણ તારું હતું કે એમનું હતું! મ્યુનિસિપાલીટીમાં નોંધ થતી નથી ને ભગવાનને ત્યાં ય નોંધ થતી નથી. આપણે નાસ્તા સાથે કામ છે કે ચલણ



સાથે કામ છે ? માટે કયે રસ્તે નાસ્તો સારો મળે એની તપાસ કરો. જો મ્યુનિસિપાલિટીવાળા નોંધ રાખતા હોત કે કોનું ચલણ ઘરમાં છે તો હું ય એડજસ્ટ ના થાત. આ તો કોઈ બાપો ય નોંધ કરતું નથી !

આપણા પગ ફાટતા હોય ને બીબી પગ દબાવતી હોય ને તે વખતે કોઈ આવે ને આ જોઈને કહે કે, 'ઓહોહો ! તમારુ તો ઘરમાં ચલણ બહુ સરસ છે.' ત્યારે આપણે કહીએ કે, 'ના, ચલણ એનું જ ચાલે છે.' અને જો તમે એમ કહ્યું કે 'હા, અમારું જ ચલણ છે તો પેલી પગ દબાવવાનો છોડી દેશે. એના કરતાં આપણે કહીએ, ના, એનું જ ચલણ છે.'

**પ્રશ્નકર્તા :** એને માખણ લગાવ્યું ના કહેવાય ?

**દાદાશ્રી :** ના, એને સ્ટ્રેઈટ વે કહેવાય; અને પેલા વાંકાચૂંકા રસ્તા કહેવાય. આ દુષમકાળમાં સુખી થવાનો આ હું કહું છું તે જુદો રસ્તો છે. હું આ કાળ માટે કહું છું. આપણે આપણો નાસ્તો શું કરવા બગાડીએ ? સવારમાં નાસ્તો બગડે, બપોરે નાસ્તો બગડે, આખો દહાડો બગડે !!

## 'રીએક્શનરી' પ્રયત્નો ન જ કરાય !

**પ્રશ્નકર્તા :** બપોરે પાછું સવારની અથડામણ ભૂલીયે જઈએ ને સાંજે પાછું નવું થાય.

**દાદાશ્રી :** એ અમે જાણીએ છીએ, અથડામણ કઈ શક્તિથી થાય છે. એ અવળું બોલે છે તેમાં કઈ શક્તિ કામ કરી રહી છે. બોલીને પાછા 'એડજસ્ટ' થઈએ છીએ, એ બધું જ્ઞાનથી સમજાય તેમ છે છતાં એડજસ્ટ થવાનું જગતમાં. કારણ કે દરેક વસ્તુ 'એન્ડવાળી' હોય છે. અને વખતે એ લાંબા કાળ સુધી ચાલે તો ય તમે તેને 'હેલ્પ' નથી કરતા, વધારે નુકસાન કરો છો. તમારી જાતને નુકસાન કરો છો ને સામાનું નુકસાન થાય છે ! એને કોણ સુધારી શકે ? જે સુધરેલો હોય તે જ સુધારી શકે. પોતાનું જ ઠેકાણું ના હોય તે સામાને શી રીતે સુધારી શકે ?

**પ્રશ્નકર્તા :** આપણે સુધરેલા હોય તો સુધારી શકીએ ને ?

**દાદાશ્રી :** હા, સુધારી શકીએ.

**પ્રશ્નકર્તા :** સુધરેલાની વ્યાખ્યા ?

**દાદાશ્રી :** સામા માણસને તમે વઢો તો ય એને એમાં પ્રેમ દેખાય. તમે ઠપકો આપો તો ય એને તમારામાં પ્રેમ દેખાય કે ઓહોહો ! મારા ફાધરનો મારા પર કેટલો બધો પ્રેમ છે ! ઠપકો આપો, પણ પ્રેમથી આપો તો સુધરે. આ કોલેજોમાં જો પ્રોફેસરો ઠપકો આપવા જાય તો પ્રોફેસરોને બધા મારે !

સામો સુધરે એ માટે આપણા પ્રયત્નો રહેવા જોઈએ, પણ જે પ્રયત્નો 'રીએકશનરી' હોય એવા પ્રયત્નોમાં ના પડવું. આપણે એને ટૈડકાવીએ ને એને ખરાબ લાગે એ પ્રયત્ન ના કહેવાય. પ્રયત્ન અંદર કરવા જોઈએ, સૂક્ષ્મ રીતે ! સ્થૂળ રીતે જો આપણને ના ફાવતું હોય તો સૂક્ષ્મ રીતે પ્રયત્નો કરવા જોઈએ. વધારે ઠપકો ના આપવો હોય તો થોડાકમાં કહી દેવું જોઈએ કે, 'આપણને આ શોભે નહીં.' બસ આટલું જ કહીને બંધ રાખવું. કહેવું તો પડે પણ કહેવાની રીત હોય.

## *... નહીં તો પ્રાર્થનાનું 'એડજસ્ટમેન્ટ' !*

**પ્રશ્નકર્તા :** સામાને સમજાવવા મેં મારો પુરુષાર્થ કર્યો, પછી એ સમજે ના સમજે એ એનો પુરુષાર્થ ?

**દાદાશ્રી :** આટલી જ જવાબદારી આપણી છે કે આપણે એને સમજાવી શકીએ. પછી એ ના સમજે તો એનો ઉપાય નથી. પછી આપણે એટલું કહેવું કે, 'દાદા ભગવાન ! આને સદ્‌બુદ્ધિ આપજો.' આટલું કહેવું પડે. કંઈ એને અદ્ધર ના લટકાવાય, ગપ્પું નથી. આ 'દાદા'નું 'એડજસ્ટમેન્ટ'નું વિજ્ઞાન છે, અજાયબ 'એડજસ્ટમેન્ટ' છે આ. અને જ્યાં 'એડજસ્ટ' નહીં થાય ત્યાં તેનો સ્વાદ તો આવતો જ રહેશે ને તમને ? આ 'ડિસએડજસ્ટમેન્ટ' એ જ મૂર્ખાઈ છે. કારણ કે એ જાણે કે મારું ધણીપણું હું છોડું નહિ, અને મારું જ ચલણ રહેવું જોઈએ ! તો આખી જિંદગી ભૂખે મરશે ને એક દહાડો 'પોઈઝન' પડશે થાળીમાં ! સહેજે



ચાલે છે તેને ચાલવા દોને ! આ તો કળિયુગ છે ! વાતાવરણ જ કેવું છે !! માટે બીબી કહે છે કે, 'તમે નાલાયક છો.' તો કહેવું 'બહુ સારું.'

**પ્રશ્નકર્તા :** આપણને બીબી નાલાયક કહે, એ તો સળી કરી હોય એવું લાગે.

**દાદાશ્રી :** તો પછી આપણે શો ઉપાય કરવો ? તું બે વખત નાલાયક છે એવું એને કહેવું ? અને તેથી કંઈ આપણું નાલાયકપણું ભૂંસાઈ ગયું ? આપણને સિક્કો વાગ્યો એટલે પાછા આપણે શું બે સિક્કા મારવા ? અને પછી નાસ્તો બગડે, આખો દહાડો બગડે.

**પ્રશ્નકર્તા :** 'એડજસ્ટમેન્ટ'ની વાત છે. એની પાછળ ભાવ શું છે ? પછી ક્યાં આવવું ?

**દાદાશ્રી :** ભાવ શાંતિનો છે, શાંતિનો હેતુ છે. અશાંતિ ઉત્પન્ન નહીં કરવાનો કીમિયો છે.

## *'જ્ઞાની' પાસે 'એડજસ્ટમેન્ટ' શીખીએ !*

એક ભાઈ હતા. તે રાત્રે બે વાગે શું શું કરીને ઘેર આવતા હશે તેનું વર્ણન કરવા જેવું નથી. તમે જાણી જાઓ. તે પછી ઘરમાં બધાંએ નિશ્ચય કર્યો કે આમને વઢવું કે ઘરમાં પેસવા ના દેવા ? શો ઉપાય કરવો ? તે તેનો અનુભવ કરી આવ્યા. મોટાભાઈ કહેવા ગયા તો એ મોટાભાઈને કહે કે, 'તમને માર્યા વગર છોડીશ નહીં.' પછી ઘરનાં બધાં મને પૂછવા આવ્યા કે, 'આનું શું કરવું ? આ તો આવું બોલે છે.' ત્યારે મેં ઘરનાંને કહી દીધું કે, કોઈએ તેને અક્ષરે ય કહેવાનું નહીં.તમે બોલશો તો એ વધારે ફંટ થઈ જશે, અને ઘરમાં પેસવા નહીં દો તો એ બહારવટું કરશે. એને જ્યારે આવવું હોય ત્યારે આવે ને જ્યારે જવું હોય ત્યારે જાય. આપણે રાઈટે ય નહીં બોલવાનું ને રોંગે ય નહીં બોલવાનું, રાગેય નહીં રાખવાનો ને દ્વેષે ય નહીં રાખવાનો, સમતા રાખવાની, કરુણા રાખવાની. તે ત્રણ-ચાર વર્ષ પછી એ ભાઈ સરસ થઈ ગયો ! આજે એ ભાઈ ધંધામાં બહુ મદદરૂપ થાય છે ! જગત ના કામનું નથી, પણ કામ

લેતા આવડવું જોઈએ. બધા જ ભગવાન છે, અને દરેક જુદા જુદા કામ લઈને બેઠા છે, માટે ના ગમતું રાખશો નહીં.

## આશ્રિતને કચડવું, ઘોર અન્યાય !

**પ્રશ્નકર્તા :** મારી પત્ની સાથે મારે બિલકુલ બને નહીં. ગમે તેટલી નિર્દોષ વાત કરું, મારું સાચું હોય તો પણ એ ઊંધું લે. બાહ્યનું જીવનસંઘર્ષ તો ચાલે છે, પણ આ વ્યક્તિસંઘર્ષ શું હશે ?

**દાદાશ્રી :** એવું છે, માણસ પોતાના હાથ નીચેવાળા માણસને એટલો બધો કચડે છે, એટલો બધો કચડે છે કે કશું બાકી જ નથી રાખતો. પોતાના હાથ નીચે કોઈ માણસ આવ્યું હોય, પછી એ સ્ત્રી રૂપે કે પુરુષરૂપે હોય, પોતાની સત્તામાં આવ્યા તેને કચડવામાં બાકી નથી રાખતા.

ઘરના માણસ જોડે કકળાટ ક્યારે ય ના કરવો જોઈએ. એ જ ઓરડીમાં પડી રહેવાનું ત્યાં કકળાટ શા કામનો ? કોઈને પજવીને પોતે સુખી થાય એ ક્યારેય ના બને, ને આપણે તો સુખ આપીને સુખ લેવું છે. આપણે ઘરમાં સુખ આપીએ તો જ સુખ મળે ને ચા-પાણી ય બરોબર બનાવીને આપે, નહીં તો ચા પણ બગાડીને આપે. નબળો ધણી બૈરી પર શૂરો. જે આપણા રક્ષણમાં હોય તેનું ભક્ષણ કયાંથી કરાય ! જે પોતાના હાથ નીચે આવ્યો તેનું તો રક્ષણ કરવું એ જ મોટામાં મોટો ધ્યેય હોવો જોઈએ. એનો ગુનો થયો હોય તો ય એનું રક્ષણ કરવું જોઈએ. આ પાકિસ્તાની સૈનિકો અત્યારે બધા અહીં કેદી છે, છતાં ય તેમને કેવું રક્ષણ આપે છે ! ત્યારે આ તો ઘરનાં જ છે ને ! આ તો બહારના જોડે મિયાઉં થઈ જાય, ત્યાં ઝઘડો ના કરે ને ઘેર જ બધું કરે. પોતાની સત્તા નીચે હોય તેને કચડકચડ કરે ને ઉપરીને સાહેબ, સાહેબ કરે. હમણાં આ પોલીસવાળો ટૈડકાવે તો 'સાહેબ, સાહેબ' કહે અને ઘેર 'વાઈફ' સાચી વાત કહેતી હોય તો એને સહન ના થાય ને તેને ટૈડકાવે. 'મારા ચાના કપમાં કીડી ક્યાંથી આવી ?' એમ કરીને ઘરનાંને ફફડાવે. તેના કરતાં શાંતિથી કીડી કાઢી લેને. ઘરનાં ને ફફડાવે ને પોલીસવાળા આગળ ધ્રૂજે !



હવે આ ઘોર અન્યાય કહેવાય. આપણને આ શોભે નહીં. સ્ત્રી તો પોતાની ભાગીદાર કહેવાય. ભાગીદાર જોડે કલેશ ? આ તો કલેશ થતો હોય ત્યાં કોઈ રસ્તો કાઢવો પડે, સમજાવવું પડે. ઘરમાં રહેવું છે તો કલેશ શાને ?

## 'સાયન્સ' સમજવા જેવું !

**પ્રશ્નકર્તા :** આપણે કલેશ ના કરવો હોય પણ સામો આવીને ઝઘડે તો શું કરવું ? એમાં એક જાગ્રત હોય પણ સામાવાળો કલેશ કરે, તો ત્યાં તો કલેશ થાય જ ને?

**દાદાશ્રી :** આ ભીંત જોડે લઢે, તો કેટલો વખત લઢી શકે ? આ ભીંત જોડે એક દહાડો માથું અથડાયું તો આપણે એની જોડે શું કરવું ? માથું અથડાયું એટલે આપણે ભીંત જોડે વઢવાડ થઈ એટલે આપણે ભીંતને મારમાર કરવી ? એમ આ ખૂબ કલેશ કરાવતું હોય તો તે બધી ભીંતો છે ! આમાં સામાને શું જોવાનું ? આપણે આપણી મેળે સમજી જવાનું કે આ ભીંત જેવી છે, આવું સમજવાનું. પછી કોઈ મુશ્કેલી નથી.

**પ્રશ્નકર્તા :** આપણે મૌન રહીએ તો સામાને ઊંધી અસર થાય છે કે આમનો જ દોષ છે, ને એ વધારે કલેશ કરે.

**દાદાશ્રી :** આ તો આપણે માની લીધું છે કે હું મૌન થયો તેથી આવું થયું. રાત્રે માણસ ઊઠયો ને બાથરૂમમાં જતાં અંધારામાં ભીંત જોડે અથડાયો, તે ત્યાં આપણે મૌન રહ્યા તેથી તે અથડાઈ ?

મૌન રહો કે બોલો તેને સ્પર્શતું જ નથી, કંઈ લાગતું-વળગતું નથી. આપણા મૌન રહેવાથી સામાને અસર થાય છે એવું કશું હોતું નથી કે આપણા બોલવાથી સામાને અસર થાય છે એવું પણ કશું હોતું નથી. 'ઓન્લી સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' માત્ર વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવા છે. કોઈની આટલી ય સત્તા નથી. આટલી ય સત્તા વગરનું જગત, એમાં કોઈ શું કરવાનું છે ? આ ભીંતને જો સત્તા હોય તો આને સત્તા હોય ! આ ભીંતને આપણને વઢવાની સત્તા છે ? એવું સામાને બૂમાબૂમ કરવાનો શો અર્થ ? એના હાથમાં સત્તા જ નથી ત્યાં!

માટે તમે ભીંત જેવા થઈ જાઓ ને ! તમે બૈરીને ટૈડકાવ ટૈડકાવ કરો ! તો તેની મહીં ભગવાન બેઠેલા તે નોંધ કરે કે આ મને ટૈડકાવે છે ! ને તમને એ ટૈડકાવે ત્યારે તમે ભીંત જેવા થઇ જાઓ, તો તમારી મહીં બેઠેલા ભગવાન તમને 'હેલ્પ' કરે.

## જે ભોગવે તેની જ ભૂલ !

**પ્રશ્નકર્તા :** કેટલાક એવા હોય છે કે આપણે ગમે તેટલું સારું વર્તન કરીએ તો ય તે સમજતા નથી.

**દાદાશ્રી :** એ ના સમજતા હોય તો એમાં આપણી જ ભૂલ છે કે એ સમજણવાળો કેમ ના મલ્યો આપણને ! આમનો સંયોગ આપણને જ કેમ બાઝયો ? જે જે વખતે આપણને કંઇ પણ ભોગવવું પડે છે તે ભોગવવાનું આપણી જ ભૂલનું પરિણામ છે.

**પ્રશ્નકર્તા :** તો આપણે એમ સમજવાનું કે મારાં કર્મો એવા છે ?

**દાદાશ્રી :** ચોક્કસ. આપણી ભૂલ સિવાય આપણને ભોગવવાનું હોય નહીં. આ જગતમાં એવું કોઇ નથી કે જે આપણને સહેજ પણ કિંચિત્માત્ર દુઃખ આપે અને જો કોઈ દુઃખ આપનાર છે તો તે આપણી જ ભૂલ છે. તત્ત્વનો દોષ નથી, એ તો નિમિત્ત છે. માટે ભોગવે તેની ભૂલ.

કોઇ સ્ત્રી ને પુરુષ બે જણ ખૂબ ઝઘડતા હોય અને પછી આપણે બેઉ સૂઇ ગયા પછી છાનામાના જોવા જઇએ તો પેલી બહેન તો ઘસઘસાટ ઊંઘતી હોય અને ભઇ આમ આમ પાસાં ફેરવતા હોય તો આપણે સમજવું કે આ ભઇની જ ભૂલ છે બધી, આ બહેન ભોગવતી નથી. જેની ભૂલ હોય તે ભોગવે. અને તે ઘડીએ જો ભઇ ઊંઘતા હોય ને બહેન જાગ્યા કરતાં હોય તો જાણવું કે બહેનની ભૂલ છે. 'ભોગવે તેની ભૂલ.'

આ વિજ્ઞાન બહુ ભારે 'સાયન્સ' છે. હું કહું છું તે બહુ ઝીણું સાયન્સ છે. જગત આખું નિમિત્તને જ બચકાં ભરે છે.



## મિયાં-બીબી

બહુ મોટું વિશાળ જગત છે, પણ આ જગત પોતાના રૂમની અંદર છે એટલું જ માની લીધું છે, અને ત્યાંય જો જગત માનતો હોય તો ય સારું. પણ ત્યાં ય 'વાઈફ' જોડે લઢબાજી ઉડાડે ! અલ્યા, આ ન હોય તારું પાકિસ્તાન !

બૈરી અને ધણી બેઉ પાડોશી જોડે લડતાં હોય ત્યારે બેઉ એકામત ને એકાજત હોય. પાડોશીને કહે કે તમે આવા ને તમે તેવા. આપણે જાણીએ કે આ મિયાં-બીબીની ટોળી અભેદ ટોળી છે, નમસ્કાર કરવા જેવી લાગે છે. પછી ઘરમાં જઇએ તો બહેનથી જરા ચામાં ખાંડ ઓછી પડી હોય એટલે પેલો કહેશે કે, હું તને રોજ કહું છું કે ચામાં ખાંડ વધારે નાખ, પણ તારું મગજ ઠેકાણે નથી રહેતું. આ મગજના ઠેકાણાવાળો ચક્કર ! તારા જ મગજનું ઠેકાણું નથી ને ! અલ્યા, કઇ જાતનો છે તું ? રોજ જેની જોડે સોદાબાજી કરવાની હોય ત્યાં કકળાટ કરવાનો હોય ?

તમારે કોઇની જોડે મતભેદ પડે છે ?

**પ્રશ્નકર્તા :** હા, પડે ઘણીવાર.

**દાદાશ્રી :** 'વાઈફ' જોડે મતભેદ પડે છે ?

**પ્રશ્નકર્તા :** હા, ઘણી વાર પડે.

**દાદાશ્રી :** 'વાઈફ' જોડે પણ મતભેદ થાય ? ત્યાં ય એકતા ના રહે તો પછી બીજે ક્યાં રાખવાની ? એકતા એટલે શું કે ક્યારેય મતભેદ ના પડે. આ એક જણ જોડે નક્કી કરવું કે તમારે ને મારે મતભેદ ના પડે. એટલી એકતા કરવી જોઇએ. એવી એકતા કરી છે તમે ?

**પ્રશ્નકર્તા :** આવું કોઇ દહાડો વિચારેલું નહીં. આ પહેલી વાર વિચારું છું.

**દાદાશ્રી :** હા, તે વિચારવું પડશે ને ? ભગવાન કેટલા વિચાર કરી કરીને મોક્ષે ગયા ! મતભેદ ગમે છે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** મતભેદ થાય ત્યારે ઝઘડા થાય, ચિંતા થાય. તે મતભેદમાં આવું થાય છે તો મનભેદમાં શું થાય ? મનભેદ થાય, ડાઈવોર્સ લે અને તનભેદ થાય ત્યારે નનામી નીકળે !

## કકળાટ કરો, પણ બગીચામાં (!)

કલેશ તમારે કરવો હોય તો બહાર જઈને કરી આવવો. ઘરમાં જો કકળાટ કરવો હોય તો તે દહાડે બગીચામાં જઈને ખૂબ લડીને ઘેર આવવું. પણ ઘરમાં 'આપણી રૂમમાં લડવું નહીં.' એવો કાયદો કરવો. કો'ક દહાડો આપણને લડવાનો શોખ થઈ જાય તો બીબીને આપણે કહીએ કે, ચાલો આજે બગીચામાં ખૂબ નાસ્તા-પાણી કરીને ખૂબ વઢવાડ ત્યાં કરીએ. લોકો વચ્ચે પડે એવી વઢવાડ કરવી. પણ ઘરમાં વઢવાડ ના હોય. જ્યાં કલેશ થાય ત્યાં ભગવાન ના રહે. ભગવાન જતા રહે. ભગવાને શું કહ્યું ? ભક્તને ત્યાં કલેશ ના હોય પરોક્ષ ભક્તિ કરનારને ભક્ત કહ્યા ને પ્રત્યક્ષ ભક્તિ કરનારને ભગવાને 'જ્ઞાની' કહ્યા, ત્યાં તો કલેશ હોય જ ક્યાંથી ? પણ સમાધિ હોય !

એટલે કોઈ દહાડો લઢવાની ભાવના થાય ત્યારે આપણે પતિરાજને કહેવું કે, 'ચાલો આપણે બગીચામાં.' છોકરા કો'કને સોંપી દેવાં. પછી પતિરાજને પહેલેથી કહી દેવું કે, હું તમને પબ્લિકમાં બે ધોલ મારું તો તમે હસજો. લોકો ભલે ને જુએ, આપણી ગમ્મત ! લોકો આબરૂ નોંધવાવાળા, તે જાણે કે કોઈ દહાડો આમની આબરૂ ના ગઈ તે આજે ગઈ. આબરૂ તો કોઈની હોતી હશે ? આ તો ઢાંકી ઢાંકીને આબરૂ રાખે છે બિચારા !

## ... આ તે કેવો મોહ ?!

આબરૂ તો તેને કહેવાય કે નાગો ફરે તો ય રૂપાળો તે દેખાય! આ તો કપડાં પહેરે તો ય રૂપાળા નથી દેખાતા. જાકીટ, કોટ, નેકટાઇ પહેરે તો ય બળદિયા જેવો લાગે છે ! શું ય માની બેઠા છે પોતાના



મનમાં ! બીજા કોઈને પૂછતો ય નથી. બઈને ય પૂછતો નથી કે આ નેકટાઇ પહેર્યા પછી હું કેવો લાગું છું ! અરીસામાં જોઈને પોતે ને પોતે ન્યાય કરે છે કે, 'બહુ સરસ છે, બહુ સરસ છે.' આમ આમ પટિયાં પાડતો જાય ! અને સ્ત્રી પણ ચાંદલો કરીને અરીસામાં પોતાના પોતે ચાળા પાડે ! આ કઈ જાતની રીત કહેવાય ?! કેવી લાઈફ ?! ભગવાન જેવો ભગવાન થઈને આ શું ધાંધલ માંડે છે ! પોતે ભગવાન સ્વરૂપ છે.

કાનમાં લવિંગિયા ઘાલે છે તે પોતાને દેખાય ખરાં ? આ તો લોક હીરા દેખે એટલા માટે પહેરે છે. આવી જંજાળમાં ફસાયા છે તો ય હીરા દેખાડવા ફરે છે ! અલ્યા, જંજાળમાં ફસાયેલા માણસને શોખ હોય ? ઝટપટ ઉકેલ લાવો ને ! ધણી કહે તો ધણીને સારું દેખાડવા માટે પહેરીએ. શેઠ બે હજારના હીરાના કાપ લાવ્યા હોય ને પાંત્રીસ હજારનું બિલ લાવે તો શેઠાણી ખુશ ! કાપ પોતાને તો દેખાય નહીં. શેઠાણીને મેં પૂછ્યું કે 'રાત્રે ઊંઘી જાઓ છો ત્યારે કાનના લવિંગિયા ઊંઘમાં ય દેખાય છે કે નહીં ?' આ તો માનેલું સુખ છે, 'રોંગ' માન્યાતાઓ છે તેથી અંતરશાંતિ થાય નહીં. ભારતીય નારી કોને કહેવાય ? ઘરમાં બે હજારની સાડી આવીને પડેલી હોય તે પહેરે. આ તો ધણિ-ધણિયાણી બજારમાં ફરવા ગયાં હોય ને દુકાને હજારની સાડી ભરાવેલી હોય તે સાડી સ્ત્રીને ખેંચે ને ઘેર આવે તો ય મોં ચઢેલું હોય ને કકળાટ માંડે. તેને ભારતીય નારી કેમ કહેવાય ?

## ... આવી રીતે ય કલેશ ટાળ્યો !

હિન્દુઓ તો મૂળથી જ કલેશી સ્વભાવના. તેથી કહે છે ને, હિન્દુઓ ગાળે જીવન કલેશમાં ! પણ મુસલમાનો તો એવા પાકા કે બહાર ઝઘડી આવે, પણ ઘેર બીબી જોડે ઝગડો ના કરે. હવે તો અમુક મુસ્લિમ લોકો ય હિન્દુઓ જોડે રહીને બગડી ગયા છે. પણ હિન્દુઓ કરતાં આ બાબતમાં મને તેઓ ડાહ્યા લાગેલા. અરે, કેટલાક મુસલમાનો તો બીબીને હિંચકો હઉ નાખે. અમારે 'કોન્ટ્રાકટર'નો ધંધો એટલે અમારે મુસલમાનને ઘેર પણ જવાનું થાય, અમે તેની ચા પીએ ય ખરા ! અમારે કોઈની જોડે જુદાઈ ના હોય. એક દહાડો ત્યાં ગયેલા તે મિયાભાઈએ

બીબીને હીંચકો નાખવા માંડયો ! તે મેં તેને પૂછયું કે, 'તમે આવું કરો છો તે ચઢી બેસતી, નથી ?' ત્યારે એ કહે કે 'એ શું ચઢી બેસવાની હતી ? એની પાસે હથિયાર નથી, કશું નથી.' મેં કહ્યું કે, 'અમારા હિન્દુઓ ને તો બીક લાગે કે બૈરી ચઢી બેસશે તો શું થશે ? એટલે અમે હીંચકો નથી નાખતા.' ત્યારે મિયાંભાઇ કહે કે, 'આ હિંચકો નાખવાનું કારણ તમે જાણો છો ? મારે તો આ બે જ ઓરડીઓ છે. મારે કંઇ બંગલા નથી આ તો બે જ ઓરડીઓ ને તેમાં બીબી જોડે વઢવાડ થાય તો હું ક્યાં સૂઇ જઉં ? મારી આખી રાત બગડે. એટલે હું બહાર બધાંની જોડે વઢી આવું, પણ બીબી જોડે ક્લિયર રાખવાનું.' બીબી મિયાંને કહેશે કે, 'સવારે ગોસ લાવવાનું કહેતા હતા ને તે કેમ ના લાવ્યા ?' ત્યારે મિયાંભાઇ રોકડો જવાબ આપે કે, 'કલ લાઉંગા.' બીજે દહાડે સવારે કહે, 'આજ તો કિધર સે ભી લે આઉંગા.' ને સાંજે ખાલી હાથે પાછો આવે ત્યારે બીબી ખૂબ અકળાય, પણ મિયાંભાઇ ખૂબ પાકો તે એવું બોલે, 'યાર મેરી હાલત મૈં જાનતા હું !' તે બીબીને ખુશ કરી દે, ઝઘડો ના કરે! ને આપણા લોક શું કહે ? 'તું મને દબાય દબાય કરું છું ? જા નથી લાવવાનો.' અલ્યા, આવું ના બોલાય. ઊલટું તારું વજન તૂટે છે. આવું તું બોલે છે માટે તું જ દબાયેલો છું. અલ્યા, એ તને શી રીતે દબાવે ? એ બોલે ત્યારે શાંત રહેવાનું, પણ નબળા બહુ ચીઢિયા હોય. એટલે એ ચિઢાય ત્યારે આપણે બંધ રાખીને એની 'રેકર્ડ' સાંભળવી.

જે ઘરમાં ઝઘડો ના થાય તે ઘર ઉત્તમ. અરે ! ઝઘડો થાય પણ પાછું તેને વાળી લે તો ય ઉત્તમ કહેવાય ! મિયાંભાઇને એક દહાડો ખાવામાં ટેસ્ટ ના પડે, મિયાં ચિઢાય ને બોલે કે તું ઐસી હૈ, તૈસી હૈ. અને સામે જો પેલી ચિઢાય તો પોતે ચૂપ થઇ જાય, ને સમજી જાય કે આનાથી ભડકો થશે. માટે આપણે આપણામાં અને એ એનામાં ! અને હિન્દુઓ તો ભડકો કરીને જ રહે !

વાણિયાની પાઘડી જુદી, દક્ષિણીની જુદી, ગુજરાતીની જુદી, સુવર્ણકારની જુદી, બ્રાહ્મણની જુદી, સૌ સૌની પાઘડી જુદી. ચૂલે ચૂલે ધરમ જુદો. બધાનાં 'વ્યૂ પોઇન્ટ' જુદા જ, મેળ જ ના ખાય. પણ ઝઘડો ના કરે તો સારું.



## મતભેદ પહેલાં જ, સાવધાની !!

આપણામાં કલુષિત ભાવ રહ્યો જ ના હોય તેને લીધે સામાને પણ કલુષિત ભાવ ના થાય. આપણે ના ચિઢાઇએ એટલે એ ય ઠંડા થાય, ભીંત જેવા થઇ જવું એટલે સંભળાય નહીં, અમારે પચાસ વરસ થયાં પણ કોઇ દહાડો મતભેદ જ નહીં. હીરાબાને હાથે ઘી ઢોળાતું હોય તો ય હું જોયા જ કરું. અમારે તે વખતે જ્ઞાન હાજર રહે કે એ ઘી ઢોળે જ નહીં. હું કહું કે ઢોળો તો ય એ ના ઢોળે. જાણી જોઇને કોઇ ઘી ઢોળતું હશે ? ના. છતાં ઘી ઢોળાય છે એ જોવા જેવું છે માટે આપણે જુઓ ! અમારે મતભેદ થતા પહેલાં જ્ઞાન ઓન-ધ-મોમેન્ટ હાજર રહે.

'મેરી હાલત મૈં હી જાનતા હું બોલે એટલે બીબી ખુશ થઇ જાય. અને આપણા લોક તો હાલત કે કશું કહે નહીં. અલ્યા, તારી હાલત કહે તો ખરો કે સારી નથી. માટે રાજી રહેજો.'

બધાની હાજરીમાં, સૂર્યનારાયણની સાક્ષીએ, ગોરની સાક્ષીએ પૈણ્યો ત્યારે ગોરે સોદા કર્યા કે 'સમય વર્તે સાવધાન' તે તને સાવધ થતાં ય નથી આવડતું ? સમય પ્રમાણે સાવધ થવું જોઇએ. ગોર બોલે છે, 'સમય વર્તે સાવધાન.' તે ગોર સમજે, પરણનારો શું સમજે ?! સાવધાનનો અર્થ શું ? તો કે 'બીબી ઉગ્ર થઇ હોય ત્યારે તું ઠંડો થઇ જજે, સાવધ થજે. હવે બેઉ જણ ઝઘડે તો તો પાડોશી જોવા આવે કે ના આવે ? પછી તમાશો થાય કે ના થાય ? અને પાછું ભેગું ના થવાનું હોય તો લઢો. અરે, વહેંચી જ નાખો ! ત્યારે કહે, 'ના, ક્યાં જવાનું !' જો ફરી ભેગું થવાનું છે તો પછી શું કરવા લઢે છે ! આપણે એવું ચેતવું ના જોઇએ ? સ્ત્રી જાણે જાતિ એવી છે કે એ ના ફરે, એટલે આપણે ફરવું પડશે. એ સહજ જાતિ છે, એ ફરે એવી નથી.

બૈરી ચિઢાય ને કહે, 'હું તમારી થાળી લઇને નથી આવવાની, તમે જાતે આવો. હવે તમારી તબિયત સારી થઇ છે ને હેંડતા થયા છો. આમ લોકો જોડે વાતો કરો છો, હરોફરો છો, બીડીઓ પીવો છો અને ઉપરથી ટાઇમ થાય ત્યારે થાળી માગો છો. હું નથી આવવાની ! ત્યારે આપણે

ધીમે રહીને કહીએ, 'તમે નીચે થાળીમાં કાઢો, હું આવું છું.' એ કહે, 'નથી આવવાની.' તે પહેલાં જ આપણે કહીએ કે, હું આવું છું, મારી ભૂલ થઇ ગઇ લો. આવું કરીએ તો કંઇ રાત સારી જાય, નહીં તો રાત બગડે. પેલા ડચકારા મારતા તહીં સૂઇ ગયા હોય ને આ બઇ અહીં ડચકારા મારતાં હોય. બેઉને ઊંઘ આવે નહીં. સવારે પાછાં ચાપાણી થાય તે ચાનો પ્યાલો ખખડાવીને મૂકી ડચકારો મારે કે ના મારે ? તે આ બઇએ ય તરત સમજી જાય કે ડચકારો માર્યો. આ કકળાટનું જીવન છે. આખા વર્લ્ડમાં આ હિન્દુઓ ગાળે છે જીવન કલેશમાં.

## કલેશ વગરનું ઘર, મંદિર જેવું !

જ્યાં કલેશ હોય ત્યાં ભગવાનનો વાસ રહે નહીં. એટલે આપણે ભગવાનને કહીએ, 'સાહેબ તમે મંદિરમાં રહેજો, મારે ઘેર આવશો નહીં ! અમે મંદિર વધારે બંધાવીશું, પણ ઘેર આવશો નહીં !' જ્યાં કલેશ ન હોય ત્યાં ભગવાનનો વાસ નક્કી છે, એની તમને હું 'ગેરેન્ટી' આપું છું. અને કલેશ તો બુદ્ધિ અને સમજણથી ભાંગી શકે એમ છે. મતભેદ ટળે એટલી જાગૃતિ તો પ્રકૃતિ ગુણથી પણ આવી શકે છે, એટલી બુદ્ધિ પણ આવી શકે તેમ છે. જાણ્યું તેનું નામ કે કોઇની જોડે મતભેદ ના પડે. મતિ પહોંચતી નથી તેથી મતભેદ થાય છે. મતિ ફૂલ પહોંચે તો મતભેદ ના થાય. મતભેદ એ અથડામણ છે, 'વિકનેસ' છે.

કંઇક ભાંજગડ થઇ ગઇ હોય તો તમે થોડી વાર ચિત્તને સ્થિર કરો અને વિચારો તો તમને સૂઝ પડશે. કલેશ થયો એટલે ભગવાન જતા રહે કે ના જતા રહે ?

**પ્રશ્નકર્તા :** જતા રહે.

**દાદાશ્રી :** ભગવાન અમુક માણસોને ત્યાંથી જતા જ નથી, પણ કલેશ થાય ત્યારે કહે, 'ચાલો અહીંથી, આપણને અહીં નહીં ફાવે.' આ કકળાટમાં મને નહીં ફાવે. એટલે દેરાસરમાં ને મંદિરમાં જાય. આ મંદિરમાં ય પાછો કલેશ કરે. મુગટ, દાગીના લઇ જાય ત્યારે ભગવાન કહેશે કે અહીંથી પણ હેંડો હવે. તે ભગવાને ય કંટાળી ગયા છે.



અંગ્રેજોના વખતમાં કહેતા હતા ને કે -

'દેવ ગયા ડુંગરે, પીર ગયા મક્કે.
અંગ્રેજોના રાજમાં ઢેડ મારે ધક્કે.'

આપણા ઘરમાં કલેશરહિત જીવન જીવવું જોઇએ, એટલી તો આપણને આવડત આવડવી જોઇએ. બીજું કંઇ નહીં આવડે તો તેને આપણે સમજણ પાડવી કે, 'કલેશ થશે તો આપણા ઘરમાંથી ભગવાન જતા રહેશે. માટે તું નક્કી કર કે અમારે કલેશ નથી કરવો.' ને આપણે નક્કી કરવું કે કલેશ નથી કરવો. નક્કી કર્યા પછી કલેશ થઇ જાય તો જાણવું કે આમાં આપણી સત્તા બહાર થયેલું છે. એટલે આપણે એ કલેશ કરતો હોય તો ય ઓઢીને સૂઇ જવું એ ય થોડી વાર પછી સૂઇ જશે. અને આપણે પણ સામું બોલવા લાગીએ તો ?

## અવળી કમાણી, કલેશ કરાવે !

મુંબઇમાં એક ઊંચા સંસ્કારી કુટુંબનાં બેનને મેં પૂછયું કે, 'ઘરમાં કલેશ તો નથી થતો ને ?' ત્યારે એ બેન કહે, 'રોજ સવારમાં કલેશના નાસ્તા જ હોય છે !' મેં કહ્યું, 'ત્યારે તમારે નાસ્તાના પૈસા બચ્યા, નહીં ?' બેન કહે, 'ના, તે ય પાઉં પાછા કાઢવાના, પાઉંને માખણ ચોપડતા જવાનું.' તે કલેશે ય ચાલુ ને નાસ્તા ય ચાલુ ! અલ્યા, કઇ જાતના જીવડાઓ છે ?

**પ્રશ્નકર્તા :** કેટલાકના ઘરમાં લક્ષ્મી જ એવા પ્રકારની હશે એટલે કલેશ થતો હશે ?

**દાદાશ્રી :** આ લક્ષ્મીને લીધે જ આવું થાય છે. હંમેશાં જો લક્ષ્મી નિર્મળ હોય તો બધું સારું રહે, મન સારું રહે. આ લક્ષ્મી માઠી ઘરમાં પેઠી છે, તેનાથી કલેશ થાય છે. અમે નાનપણમાં નક્કી કરેલું કે બનતા સુધી ખોટી લક્ષ્મી પેસવા જ ના દેવી, છતાં સંજોગોવશાત્ પેસી જાય તો તેને ધંધામાં રહેવા દેવી, ઘરમાં ના પેસવા દેવી, તે આજે છાસઠ વરસ થયાં પણ ખોટી લક્ષ્મી પેસવા દીધી નથી, ને ઘરમાં કોઇ દહાડો કલેશ

ઊભો થયો ય નથી. ઘરમાં નક્કી કરેલું કે આટલા પૈસાથી ઘર ચલાવવું. ધંધો લાખો રૂપિયા કમાય, પણ આ પટેલ સર્વિસ કરવા જાય તો શું પગાર મળે ? બહુ ત્યારે છસો-સાતસો રૂપિયા મળે. ધંધો એ તો પુણ્યૈના ખેલ છે. મારે નોકરીમાં મળે એટલા જ પૈસા ઘેર વપરાય, બીજા તો ધંધામાં જ રહેવા દેવાય. ઈન્કમટેક્ષવાળાનો કાગળ આવે તે આપણે કહેવું કે 'પેલી રકમ હતી તે ભરી દો.' ક્યારે ક્યો 'એટેક' થાય તેનું કશું ઠેકાણું નહીં અને જો પેલા પૈસા વાપરી ખાય તો ત્યાં ઈન્કમટેક્ષવાળાનો 'એટેક' આવ્યો, તે આપણે અહીં પેલો 'એટેક' આવે ! બધે 'એટેક' પેસી ગયા છે ને ? આ જીવન કેમ કહેવાય? તમને કેમ લાગે છે ? ભૂલ લાગે છે કે નથી લાગતી ? તે આપણે ભૂલ ભાંગવાની છે.

## અખતરો તો કરી જુઓ !!

કલેશ ના થાય એવું નક્કી કરો ને ! ત્રણ દહાડા માટે તો નક્કી કરી જુઓ ને! અખતરો કરવામાં શું વાંધો છે. ત્રણ દિવસના ઉપવાસ કરે છે ને તબિયત માટે ? તેમ આ પણ નક્કી તો કરી જુઓ. આપણે ઘરમાં બધાં ભેગાં થઈ ને નક્કી કરો કે 'દાદા વાત કરતા હતા, તે વાત મને ગમી છે. તો આપણે કલેશ આજથી ભાંગીએ.' પછી જુઓ.

## ધર્મ કર્યો (!) તો ય કલેશ ?

જ્યાં કલેશ નથી ત્યાં યથાર્થ જૈન, યથાર્થ વૈષ્ણવ, યથાર્થ શૈવ ધર્મ છે. જ્યાં ધર્મની યથાર્થતા છે ત્યાં કલેશ ના થાય. આ ઘેર ઘેર કલેશ થાય છે, તો એ ધર્મ ક્યાં ગયા ?

સંસાર ચલાવવા માટે જે ધર્મ જોઈએ છે કે શું કરવાથી કલેશ ના થાય, એટલું જ જો આવડી જાય તો ય ધર્મ પામ્યા ગણાય.

કલેશરહિત જીવન જીવવું એ જ ધર્મ છે. હિન્દુસ્તાનમાં અહીં સંસારમાં જ પોતાનું ઘર સ્વર્ગ થશે તો મોક્ષની વાત કરવી, નહીં તો મોક્ષની વાત કરવી નહીં, સ્વર્ગ નહીં તો સ્વર્ગની નજીકનું તો થવું જોઈએ



ને ? કલેશરહિત થવું જોઈએ, તેથી શાસ્ત્રકારોએ કહ્યું છે કે 'જ્યાં કિંચિત્‌માત્ર કલેશ છે ત્યાં ધર્મ નથી.' જેલની અવસ્થા હોય ત્યાં 'ડિપ્રેશન' નહીં ને મહેલની અવસ્થા હોય ત્યાં 'એલિવેશન' નહીં, એવું હોવું જોઈએ. કલેશ વગર જીવન થયું એટલે મોક્ષની નજીક આવ્યો, તે આ ભવમાં સુખી થાય જ. મોક્ષ દરેકને જોઈએ છે. કારણ કે બંધન કોઈને ગમતું નથી. પણ કલેશરહિત થયો તો જાણવું કે હવે નજીકમાં આપણું સ્ટેશન છે મોક્ષનું.

## ... તો ય આપણે છતું કરીએ !

એક વાણિયાને મેં પૂછયું, 'તમારે ઘરમાં વઢવાડ થાય છે ?' ત્યારે એણે કહ્યું, 'ઘણી થાય છે.' મેં પૂછયું, 'એનો તું શો ઉપાય કરે છે ?' વાણિયો કહે, 'પહેલાં તો હું બારણાં વાસી આવું છું.' મેં પૂછયું, 'પહેલાં બારણાં વાસવાનો શો હેતુ ?' વાણિયાએ કહ્યું, 'લોકો પેસી જાય તે ઊલટી વઢવાડ વધારે. ઘરમાં વઢીએ પછી એની મેળે ટાઢું પડે.' આની બુદ્ધિ સાચી છે, મને આ ગમ્યું. આટલી ય અક્કલવાળી વાત હોય તો તેને આપણે 'એક્સેપ્ટ' કરવી જોઈએ. કોઈ ભોળા માણસ તો ઊલટાનું બારણું બંધ હોય તો ઉઘાડી આવે. અને લોકોને કહે, 'આવો, જુઓ અમારે ત્યાં !' અલ્યા, આ તો તાયફો કર્યો !

આ લઢબાજી કરે છે તેમાં કોઈની જવાબદારી નથી, આપણી પોતાની જ જોખમદારી છે. આને તો પોતે જ છૂટું કરવું પડે ! જો તું ખરો ડાહ્યો પુરુષ હોય તો લોકો ઊંધું નાખ નાખ કરે તેને તું છતું કર કર કર્યા કર તો તારો ઉકેલ આવશે. લોકોનો સ્વભાવ જ ઊંધું નાખવું એ છે. તું સમકિતી હોઉં તો લોકો ઊંધું નાખે તો આપણે છતું કરી નાખીએ, આપણે તો ઊંધું નાખીએ જ નહીં. બાકી, જગત તો આખી રાત નળ ઉઘાડો રાખે ને માટલું ઊંધું રાખે એવું છે ! પોતાનું જ સર્વસ્વ બગાડી રહ્યા છે. એ જાણે કે હું લોકોનું બગાડું છું. લોકનું તો કોઈ બગાડી શકે એમ છે જ નહીં, કોઈ એવો જન્મ્યો જ નથી.

હિન્દુસ્તાનમાં પ્રકૃતિ મપાય નહીં, અહીં તો ભગવાન પણ ગોથાં

ખાઇ જાય ! 'ફોરેન'માં તો એક દહાડો એની 'વાઇફ' જોડે સાચો રહ્યો તો આખી જિંદગી સાચો નીકળે; અને અહીં તો આખો દહાડો પ્રકૃતિને જો જો કરે છતાં ય પ્રકૃતિ મપાય નહીં. આ તો કર્મના ઉદય ખોટ ખવડાવે છે, નહીં તો આ લોકો ખોટ ખાય ? અરે, મરે તો ય ખોટ ના ખાય, આત્માને બાજુએ થોડીવાર બેસાડીને પછી મરે.

## *'ફરી જઈ' ને મતભેદ ટાળ્યો !*

**દાદાશ્રી :** જમતી વખતે ટેબલ પર મતભેદ થાય છે ?

**પ્રશ્નકર્તા :** એ તો થાય ને !

**દાદાશ્રી :** કેમ પરણતી વખતે આવો કરાર કરેલો ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** તે વખતે તો કરાર કરેલા કે સમય વર્તે સાવધાન. ઘરમાં વાઇફ જોડે 'તમારું ને અમારું' એવી વાણી ના હોવી જોઇએ. વાણી વિભક્ત ના હોવી જોઇએ, વાણી અવિભક્ત હોવી જોઇએ. આપણે અવિભકત કુટુંબના ને ?

અમારે હીરાબા જોડે ક્યારેય મતભેદ થયો નથી, ક્યારેય વાણીમાં 'મારી-તારી' થયું નથી. પણ એક ફેરો અમારે મતભેદ પડી ગયેલો. એમના ભાઇને ત્યાં પહેલી દીકરીના લગ્ન હતાં. તે તેમણે મને પૂછયું કે, 'એમને શું આપવું છે ?' ત્યારે મેં તેમને કહ્યું કે, 'તમને ઠીક લાગે તે, પણ ઘરમાં આ તૈયાર ચાંદીના વાસણો પડેલાં છે તે આપજો ને ! નવું બનાવશો નહીં.' ત્યારે એમણે કહ્યું કે, 'તમારા મોસાળમાં તો મામાની દિકરી પરણે તો મોટા મોટા તાટ બનાવીને આપો છો !' એ મારા ને તમારા શબ્દો બોલ્યાં ત્યારથી હું સમજી ગયો કે આજ આબરૂ ગઇ આપણી ! આપણે એકના એક ત્યાં મારાં-તમારાં હોય ? હું તરત સમજી ગયો ને તરત હું ફરી ગયો, મારે જે બોલવું હતું તે ઉપરથી આખો ય હું ફરી ગયો. મેં તેમને કહ્યું, 'હું એવું નથી કહેવા માગતો. તમે આ ચાંદીના વાસણ આપજો ને ઉપરથી પાંચસો એક રૂપિયા આપજો, એમને



કામ લાગશે.' 'હં... એટલા બધા રૂપિયા તે કંઇ અપાતા હશે ? તમે તો જ્યારે ને ત્યારે ભોળા ને ભોળા જ રહો છો, જેને તેને આપ આપ જ કરો છો.' મે કહ્યું, 'ખરેખર, મને તો કશું આવડતું જ નથી.'

જુઓ, આ મારે મતભેદ પડતો હતો, પણ કેવો સાચવી લીધો ફરી જઇને ! સરવાળે મતભેદ ના પડવા દીધો. છેલ્લાં ત્રીસ-પાંત્રીસ વર્ષથી અમારે નામે ય મતભેદ નથી થયો. બા પણ દેવી જેવાં છે ! મતભેદ કોઇ જગ્યાએ અમે પડવા ના દઇએ. મતભેદ પડતા પહેલાં જ અમે સમજી જઇએ કે આમથી ફેરવી નાખો, ને તમે તો ડાબું ને જમણું બે બાજુનું જ ફેરવવાનું જાણો કે આમના આંટા ચઢે કે આમના આંટા ચઢે. અમને તો સત્તર લાખ જાતના આંટા ફેરવતાં આવડે. પણ ગાડું રાગે પાડી દઇએ, મતભેદ થવા ના દઇએ. આપણા સત્સંગમાં વીસેક હજાર માણસો ને ચારેક હજાર મહાત્માઓ, પણ અમારે કોઇ જોડે એકુંય મતભેદ નથી. જુદાઇ માની જ નથી મે કોઇની જોડે !

જ્યાં મતભેદ છે ત્યાં અંશજ્ઞાન છે ને જ્યાં મતભેદ જ નથી ત્યાં વિજ્ઞાન છે. જ્યાં વિજ્ઞાન છે ત્યાં સર્વાંશ જ્ઞાન છે. 'સેન્ટર'માં બેસે તો જ મતભેદ ના રહે. ત્યારે જ મોક્ષ થાય. પણ ડિગ્રી ઉપર બેસો ને 'અમારું-તમારું' રહે તો એનો મોક્ષ ના થાય. નિષ્પક્ષપાતીનો મોક્ષ થાય !

સમકિતીની નિશાની શું ? તો કે ઘરનાં બધાં ઊંધું કરી આપે તો ય પોતે છતું કરી નાખે. બધી બાબતમાં છતું કરવું એ સમકિતીની નિશાની છે આટલું જ ઓળખવાનું છે કે આ 'મશીનરી' કેવી છે, એનો 'ફયુઝ' ઊડી જાય તો શી રીતે 'ફયુઝ' બેસાડી આપવો. સામાની પ્રકૃતિને 'એડજસ્ટ' થતાં આવડવું જોઇએ. અમારે જો સામાનો 'ફયુઝ' ઊડી જાય તો ય અમારું એડજસ્ટમેન્ટ હોય. પણ સામાનું 'એડજસ્ટમેન્ટ' તૂટે તો શું થાય ? 'ફયુઝ' ગયો. એટલે પછી તો એ ભીંતે અથડાય, બારણે અથડાય, પણ વાયર તૂટતો નથી. એટલે જો કોઇ ફયુઝ નાખી આપે તો પાછું રાગે પડે નહીં તો ત્યાં સુધી એ ગુંચાય.

સંસાર છે એટલે ઘા તો પડવાના જ ને ? ને બઇસાહેબ પણ કહેશે ખરાં કે હવે ઘા રૂઝાશે નહીં. પણ સંસારમાં પડે એટલે પાછા ઘા રૂઝાઇ

જાય. મૂર્છિતપણું ખરું ને ! મોહને લઇને મૂર્છિતપણું છે. મોહને લઇને ઘા રૂઝાઇ જાય. જો ઘા ના રૂઝાય તો તો વૈરાગ્ય જ આવી જાય ને ?! મોહ શેનું નામ કહેવાય ? બધા અનુભવ બહુ થયા હોય, પણ ભૂલી જાય. ડાયવોર્સ લેતી વખતે નક્કી કરે કે હવે કોઇ સ્ત્રીને પરણવું નથી, તો ય ફરી પાછો ઝંપલાવે !

## ... આ તે કેવી ફસામણ ?!

પૈણશે નહીં તો જગતનું બેલેન્સ કેમ રહેશે ? પૈણ ને. છો ને પૈણે ! 'દાદા'ને તેનો વાંધો નથી, પણ વાંધો અણસમજણનો છે. આપણે શું કહેવા માંગીએ છીએ કે બધું કરો, પણ વાતને સમજો કે શું હકીકત છે !

ભરત રાજાએ તેરસો રાણીઓ સાથે આખી જિંદગી કાઢી અને તે જ ભવે મોક્ષ લીધો ! તેરસો રાણીઓ સાથે !!! માટે વાતને સમજવાની છે. સમજીને સંસારમાં રહો, બાવા થવાની જરૂર નથી. જો આ ના સમજાયું તો બાવો થઇને એક ખૂણામાં પડી રહે. બાવો તો, જેને સ્ત્રી જોડે સંસારમાં ફાવતું ના હોય તે થાય, અને સ્ત્રીથી દૂર રહેવાય છે કે નહીં, એવી શક્તિ કેળવવા માટેની એક કસરત છે.

સંસાર તો ટેસ્ટ એક્ઝામિનેશન છે. ત્યાં ટેસ્ટેડ થવાનું છે. લોખંડ પણ ટેસ્ટેડ થયા વગરનું ચાલતું નથી, તો મોક્ષમાં અન્ટેસ્ટેડ ચાલતું હશે ?

માટે મૂર્છિત થવા જેવું આ જગત નથી. મૂર્છાને લીધે આવું જગત દેખાય છે અને માર ખઇ ખઇને મરી જવાનું ! ભરતરાજાને તેરસો રાણીઓ હતી તે તેની શી દશા હશે ? આ ઘેર એક રાણી હોય તો ય તે ઢેડ ફજેતો કરાવ કરાવ કરે છે તો તેરસો રાણીઓમાં ક્યારે પાર આવે ? અરે, એક રાણી જીતવી હોય તો મહામુશ્કેલ થઇ પડે છે! જિતાય જ નહીં. કારણ કે મતભેદ પડે કે પાછો લોચો પડી જાય ! ભરતરાજાને તો તેરસો રાણીઓ જોડે નભાવવાનું. રાણીવાસમાંથી પસાર થાય તો પચાસ રાણીઓનાં મોઢાં ચઢેલાં ! અરે, કેટલીક તો રાજાનું કાટલું જ કાઢી



નાખવા ફરતી હોય. મનમાં વિચારે કે ફલાણી રાણીઓ એમની પોતાની ને આ પરભારીઓ ! એટલે રસ્તો કંઇક કરો. કાંઇક કરે તે રાજાને મારવા માટે, પણ તે પેલી રાણીઓને બુઠ્ઠી કરવા સારું ! રાજા ઉપર દ્વેષ નથી, પેલી રાણીઓ ઉપર દ્વેષ છે. પણ એમાં રાજાનું ગયું ને તું તો રાંડીશ ને? ત્યારે કહે કે, 'હું રાંડીશ પણ આને રંડાવું ત્યારે ખરી !'

આ અમને તો બધું તાદ્દશ્ય દેખાયા કરે, આ ભરત રાજાની રાણીનું તાદ્દશ્ય અમને દેખાયા કરે. તે દહાડે કેવું મોઢું ચઢેલું હશે. રાજાની કેવી ફસામણ હશે, રાજાના મનમાં કેવી ચિંતાઓ હશે, તે બધું ય દેખાય ! એક રાણી જો તેરસો રાજાઓ જોડે પૈણી હોય તો રાજાઓનાં મોઢાં ના ચઢે ! પુરુષને મોઢું ચઢાવતા આવડે જ નહીં.

## આક્ષેપો, કેટલા દુઃખદાયી !

બધું જ તૈયાર છે, પણ ભોગવતાં આવડતું નથી, ભોગવવાની રીત આવડતી નથી. મુંબઇના શેઠિયાઓ મોટા ટેબલ પર જમવા બેસે છે, પણ જમી રહ્યા પછી તમે આમ કર્યું, તમે તેમ કર્યું, મારું હૈયું તું બાળબાળ કરે છે વગર કામની. અરે વગર કામનું તો કોઇ બાળતું હશે ? કાયદેસર બાળે છે, ગેરકાયદેસર કોઇ બાળતું જ નથી. આ લાકડાંને લોકો બાળે છે, પણ લાકડાના કબાટને કોઇ બાળે છે ? જે બાળવાનું હોય તેને જ બાળે છે. આમ આક્ષેપો આપે છે. આ તો ભાન જ નથી. મનુષ્યપણું બેભાન થઇ ગયું છે, નહીં તો ઘરમાં તે આક્ષેપો અપાતા હશે ? પહેલાંના વખતમાં ઘરમાં માણસો એકબીજાને આક્ષેપો આપે જ નહીં. અરે, આપવાનો થાય તો ય ના આપે .મનમાં એમ જાણે કે આક્ષેપ આપીશ તો સામાને દુઃખ થશે અને કળિયુગમાં તો લાગમાં લેવા ફરે. ઘરમાં મતભેદ કેમ હોય?

## ખખડાટમાં, જોખમદારી પોતાની જ !

**પ્રશ્નકર્તા** : મતભેદ થવાનું કારણ શું ?

**દાદાશ્રી** : ભયંકર અજ્ઞાનતા ! એને સંસારમાં જીવતાં નથી

આવડતું, દીકરાનો બાપ થતાં નથી આવડતું, વહુનો ધણી થતાં નથી આવડતું. જીવન જીવવાની કળા જ આવડતી નથી ! આ તો છતે સુખે સુખ ભોગવી શકતા નથી.

**પ્રશ્નકર્તા :** પણ વાસણ તો ઘરમાં ખખડે જ ને ?

**દાદાશ્રી :** વાસણ રોજ રોજ ખખડવાનું કેમનું ફાવે ? આ તો સમજતો નથી તેથી ફાવે છે. જાગ્રત હોય તેને તો એક મતભેદ પડયો તો આખી રાત ઊંઘ ના આવે ! આ વાસણોને (માણસોને) તો સ્પંદનો છે, તે રાત્રે સૂતાં સૂતાં ય સ્પંદનો કર્યા કરે કે, આ તો આવા છે, વાંકા છે, ઊંધા છે, નાલાયક છે, કાઢી મેલવા જેવા છે ! અને પેલાં વાસણોને કંઇ સ્પંદન છે ? આપણા લોક સમજ્યા વગર ટાપસી પૂરે કે, બે વાસણો જોડે હોય તો ખખડે ! મેર ચકકર, આપણે કંઇ વાસણ છીએ ? એટલે આપણને ખખડાટ જોઇએ ? આ દાદાને કોઇએ કોઇ દહાડો ખખડાટમાં જોયા ના હોય ! સ્વપ્નું ય ના આવ્યું હોય એવું !! ખખડાટ શેનો ? આ ખખડાટ તો આપણી પોતાની જોખમદારી ઉપર છે. ખખડાટ કંઇ કો'કની જોખમદારી પર છે ? ચા જલદી આવી ના હોય તો આપણે ટેબલ પર ત્રણવાર ઠોકીએ એ જોખમદારી કોની ? એના કરતાં આપણે બબુચક થઇને બેસી રહીએ. ચા મળી તો ઠીક, નહીં તો જઇશું ઓફિસે ! શું ખોટું ? ચાનો ય કંઇ કાળ તો હશે ને ? આ જગત નિયમની બહાર તો નહીં હોય ને ? એટલે અમે કહ્યું છે કે 'વ્યવસ્થિત' ! એનો ટાઇમ થશે એટલે ચા મળશે, તમારે ઠોકવું નહીં પડે. તમે સ્પંદન ઊભાં નહીં કરો તો એ આવીને ઊભી રહેશે, અને સ્પંદન ઊભા કરશો તો ય એ આવશે. પણ સ્પંદનનાં, પાછા વાઇફના ચોપડામાં હિસાબ જમે થશે કે તમે તે દહાડે ટેબલ ઠોકતા હતા ને !

## પ્રકૃતિ ઓળખીને, ચેતતા રહેવું !

પુરુષો પ્રસંગો ભૂલી જાય અને સ્ત્રીઓની નોંધ આખી જિંદગી રહે, પુરુષો ભોળા હોય, મોટા મનના હોય, ભદ્રિક હોય, તે ભૂલી જાય બિચારા. સ્ત્રીઓ તો બોલી જાય હઉ કે, 'તે દહાડે તમે આવું બોલ્યા હતા



તે મારે કાળજે વાગેલું છે'. અલ્યા, વીસ વર્ષ થયાં તો ય નોંધ તાજી !! બાબો વીસ વરસનો મોટો થયો, પૈણવા જેવો થયો તો ય હજી પેલી વાત રાખી મેલી ?! બધી ચીજ સડી જાય, પણ આમની ચીજ ના સડી ! સ્ત્રીને આપણે આપ્યું હોય તો તે અસલ જગ્યાએ રાખી મેલે, કાળજાની મહીં, માટે આલશો કરશો નહીં. નથી આલવા જેવી ચીજ આ, ચેતતા રહેવા જેવું છે.

તેથી શાસ્ત્રમાં હઉ લખ્યું છે કે, 'રમા રમાડવી સહેલ છે, વીફરે મહામુશ્કેલ છે !' વીફરે તો એ શું ના કલ્પે તે કહેવાય નહીં. માટે સ્ત્રીને વારે ઘડીએ આડછેટ આડછેટ ના કરાય. શાક ટાઢું કેમ થઇ ગયું ? દાળમાં વઘાર બરોબર નથી કર્યો, એમ કચકચ શું કરવા કરે છે ? બાર મહિનામાં એકાદ દહાડો એકાદ શબ્દ હોય તો ઠીક છે. આ તો રોજ! 'ભાભો ભારમાં તો વહુ લાજમાં' આપણે ભારમાં રહેવું જોઇએ. દાળ સારી ના થઇ હોય, શાક ટાઢું થઇ ગયું હોય તો તે કાયદાને આધીન થાય છે. અને બહુ થાય ત્યારે ધીમે રહીને વાત કરવી હોય તો કરીએ કોઇ વખત કે', આ શાક રોજ ગરમ હોય છે, ત્યારે બહુ સરસ લાગે છે. આવી વાત કરીએ તો એ ટકોર સમજી જાય.

## ડીલિંગ ન આવડે, તે વાંક કોનો ?!

અઢારસો રૂપિયાની ઘોડી લો, પછી ભઇ ઉપર બેસી જાય. ભઇને બેસતાં ના આવડે, તે સળી કરવા જાય એટલે ઘોડીએ કોઇ દિવસ સળી જોઇ ના હોય એટલે ઊભી થઇ જાય ! અક્કરમી પડી જાય ! પાછો ભઇ લોકોને કહે શું કે, 'ઘોડીએ મને પાડી નાખ્યો'. અને આ ઘોડી એનો ન્યાય કોને કહેવા જાય ? ઘોડી પર બેસતાં તને નથી આવડતું એમાં તારો વાંક કે ઘોડીનો ? અને ઘોડી ય બેસતાંની સાથે જ સમજી જાય કે આ તો જંગલી જનાવર બેઠું, આને બેસતાં આવડતું નથી ! તેમ આ હિન્દુસ્તાની સ્ત્રીઓ એટલે આર્યનારી, તેની જોડે કામ લેતાં ના આવડે તો પછી એ પાડે જ ને ? એક ફેર ધણી જો સ્ત્રીની સામે થાય તો તેનો વક્કર જ ના રહે. આપણું ઘર સારી રીતે ચાલતું હોય, છોકરાં ભણતાં હોય સારી રીતે, કશી ભાંજગડ ના હોય અને આપણને તેમાં અવળું દેખાયું અને વગર કામના સામા

થઈએ એટલે આપણી અક્કલનો કીમિયો સ્ત્રી સમજી જાય કે આનામાં બરકત નથી.

જો આપણામાં વકકર ના હોય તો ઘોડીને પંપાળ પંપાળ કરીએ તો ય એનો પ્રેમ આપણને મળે. પહેલો વકકર પડવો જોઇએ. 'વાઈફ'ની કેટલીક ભૂલો આપણે સહન કરીએ તો તેના પર પ્રભાવ પડે. આ તો વગર ભૂલે ભૂલ કાઢીએ તો શું થાય ? કેટલાક પુરુષો સ્ત્રીના સંબંધમાં બૂમાબૂમ કરે છે, તે બધી ખોટી બૂમો હોય છે. કેટલાક સાહેબ એવા હોય છે કે 'ઓફિસ'માં કારકૂન જોડે ડખાડખ કર્યા કરે. બધા કારકૂન પણ સમજે કે સાહેબનામાં બરકત નથી. પણ કરે શું ! પુણ્યૈએ એને બોસ તરીકે બેસાડયો ત્યાં ? ઘેર તો બીબી જોડે પંદર પંદર દિવસથી કેસ પેન્ડિંગ પડેલો હોય ! સાહેબને પૂછીએ, 'કેમ ?' તો કહે કે, 'એનામાં અક્કલ નથી'. ને એ અક્કલનો કોથળો ! વેચે તો ચાર આના ય ના આવે ! સાહેબની 'વાઈફ'ને પૂછીએ તો એ કહેશે કે, 'જવા દો ને એમની વાત. કશી બરકત જ નથી એમનામાં !'

સ્ત્રીઓ માનભંગ થાય તે આખી જિંદગી ના ભૂલે. ઠેઠ નનામી કાઢતાં સુધી એ રીસ સાબૂત હોય ! એ રીસ જો ભુલાતી હોય તો જગત બધું ક્યારનું ય પૂરું થઇ ગયું હોત ! નથી ભુલાય એવું માટે ચેતતા રહેજો. બધું ચેતીને કામ કરવા જેવું છે !

સ્ત્રીચરિત્ર કહેવાય છે ને ? એ સમજાય એવું નથી. પાછી સ્ત્રીઓ દેવીઓ પણ છે ! એટલે એવું છે, કે એમને દેવીઓ તરીકે જોશો તો તમે દેવ થશો. બાકી તમે તો મરઘા જેવા રહેશો, હાથિયા ને મરઘા જેવા ! હાથીભાઈ આવ્યા ને મરઘાભાઈ આવ્યા ! આ તો લોકોને રામ થવું નથી ને ઘરમાં સીતાજીને ખોળે છે ! ગાંડિયા, રામ તો તને નોકરીમાં ય ના રાખે. આમાં આમનો પણ દોષ નથી. તમને સ્ત્રીઓ જોડે 'ડીલિંગ' કરતાં નથી આવડતું . તમને વેપારીઓને ઘરાક જોડે ડીલિંગ કરતાં ના આવડે તો એ તમારી પાસે ના આવે. એટલે આપણા લોક નથી કહેતા કે 'સેલ્સમેન' સારો રાખો ? સારો, દેખાવડો, હોશિયાર 'સેલ્સમેન' હોય તો લોક થોડો ભાવ પણ વધારે આપી દે. એવી રીતે આપણને સ્ત્રી જોડે 'ડીલિંગ' કરતાં આવડવું જોઈએ.



સ્ત્રીને તો એક આંખે દેવી તરીકે જુઓ ને બીજી આંખે એનું સ્ત્રી-ચરિત્ર જુઓ. એક આંખમાં પ્રેમ ને બીજી આંખમાં કડકાઈ રાખો તો જ બેલેન્સ જળવાશે. એકલી દેવી તરીકે જોશો ને આરતી ઉતારશો તો એ ઊંધે પાટે ચઢી જશે, માટે 'બેલેન્સ'માં રાખો.

## *'વ્યવહાર'ને 'આ' રીતે સમજવા જેવો !*

પુરુષે સ્ત્રીની બાબતમાં હાથ ના ઘાલવો ને સ્ત્રીએ પુરુષની બાબતમાં હાથ ના ઘાલવો. દરેકે પોતપોતાનાં ડિપાર્ટમેન્ટમાં જ રહેવું.

**પ્રશ્નકર્તા :** સ્ત્રીનું ડિપાર્ટમેન્ટ કયું ? શેમાં શેમાં પુરુષોએ હાથ ના ઘાલવો ?

**દાદાશ્રી :** એવું છે, ખાવાનું શું કરવું, ઘર કેમ ચલાવવું, તે બધું સ્ત્રીનું ડિપાર્ટમેન્ટ છે. ઘઉં ક્યાંથી લાવે છે, ક્યાંથી નથી લાવતી તે આપણે જાણવાની શી જરૂર ? એ જો આપણને કહેતાં હોય કે 'ઘઉં લાવવામાં અડચણ પડે છે' તો એ વાત જુદી છે. પણ આપણને એ કહેતાં ના હોય, રેશન બતાવતાં ના હોય, તો આપણે એ 'ડિપાર્ટમેન્ટ'માં હાથ ઘાલવાની જરૂર જ શી ? આજે દૂધપાક કરજો, આજે જલેબી કરજો એ ય આપણે કહેવાની જરૂર શી ? ટાઈમ આવશે ત્યારે એ મૂકશે. એમનું 'ડિપાર્ટમેન્ટ' એ એમનું સ્વતંત્ર ! વખતે બહુ ઈચ્છા થઈ હોય તો કહેવું કે, 'આજે લાડુ બનાવજે.' કહેવા માટે ના નથી કહેતો, પણ બીજી આડી-અવળી, અમથી અમથી બૂમાબૂમ કરે કે કઢી ખારી થઈ, ખારી થઈ તે બધું ગમ વગરનું છે.

આ રેલવેલાઈન ચાલે છે. તેમાં કેટલી બધી કામગીરીઓ હોય છે ! કેટલી જગ્યાએથી નોંધ આવે, ખબરો આવે, તે એનું 'ડિપાર્ટમેન્ટ' જ આખું જુદું. હવે તેમાં ય ખામી તો આવે જ ને ? તેમ 'વાઈફ'ના ડિપાર્ટમેન્ટમાં કો'ક ફેરો ખામી પણ આવે. હવે આપણે જો એમની ખામી કાઢવા જઈએ તો પછી એ આપણી ખામી કાઢશે. તમે આમ નથી કરતા, તેમ નથી

કરતા. આમ કાગળ આવ્યો ને તેમ કર્યું તમે. એટલે એ વેર વાળે. હું તમારી ખોડ કાઢું તો તમે પણ મારી ખોડ કાઢવા તલપી રહ્યા હોય ! એટલો ખરો માણસ તો ઘરના બાબતમાં હાથ જ ના ઘાલે. એને પુરુષ કહેવાય. નહીં તો સ્ત્રી જેવો હોય. કેટલાક માણસો તો ઘરમાં જઈને મરચાંનાં ડબ્બામાં જુએ કે, આ બે મહિના પર મરચાં લાવ્યાં હતાં તે એટલી વારમાં થઈ રહ્યાં ? અલ્યાં, મરચાં જુએ છે તે ક્યારે પાર આવે ? એ જેનું 'ડિપાર્ટમેન્ટ' હોય તેને ચિંતા ના હોય ? કારણ કે વસ્તુ તો વપરાયા કરે ને લેવાયા ય કરે. પણ આ વગર કામનો દોઢડાહ્યો થવા જાય! પછી બઈએ ય જાણે કે ભઈની પાવલી પડી ગયેલી છે. માલ કેવો છે તે બેન સમજી જાય. ઘોડી સમજી જાય કે ઉપર બેસનાર કેવો છે, તેમ સ્ત્રી પણ બધું સમજી જાય. એના કરતાં 'ભાભો ભારમાં તો વહુ લાજમાં'. ભાભો ભારમાં ના રહે તો વહુ શી રીતે લાજમાં રહે ? નિયમ અને મર્યાદાથી જ વ્યવહાર શોભશે. મર્યાદા ના ઓળંગશો ને નિર્મળ રહેજો.

**પ્રશ્નકર્તા :** સ્ત્રીએ પુરુષની કઈ બાબતમાં હાથ ના ઘાલવો ?

**દાદાશ્રી :** પુરુષની કોઈ બાબતમાં ડખો જ ના કરવો. દુકાનમાં કેટલો માલ આવ્યો ? કેટલો ગયો ? આજે મોડા કેમ આવ્યા ? પેલાને પછી કહેવું પડે કે, 'આજે નવની ગાડી ચૂકી ગયો.' ત્યારે બેન કહેશે કે, 'એવા કેવા ફરો છો કે ગાડી ચૂકી જવાય ?' એટલે પછી પેલા ચિઢાઈ જાય. પેલાને મનમાં એમ થાય કે આવું ભગવાન પણ પૂછનાર હોત તો તેને મારત. પણ અહીં આગળ શું કરે હવે ? એટલે વગર કામના ડખો કરે છે. બાસમતીના ચોખા સરસ રાંધે ને પછી મહીં કાંકરા નાખીને ખાય ! એમાં શું સ્વાદ આવે ? સ્ત્રી પુરુષે એકમેકને હેલ્પ કરવી જોઈએ. ધણીને ચિંતા-વરીઝ રહેતી હોય તે તેને કેમ કરીને ના થાય એવું સ્ત્રી બોલતી હોય. તેમ ધણી પણ બૈરી મુશ્કેલીમાં ના મૂકાય એવું જોતો હોય. ધણીએ પણ સમજવું જોઈએ કે સ્ત્રીને છોકરાં ઘેર કેટલાં હેરાન કરતાં હશે! ઘરમાં તૂટે-ફૂટે તો પુરુષે બૂમ ના પાડવી જોઈએ. પણ તે ય લોક બૂમ પાડે કે ગયે વખતે સરસમાં સરસ ડઝન કપ-રકાબી લાવ્યો હતો, તે તમે એ બધાંએ કેમ ફોડી નાખ્યા ? બધું ખલાસ કરી નાખ્યું. એટલે પેલી



બેનને મનમાં લાગે કે, મેં તોડી નાખ્યા ? મારે કંઈ એને ખઈ જવાં હતાં ? તૂટી ગયાં તે તૂટી ગયાં, તેમાં હું શું કરું ? મી કાય કરું ? કહેશે. હવે ત્યાં ય વઢવાડો. જ્યાં કશી લેવાય નહીં ને દેવા ય નહીં. જ્યાં વઢવાનું કોઈ કારણ જ નથી ત્યાં ય લઢવાનું ?!

અમારે ને હીરાબાને કશો મતભેદ જ નથી પડતો. અમારે એમનામાં હાથ જ નહીં ઘાલવાનો કોઈ દહાડો ય. એમના હાથ પૈસા પડી ગયા, અમે દીઠા હોય તો ય અમે એમ ના કહીએ કે 'તમારા પૈસા પડી ગયા.' તે જોયું કે ના જોયું ? ઘરની કોઈ બાબતમાં ય અમારે હાથ ઘાલવાનો નહીં. એ પણ અમારામાં હાથ ના ઘાલે. અમે કેટલા વાગે ઊઠીએ, કેટલા વાગે નહાઈએ, ક્યારે આવીએ, ક્યારે જઈએ, એવી અમારી કોઈ બાબતમાં ક્યારે પણ એ અમને ના પૂછે. અને કો'ક દહાડો અમને કહે કે, 'આજે વહેલા નાહી લો.' તો અમે તરત ધોતિયું મંગાવીને નાહી લઈએ. અરે, અમારી જાતે ટુવાલ લઈને નાહી લઈએ. કારણ કે અમે જાણીએ કે આ 'લાલ વાવટો' ધરે છે. માટે કંઈક ભો હશે. પાણી ના આવવાનું હોય કે એવું કંઈક હોય તો જ એ અમને વહેલા નાહી લેવાનું કહે, એટલે અમે સમજી જઈએ. એટલે થોડું થોડું વ્યવહારમાં તમે ય સમજી લો ને, કે કોઈ કોઈનામાં હાથ ઘાલવા જેવું નથી.

ફોજદાર પકડીને આપણને લઈ જાય પછી એ જેમ કહે તેમ આપણે ના કરીએ ? જ્યાં બેસાડે ત્યાં આપણે ના બેસીએ ? આપણે જાણીએ કે અહીં છીએ ત્યાં સુધી આ ભાજગડમાં છીએ એવું આ સંસારે ય ફોજદારી જ છે. એટલે એમાં ય સરળ થઈ જવું.

ઘેર જમવાની થાળી આવે છે કે નથી આવતી ?

**પ્રશ્નકર્તા :** આવે છે.

**દાદાશ્રી :** રસોઈ જોઈએ તે મળે, ખાટલો પાથરી આપે, પછી શું ? અને ખાટલો ના પાથરી આપે તો તે ય આપણે પાથરી લઈએ ને ઉકેલ લાવીએ. શાંતિથી વાત સમજાવવી પડે. તમારા સંસારના હિતાહિતની વાત કંઈ ગીતામાં લખેલી હોય ? એ તો જાતે સમજવી પડશે ને ?

'હસબંડ' એટલે 'વાઈફ'ની ય 'વાઈફ' ! (પતિ એટલે પત્નીની પત્ની !) આ તો લોક ધણી જ થઇ બેસે છે ! અલ્યા, 'વાઈફ' કંઇ ધણી થઈ બેસવાની છે ?! 'હસબન્ડ' એટલે 'વાઈફ'ની 'વાઈફ'. આપણા ઘરમાં મોટો અવાજ ના થવો જોઇએ. આ કંઇ 'લાઉડ સ્પીકર' છે ? આ તો અહીં બૂમો પાડે તે પોળના નાકા સુધી સંભળાય ! ઘરમાં, 'ગેસ્ટ' તરીકે રહો. અમે ય ઘરમાં 'ગેસ્ટ' તરીકે રહીએ છીએ. કુદરતના 'ગેસ્ટ' તરીકે તમને જો સુખ ના આવે તો પછી સાસરીમાં શું સુખ આવવાનું છે ?!

## *'માર'નો પછી બદલો વાળે !*

**પ્રશ્નકર્તા :** દાદા, મારો મિજાજ છટકી જાય તે પછી મારે હાથ કેટલીક વાર બૈરી પર ઉપડી જાય છે.

**દાદાશ્રી :** સ્ત્રીને કોઇ દિવસ મરાય નહીં. જ્યાં સુધી ગાતરો મજબૂત હોય તમારા ત્યાં સુધી એ ચૂપ રહે, પછી એ તમારા પર ચઢી બેસે. સ્ત્રીને ને મનને મારવું એ તો સંસારમાં ભટકવાનાં બે સાધનો છે, આ બેને મરાય નહીં. તેમની પાસે તો સમજાવીને કામ લેવું પડે.

અમારો એક ભાઈબંધ હતો, તે હું જ્યારે જોઉં ત્યારે બૈરીને એક તમાચો આપી દે, એની જરાક ભૂલ દેખાય તો આપી દે. પછી હું એને ખાનગીમાં સમજાવું કે આ તમાચો તે એને આપ્યો પણ એની એ નોંધ રાખશે. તું નોંધ ના રાખું પણ એ તો નોંધ રાખશે જ. અરે, આ તારાં નાનાં નાનાં છોકરાં, તું તમાચો મારે છે ત્યારે તને ટગર ટગર જોયા કરે છે તે ય નોંધ રાખશે. અને એ પાછાં મા ને છોકરાં ભેગાં મળીને આનો બદલો વાળશે. એ ક્યારે બદલો વાળશે ? તારાં ગાતર ઢીલાં પડશે ત્યારે. માટે સ્ત્રીને મારવા જેવું નથી. મારવાથી તો ઊલટું આપણને જ નુકસાનરૂપ, અંતરાયરૂપ થઇ પડે છે.

આશ્રિત કોને કહેવાય ? ખીલે બંધી ગાય હોય, તેને મારીએ તો એ ક્યાં જાય? ઘરના માણસો ખીલે બાંધેલાં જેવા છે, તેને મારીએ તો આપણે નંગોડ કહેવાઈએ. એને છોડી દે ને પછી માર, તો તે તને મારશે



અથવા તો નાસી જશે. બાંધેલાને મારવું એ શૂરવીરનાં કામ કેમ કહેવાય ? એ તો બાયલાનાં કામ કહેવાય.

ઘરના માણસને તો સહેજે ય દુઃખ દેવાય જ નહીં. જેનામાં સમજ ના હોય તે ઘરનાંને દુઃખ દે.

## *ફરિયાદ નહીં, નિકાલ લાવો ને !*

**પ્રશ્નકર્તા :** દાદા, મારી ફરિયાદ કોણ સાંભળે ?

**દાદાશ્રી :** તું ફરિયાદ કરીશ તો તું ફરિયાદી થઇ જઇશ. હું તો જે ફરિયાદ કરવા આવે તેને જ ગુનેગાર ગણું. તારે ફરિયાદ કરવાનો વખત જ કેમ આવ્યો ? ફરિયાદી ઘણાખરા ગુનેગાર જ હોય છે. પોતે ગુનેગાર હોય તો ફરિયાદ કરવા આવે. તું ફરિયાદ કરીશ તો તુ ફરિયાદી થઇ જઇશ અને સામો આરોપી થશે. એટલે એની દ્રષ્ટિમા આરોપી તું ઠરીશ. માટે કોઇની વિરુદ્ધ ફરિયાદ ના કરવી.

**પ્રશ્નકર્તા :** તો મારે શું કરવું ?

**દાદાશ્રી :** 'એ' અવળા દેખાય તો કહેવું કે, એ તો સારામાં સારા માણસ છે, તું જ ખોટી છે. એમ ગુણાકાર થઇ ગયો હોય તો ભાગાકાર કરી નાખવો ને ભાગાકાર થઇ ગયો હોય તો ગુણાકાર કરી નાખવો. આ ગુણાકાર ભાગાકાર શાથી શીખવે છે ? સંસારમાં નિવેડો લાવવા માટે.

પેલો ભાગાકાર કરતો હોય તો આપણે ગુણાકાર કરવા એટલે રકમ ઊડી જાય. સામા માણસ માટે વિચાર કરવો કે એણે મને આમ કહ્યું, તેમ કહ્યું એ જ ગુનો છે. આ રસ્તામાં જતી વખતે ભીંત અથડાય તો તેને કેમ વઢતા નથી ? ઝાડને જડ કેમ કહેવાય ? જે વાગે એ બધાં લીલાં ઝાડ જ છે ! ગાયનો પગ આપણા ઉપર પડે તો આપણે કંઇ કહીએ છીએ ? એવું આ બધા લોકોનું છે. 'જ્ઞાની પુરુષ' બધાને શી રીતે માફી આપે ? એ સમજે કે આ બિચારા સમજતા નથી, ઝાડ જેવા છે. ને સમજણવાળાને તો કહેવું જ ના પડે, એ તો મહીં તરત પ્રતિક્રમણ કરી નાખે.

સામાનો દોષ જ ના જોઇએ, નહીં તો એનાથી તો સંસાર બગડી જાય છે. પોતાના જ દોષ જો જો કરવા. આપણા જ કર્મના ઉદયનું ફળ છે આ ! માટે કંઇ કહેવાનું જ ના રહ્યું ને ?

બધાં અન્યોન્ય દોષ દે કે 'તમે આવા છો, તમે તેવાં છો.' ને ભેગાં બેસીને ટેબલ પર ખાય. આમ વેર મહીં બંધાય છે, આ વેરથી દુનિયા ઊભી રહી છે. તેથી તો અમે કહ્યું કે 'સમભાવે નિકાલ કરજો.' એનાથી વેર બંધ થાય.

## સુખ લેતાં ફસામણ વધી !

સંસારી મીઠાઈમાં શું છે ? કઇ એવી મીઠાઇ છે કે જે ઘડીવારે ય ટકે ? વધારે ખાધી હોય તો અજીર્ણ થાય, ઓછી ખાધી હોય તો મહીં લાલચ પેસે. વધારે ખાય તો મહીં તરફડામણ થાય. સુખ એવું હોવું જોઇએ કે તરફડામણ ના થાય. જુઓને, આ દાદાને છે ને એવું સનાતન સુખ !

સુખ પડે એટલા માટે લોક શાદી કરે છે, ત્યારે ઊલટું વધારે ફસામણ લાગે. મને કોઇ 'હેલ્પર' મળે, સંસાર સારો ચાલે એવો કોઇ 'પાર્ટનર' મળે એટલા માટે શાદી કરે છે ને ?

સંસાર આમ આકર્ષક હોય પણ મહીં પેઠા પછી મૂંઝવણ થાય, પછી નીકળાય નહીં. લક્કડ કા લડુ જો ખાય વો ભી પસ્તાય, જો ના ખાય વો ભી પસ્તાય.'

પૈણીને પસ્તાવાનું, પણ પસ્તાવાથી જ્ઞાન થાય. અનુભવજ્ઞાન થવું જોઇએ ને ? એમને એમ ચોપડી વાંચે તો કંઇ અનુભવજ્ઞાન થાય ? ચોપડી વાંચીને કંઇ વૈરાગ આવે ? વૈરાગ તો પસ્તાવો થાય ત્યારે થાય.

## આ રીતે લગ્ન નક્કી થાય !

એક બેનને પરણવું જ નહોતું, એમનાં ઘરનાં મારી પાસે તેને તેડી



લાવ્યાં. ત્યારે મેં એને સમજાવી, પૈણ્યા વગર ચાલે એમ નથી અને પૈણીને પસ્તાયા વગર ચાલે તેમ નથી. માટે આ બધી રોકકળાટ રહેવા દે ને હું કહું છું એ પ્રમાણે તું પરણી જા. જેવો વર મળે એવો, પણ વર તો મળ્યો ને ? કોઇ પણ જાતનો વર જોઇએ. એટલે લોકોને આંગળી કરવાની ટળી જાય ને ! અને ક્યા આધારે ધણી મળે છે એ મે તેને સમજાવ્યું. બેન સમજી ગઇ, ને મારા કહ્યા પ્રમાણે પૈણી. પણ પછી વર જરા દેખાવડો ના લાગ્યો. પણ એણે કહ્યું કે મને દાદાજીએ કહ્યું છે એટલે પરણવું જ છે. બેનને પૈણતા પહેલાં જ્ઞાન આપ્યું, અને પછી તો એણે મારો એક શબ્દ ઓળંગ્યો નહિ ને બેન એકદમ સુખી થઇ ગઇ.

છોકરાઓ છોકરીની પસંદગી કરતા પહેલાં બહું ચૂંથે છે. બહુ ઊંચી છે, બહુ નીચી છે, બહુ જાડી છે, બહુ પાતળી છે, જરા કાળી છે. મેર ચકકર, આ તે ભેંસ છે ? છોકરાંઓને સમજ પાડો કે લગ્ન કરવાની રીત શું હોય ! તારે જઇને છોડીને જોવી ને આંખથી આકર્ષણ થાય એ આપણું લગ્ન નક્કી જ છે અને આકર્ષણ ના થાય તો આપણે બંધ રાખવું.

## 'જગત' વેર વાળે જ !

આ તો 'આમ ફર, તેમ ફર' કરે ! એક છોકરો આવું બોલતો હતો તેને મેં તો ખખડાવ્યો. મેં કહ્યું, 'તારી મધર હઉ વહુ થઇ હતી. તું કઇ જાતનો માણસ છે તે ?' સ્ત્રીઓનું આટલું બધું ઘોર અપમાન ! આજે છોકરીઓ વધારે વધી ગઇ છે તેથી સ્ત્રીઓનું અપમાન થાય છે. પહેલાં તો આ ડોબાઓનું ઘોર અપમાન થતું હતું, તેનો આ બદલો વાળે છે. પહેલાં તો પાંચસો ડોબાઓ-રાજાઓ લાઇનબંધ ઊભા રહે ને એક રાજકુંવરી વરમાળા પહેરાવવા નીકળે, ને ડોબાઓ ડોક આગળ ધરીને ઊભા રહે ! કુંવરી આગળ ખસી કે ડોબાને કાપો તો લોહી ય ના નીકળે ! કેવું ઘોર અપમાન ! બળ્યું, આ પૈણવાનું !! એના કરતા ના પૈણ્યા હોય તો સારું !!

અને આજકાલ તો છોકરીઓ હઉ કહેતી થઇ ગઇ છે કે જરા આમ ફરો તો ? તમે જરા કેવા દેખાવ છો ? જુઓ, આપણે આમ

જોવાની 'સિસ્ટમ' કાઢી તો આ વેષ થયો ને આપણો ? એના કરતાં 'સિસ્ટમ' જ ના પાડીએ તો શું ખોટું ? આ આપણે લફરું ઘાલ્યું તો આપણને એ લફરું વધ્યું .

આ કાળમાં જ છેલ્લાં પાંચેક હજાર વર્ષથી પુરુષો કન્યા લેવા જાય છે. તે પહેલાં તો બાપ સ્વયંવર રચે ને તેની મહીં પેલા સો ડોબા આવેલા હોય ! તેમાથી કન્યા એક ડોબાને પાસ કરે ! આ રીતે પાસ કરીને પૈણવાનું હોય તેના કરતાં ના પૈણવું સારું. આ બધા ડોબા લાઈનબંધ ઊભા હોય, તેમાંથી કન્યા વરમાળા લઈને નીકળી હોય. બધાંના મનમાં લાખ આશાઓ હોય તે ડોકી આગળ ધર્યા કરે ! આ રીતે આપણી પસંદગી વહુ કરે એના કરતાં જન્મ જ ના લેવો સારો ! તે આજે એ ડોબાઓ સ્ત્રીઓનું ભયંકર અપમાન કરીને વેર વાળે છે ! સ્ત્રીને જોવા જાય ત્યારે કહે, 'આમ ફર, તેમ ફર.'

## 'કોમનસેન્સ'થી 'સોલ્યુશન' આવે !

હું બધાંને એમ નથી કહેતો કે તમે બધાં મોક્ષે ચાલો. હું તો એમ કહું છું કે 'જીવન જીવવાની કળા શીખો.' 'કોમનસેન્સ' થોડી ઘણી તો શીખો લોકોની પાસેથી ! ત્યારે શેઠિયાઓ મને કહે છે કે, 'અમને કોમનસેન્સ તો છે.' ત્યારે મેં કહ્યું, 'કોમનસેન્સ' હોય તો આવું હોય નહીં. તું તો ડફોળ છે. શેઠે પૂછયું, 'કોમનસેન્સ એટલે શું ?' મેં કહ્યું, 'કોમનસેન્સ એટલે એવરીવેર એપ્લીકેબલ-થીયરીટીકલી એઝ વેલ એઝ પ્રેકટીકલી.' ગમે તેવું તાળું હોય, કટાયેલું હોય કે ગમે તેવું હોય પણ કૂંચી નાખે કે તરત ઊઘડી જાય એનું નામ કોમનસેન્સ. તમારે તો તાળાં ઊઘડતાં નથી, વઢવાડો કરો છો અને તાળાં તોડો છો ! અરે, ઉપર ઘણ મોટો મારો છો !

મતભેદ તમને પડે છે ? મતભેદ એટલે શું ? તાળું ઉઘાડતાં ના આવડયું તે કોમનસેન્સ ક્યાંથી લાવે ? મારું કહેવાનું કે પૂરેપૂરી ત્રણસો સાઠ ડિગ્રીની સંપૂર્ણ 'કોમનસેન્સ' ના હોય, પણ ચાલીસ ડિગ્રી, પચાસ ડિગ્રીનું આવડે ને ? એવું ધ્યાનમાં લીધું હોય તો ? એક શુભ વિચારણા



ઉપર ચઢયો હોય તો એને એ વિચારણા સાંભરે ને એ જાગ્રત થઈ જાય. શુભ વિચારણાનાં બીજ પડે, પછી એ વિચારણા ચાલુ થઈ જાય. પણ આ તો શેઠ આખો દહાડો લક્ષ્મીના ને લક્ષ્મીના વિચારોમાં જ ઘૂમ્યા કરે ! એટલે મારે શેઠને કહેવું પડે છે કે, 'શેઠ, તમે લક્ષ્મી પાછળ પડ્યા છો ? ઘેર બધું ભેળાઈ ગયું છે !' છોડીઓ મોટર લઈને આમ જતી હોય, છોકરાઓ તેમ જાય ને શેઠાણી આ બાજુ જાય. 'શેઠ, તમે તો બધી રીતે લૂંટાઈ ગયા છો!' ત્યારે શેઠે પૂછયું, 'મારે કરવું શું ?' મે કહ્યું, 'વાતને સમજોને કેવી રીતે જીવન જીવવું એ સમજો. એકલા પૈસા પાછળ ના પડો. શરીરનું ધ્યાન રાખતા રહો, નહીં તો હાર્ટ-ફેઈલ થશે.' શરીરનું ધ્યાન, પૈસાનું ધ્યાન, છોકરીઓના સંસ્કારનું ધ્યાન, બધા ખૂણા વાળવાના છે. એક ખૂણો તમે વાળ વાળ કરો છો, હવે બંગલામાં એક જ ખૂણો ઝાપટ ઝાપટ કરીએ ને બીજે બધે પૂંજો પડયો હોય તો કેવું થાય ? બધા જ ખૂણા વાળવાના છે. આ રીતે તો જીવન કેમ જિવાય ?

કોમનસેન્સવાળો ઘરમાં મતભેદ થવા જ ના દે. એ 'કોમનસેન્સ' ક્યાંથી લાવે ? એ તો 'જ્ઞાની પુરુષ' પાસે બેસે, 'જ્ઞાની પુરુષ'ના ચરણોનું સેવન કરે ત્યારે 'કોમનસેન્સ' ઉત્પન્ન થાય. 'કોમનસેન્સ'વાળો ઘરમાં કે બહાર ક્યાંય ઝઘડો જ ના થવા દે. આ મુંબઈમાં મતભેદ વગરનાં ઘર કેટલાં ? મતભેદ થાય ત્યાં 'કોમનસેન્સ' કેમ કહેવાય ?

ઘરમાં વાઈફ કહે કે, અત્યારે દહાડો છે તો આપણે 'ના, રાત છે' કહીને ઝઘડા માંડીએ તો તેનો ક્યારે પાર આવે ? આપણે તેને કહીએ કે, 'અમે તને વિનંતી કરીએ છીએ કે રાત છે, જરા બહાર તપાસ કર ને.' તો ય એ કહે કે, 'ના, દિવસ જ છે ત્યારે આપણે કહીએ, 'યુ આર કરેકટ. મારી ભૂલ થઈ ગઈ.' તો આપણી પ્રગતિ મંડાય, નહીં તો આનો પાર આવે તેમ નથી. આ તો 'બાયપાસર' (વટેમાર્ગુ) છે બધા. 'વાઈફ' પણ 'બાયપાસર' છે.

## રીલેટિવ, અંતે દગો સમજાય !

આ બધી 'રીલેટીવ' સગાઈઓ છે. 'રિયલ' સગાઈ આમાં કોઈ

છે જ નહીં. અરે, આ દેહ જ 'રીલેટિવ' છે ને ! આ દેહ જ દગો છે, તો એ દગાનાં સગાં કેટલાં હશે ? આ દેહને આપણે રોજ નવડાવીએ, ધોવડાવીએ તો ય પેટમાં દુઃખે તો એમ કહીએ કે રોજ તારી આટલી આટલી માવજત કરું છું તો આજે જરા શાંત રહે ને ? તો ય એ ઘડીવાર શાંત ના રહે. એ તો આબરૂ લઇ નાખે. અરે, આ બત્રીસ દાંતમાંથી એક દુઃખતો હોય ને તો ય એ બૂમો પડાવડાવે. આખું ઘર ભરાય એટલા તો આખી જિંદગીમાં દાતણ કર્યાં હોય, રોજ પીંછી મારમાર કરી હોય તોય મોઢું સાફ ના થાય ! એ તો હતું તેવું ને તેવું જ પાછું. એટલે આ તો દગો છે. માટે મનુષ્ય અવતાર ને હિન્દુસ્તાનમાં જન્મ થાય, ઊંચી જ્ઞાતિમાં જન્મ થાય અને જો મોક્ષનું કામ ના કાઢી લીધું તો તું ભટકાઇ મર્યો ! જા તારું બધું જ નકામું ગયું !!

## કંઇક સમજવું તો પડશે ને ?!

ભલે મોક્ષની જરૂર બધાને ના હોય, પણ 'કોમનેસન્સ'ની જરૂર તો બધાને ખરી. આ તો 'કોમનસેન્સ' નહીં હોવાથી ઘરનું ખાઇપીને અથડામણો થાય છે. બધા કંઇ કાળાં બજાર કરે છે ? છતાં ઘરના ત્રણ માણસોમાં સાંજ પડયે તેત્રીસ મતભેદ પડે છે. આમાં શું સુખ પડે ? પછી નફ્ફટ થઇ જીવે. એ સ્વમાન વગરનું જીવન શું કામનું ? એમાં ય મેજિસ્ટ્રેટ સાહેબ કોર્ટમાં સાત વર્ષની સજા ઠોકીને આવ્યા હોય, પણ ઘેર પંદર પંદર દહાડાથી કેસ 'પેંડિંગમાં' પડ્યો હોય ! બાઇસાહેબ જોડે અબોલા હોય ! ત્યારે આપણે મેજિસ્ટ્રેટ સાહેબને પૂછીએ કે, 'કેમ સાહેબ ?' ત્યારે સાહેબ કહે કે, 'બાઇ બહુ ખરાબ છે, બિલકુલ જંગલી છે.' હવે બાઇસાહેબને પૂછીએ કે, 'કેમ સાહેબ તો બહુ સારા માણસ છે ને ?!' ત્યારે બાઇસાહેબ કહે, 'જવા દો ને નામ. રોટન માણસ છે.' હવે આવું સાંભળીએ, ત્યાંથી જ ના સમજી જઇએ કે આ બધુ પોલંપોલ છે જગત ? આમાં કરેકટનેસ જેવું કશું જ નથી.

'વાઇફ' જો શાક મોંઘા ભાવનું લાવી હોય તો શાક જોઇને અક્કર્મી તડૂકે, આટલા મોઘા ભાવનું તે શાક લવાતું હશે ? ત્યારે બાઇસાહેબ કહેશે, 'આ તમે મારી પર એટેક કર્યો.' એમ કહીને બાઇ



'ડબલ એટેક' કરે હવે આનો પાર ક્યાં આવે ? 'વાઇફ' જો મોંઘા ભાવનું શાક લાવી હોય તો આપણે કહીએ, 'બહુ સારું કર્યું, મારા ધનભાગ્ય ! બાકી, મારા જેવા લોભિયાથી આટલું મોંઘું ના લવાત.'

અમે એક જણને ત્યાં ઊતરેલા. તે એનાં વાઇફ છેટેથી તણછો મારીને ચા મૂકી ગયાં. હું સમજી ગયો કે આ બેઉને કંઇક ભાંજગડ પડેલી છે. મેં બહેનને બોલાવીને પૂછ્યું, 'તણછો કેમ માર્યો ?' તો એ કહે, 'ના, એવું કશું નથી.' મેં એને કહ્યું, 'તારા પેટમાં શું વાત છે એ હું સમજી ગયો છું. મારી પાસે છુપાવે છે ? તેં તણછો માર્યો તો તારો ધણી ય મનમાં સમજી ગયો કે શું હકીકત છે. આ એકલું કપટ છોડી દે છાનીમાની, જો સુખી થવું હોય તો.'

પુરુષ તો ભોળા હોય ને આ તો સ્ત્રીઓ ચાલીસ વર્ષ ઉપર પાંચ-પચ્ચીસ ગાળો દીધી હોય તો તે કહી બતાવે કે તમે તે દહાડે આમ કહેતા હતા ! માટે સાચવીને સ્ત્રી જોડે કામ કાઢી લેવા જેવું છે. સ્ત્રી તો આપણી પાસે કામ કાઢી લેશે. પણ આપણને નથી આવડતું.

સ્ત્રી સાડી લાવવાનું કહે દોઢસો રૂપિયાની તો આપણે પચ્ચીસ વધારે આપીએ. તે છ મહિના સુધી તો ચાલે. સમજવું પડે, લાઇફ એટલે લાઇફ છે ! આ તો જીવન જીવવાની કળા ના હોય ને વહુ કરવા જાય ! વગર સર્ટિફિકેટે ધણી થવા ગયા, ધણી થવા માટેની લાયકાતનું 'સર્ટિફિકેટ' હોવું જોઇએ તો જ બાપ થવાનો અધિકાર પ્રાપ્ત થાય. આ તો વગર અધિકારે બાપ થઇ ગયા ને પાછા દાદા ય થાય ! આનો ક્યારે પાર આવશે ? કંઇક સમજવું જોઇએ.

## રીલેટિવમાં, તો સાંધવાનું !

આ તો 'રીલેટિવ' સગાઇઓ છે. જો 'રીયલ' સગાઇ હોય ને, તો તો આપણે જકકે ચઢેલા કામના કે તું સુધરે નહીં ત્યાં સુધી જક્કે ચઢીશ. પણ આ તો 'રિલેટિવ' ! 'રીલેટિવ' એટલે એક કલાક જો બઇસાહેબ જોડે જામી જાય તો બેઉને 'ડાયવોર્સ'નો વિચાર આવી જાય, પછી એ વિચારબીજનું ઝાડ થાય. આપણે જો, 'વાઇફ'ની જરૂર હોય તો એ

ફાડફાડ કરે તો આપણે સાંધ સાંધ કરવું. તો જ આ 'રીલેટિવ' સંબંધ ટકે, નહીં તો તૂટી જાય. બાપ જોડે ય 'રીલેટીવ' સંબધ છે. લોક તો 'રીયલ' સગાઈ માનીને બાપ જોડે ચઢે જક્કે. એ સુધરે નહીં ત્યાં સુધી જક્કે ચઢવું ? મેર ચક્કર, એમ કરતાં, સુધરતાં તો ડોસો મરી જશે! એના કરતાં એની સેવા કર ને બિચારો વેર બાંધીને જાય એના કરતાં એને નિરાંતે મરવા દે ને ! એનાં શિંગડાં એને ભારે. કોઈને વીસ વીસ ફૂટ લાંબાં શિંગડાં હોય તેમાં આપણને શું ભાર ?! જેના હોય તેને ભાર.

આપણે આપણી ફરજ બજાવવી. માટે જક્કે ના ચઢો, તરત વાતનો ઉકેલ લાવી નાખો. તેમ છતાં સામો માણસ બહુ બાઝે તો કહીએ કે, 'હું તો પહેલેથી જ ડફોળ છું. મને તો આવું આવડતું જ નથી.' એવું કહી દીધું એટલે પેલો આપણને છોડી દે. જે તે રસ્તે છૂટી જાઓ અને મનમાં એમ નહીં માની બેસવાનું કે બધાં ચઢી બેસશે તો શું કરીશું ? એ શું ચઢી બેસે ? ચઢી બેસવાની કોઈ શક્તિ જ ધરાવતું નથી. આ બધાં કર્મના ઉદયથી ભમરડા નાચે છે ! માટે જેમ તેમ કરીને આજનો શુક્રવાર કલેશ વગર કાઢી નાખો, કલ કી બાત કલ દેખ લેંગે. બીજે દહાડે કંઈક ટેટો ફૂટવાનો થયો તો ગમે તે રીતે તેને ઢાંકી દેવો, ફિર દેખ લેંગે. આમ દિવસો કાઢવા.

## એ સુધરેલું ક્યાં સુધી ટકે ?!

દરેક વાતમાં આપણે સામાને 'એડજસ્ટ' થઈ જઈએ તો કેટલું બધું સરળ થઈ જાય. આપણે જોડે શું લઈ જવાનું છે ? કોઈ કહેશે કે, 'ભાઈ, એને સીધી કરો.' 'અરે, એને સીધી કરવા જઈશ તો તું વાંકો થઈ જઈશ.' માટે 'વાઈફ'ને સીધી કરવા જશો નહીં, જેવી હોય તેને કરેકટ કહીએ. આપણે એની જોડે કાયમનું સાટું-સહિયારું હોય તો જુદી વાત છે, આ તો એક અવતાર પછી તો ક્યાંય વિખરાઈ પડશે. બંનેના મરણકાળ જુદા, બંનેનાં કરમ જુદાં ! કશું લેવાય નહીં ને દેવાય નહીં ! અહીંથી તે કોને ત્યાં જશે તેની શી ખબર ? આપણે સીધી કરીએ ને આવતા જન્મે જાય કો'કને ભાગે !



**પ્રશ્નકર્તા :** એની જોડે કર્મ બંધાયાં હોય તો બીજા અવતારમાં તો, ભેગાં તો થાય ને ?

**દાદાશ્રી :** ભેગાં થાય, પણ બીજી રીતે ભેગાં થાય. કો'કની ઓરત થઈને આપણે ત્યાં વાતો કરવા આવે. કર્મના નિયમ ખરા ને ! આ તો ઠામ નહીં ને ઠેકાણું ય નહીં. કો'ક પુણ્યશાળી માણસ એવો હોય કે જે અમુક ભવ જોડે રહે. જુઓને નેમિનાથ ભગવાન, રાજુલ સાથે નવ ભવથી જોડે ને જોડે જ હતા ને ! એવું હોય તો વાત જુદી છે. આ તો બીજા ભવનું જ ઠેકાણું નથી. અરે, આ ભવમાં જ જતા રહે છે ને ! એને 'ડાયવોર્સ' કહે છે ને ? આ ભવમાં જ બે ધણી કરે, ત્રણ ધણી કરે !

## એડજસ્ટ થઇએ, તો ય સુધરે !

માટે તમારે એમને સીધાં કરવા નહીં. એ તમને સીધા કરે નહીં. જેવું મળ્યું એવું સોનાનું. પ્રકૃતિ કોઈની કોઈ દહાડો સીધી થાય નહીં. કૂતરાની પૂછડી વાંકી ને વાંકી જ રહે એટલે આપણે ચેતીને ચાલીએ. જેવી હો તે ભલે હો, 'એડજસ્ટ એવરીવ્હેર'.

ટૈડકાવાની જગ્યાએ તમે ના ટૈડકાવી તેનાથી 'વાઈફ' વધારે સીધી રહે. જે ગુસ્સો નથી કરતો એનો તાપ બહુ સખત હોય. આ અમે કોઈને કોઈ દહાડો ય વઢતા નથી, છતાં અમારો તાપ બહુ લાગે.

**પ્રશ્નકર્તા :** તો પછી એ સીધી થઈ જાય ?

**દાદાશ્રી :** સીધા થવાનો માર્ગ જ પહેલેથી આ છે. તે કળિયુગમાં લોકોને પોષાતું નથી. પણ એના વગર છૂટકો નથી.

**પ્રશ્નકર્તા :** પણ એ અઘરું બહુ છે.

**દાદાશ્રી :** ના, ના. એ અઘરું નથી, એ જ સહેલું છે. ગાયનાં શિંગડા ગાયને ભારે.

**પ્રશ્નકર્તા :** આપણને પણ એ મારે ને ?

**દાદાશ્રી :** કો'ક દહાડો આપણને વાગી જાય. શિંગડું વાગવા આવે

તો આપણે આમ ખસી જઈએ, તેવું અહીં પણ ખસી જવાનું ! આ તો વાંધો ક્યાં આવે છે ? મારી પૈણેલી ને મારી 'વાઈફ'. અરે, ન્હોય 'વાઈફ' આ 'હસબન્ડ' જ નથી તો પછી 'વાઈફ' હોતી હશે ? આ તો અનાડીના ખેલ છે ! આર્યપ્રજા ક્યાં રહી છે અત્યારે ?

## સુધારવા કરતાં, સુધરવાની જરૂર !

**પ્રશ્નકર્તા :** 'પોતાની ભૂલ છે' એવું સ્વીકારી લઈને પત્નીને સુધારી ના શકાય ?

**દાદાશ્રી :** સુધારવા માટે પોતે જ સુધરવાની જરૂર છે. કોઈને સુધારી શકાતો જ નથી. જે સુધારવાના પ્રયત્નવાળા છે તે બધાં અહંકારી છે. પોતે સુધર્યો એટલે સામો સુધરી જ જાય. મેં એવાય જોયેલા છે કે જે બહાર બધો સુધારો કરવા નીકળ્યા હોય છે ને ઘરમાં એમની 'વાઈફ' આગળ આબરૂ નથી હોતી, મધર આગળ આબરૂ નથી હોતી. આ કઈ જાતના માણસો છે ? પહેલો તું સુધર. હું સુધારું, હું સુધારું એ ખોટો ઈગોઈઝમ છે. અરે, તારું જ ઠેકાણું નથી, તે તું શું સુધારવાનો છે ?! પહેલાં પોતે ડાહ્યા થવાની જરૂર છે. 'મહાવીર' મહાવીર થવા માટેનો જ પ્રયત્ન કરતા હતા અને તેનો આટલો બધો પ્રભાવ પડયો છે ! પચ્ચીસો વર્ષ સુધી તો એમનો પ્રભાવ જતો નથી !!! અમે કોઈને સુધારતા નથી.

## શેને સુધારવાનો અધિકાર ?!

તમારે સુધારવાનો અધિકાર કેટલો છે ? જેમાં ચૈતન્ય છે તેને સુધારવાનો તમને શો અધિકાર ? આ કપડું મેલું થયું હોય તો એને આપણે સાફ કરવાનો અધિકાર છે. કારણ કે ત્યાં સામેથી કોઈ જાતનું રિએકશન નથી. અને જેમાં ચૈતન્ય છે એ તો રિએકશનવાળું છે, એને તમે શું સુધારો ? આ પ્રકૃતિ પોતાની જ સુધરતી નથી ત્યાં બીજાની શું સુધરવાની ? પોતે જ ભમરડો છે. આ બધા ટોપ્સ છે. કારણ કે એ પ્રકૃતિને આધીન છે, પુરુષ થયો નથી. પુરુષ થયા પછી જ પુરુષાર્થ ઉત્પન્ન થાય. આ તો પુરુષાર્થ જોયો જ નથી.



## વ્યવહાર ઉકેલવો, 'એડજસ્ટ' થઇને !

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં રહેવાનું તો 'એડજસ્ટમેન્ટ' એકપક્ષી તો ના હોવું જોઈએ ને ?

**દાદાશ્રી :** વ્યવહાર તો એનું નામ કહેવાય કે 'એડજસ્ટ' થઈએ એટલે પાડોશી ય કહે કે, 'બધા ઘેર ઝઘડા છે, પણ આ ઘેર ઝઘડો નથી.' એનો વ્યવહાર સારામાં સારો ગણાય. જેની જોડે ના ફાવે ત્યાં જ શક્તિ કેળવવાની છે. ફાવ્યું ત્યાં તો શક્તિ છે જ. ના ફાવે એ તો નબળાઈ છે. મારે બધા જોડે કેમ ફાવે છે ? જેટલા એડજસ્ટમેન્ટ લેશો તેટલી શક્તિઓ વધશે અને અશક્તિઓ તૂટી જશે. સાચી સમજણ તો બીજી બધી સમજણને તાળાં વાગશે ત્યારે જ થશે.

'જ્ઞાની' તો સામો વાંકો હોય તો ય તેની જોડે 'એડજસ્ટ' થાય, 'જ્ઞાની પુરુષ'ને જોઈને ચાલે તો બધી જાતનાં એડજસ્ટમેન્ટ કરતાં આવડી જાય. આની પાછળ સાયન્સ શું કહે છે કે વીતરાગ થઈ જાઓ, રાગદ્વેષ ના કરો. આ તો મહીં કંઈક આસક્તિ રહી જાય છે, તેથી માર પડે છે. આ વ્યવહારમાં એકપક્ષી, નિઃસ્પૃહ થઈ ગયા હોય તે વાંકા કહેવાય. આપણને જરૂર હોય તો સામો વાંકો હોય તો ય તેને મનાવી લેવો પડે. આ સ્ટેશન પર મજૂર જોઈતો હોય તો એ આનાકાની કરતો હોય તો ય તેને ચાર આના ઓછાવત્તા કરીને મનાવી લેવો પડે, અને ના મનાવીએ તો એ બેગ આપણા માથા પર જ નાખે ને ?

'ડોન્ટ સી લૉઝ, પ્લીઝ સેટલ'. સામાને 'સેટલમેન્ટ' લેવા કહેવાનું. 'તમે આમ કરો, તેમ કરો.' એવું કહેવા માટે ટાઈમ જ ક્યાં હોય ? સામાની સો ભૂલ હોય તો ય આપણે તો પોતાની જ ભૂલ કહીને આગળ નીકળી જવાનું. આ કાળમાં 'લૉ' (કાયદાઓ) તો જોવાતો હશે ? આ તો છેલ્લે પાટલે આવી ગયેલું છે ! જ્યાં જુઓ ત્યાં દોડાદોડ ને ભાગાભાગ ! લોક ગૂંચાઈ ગયેલાં છે !! ઘેર જાય તો વાઈફ બૂમો પાડે, છોકરાં બૂમો પાડે, નોકરીએ જાય તો શેઠ બૂમો પાડે, ગાડીમાં જાય તો ભીડમાં ધક્કા ખાય ! ક્યાંય નિરાંત નહીં. નિરાંત તો જોઈએ ને ? કોઈ

લડી પડે તો આપણે તેની દયા ખાવી કે અહોહો, આને કેટલો બધો અકળાટ હશે તે લડી પડે છે ! અકળાય તે બધા નબળા છે.

**પ્રશ્નકર્તા :** ઘણી વખત એમ બને કે એક સમયે બે જણ સાથે 'એડજસ્ટમેન્ટ' એક જ વાત પર લેવાનું હોય તો તે જ વખતે બધે શી રીતે પહોંચી વળાય ?

**દાદાશ્રી :** બેઉ જોડે લેવાય. અરે, સાત જણ જોડે લેવાનું હોય તો ય લઇ શકાય. એક પૂછે, 'મારું શું કર્યું ?' ત્યારે કહીએ, 'હા બા, તારા કહ્યા પ્રમાણે કરીશું. બીજાને ય એમ કહીશું.' તમે કહેશો તેમ કરીશું 'વ્યવસ્થિત'ની બહાર થવાનું નથી, માટે ગમે તે રીતે ઝઘડો ના ઊભો કરશો.

આ તો સારુ-ખોટું કહેવાથી ભૂતાં પજવે છે. આપણે તો બંનેને સરખાં કરી નાખવાનાં છે. આને સારું કહ્યું એટલે પેલું ખોટું થયું, એટલે પછી એ પજવે. પણ બંનેનું મિક્ષ્ચર કરી નાખીએ એટલે પછી અસર ના રહે. 'એડજસ્ટ એવરીવેર'ની અમે શોધખોળ કરી છે. ખરું કહેતો હોય તેની જોડે ય ને ખોટું કહેતો હોય તેની જોડે ય 'એડજસ્ટ' થા. અમને કોઈ કહે કે, 'તમારામાં અક્કલ નથી.' તો અમે તેને તરત 'એડજસ્ટ' થઈ જઈએ ને તેને કહીએ કે, 'એ તો પહેલેથી જ નહોતી ! હમણાં કંઇ તું ખોળવા આવ્યો છે ? તને તો આજે એની ખબર પડી, પણ હું તો નાનપણથી એ જાણું છું.' આમ કહીએ એટલે ભાંજગડ મટી ને ? ફરી એ આપણી પાસે અક્કલ ખોળવા જ ના આવે. આમ ના કરીએ તો 'આપણે ઘેર' ક્યારે પહોંચાય ?

અમે આ સરળ ને સીધો રસ્તો બતાડી દઇએ છીએ અને આ અથડામણ કંઇ રોજ રોજ થાય છે ? એ તો જ્યારે આપણાં કર્મના ઉદય હોય ત્યારે થાય, તેટલા પૂરતું આપણે 'એડજસ્ટ' થવાનું. ઘરમાં 'લીલા' જોડે ઝઘડો થયો હોય તો ઝઘડો થયા પછી 'લીલા'ને હોટલમાં લઈ જઈને, જમાડીને ખુશ કરીએ, હવે તાંતો ના રહેવો જોઈએ.

'એડજસ્ટમેન્ટ'ને અમે ન્યાય કહીએ છીએ. આગ્રહ-દુરાગ્રહ એ કંઇ ન્યાય ના કહેવાય. કોઇ પણ જાતનો આગ્રહ એ ન્યાય નથી. અમે



કશાનો કક્કો ના પકડીએ. જે પાણીએ મગ ચડે એનાથી ચડાવીએ, છેવટે ગટરનાં પાણીએ પણ ચડાવીએ !!

આ બહારવટિયા મળી જાય તેની જોડે 'ડિસ્એડજસ્ટ' થઇએ તો એ મારે. એના કરતાં આપણે નક્કી કરીએ કે એને 'એડજસ્ટ' થઇને કામ લેવું છે. પછી એને પૂછીએ કે, 'ભઇ, તારી શી ઇચ્છા છે ? જો ભઇ, અમે તો જાત્રા કરવા નીકળ્યા છીએ. તેને એડજસ્ટ થઇ જઇએ'.

આ વાંદરાની ખાડી ગંધાય તો એને શું વઢવા જવાય ? તેમ આ માણસો ગંધાય છે તેને કંઇ કહેવા જવાય ? ગંધાય એ બધી ખાડીઓ કહેવાય ને સુગંધી આવે એ બાગ કહેવાય. જે જે ગંધાય છે એ બધા કહે છે કે તમે અમારી જોડે વીતરાગ રહો !

આ 'એડજસ્ટ એવરીવેર' નહીં થાય તો ગાંડા થશો બધા. સામાને છંછેડ્યા કરો તેથી જ ગાંડા થાય. આ કૂતરાને એક ફેરો છંછેડીએ, બીજા ફેર, ત્રીજા ફેર છંછેડીએ ત્યાં સુધી એ આપણી આબરૂ રાખે પણ પછી તો બહુ છંછેડ કરીએ તો એ ય બચકું ભરી લે. એય સમજી જાય કે આ રોજ છંછેડે છે તે નાલાયક છે, નાગો છે. આ સમજવા જેવું છે. ભાંજગડ કશી જ કરવાની નહીં; એડજસ્ટ એવરીવેર.

## *નહીં તો વ્યવહારની ગૂંચ આંતરે !*

પહેલો આ વ્યવહાર શીખવાનો છે. વ્યવહારની સમજણ વગર તો લોકો જાતજાતના માર ખાય છે.

**પ્રશ્નકર્તા :** અધ્યાત્મમાં તો આપની વાત માટે કંઇ કહેવાનું જ નથી. પણ વ્યવહારમાં ય આપની વાત 'ટોપ'ની વાત છે.

**દાદાશ્રી :** એવું છે ને, કે વ્યવહારમાં 'ટોપ'નું સમજ્યા સિવાય કોઇ મોક્ષે ગયેલો નહીં, ગમે તેટલું બાર લાખનુ આત્મજ્ઞાન હોય પણ વ્યવહાર સમજ્યા સિવાય કોઇ મોક્ષે ગયેલો નહીં ! કારણ કે વ્યવહાર છોડનાર છે ને ? એ ના છોડે તો તમે શું કરો ? તમે 'શુધ્ધાત્મા' છો જ, પણ વ્યવહાર છોડે તો ને ? તમે વ્યવહારને ગૂંચવ ગૂંચવ કરો છો.

ઝટપટ ઉકેલ લાવો ને ?

આ ભાઈને કહ્યું હોય કે, 'જા દુકાનેથી આઈસ્ક્રીમ લઈ આવ.' પણ એ અડધેથી પાછો આવે. આપણે પૂછીએ, 'કેમ ?' તો એ કહે કે, 'રસ્તામાં ગધેડું મળ્યું તેથી ! અપશુકન થયાં !!' હવે આને આવુ ઊંધું જ્ઞાન થયું છે તે આપણે કાઢી નાખવું જોઈએ ને ? એને સમજાવવું જોઈએ કે ભઈ, ગધેડામાં ભગવાન રહેલા છે માટે અપશુકન કશું હોતું નથી. તું ગધેડાનો તિરસ્કાર કરીશ તો તે તેમાં રહેલા ભગવાનને પહોંચે છે, તેથી તને ભયંકર દોષ બેસે છે. ફરી આવું ના થાય. એવી રીતે આ ઊંધું જ્ઞાન થયું છે. તેના આધારે 'એડજસ્ટ' નથી થઈ શકતા.

## 'કાઉન્ટરપુલી' - એડજસ્ટમેન્ટની રીત !

આપણે પહેલાં આપણો મત ના મૂકવો. સામાને પૂછવું કે આ બાબતમાં તમારે શું કહેવું છે ? સામો એનું પકડી રાખે તો અમે અમારું છોડી દઈએ. આપણે તો એટલું જ જોવાનું કે કયે રસ્તે સામાને દુઃખ ના થાય. આપણો અભિપ્રાય સામા ઉપર બેસાડવો નહીં. સામાનો અભિપ્રાય આપણે લેવો. અમે તો બધાનો અભિપ્રાય લઈને 'જ્ઞાની' થયા છીએ. હું મારો અભિપ્રાય કોઈ પર બેસાડવા જાઉં તો હું જ કાચો પડી જાઉં. આપણા અભિપ્રાયથી કોઈને દુઃખ ના હોવું જોઈએ. તારા 'રિવોલ્યુશન' અઢારસોના હોય ને સામાના છસોના હોય ને તું તારો અભિપ્રાય એના પર બેસાડે તો સામાનું એન્જિન તૂટી જાય. એના બધાં ગીયર બદલવા પડે.

**પ્રશ્નકર્તા :** 'રિવોલ્યુશન' એટલે શું ?

**દાદાશ્રી :** આ વિચારની જે સ્પીડ છે તે દરેકને જુદી હોય. કશું બન્યું હોય તો તે એક મિનિટમાં તો કેટલું ય દેખાડી દે, એના બધા પર્યાયો' એટ-એ-ટાઈમ' દેખાડી દે. આ મોટા મોટા પ્રેસિડન્ટોને મિનિટના બારસો બારસો 'રિવોલ્યુશન' ફરતા હોય, તો અમારા પાંચ હજાર હોય. મહાવીરને લાખ 'રિવોલ્યુશન' ફરતા !



આ મતભેદ પડવાનું કારણ શું ? તમારી 'વાઈફ'ને સો 'રિવોલ્યુશન' હોય ને તમારા પાંચસો 'રિવોલ્યુશન' હોય અને તમને વચ્ચે 'કાઉન્ટરપુલી' નાખતાં આવડે નહીં એટલે તણખા ઝરે, ઝઘડા થાય. અરે ! કેટલીક વાર તો 'એન્જિન' હઉ તૂટી જાય. 'રિવોલ્યુશન' સમજ્યા તમે ? આ મજૂરને તમે વાત કરો તો તમારી વાત એને પહોંચે નહીં. એના 'રિવોલ્યુશન' પચાસ હોય ને તમારા પાંચસો હોય, કોઈને હજાર હોય, કોઈને બારસો હોય. જેવું જેનું 'ડેવલપમેન્ટ' હોય તે પ્રમાણે 'રિવોલ્યુશન ' હોય . વચ્ચે 'કાઉન્ટરપુલી' નાખો તો જ એને તમારી વાત પહોંચે. 'કાઉન્ટરપુલી' એટલે તમારે વચ્ચે પટ્ટો નાંખી તમારા 'રિવોલ્યુશન' ઘટાડી નાખવા પડે. હું દરેક માણસની જોડે 'કાઉન્ટરપુલી' નાખી દઉં. એકલો અહંકાર કાઢી નાખવાથી જ વળે તેમ નથી, કાઉન્ટરપુલી પણ દરેકની જોડે નાખવી પડે. તેથી તો અમારે કોઈની જોડે મતભેદ જ ના થાય ને ! અમે જાણીએ કે આ ભાઈના આટલા જ 'રિવોલ્યુશન' છે. એટલે તે પ્રમાણે હું 'કાઉન્ટરપુલી' ગોઠવી દઉં. અમને તો નાના બાળક જોડે પણ બહુ ફાવે. કારણ કે અમે તેમની જોડે ચાલીસ 'રિવોલ્યુશન' ગોઠવી દઈએ એટલે એને મારી વાત પહોંચે, નહીં તો એ મશીન તૂટી જાય.

**પ્રશ્નકર્તા :** કોઈ પણ, સામાના 'લેવલ' ઉપર આવે તો જ વાત થાય ?

**દાદાશ્રી :** હા, એના 'રિવોલ્યુશન' પર આવે તો જ વાત થાય. આ તમારી જોડે વાતચીત કરતાં અમારાં 'રિવોલ્યુશન' ક્યાંના ક્યાં જઈ આવે ! આખા વર્લ્ડમાં ફરી આવે !! 'કાઉન્ટરપુલી' તમને નાખતાં ના આવડે તેમાં ઓછાં 'રિવોલ્યુશન'વાળા એંજિનનો શો દોષ ? એ તો તમારો દોષ કે 'કાઉન્ટરપુલી' નાખતાં ના આવડી !

## અવળું કહેવાથી કકળાટ થયો ....

**પ્રશ્નકર્તા :** પતિનો ભય, ભવિષ્યનો ભય, 'એડજસ્ટમેન્ટ' લેવા દેતો નથી. ત્યાં આગળ 'આપણે એને સુધારનાર કોણ' એ યાદ રહેતું નથી,

ને સામાને ચેતવણી રૂપે બોલાઇ જાય છે.

**દાદાશ્રી :** એ તો 'વ્યવસ્થિત'નો ઉપયોગ કરે, 'વ્યવસ્થિત' ફીટ થઇ જાય તો કશો વાંધો આવે તેમ નથી. પછી કશું પૂછવા જેવું જ ના રહે. ધણી આવે એટલે થાળી પાટલો મૂકીને કહીએ કે, 'ચાલો જમવા !' એમની પ્રકૃતિ બદલાવાની નથી. જે પ્રકૃતિ આપણે જોઇને, પસંદ કરીને પૈણીને આવ્યા તે પ્રકૃતિ ઠેઠ સુધી જોવાની. માટે પહેલે દહાડે શું નહોતા જાણતા આ પ્રકૃતિ આવી જ છે ? તે જ દહાડે છૂટું થઇ જવું હતું ને ! વટલાયા શું કરવા વધારે ?

આ કચકચથી સંસારમાં કશો ફાયદો થતો નથી, નુકસાન જ થાય છે. કચકચ એટલે કકળાટ ! તેથી ભગવાને એને કષાય કહ્યા.

તમારાં બેની અંદર 'પ્રોબ્લેમ' વધે તેમ જુદું થતું જાય. 'પ્રોબ્લેમ' 'સોલ્વ' થઇ જાય પછી જુદું ના થાય. જુદઇથી દુઃખ છે. અને બધાંને 'પ્રોબ્લેમ' ઊભા થવાના, તમારે એકલાંને થાય છે એવું નથી. જેટલાંએ શાદી કરી તેને 'પ્રોબ્લેમ' ઊભા થયા વગર રહે નહીં.

કર્મના ઉદયથી ઝઘડા ચાલ્યા કરે, પણ જીભથી અવળું બોલવાનું બંધ કરો. વાત પેટમાં ને પેટમાં જ રાખો, ઘરમાં કે બહાર બોલવાનું બંધ કરો.

## અહો ! વ્યવહાર એટલે જ ....

**પ્રશ્નકર્તા :** પ્રકૃતિ ના સુધરે, પણ વ્યવહાર તો સુધરવો જોઇએ ને ?

**દાદાશ્રી :** વ્યવહાર તો લોકોને આવડતો જ નથી. વ્યવહાર કોઇ દહાડો આવડયો હોત, અરે અડધો કલાકે ય આવડયો હોત તો ય ઘણું થઇ ગયું ! વ્યવહાર તો સમજ્યા જ નથી. વ્યવહાર એટલે શું ? ઉપલક ! વ્યવહાર એટલે સત્ય નહીં. આ તો વ્યવહારને સત્ય જ માની લીધું છે. વ્યવહારમાં સત્ય એટલે 'રિલેટિવ' સત્ય તે. અહીંની નોટો સાચી હોય કે ખોટી હોય, બેઉ 'ત્યાં'ના સ્ટેશને કામ લાગતી નથી. માટે મેલ પૂળો



આને, અને આપણે 'આપણું' કામ કાઢી લો. વ્યવહાર એટલે દીધેલું પાછું આપીએ તે. હમણાં કોઇ કહે કે, 'ચંદુલાલમાં અક્કલ નથી.' તો આપણે જાણીએ કે આ દીધેલું જ પાછું આવ્યું ! આ જો સમજો તો તેનું નામ વ્યવહાર કહેવાય. અત્યારે વ્યવહાર કોઇને છે જ નહીં. જેને વ્યવહાર વ્યવહાર છે એનો નિશ્ચય નિશ્ચય છે.

## ... ને સમ્યક્ કહેવાથી કકળાટ શમે !

**પ્રશ્નકર્તા :** કોઇએ જાણી જોઇને આ વસ્તુ ફેંકી દીધી તો ત્યાં આગળ કયું 'એડજસ્ટમેન્ટ' લેવું ?

**દાદાશ્રી :** આ તો ફેંકી દીધું, પણ છોકરો ફેંકી દે તો ય આપણે 'જોયા' કરવાનું. બાપ છોકરાને ફેંકી દે તો આપણે જોયા કરવાનું. ત્યારે શું આપણે ધણીને ફેંકી દેવાનો ? એકનું તો દવાખાનું ભેગું થયું, હવે પાછાં બે દવાખાના ઊભાં કરવાં ?! અને પછી જયારે એને લાગ આવે ત્યારે એ આપણને પછાડે, પછી ત્રણ દવાખાનાં ઊભાં થયાં.

**પ્રશ્નકર્તા :** તો પછી કશું કહેવાનું જ નહીં ?

**દાદાશ્રી :** કહેવાનું, પણ સમ્યક્ કહેવું જો બોલતાં આવડે તો. નહીં તો કૂતરાની પેઠ ભસ ભસ કરવાનો અર્થ શું ? માટે સમ્યક્ કહેવું.

**પ્રશ્નકર્તા :** સમ્યક્ એટલે કેવી રીતનું ?

**દાદાશ્રી :** 'ઓહોહો ! તમે આ બાબાને કેમ ફેંકયો ? શું કારણ એનું ?' ત્યારે એ કહેશે કે, 'જાણી જોઇને હું કંઇ ફેંકું ? એ તે મારા હાથમાંથી છટકી ગયો ને ફેંકાઇ ગયો ?'

**પ્રશ્નકર્તા :** એ તો, એ ખોટું બોલ્યા ને ?

**દાદાશ્રી :** એ જૂઠું બોલે એ આપણે જોવાનું નહીં. જૂઠું બોલે કે સાચું બોલે એ એના આધીન છે, એ આપણા આધીન નથી. એ એની મરજીમાં આવે તેવું કરે. એને જૂઠું બોલવું હોય કે આપણને ખલાસ કરવા હોય એ એના તાબામાં છે. રાત્રે આપણા માટલામાં ઝેર નાખી આપે તો

આપણે તો ખલાસ જ થઇ જઇએ ને ! માટે આપણા તાબામાં જે નથી તે આપણે જોવાનું નહીં. સમ્યક્ કહેતાં આવડે તો કામનું છે કે, 'ભઇ, આમાં શું તમને ફાયદો થયો ?' તો એ એની મેળે કબૂલ કરશે. સમ્યક્ કહેતા નથી અને તમે પાંચ શેરની આપો તો પેલો દશ શેરની આપે !

**પ્રશ્નકર્તા :** કહેતાં ના આવડે તો પછી શું કરવું ? ચૂપ બેસવું ?

**દાદાશ્રી :** મૌન રહેવું અને જોયા કરવું કે 'ક્યા હોતા હૈ ?' સિનેમામાં છોકરાં પછાડે છે ત્યારે શું કરીએ છીએ આપણે ? કહેવાનો અધિકાર ખરો બધાંનો, પણ કકળાટ વધે નહીં એવી રીતે કહેવાનો અધિકાર. બાકી, જે કહેવાથી કકળાટ વધે એ તો મૂર્ખાનું કામ છે.

## ટકોર, અહંકારપૂર્વક ન કરાય !

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં કોઇ ખોટું કરતો હોય તેને ટકોર કરવી પડે છે. તેનાથી તેને દુઃખ થાય છે, તો કેવી રીતે એનો નિકાલ કરવો ?

**દાદાશ્રી :** વ્યવહારમાં ટકોર કરવી પડે, પણ એમાં અહંકાર સહિત થાય છે માટે એનું પ્રતિક્રમણ કરવું.

**પ્રશ્નકર્તા :** ટકોર ના કરીએ તો એ માથે ચઢે ?

**દાદાશ્રી :** ટકોર તો કરવી પડે, પણ કહેતાં આવડવું જોઇએ. કહેતાં ના આવડે, વ્યવહાર ના આવડે એટલે અહંકાર સહિત ટકોર થાય. એટલે પાછળથી એનું પ્રતિક્રમણ કરવું. તમે સામાને ટકોર કરો એટલે સામાને ખોટું તો લાગશે, પણ એનું પ્રતિક્રમણ કર કર કરશો એટલે છ મહિને, બાર મહિને વાણી એવી નીકળશે કે સામાને મીઠી લાગે. અત્યારે તો 'ટેસ્ટેડ' વાણી જોઇએ. 'અનટેસ્ટેડ' વાણી બોલવાનો અધિકાર નથી. આ રીતે પ્રતિક્રમણ કરશો તો ગમે તેવું હશે તો ય સીધું થઇ જશે.

## આ અબોલા તો બોજો વધારે !

**પ્રશ્નકર્તા :** અબોલા લઇ વાતને ટાળવાથી એનો નિકાલ થઇ શકે ?



**દાદાશ્રી :** ના થઇ શકે. આપણે તો સામો મળે તો કેમ છો ? કેમ નહીં ? એમ કહેવું. સામો જરા બૂમાબૂમ કરે તો આપણે જરા ધીમે રહીને 'સમભાવે નિકાલ' કરવો. એનો નિકાલ તો કરવો જ પડશે ને જયારે ત્યારે ? અબોલા રહો તેથી કંઇ નિકાલ થઇ ગયો ? એ નિકાલ થતો નથી એટલે તો અબોલા ઊભા થાય છે. અબોલા એટલે બોજો, જેનો નિકાલ ના થયો એનો બોજો. આપણે તો તરત એને ઊભા રાખીને કહીએ, 'ઊભા રહો ને, અમારી કંઇ ભૂલ હોય તો મને કહો. મારી બહુ ભૂલો થાય છે. તમે તો બહુ હોશિયાર, ભણેલા તે તમારી ના થાય પણ હું ભણેલો ઓછો એટલે મારી બહુ ભૂલો થાય.' એમ કહીએ એટલે એ રાજી થઇ જાય.

**પ્રશ્નકર્તા :** એવું કહેવાથી ય એ નરમ ના પડે તો શું કરવું ?

**દાદાશ્રી :** નરમ ના પડે તો આપણે શું કરવાનું ? આપણે કહી છૂટવાનું. પછી શો ઉપાય ? જયારે ત્યારે કો'ક દહાડો નરમ થશે. ટૈડકાવીને નરમ કરો તો તે તેનાથી કશું નરમ થાય નહીં. આજે નરમ દેખાય, પણ એ મનમાં નોંધ રાખી મેલે ને આપણે જયારે નરમ થઇએ તે દહાડે તે બધું પાછું કાઢે. એટલે જગત વેરવાળું છે. નિયમ એવો છે કે વેર રાખે, મહીં પરમાણુઓ સંગ્રહી રાખે માટે આપણે પૂરેપૂરો કેસ ઊંચે મૂકી દેવો.

## પ્રકૃતિ પ્રમાણે એડજસ્ટમેન્ટ ....

**પ્રશ્નકર્તા :** આપણે સામાને અબોલા તોડવા કહીએ કે મારી ભૂલ થઇ, હવે માફી માગું છું, તો ય પેલો વધારે ચગે તો શું કરવું ?

**દાદાશ્રી :** તો આપણે કહેવાનું બંધ કરવું. એને એવું કંઇક ઊંધું જ્ઞાન થઇ ગયું હોય કે-'બહુત નમે નાદાન.' ત્યાં પછી છેટા રહેવું. પછી જે હિસાબ થાય તે ખરો. પણ જેટલાં સરળ હોય ને ત્યાં તો ઉકેલ લાવી નાખવો. આપણે ઘરમાં કોણ કોણ સરળ છે અને કોણ કોણ વાંકું છે. એ ના સમજીએ ?

**પ્રશ્નકર્તા :** સામો સરળ ના હોય તો એની સાથે આપણે વ્યવહાર તોડી નાખવો?

**દાદાશ્રી :** ના તોડવો. વ્યવહાર તોડવાથી તૂટતો નથી. વ્યવહાર તોડવાથી તૂટે એવો છે ય નહીં. એટલે આપણે ત્યાં મૌન રહેવું કે કો'ક દહાડો ચીઢાશે એટલે આપણો હિસાબ પતી જશે. આપણે મૌન રાખીએ એટલે કો'ક દહાડો એ ચિઢાય ને જાતે જ બોલે કે 'તમે બોલતા નથી, કેટલા દહાડાથી મૂંગા ફરો છો !' આમ ચિઢાય એટલે આપણું પતી જશે, ત્યારે શું થાય તે ? આ તો જાતજાતનું લોખંડ હોય છે, અમને બધાં ઓળખાય. કેટલાંકને બહુ ગરમ કરીએ તો વળી જાય. કેટલાકને ભઠ્ઠીમાં મૂકવું પડે, પછી ઝટ બે હથોડા માર્યા કે સીધું થઇ જાય. આ તો જાત જાતનાં લોખંડ છે ! આમાં આત્મા એ આત્મા છે, પરમાત્મા છે અને લોખંડ એ લોખંડ છે. આ બધી ધાતુ છે.

## સરળતાથી યે ઉકેલ આવે !

**પ્રશ્નકર્તા :** આપણને ઘરમાં કોઇ વસ્તુનું ધ્યાન રહેતું ના હોય, ઘરનાં આપણને ધ્યાન રાખો, ધ્યાન રાખો કહેતા હોય, છતાં ના રહે તો તે વખતે શું કરવું ?

**દાદાશ્રી :** કશું ય નહીં. ઘરનાં કે, 'ધ્યાન રાખો, ધ્યાન રાખો.' ત્યારે આપણે કહેવું કે, 'હા, રાખીશું.' આપણે ધ્યાન રાખવાનું નક્કી કરવું. તેમ છતાં ધ્યાન ના રહ્યું ને કૂતરું પેસી ગયું ત્યારે કહીએ કે, 'મને ધ્યાન નથી રહેતું.' એનો ઉકેલ તો લાવવો પડે ને ? અમને ય કોઇએ ધ્યાન રાખવાનું સોંપ્યું હોય તો અમે ધ્યાન રાખીએ, તેમ છતાં ના રહ્યું તો કહી દઇએ કે, 'ભઇ, આ રહ્યું નહીં અમારાથી.'

એવું છે ને આપણે મોટી ઉંમરના છીએ એવો ખ્યાલ ના રહે તો કામ થાય. બાળક જેવી અવસ્થા હોય તો 'સમભાવે નિકાલ' સરસ થાય. અમે બાળક જેવા હોઇ એ. એટલે અમે જેવું હોય તેવું કહી દઇએ, આમે ય કહી દઇએ ને તેમે ય કહી દઇએ, બહુ મોટાઇ શું કરવાની ?



કસોટી આવે એ પુણ્યશાળી કહેવાય ! માટે ઉકેલ લાવવો, જક ના પકડવી. આપણે આપણી મેળે આપણો દોષ કહી દેવો. નહીં તો એ કહેતાં હોય ત્યારે આપણે ખુશ થવું કે, ઓહોહો, તમે અમારો દોષ જાણી ગયા ! બહુ સારું કર્યું ! તમારી બુદ્ધિ અમે જાણીએ નહીં.

## .... સામાનું સમાધાન કરાવો ને !

કોઇ ભૂલ હશે તો સામે કહેતો હશે ને ? માટે ભૂલ ભાંગી નાખો ને ! આ જગતમાં કોઇ જીવ કોઇને તકલીફ આપી શકે નહીં એવું સ્વતંત્ર છે, અને તકલીફ આપે છે તે પૂર્વે ડખલ કરેલી તેથી. તે ભૂલ ભાંગી નાખો પછી હિસાબ રહે નહીં.

'લાલ વાવટો' કોઇ ધરે તો સમજી જવું કે આમાં આપણી કંઇ ભૂલ છે. એટલે આપણે તેને પૂછવું કે, 'ભઇ, લાલ વાવટો કેમ ધરે છે ?' ત્યારે એ કહે કે, 'તમે આમ કેમ કર્યું હતું ?' ત્યારે આપણે એની માફી માગીએ ને કહીએ કે, 'હવે તો તું લીલો વાવટો ધરીશ ને ?' ત્યારે એ હા કહે.

અમને કોઇ લાલ વાવટો ધરતું જ નથી. અમે તો બધાંના લીલા વાવટા જોઇએ ત્યાર પછી આગળ હેંડીએ. કોઇ એક જણ લાલ વાવટો નીકળતી વખતે ધરે તો એને પૂછીએ કે, 'ભઇ તું કેમ લાલ વાવટો ધરે છે ?' ત્યારે એ કહે કે, 'તમે તો અમુક તારીખે જવાના હતા તે વહેલા કેમ જાવ છો ?' ત્યારે અમે એને ખુલાસો કરીએ કે, 'આ કામ આવી પડયું એટલે ના છૂટકે જવું પડે છે !' એટલે એ સામેથી કહે કે, 'તો તો તમે જાવ, જાવ કશો વાંધો નહીં.'

આ તો તારી જ ભૂલને લીધે લોક લાલ વાવટો ધરે છે, પણ જો તું એનો ખુલાસો કરું તો જવા દે. પણ આ તો કોઇ લાલ વાવટો ધરે એટલે અક્કરમી બૂમાબૂમ કરે, 'જંગલી, જંગલી અક્કલ વગરનાં, લાલ વાવટો ધરે છે ?' એમ ડફડાવે. અલ્યા, આ તો તેં નવું ઊભું કર્યું. કોઇ લાલ વાવટો ધરે છે માટે 'ધેર ઇઝ સમથીંગ રોંગ.' કોઇ એમને એમ લાલ વાવટો ધરે નહીં.

## *ઝઘડા, રોજ તે કેમ પોષાય ?!*

**દાદાશ્રી :** ઘરમાં ઝઘડા થાય છે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** 'માઈલ્ડ' થાય છે કે ખરેખરા થાય છે ?

**પ્રશ્નકર્તા :** ખરેખરા પણ થાય, પણ બીજે દિવસે ભૂલી જઈએ.

**દાદાશ્રી :** ભૂલી ના જાવ તો કરો શું ? ભૂલી જઈએ તો જ ફરી ઝઘડો થાય ને ? ભૂલ્યા ના હોઈએ તો ફરી ઝઘડો કોણ કરે ? મોટા મોટા બંગલામાં રહે છે, પાંચ જણ રહે છે, છતાં ઝઘડો કરે છે ! કુદરત ખાવાપીવાનું આપે છે ત્યારે લોક ઝઘડા કરે છે ! આ લોકો ઝઘડા, કલેશ-કંકાસ કરવામાં જ શૂરા છે.

જયાં લઢવાડ છે એ 'અંડરડેવલપ્ડ' પ્રજા છે. સરવૈયું કાઢતાં આવડતું નથી એટલે લઢવાડ થાય છે.

જેટલા મનુષ્યો છે તેટલા ધર્મ જુદા જુદા છે. પણ પોતાના ધર્મનું દેરું બાંધે કેવી રીતે ? બાકી ધર્મ તો દરેકના જુદા છે. ઉપાશ્રયમાં સામાયિક કરે તે ય દરેકની જુદી જુદી હોય. અરે, કેટલાક તો પાછળ રહ્યા રહ્યા કાંકરી માર્યા કરતા હોય, તે ય એની સામાયિક કરે ? આમાં ધર્મ રહ્યો નથી, મર્મ રહ્યો નથી. જો ધર્મે ય રહ્યો હોતને તો ઘરમાં ઝઘડા ના થાત. થાય તો તે મહિનામાં એકાદ વાર થાય. અમાસ મહિનામાં એક દહાડો જ આવે ને !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આ તો ત્રીસે ય દહાડા અમાસ. ઝઘડામાં શું મળતું હશે ?

**પ્રશ્નકર્તા :** નુકસાન મળે.

**દાદાશ્રી :** ખોટનો વેપાર તો કોઈ કરે જ નહીં ને ? કોઈ કહેતું નથી કે ખોટનો વેપાર કરો ! કંઈક નફો કમાતા તો હશે ને ?



**પ્રશ્નકર્તા :** ઝઘડામાં આનંદ આવતો હશે !

**દાદાશ્રી :** આ દુષમકાળ છે એટલે શાંતિ રહેતી નથી, તે બળેલો બીજાને બાળી મેલે ત્યારે એને શાંતિ થાય. કોઈ આનંદમાં હોય તે એને ગમે નહીં એટલે પલીતો ચાંપીને તે જાય ત્યારે એને શાંતિ થાય. આવો જગતનો સ્વભાવ છે. બાકી, જાનવરો ય વિવેકવાળાં હોય છે, એ ઝઘડતાં નથી. કૂતરાં ય છે તે પોતાના લત્તાવાળાં હોય તેમની સાથે અંદરોઅંદર ના લઢે, બહારના લત્તાવાળા આવે ત્યારે બધા ભેગાં મળીને લઢે. ત્યારે આ અક્કરમીઓ માંહ્યોમાંહ્ય લઢે છે ! આ લોકો વિવેકશૂન્ય થઈ ગયા છે !!

## *'ઝઘડાપ્રુફ' થઇ જવા જેવું !*

**પ્રશ્નકર્તા :** આપણે ઝઘડો ના કરવો હોય, આપણે કોઈ દહાડો ઝઘડો જ ના કરતા હાઈએ છતાં ઘરમાં બધા ઝઘડા સામેથી રોજ કર્યા કરે તો ત્યાં શું કરવું ?

**દાદાશ્રી :** આપણે 'ઝઘડાપ્રૂફ' થઈ જવું. 'ઝઘડાપ્રુફ' થઈએ તો જ આ સંસારમાં રહેવાશે. અમે તમને 'ઝઘડાપ્રૂફ' કરી આપીશું. ઝઘડો કરનારો ય કંટાળી જાય એવું આપણું સ્વરુપ હોવું જોઈએ. કોઈ 'વર્લ્ડ'માં ય આપણને 'ડિપ્રેસ' ના કરી શકે એવું જોઈએ. આપણે 'ઝઘડાપ્રૂફ' થઈ ગયા પછી ભાંજગડ જ નહીં ને ? લોકોને ઝઘડા કરવા હોય, ગાળો આપવી હોય તો ય વાંધો નહીં. અને છતાં ય નફ્ફટ કહેવાય નહીં, ઊલટી જાગૃતિ ખૂબ વધશે.

## *વૈરબીજમાંથી ઝઘડા ઉદ્ભવે !*

પૂર્વે જે ઝઘડા કરેલા તેનાં વેર બંધાય છે અને તે આજે ઝઘડા રૂપે ચૂકવાય છે. ઝઘડો થાય તે જ ઘડીએ વેરનું બીજ પડી જાય, તે આવતે ભવે ઊગશે.

**પ્રશ્નકર્તા :** તો એ બીજ કેવી રીતે દૂર થાય ?

**દાદાશ્રી :** ધીમે ધીમે 'સમભાવે નિકાલ' કર્યા કરો તો દૂર થાય. બહુ ભારે બીજ પડયું હોય તો વાર લાગે, શાંતિ રાખવી પડે. આપણું કશું કોઇ લઇ લેતું નથી. ખાવાનું બે ટાઇમ મળે, કપડાં મળે, પછી શું જોઇએ ?

ઓરડીને તાળું મારીને જાય, પણ આપણને બે ટાઇમ ખાવાનું મળે છે કે નથી મળતું એટલું જ જોવું. આપણને પૂરીને જાય તો ય કઇં નહીં, આપણે સૂઇ જઇએ. પૂર્વ ભવનાં વેર એવાં બંધાયેલાં હોય કે આપણને તાળામાં બંધ કરી ને જાય ! વેર ને પાછું અણસમજણથી બંધાયેલું ! સમજણવાળું હોય તો આપણે સમજી જઇએ કે આ સમજણવાળું છે, તો ય ઉકેલ આવી જાય. હવે અણસમજણનું હોય ત્યાં શી રીતે ઉકેલ આવે? એટલે ત્યાં વાતને છોડી દેવી.

## જ્ઞાન થકી, વૈરબીજ છૂટે !

હવે વેર બધાં છોડી નાખવાનાં. માટે કો'ક ફેરો અમારી પાસેથી 'સ્વરૂપજ્ઞાન' મેળવી લેજો એટલે બધાં વેર છૂટી જાય. આ ભવમાં ને આ ભવમાં જ બધાં વેર છોડી દેવાનાં, અમે તમને રસ્તો દેખાડીશું. સંસારમાં લોક કંટાળીને મોત શાથી ખોળે છે ? આ ઉપાધિઓ ગમે નહીં તેથી. વાત તો સમજવી પડશે ને ? કયાં સુધી મુશ્કેલીમાં પડી રહેશો ? આ તો જીવડાં જેવું જીવન થઇ ગયું છે. નર્યો તરફડાટ, તરફડાટ ને તરફડાટ! મનુષ્યમાં આવ્યા પછી તરફડાટ કેમ હોય ? જે બ્રહ્માંડનો માલિક કહેવાય તેની આ દશા ! આખું જગત તરફડાટમાં છે ને તરફડાટ ના હોય તો મૂર્છામાં હોય. આ બે સિવાય બહાર જગત નથી. અને તું જ્ઞાનઘન આત્મા થયો તો ડખો ગયો.

## જેવો અભિપ્રાય તેવી અસર !

**પ્રશ્નકર્તા :** ઢોલ વાગતું હોય તો, ચિઢિયાને ચિઢ ચઢી કેમ જાય છે?



**દાદાશ્રી :** એ તો માન્યું કે 'નથી ગમતું' તેથી. આ ઢોલ વગાડતી હોય તો આપણે કહેવું કે, 'ઓહોહો, ઢોલ બહુ સરસ વાગે છે !!' એટલે પછી મહીં કશું ના થાય. 'આ ખરાબ છે' એવો અભિપ્રાય આપ્યો એટલે મહીં બધી મશીનરી બગડે. આપણે તો નાટકીય ભાષામાં કહીએ કે 'બહુ સરસ ઢોલ વગાડયો.' એટલે મહીં અડે નહીં.

આ 'જ્ઞાન' મળ્યું છે એટલે બધું 'પેમેન્ટ' કરી શકાય. વિકટ સંયોગોમાં તો જ્ઞાન બહુ હિતકારી છે, જ્ઞાનનું 'ટેસ્ટિંગ' થઇ જાય. જ્ઞાનની રોજ 'પ્રેક્ટીસ' કરવા જાવ તો કશું 'ટેસ્ટિંગ' ના થાય. એ તો એક ફેરો વિકટ સંજોગ આવી જાય તો બધું 'ટેસ્ટેડ' થઇ જાય !

## આ સદ્‌વિચારણા, કેટલી સરસ !!

અમે તો એટલું જાણીએ કે આ ઝઘડયા પછી 'વાઇફ'ની જોડે વહેવાર જ ના માંડવાનો હોય તો જુદી વાત છે. પણ ફરી બોલવાનું છે તો પછી વચ્ચેની બધી જ ભાષા ખોટી છે. અમારે આ લક્ષમાં જ હોય કે બે કલાક પછી ફરી બોલવાનું છે, એટલે એની કચકચ ના કરીએ. આ તો તમારે અભિપ્રાય ફરી બદલવાનો ના હોય તો જુદી વાત છે. અભિપ્રાય આપણો બદલાય નહીં તો આપણું કરેલું ખરું છે. ફરી જો 'વાઇફ' જોડે બેસવાના જ ના હો તો ઝઘડયા એ ખરું છે. પણ આ તો આવતી કાલે ફરી જોડે બેસીને જમવાના છે. તો પછી કાલે નાટક કર્યું તેનું શું ? એ વિચાર કરવો પડે ને ? આ લોકો તલ શેકી શેકીને વાવે છે તેથી બધી મહેનત નકામી જાય છે ઝઘડા થતા હોય ત્યારે લક્ષમાં હોવું જોઇએ કે આ કર્મો નાચ નચાવે છે. પછી એ 'નાચ'નો જ્ઞાનપૂર્વક ઉકેલ લાવવો જોઇએ.

**પ્રશ્નકર્તા :** દાદા, આ તો ઝઘડા કરનાર બન્ને જણાએ સમજવું જોઇએ ને ?

**દાદાશ્રી :** ના આ તો 'સબ સબ કી સમાલો.' આપણે સુધરીએ તો સામેવાળો સુધરે. આ તો વિચારણા છે, ને ઘડી પછી જોડે બેસવાનું

છે તો પછી કકળાટ શાને ? શાદી કરી છે તો કકળાટ શાને ? તમારે ગઇકાલનું ભુલાઇ ગયું હોય ને અમને તો બધી જ વસ્તુ 'જ્ઞાન'માં હાજર હોય. જો કે આ તો સદ્‌વિચારણા છે તે 'જ્ઞાન' ના હોય તેને પણ કામ આવે. આ અજ્ઞાનથી માને છે કે એ ચઢી વાગશે. કોઇ અમને પૂછે તો અમે કહીએ કે, 'તું ય ભમરડો ને એ ય ભમરડો તે શી રીતે ચઢી વાગશે ? એ કંઇ એના તાબામાં છે ?' તે એ 'વ્યવસ્થિત'ના તાબામાં છે. અને વાઈફ ચઢીને કયાં ઉપર બેસવાની છે ? તમે જરા નમતું આપો એટલે એ બિચારીના મનમાં ય ઓરિયો પૂરો થાય કે હવે ધણી મારા કાબૂમાં છે ! એટલે સંતોષ થાય એને.

## શંકા, એ ય વઢવાડનું કારણ !

ઘરમાં મોટા ભાગની વઢવાડો અત્યારે શંકાથી ઊભી થઇ જાય છે આ કેવું છે કે શંકાથી સ્પંદનો ઊડે ને એ સ્પંદનોના ભડકા જાગે. અને જો નિઃશંક થાય ને તો ભડકા એની મેળે શમી જાય. ધણી-ધણિયાણી બેઉ શંકાવાળાં થાય તો પછી ભડકા શી રીતે શમે ? એકને તો નિઃશંક થયે જ છૂટકો. માબાપની વઢવાડોથી બાળકોના સંસ્કાર બગડે. માટે બાળકોના સંસ્કાર ના બગડે એટલા માટે બન્ને જણાએ સમજીને નિકાલ લાવવો જોઇએ. આ શંકા કાઢે કોણ ? આપણું 'જ્ઞાન' તો સંપૂર્ણ નિઃશંક બનાવે તેવું છે ! આત્માની અનંત શક્તિઓ છે !!

## એવી વાણીને નભાવી લઇએ !

આ ટીપોય વાગે તો આપણે તેને ગુનેગાર નથી ગણતા. પણ બીજું મારે તો તેને ગુનેગાર ગણે. કૂતરું આપણને મારે નહીં ને ખાલી ભસભસ કરે તો આપણે તેને ચલાવી લઇએ છીએ ને જો માણસ હાથ ઉપાડતો ના હોય ને એકલું ભસભસ કરે તો નભાવી લેવું ના જોઇએ ! ભસ એટલે 'ટુ સ્પીક.' 'બાર્ક' એટલે ભસવું. 'આ બૈરી બહુ ભસ્યા કરે છે' એવું બોલે છે ને ? આ વકીલો ય કોર્ટમાં ભસતા નથી ? પેલો જજ બેઉને ભસતા જોયા કરે ! આ વકીલો નિર્લેપતાથી ભસે છે ને ? કોર્ટમાં તો સામસામી



'તમે આવા છો, તમે તેવા છો, તમે અમારા અસીલ પર આમ જુઠ્ઠા આરોપ કરો છો' ભસે. આપણને એમ લાગે છે કે આ બેઉ બહાર નીકળીને મારંમારા કરશે. પણ બહાર નીકળ્યા પછી જોઇએ તો બેઉ જોડે બેસીને ટેસ્ટથી ચા પીતા હોય !

**પ્રશ્નકર્તા :** એ 'ડ્રામેટિક' લઢ્યા કહેવાય ?

**દાદાશ્રી :** ના. એ પોપટમસ્તી કહેવાય. 'ડ્રામેટિક' તો 'જ્ઞાની પુરુષ' સિવાય કોઇને આવડે નહીં. પોપટો મસ્તી કરે તો આપણે ગભરાઇ જઇએ કે બેઉ હમણાં મરી જશે, પણ ના મરે. એ તો અમથા અમથા ચાંચો માર્યા કરે, કોઇને વાગે નહીં એવી ચાંચો મારે.

અમે વાણીને 'રેકર્ડ કહી છે ને ? 'રેકર્ડ' વાગ વાગ કરતી હોય કે 'મણિમાં અક્કલ નથી. મણિમાં અક્કલ નથી.' ત્યારે આપણે ય ગાવા લાગવું કે 'મણિમાં અક્કલ નથી'.

## મમતાના આંટા, ઉકેલાય કઇ રીતે ?

આખો દહાડો કામ કરતાં કરતાં ય ધણીનું પ્રતિક્રમણ કર્યા કરવાનું. એક દહાડામાં છ મહિનાનું વેર કપાઇ જાય, અને અર્ધો દહાડો થાય તો માનો ને ત્રણ મહિના તો કપાઇ જાય છે ! પરણ્યા પહેલાં ધણી જોડે મમતા હતી ? ના. તો મમતા ક્યારથી બંધાઇ? લગ્ન વખતે ચોરીમાં સામસામી બેઠા એટલે તે નક્કી કર્યું કે આ મારા ધણી આવ્યા, જરા જાડા છે ને શામળા છે આ પછી એમણે ય નક્કી કર્યું કે આ અમારાં ધણિયાણી આવ્યા. ત્યારથી 'મારા, મારા'ના જે આંટા વાગ્યા તે આંટા વાગ વાગ કરે છે. તે પંદર વર્ષની આ ફિલ્મ છે તેને 'ન હોય મારા, ન હોય મારા.' કરીશ ત્યારે એ આંટા ઉકેલાશે ને મમતા તૂટશે. આ તો લગ્ન થયા ત્યારથી અભિપ્રાયો ઊભા થયા, 'પ્રેજ્યુડિસ' ઊભો થયો કે 'આ આવા છે, તેવા છે.' તે પહેલાં કંઇ હતું ? હવે તો આપણે મનમાં નક્કી કરવું કે, 'જે છે તે આ છે.' અને આપણે જાતે પસંદ કરીને લાવ્યા છીએ. હવે કાંઇ ધણી બદલાય ?

## બધે જ ફસામણ ! ક્યાં જવું ?

જેનો રસ્તો નથી એને શું કહેવાય ? જેનો રસ્તો ના હોય તેની કાણ-મોકાણ ના કરાય. આ ફરજિયાત જગત છે ! ઘરમાં વહુનો કલેશવાળો સ્વભાવ ના ગમતો હોય, મોટાભાઇનો સ્વભાવ ના ગમતો હોય, આ બાજુ બાપુજીનો સ્વભાવ ના ગમતો હોય, તેવા ટોળામાં માણસ ફસાઇ જાય તો ય રહેવું પડે. ક્યાં જાય તે ? આ ફસામણનો કંટાળો આવે, પણ જવું ક્યાં ? ચોગરદમની વાડો છે. સમાજની વાડો હોય, 'સમાજ મને શું કહેશે ?' સરકારની ય વાડો હોય. જો કંટાળીને જળસમાધિ લેવા જુહુના કિનારે જાય તો પોલીસવાળા પકડે. 'અલ્યા, ભઇ મને આપઘાત કરવા દે ને નિરાંતે, મરવા દે ને નિરાંતે !' ત્યારે એ કહે, 'ના. મરવા ય ના દેવાય. અહીં આગળ તેં આપઘાત કરવાના પ્રયાસનો ગુનો કર્યો માટે તને જેલમાં ઘાલીએ છીએ !' મરવા ય નથી દેતા ને જીવવા ય નથી દેતા, આનું નામ સંસાર ! માટે રહો ને નિરાંતે.... અને સિગારેટ પીને સૂઇ ના રહેવું ? ! આવું છે ફરજિયાત જગત ! મરવા ય ના દે ને જીવવા ય ના દે.

માટે જેમ તેમ કરીને 'એડજસ્ટ' થઇને ટાઇમ પસાર કરી નાખવો એટલે દેવું વળી જાય. કોઇનું પચ્ચીસ વર્ષનું, કોઇનું પંદર વર્ષનું, કોઇનું ત્રીસ વર્ષનું, ના છૂટકે ય આપણે દેવું પૂરું કરવું પડે. ના ગમે તો ય એની એ જ ઓરડીમાં જોડે રહેવું પડે. અહીં પથારી બઇસાહેબની ને અહીં પથારી ભાઇસાહેબની ! મોઢાં વાંકાં ફેરવીને સૂઇ જાય તો ય વિચારમાં તો બઇસાહેબને ભાઇસાહેબ જ આવે ને ! છૂટકો નથી. આ જગત જ આવું છે. એમાં ય આપણને એ એકલાં નથી ગમતાં એવું નથી, એમને ય પાછા આપણે ના ગમતા હોઇએ ! એટલે આમાં મઝા કાઢવા જેવું નથી.

આ સંસારની ઝંઝટમાં વિચારશીલને પોષાય નહીં. જે વિચારશીલ નથી તેને તો આ ઝંઝટ છે એની ય ખબર પડતી નથી, એ જાડું ખાતું કહેવાય. જેમ કાને બહેરો માણસ હોય તેની આગળ તેની ગમે તેટલી ખાનગી વાતો કરીએ એનો શું વાંધો ? એવું અંદરે ય બહેરું હોય છે



બધું એટલે એને આ જંજાળ પોષાય, બાકી જગતમાં મઝા ખોળવા માગે તે આમાં તો વળી કંઇ મઝા હોતી હશે ?

## પોલંપોલ, ક્યાં સુધી ઢાંકવી ?!

આ તો બધું બનાવટી જગત છે ! ને ઘરમાં કકળાટ કરી, રડી અને પછી મોઢું ધોઇને બહાર નીકળે !! આપણે પૂછીએ, 'કેમ ચંદુભાઈ ?' ત્યારે એ કહે, 'બહુ સારું છે.' અલ્યા, તારી આંખમાં તો પાણી છે, મોઢું ધોઇને આવ્યો હોય. પણ આંખ તો લાલ દેખાય ને ? એના કરતાં કહી નાખ ને કે મારે ત્યાં આ દુઃખ છે. આ તો બધા એમ જાણે કે બીજાને ત્યાં દુઃખ નથી, મારે ત્યાં જ છે. ના, અલ્યા બધા જ રડયા છે. એકે એક ઘેરથી રડીને મોઢાં ધોઇને બહાર નીકળ્યા છે. આ ય એક અજાયબી છે ! મોઢાં ધોઇને શું કામ નીકળો છો ? ધોયા વગર નીકળો તો લોકોને ખબર પડે કે આ સંસારમાં કેટલું સુખ છે ?! હું રડતો બહાર નીકળું, તું રડતો બહાર નીકળે, બધા રડતા બહાર નીકળે એટલે ખબર પડી જાય કે આ જગત પોલું જ છે. નાની ઉંમરમાં બાપા મરી ગયા તે સ્મશાનમાં રડતા રડતા ગયા ! પાછા આવીને નહાયા એટલે કશું જ નહીં !! નહાવાનું આ લોકોએ શીખવાડેલું, નવડાવી-ધોવડાવીને ચોખ્ખો કરી આલે ! એવું આ જગત છે ! બધા મોઢાં ધોઇને બહાર નીકળેલા, બધા પાકા ઠગ. એના કરતાં ખુલ્લું કર્યું હોય તો સારું.

આપણા 'મહાત્માઓ'માંથી કોઇક જ મહાત્મા ખુલ્લું કરી દે કે, 'દાદા, આજે તો બૈરીએ મને માર્યો !' આટલી બધી સરળતા શેને લીધે આવી ? આપણા જ્ઞાનને લીધે આવી. 'દાદા'ને તો બધી જ વાત કહેવાય. આવી સરળતા આવી ત્યાંથી જ મોક્ષે જવાની નિશાની થઇ. આવી સરળતા હોય નહીં ને ? મોક્ષે જવા માટે સરળ જ થવાનું છે. આ બહાર તો ધણી ચીટ-ચીટ કર્યા કરે. બૈરીનો માર પોતે ખાતો હોય તો ય બહાર કહે કે, 'ના, ના, એ તો મારી દીકરીને મારતી હતી !' અલ્યા, મેં જાતે તને મારતાં જોયું હતું ને ? આનો શો અર્થ ? 'મિનિંગલેસ.' એના કરતાં સાચેસાચું કહી દે ને ! આત્માને ક્યાં મારવાનું છે ? આપણે આત્મા છીએ, મારશે તો દેહને મારશે. આપણા આત્માનું તો કોઇ અપમાને ય

કરી ના શકે. કારણ કે 'આપણને' એ દેખે તો અપમાન કરે ને ? દેખ્યા વગર શી રીતે અપમાન કરે ? દેહને તો આ ભેંસ નથી મારી જતી ? ત્યાં નથી કહેતા કે આ ભેંસે મને મારી ? આ ભેંસ કરતાં ઘરનાં બઇ મોટાં નહીં ? એમાં શું ? શેની આબરૂ જવાની છે ? આબરૂ છે જ ક્યાં તે ? આ જગતમાં કેટલા જીવો રહે છે ? કોઇ લૂગડાં પહેરે છે ? આબરૂવાળા કપડાં પહેરે જ નહીં. જેને આબરૂ નહીં તે કપડાં પહેરી આબરૂ ઢાંક ઢાંક કરે, જંયાથી ફાટે ત્યાંથી સાંધ સાંધ કરે. કોઇ જોઇ જશે, કોઇ જોઇ જશે ! અલ્યા, સાંધી સાંધીને કેટલા દહાડા આબરૂ રાખીશ ? સાંધેલી આબરૂ રહે નહીં. આબરૂ તો જયાં નીતિ છે, પ્રમાણિકતા છે, દયા છે, લાગણી છે, 'ઓબ્લાઈઝિંગ નેચર' છે, ત્યાં છે.

## .... આમ ફસામણ વધતી ગઈ !

આ રોટલા ને શાક માટે શાદી કરવાની. ધણી જાણે કે હું કમાઇ લાવું, પણ આ ખાવાનું કરી કોણ આપે ? બાઇ જાણે કે હું રોટલા બનાવું ખરી, પણ કમાવી કોણ આપે? એમ કરીને બેઉ પરણ્યાં, ને સહકારી મંડળી કાઢી. પછી છોકરાં ય થવાનાં. એક દૂધીનું બી વાવ્યુ, પછી દૂધિયાં બેસ્યા કરે કે ના બેસ્યા કરે ? વેલાને પાંદડે પાંદડે દૂધિયાં બેસે, એવું આ માણસો પણ દૂધિયાંની પેઠ બેસ્યા કરે છે. દૂધી એમ નથી બોલતી કે મારાં દૂધિયાં છે. આ મનુષ્યો એકલા જ બોલે કે આ મારાં દૂધિયાં છે. આ બુદ્ધિનો દુરુપયોગ કર્યો, બુદ્ધિ ઉપર નિર્ભર રહી તેથી મનુષ્ય જાતિ નિરાશ્રિત કહેવાઈ. બીજા કોઇ જીવ બુદ્ધિ પર નિર્ભર નથી. એટલે એ બધાં આશ્રિત કહેવાય, આશ્રિતને દુઃખ ના હોય. આમને જ દુઃખ બધું હોય !

આ વિકલ્પી સુખો માટે ભટકભટક કરે છે, પણ બૈરી સામી થાય ત્યારે એ સુખની ખબર પડે કે આ સંસાર ભોગવવા જેવો નથી. પણ આ તો તરત જ મૂર્છિત થઇ જાય ! મોહનો આટલો બધો માર ખાય છે, તેનું ભાન પણ રહેતું નથી.

બીબી રીસાયેલી હોય ત્યાં સુધી 'યા અલ્લાહ પરવર દિગાર' કરે અને બીબી બોલવા આવી એટલે મિયાંભાઇ તૈયાર ! પછી અલ્લાહ ને બીજું બધું બાજુએ રહે ! કેટલી મૂંઝવણ !! એમ કાંઇ દુઃખ મટી જવાનાં છે ? ઘડીવાર તું અલ્લાહ પાસે જાય તો કંઇ દુઃખ મટી જાય ? જેટલો વખત ત્યાં રહું એટલો વખત મહીં સળગતું બંધ થઈ જાય જરા, પણ પછી પાછી કાયમની સગડી સળગ્યા જ કરવાની. નિરંતર પ્રગટ અગ્નિ કહેવાય, ઘડીવાર પણ શાતા ના હોય ! જ્યાં સુધી શુદ્ધાત્મા સ્વરુપ પ્રાપ્ત ના થાય, પોતાની દૃષ્ટિમાં 'હું શુદ્ધ સ્વરુપ છું.' એવું ભાન ના થાય ત્યાં સુધી સગડી સળગ્યા જ કરવાની. લગ્નમાં પણ દીકરી પરણાવતા હોય તો ય મહીં સળગ્યા કરતું હોય ! નિરંતર બળાપો રહે ! સંસાર એટલે શું ? જંજાળ. આ દેહ વળગ્યો છે તે ય જંજાળ છે ! જંજાળનો તે વળી શોખ હોતો હશે ? આનો શોખ લાગે છે એ ય અજાયબી છે ને ! માછલાંની જાળ જુદી ને આ જાળ જુદી ! માછલાંની જાળમાંથી કાપી કરીને નીકળાય પણ ખરું, પણ આમાંથી નીકળાય જ નહીં. ઠેઠ નનામી નીકળે ત્યારે નીકળાય !



## .... એને તો 'લટકતી સલામ' !

આમાં સુખ નથી એ સમજવું તો પડશે ને ? ભાઇઓ અપમાન કરે, બઇસાહેબ પણ અપમાન કરે, છોકરાં અપમાન કરે ! આ તો બધો નાટકીય વ્યવહાર છે, બાકી આમાંથી કોઇ સાથે ઓછા આવવાના છે ?

તમે પોતે શુધ્ધાત્મા ને આ બધા વ્યવહારો ઉપરછલ્લા એટલે કે 'સુપરફ્લુઅસ' કરવાનો છે. પોતે 'હોમ ડિપાર્ટમેન્ટ'માં રહેવું અને 'ફોરેન'માં 'સુપરફ્લુઅસ' રહેવું. 'સુપરફ્લુઅસ' એટલે તન્મયાકાર વૃત્તિ નહીં તે, 'ડ્રામેટિક' તે. ખાલી આ 'ડ્રામા' જ ભજવવાનો છે. 'ડ્રામા'માં ખોટ ગઇ તો પણ હસવાનું ને નફો આવે તો પણ હસવાનું. 'ડ્રામા'માં દેખાવ પણ કરવો પડે, ખોટ ગઇ હોય તો તેવો દેખાવ કરવો પડે ! મોઢે બોલીએ ખરા કે બહુ નુકસાન થયું, પણ મહીં તન્મયાકાર ના થઈએ. આપણે 'લટકતી સલામ' રાખવાની. ઘણા નથી કહેતા કે ભઇ, મારે તો આની જોડે 'લટકતી સલામ ' જેવો સંબંધ છે ? ! એવી જ રીતે આખા જગત જોડે રહેવાનું. જેને 'લટકતી સલામ' આખા જગત જોડે આવડી એ જ્ઞાની થઇ ગયો. આ દેહ જોડે પણ 'લટકતી સલામ !' અમે

નિરંતર બધા જોડે 'લટકતી સલામ' રાખીએ છીએ તો ય બધા કહે કે, 'તમે અમારા પર બહુ સારો ભાવ રાખો છો.' હું વ્યવહાર બધાં ય કરું છું પણ આત્મામાં રહીને.

**પ્રશ્નકર્તા :** ઘણીવાર મોટી વઢવાડ ઘરમાં થઇ જાય છે તો શું કરવું ?

**દાદાશ્રી :** ડાહ્યો માણસ હોય ને તો લાખ રુપિયા આપે તો ય વઢવાડ ના કરે ! ને આ તો વગર પૈસે વઢવાડ કરે, તો એ અનાડી નહીં તો શું ? ભગવાન મહાવીરને કર્મો ખપાવવા સાઠ માઇલ ચાલીને અનાર્ય ક્ષેત્રમાં જવું પડેલું, ને આજના લોક પુણ્યશાળી તે ઘેર બેઠા અનાર્ય ક્ષેત્ર છે ! કેવાં ધન્ય ભાગ્ય ! આ તો અત્યંત લાભદાયી છે કર્મો ખપાવવા માટે, જો પાંસરો રહે તો.

## કલાકનો ગુનો, દંડ જિંદગી આખી !

એક કલાક નોકરને, છોકરાને કે બઇ ને ટૈડકાવ ટૈડકાવ કર્યાં હોય તો પછી એ ધણી થઈને કે સાસુ થઇ ને તમને આખી જિંદગી કચડ કચડ કરશે ! ન્યાય તો જોઇએ કે ના જોઇએ ? આ ભોગવવાનું છે. તમે કોઇને દુઃખ આપશો તો દુઃખ તમારે માટે આખી જિંદગીનું આવશે, એક જ કલાક દુઃખ આપો તો તેનું ફળ આખી જિંદગી મળશે. પછી બૂમો પાડો કે 'વહુ મને આમ કેમ કરે છે ?' વહુને એમ થાય કે 'આ ધણી જોડે મારાથી આમ કેમ થાય છે ?' એને પણ દુઃખ થાય, પણ શું થાય ? પછી મેં તેમને પૂછ્યું કે 'વહુ તમને ખોળી લાવી હતી કે તમે વહુને ખોળી લાવ્યા હતા !' ત્યારે એ કહે કે, 'હું ખોળી લાવ્યા હતો.' ત્યારે એનો શો દોષ બિચારીનો ? લઇ આવ્યા પછી અવળું નીકળે, એમા તે શું કરે ? ક્યાં જાય પછી ? કેટલીક સ્ત્રી તો પતિને મારે હઉ. પતિવ્રતા સ્ત્રીને તો આવું સાંભળતાં જ પાપ લાગે કે આવું બૈરી ધણીને મારે !

**પ્રશ્નકર્તા :** જો પુરુષ માર ખાય તો તે બાયલો કહેવાય ને ?

**દાદાશ્રી :** એવું છે, માર ખાવો એ કાંઇ પુરુષની નબળાઇ નથી.



પણ એના આ ઋણાનુબંધ એવા હોય છે, બૈરી દુઃખ દેવા માટે જ આવેલી હોય છે તે હિસાબ ચૂકવે જ.

## ગાંડો અહંકાર, તો વઢવાડ કરાવે !

સંસારમાં વઢવાની વાત જ ના કરવી, એ તો રોગ કહેવાય. વઢવું એ અહંકાર છે, ખુલ્લો અહંકાર છે, એ ગાંડો અહંકાર કહેવાય, મનમાં એમ માને કે 'મારા વગર ચાલશે નહીં.' કોઇને વઢવામાં તો આપણને ઊલટો બોજો લાગે, નર્યું માથું પાકી જાય. વઢવાનો કોઇને શોખ હોય ખરો ?

ઘરમાં સામા પૂછે, સલાહ માગે તો જ જવાબ આપવો. વગર પૂછયે સલાહ આપવા બેસી જાય એને ભગવાને અહંકાર કહ્યો છે. ધણી પૂછે કે, 'આ પ્યાલા ક્યાં મૂકવાના છે ?' તો બઇ જવાબ આપે કે, 'ફલાણી જગ્યાએ મૂકો.' તે આપણે ત્યાં મૂકી દેવા. તેને બદલે એ કહે કે, 'તને અક્કલ નથી, ક્યાં મૂકવાનું તું કહે છે ? એટલે બઇ કહે કે, 'તમારી અક્કલથી મૂકો.' હવે આનો ક્યાં પાર આવે ? આ સંયોગોની અથડામણ છે ! તે ભમરડા ખાતી વખતે, ઊઠતી વખતે અથડાયા જ કરે ! ભમરડા પછી ટીચાય છે ને છોલાય છે ને લોહી નીકળે છે !! આ તો માનસિક લોહી નીકળવાનું ને ! પેલું લોહી નીકળતું હોય તો તે સારું. પટ્ટી મારીએ એટલે બેસી જાય. આ માનસિક ઘા પર તો પટ્ટી ય ના લાગે કોઇ !

## એવી વાણી બોલવા જેવી નહીં !

ઘરમાં કોઇને કાંઇ કહેવું એ મોટામાં મોટો અહંકારનો રોગ છે. પોતપોતાનો હિસાબ લઇને જ આવ્યા છે બધાં ! સહુ સહુની દાઢી ઊગે છે, આપણે કોઇને કહેવું નથી પડતું કે દાઢી કેમ ઉગાડતો નથી ? એ તો એને ઊગે જ. સહુ સહુની આંખે જુએ છે, સહુ સહુના કાને સાંભળે છે ! આ ડખો કરવાની શી જરુરત છે ? એક અક્ષર પણ બોલશો નહીં. એટલા માટે અમે આ 'વ્યવસ્થિત'નું જ્ઞાન આપીએ છીએ. અવ્યવસ્થિત

ક્યારે પણ થતું જ નથી. અવ્યવસ્થિત દેખાય છે તે પણ 'વ્યવસ્થિત' જ છે એટલે વાત જ સમજવાની છે. કો'ક ફેરો પતંગ ગુલાંટ ખાય ત્યારે દોરો ખેંચી લેવાનો છે. દોરો હવે આપણા હાથમાં છે. જેના હાથમાં દોરી નથી એની પતંગ ગુલાંટ ખાય, તે શું થાય ? દોરી હાથમાં છે નહીં ને બૂમાબૂમ કરે છે કે મારી પતંગે ગુલાંટ ખાધી !

ઘરમાં અક્ષરે ય બોલ બોલવાનું બંધ કરો. 'જ્ઞાની' સિવાય કોઈથી બોલ બોલાય નહીં. કારણ કે 'જ્ઞાની'ની વાણી કેવી હોય ? પરેચ્છાનુસારી હોય, બીજાઓની ઈચ્છાને આધારે એ બોલે છે. એમને શા માટે બોલવું પડે ? એમની વાણી તો બીજાઓની ઈચ્છા પૂર્ણ થવા માટે નીકળે છે. અને બીજા બોલે તે પહેલાં તો બધાંનું મહીં હાલી જાય, ભયંકર પાપ લાગે, સહેજે બોલાય નહીં. સહેજ પણ બોલો તો તેને કચકચ કહેવાય. બોલ તો કોનું નામ કહેવાય કે સાંભળ સાંભળ કરવાનું મન થાય, વઢે તો ય એ સાંભળવાનું ગમે. આ તો જરાક બોલે તે પહેલાં જ છોકરાં કહે કે, 'કાકા, હવે કચકચ કરવાની રહેવા દો. વગર કામના ડખો કરો છો.' વઢેલું ક્યારે કામનું ? પૂર્વગ્રહ ના હોય તો. પૂર્વગ્રહ એટલે મનમાં યાદ હોય જ કે ગઈકાલે આણે આમ કર્યું હતું ને આમ વઢ્યો હતો, તે આ આવો જ છે. ઘરમાં વઢે એને ભગવાને મૂર્ખ કહ્યો છે. કોઈને દુઃખ આપીએ તો ય નર્કે જવાની નિશાની છે.

## સંસાર નભાવવાના સંસ્કાર - ક્યાં ?!

મનુષ્ય સિવાય બીજા કોઈ ધણીપણું નથી બજાવતા. અરે આજ-કાલ તો 'ડાયવોર્સ' લે છે ને ? વકીલને કહે કે, ''તને હજાર, બે હજાર રૂપિયા આપીશ, મને 'ડાયવોર્સ' અપાવી દે.'' તે વકીલે ય કહેશે કે, 'હા, અપાવી દઈશ.' અલ્યા, તું લઈ લે ને 'ડાયવોર્સ'. બીજાને શું અપાવવા નીકળ્યા છો ?

પહેલાંના વખતનાં એક ડોશીમાની વાત છે. તે કાકાની સરવણી કરતાં હતાં. 'તારા કાકાને આ ભાવતું હતું, તે ભાવતું હતું.' એમ કરી કરીને ખાટલામાં વસ્તુઓ મૂકતાં હતા. મેં તેમને કહ્યું, 'કાકી ! તમે તો



કાકા જોડે રોજ લઢતાં હતાં. કાકા ય તમને ઘણી વાર મારતા હતા. તો આ શું ?' ત્યારે કાકી કહે, 'પણ તારા કાકા જેવા ધણી મને ફરી નહીં મલે !' આ આપણા હિંદુસ્તાનના સંસ્કાર !

ધણી કોને કહેવાય ? સંસારને નભાવે તેને. પત્ની કોને કહેવાય ? સંસારને નભાવે તેને. સંસારને તોડી નાખે એને પત્ની કે ધણી કેમ કહેવાય ? એણે તો એના ગુણધર્મ જ ખોઈ નાખ્યા કહેવાય ને ? 'વાઈફ' પર રીસ ચઢે તો આ માટલી ઓછી ફેંકી દેવાય? કેટલાક કપ-રકાબી ફેંકી દે ને પછી નવા લઈ આવે ! અલ્યા, નવા લાવવા હતા તો ફોડયા શું કામ ? ક્રોધમાં અંધ બની જાય તે હિતાહિતનું ભાન પણ ગુમાવી દે .

આ લોક તો ધણી થઈ બેઠા છે. ધણી તો એવો હોવો જોઈએ કે બઈ આખો દહાડો ધણીનું મોઢું જોયા કરે.

**પ્રશ્નકર્તા :** પરણ્યા પહેલાં બહુ જુએ છે.

**દાદાશ્રી :** એ તો જાળ નાખે છે. માછલું એમ જાણે કે આ બહુ સારા દયાળુ માણસ છે તે મારું કામ થઈ ગયું. પણ એક વખત ખાઈ તો જો, કાંટો પેસી જશે. આ તો ફસામણવાળું છે બધું !

## આમાં પ્રેમ જેવું ક્યાં રહ્યું ?

ઘરના જોડે નફો થયો ક્યારે કહેવાય કે ઘરનાને આપણા ઉપર પ્રેમ આવે, આપણા વગર ગમે નહીં ને ક્યારે આવે, ક્યારે આવે એવું રહ્યા કરે.

લોકો પરણે છે પણ પ્રેમ નથી, આ તો માત્ર વિષયાસક્તિ છે. પ્રેમ હોય તો ગમે તેટલો એકબીજામાં વિરોધાભાસ આવે છતાં પ્રેમ ના જાય. જ્યાં પ્રેમ ના હોય તે આસક્તિ કહેવાય. આસક્તિ એટલે સંડાસ ! પ્રેમ તો પહેલાં એટલો બધો હતો કે ધણી પરદેશ ગયો હોય ને તે પાછો ના આવે તો આખી જિંદગી એનું એમાં જ ચિત્ત રહે, બીજા કોઈ સાંભરે જ નહીં. આજે તો બે વરસ ધણી ના આવે તો બીજો ધણી કરે ! આને પ્રેમ કહેવાય ? આ તો સંડાસ છે, જેમ સંડાસ બદલે છે તેમ ! જે ગલન છે

તેને સંડાસ કહેવાય. પ્રેમમાં તો અર્પણતા હોય.

પ્રેમ એટલે લગની લાગે તે અને તે આખો દહાડો યાદ આવ્યા કરે. શાદી બે રૂપે પરિણામ પામે, કોઈ વખત આબાદીમાં જાય તો કોઈ વખત બરબાદીમાં જાય. પ્રેમ બહુ ઉભરાય તે પાછો બેસી જાય. જે ઉભરાય છે તે આસક્તિ છે. માટે જ્યાં ઉભરાય તેનાથી દૂર રહેવું. લગની તો આંતરિક હોવી જોઈએ. બહારનું ખોખું બગડી જાય, કહોવાઈ જાય તો ય પ્રેમ એટલો ને એટલો જ રહે. આ તો હાથ દઝાયો હોય ને આપણે કહીએ કે 'જરા ધોવડાવો.' તો ધણી કહેશે કે, 'ના મારાથી નથી જોવાતું !' અલ્યા, તે દહાડે તો હાથ પંપાળ પંપાળ કરતો હતો, ને આજે કેમ આમ ? આ ઘૃણા કેમ ચાલે ? જ્યાં પ્રેમ છે ત્યાં ઘૃણા નથી ને જ્યાં ઘૃણા છે ત્યાં પ્રેમ નથી. સંસારી પ્રેમ પણ એવો હોવો જોઈએ કે જે એકદમ ઓછો ના થઈ જાય કે એકદમ વધી પણ ના જાય. 'નોર્માલિટીમાં હોવો જોઈએ.' જ્ઞાનીનો પ્રેમ તો ક્યારે પણ વધઘટ ના થાય. એ પ્રેમ તો જુદો જ હોય, એને પરમાત્મપ્રેમ કહેવાય.

## *નોર્માલિટી, શીખવા જેવી !*

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં 'નોર્માલિટી'ની ઓળખાણ શું ?

**દાદાશ્રી :** બધા કહેતા હોય કે 'તું મોડી ઊઠે છે. મોડી ઊઠે છે.' તો આપણે ના સમજી જઈએ કે આ 'નોર્માલિટી' ખોવાઈ ગઈ છે ? રાત્રે અઢી વાગે ઊઠીને તું ફરફર કરે તો બધા ના કહે કે, 'આટલા બધા વહેલા શું ઊઠો છો ? આ પણ 'નોર્માલિટી' ખોઈ નાખી કહેવાય. 'નોર્માલિટી' તો બધાંને 'એડજેસ્ટ' થઈ જાય એવી છે. ખાવામાં પણ 'નોર્માલિટી' જોઈએ, જો પેટમાં વધારે નાખ્યું હોય તો ઊંઘ આવ્યા કરે. અમારી ખાવાપીવાની બધી જ 'નોર્માલિટી' જોજો. સૂવાની, ઊઠવાની બધી જ અમારી 'નોર્માલિટી' હોય. જમવા બેસીએ ને થાળીમાં પાછળથી બીજી મીઠાઈ મૂકી જાય તો હું હવે આમાંથી થોડુંક લઉં ,હું પ્રમાણફેર થવા ના દઉં. હું જાણું કે આ બીજું આવ્યું માટે શાક કાઢી નાખો. તમારે આટલું બધું કરવાની જરુર નહીં. તમારે તો મોડું ઉઠાતું હોય તો બોલ બોલ કરવું



કે આ 'નોર્માલિટી'માં નથી રહેવાતું. એટલે આપણે તો મહીં પોતાને જ ટકોર મારવી કે 'વહેલું ઊઠવું જોઈએ.' તે ટકોર ફાયદો કરશે. આને જ પુરુષાર્થ કહ્યો છે. રાત્રે ગોખ ગોખ કરે કે 'વહેલું ઊઠવું છે, વહેલું ઊઠવું છે.' મારી મચકોડીને વહેલા ઊઠવાનો પ્રયત્ન કરે, એનાથી તો મગજ બગડશે.

## *... શક્તિઓ કેટલી ડાઉન ગઈ !*

**પ્રશ્નકર્તા :** 'પતિ એ જ પરમાત્મા છે' એ શું ખોટું છે ?

**દાદાશ્રી :** આજના પતિઓને પરમાત્મા માને તો એ ગાંડા થઈને ફરે એવા છે !

એક ધણી એની બૈરીને કહે, 'તારા માથા ઉપર દેવતા મૂક ને તેના પર રોટલી શેક !' મૂળ તો બંદર છાપ ને ઉપરથી દારુ પિવડાવે તો એની શી દશા થાય ?

પુરુષ તો કેવો હોય ? એવા તેજસ્વી પુરુષો હોય કે જેનાથી હજારો સ્ત્રીઓ થથરે ! આમ જોતાંની સાથે જ ધ્રૂજી જાય !! આજ તો ધણી એવા થઈ ગયા છે કે સલિયો પોતાની બૈરીનો હાથ ઝાલે તો તેને વિનંતી કરે, 'અરે સલિયા છોડી દે. મેરી બીબી હૈ, બીબી હૈ.' મેર ચક્કર, આમાં સલિયાને તું વિનંતી કરે છે ? કઈ જાતનો ચક્કર પાક્યો છે તું ? એ તો એને માર, એનું ગળચું પકડ ને બચકું ભર. આમ એના પગે લાગ્યો એ કાંઈ છોડી દે એવી જાત નથી. ત્યારે એ 'પોલીસ, પોલીસ, બચાવો બચાવો' કરે. અલ્યા, તું ધણી થઈને 'પોલીસ, પોલીસ' શું કરે છે ? પોલીસને શું તોપને બારે ચઢાવવો છે ? તું જીવતો છે કે મરેલો છે ? પોલીસની મદદ લેવાની હોય તો તું ધણી ના થઈશ.

ઘરનો ધણી 'હાફ રાઉન્ડ' ચાલે જ નહીં, એ તો 'ઓલ રાઉન્ડ' જોઈએ. કલમ, કડછી, બરછી, તરવું, તાંતરવું ને તસ્કરવું-આ છએ. છ કળા નથી આવડતી તો એ માણસ નથી. ગમે તેટલો નાગામાં નાગો માણસ હોય તો પણ તેની જોડે 'એડજસ્ટ' થતાં આવડે, મગજ ખસે નહીં

તે કામનું ! ભડકે ચાલે નહીં.

જેને પોતાની જાત ઉપર વિશ્વાસ છે તેને આ જગતમાં બધું જ મળે એવું છે, પણ આ વિશ્વાસ જ નથી આવતો ને ! કેટલાકને તો એ ય વિશ્વાસ ઊડી ગયો હોય છે કે 'આ વાઈફ જોડે રહેશે કે નહીં રહે ? પાંચ વરસ નભશે કે નહીં નભે ?' 'અલ્યા, આ પણ વિશ્વાસ નહીં ? વિશ્વાસ તૂટયો એટલે ખલાસ. વિશ્વાસમાં તો અનંત શક્તિ છે, ભલે ને અજ્ઞાનતામાં વિશ્વાસ હોય. 'મારું શું થશે' થયું કે ખલાસ ! આ કાળમાં લોક બગવાઈ ગયેલા હોય ને દોડતો દોડતો આવતો હોય ને તેને પૂછીએ કે 'તારું નામ શું છે ?' તો એ બગવાઈ જાય !

## વાંક પ્રમાણે વાંકું મળે !

**પ્રશ્નકર્તા :** હું 'વાઈફ' જોડે બહુ 'એડજસ્ટ' થવા જાઉં છું, પણ થવાતું નથી.

**દાદાશ્રી :** બધું હિસાબસર છે ! વાંકા આંટા ને વાંકી નટ, ત્યાં સીધી નટ ફેરવે તો શી રીતે ચાલે ? તમને એમ થાય કે આ સ્ત્રી જાતિ આવી કેમ ? પણ સ્ત્રી જાતિ તો તમારું 'કાઉન્ટર વેઈટ' છે. જેટલો આપણો વાંક એટલી વાંકી. એટલે તો બધું 'વ્યવસ્થિત' છે એવું કહ્યું છે ને ?

**પ્રશ્નકર્તા :** બધા જ આપણને સીધા કરવા આવ્યા હોય એમ લાગે છે.

**દાદાશ્રી :** તે સીધા કરવા જ જોઈએ તમને. સીધા થયા સિવાય દુનિયા ચાલે નહીં ને ? સીધા થાય નહીં તો બાપ શી રીતે થાય ? સીધો થાય તો બાપ થાય.

## શક્તિઓ ખીલવનાર જોઇએ !

એટલે સ્ત્રીઓનો દોષ નથી, સ્ત્રીઓ તો દેવી જેવી છે ! સ્ત્રીઓ અને પુરુષોમાં એ તો આત્મા જ છે, ફકત ખોખાંનો ફેર છે. 'ડિફરન્સ ઓફ



પેકીંગ !' સ્ત્રી એ એક જાતની 'ઈફેક્ટ' છે, તે આત્મા પર સ્ત્રીની 'ઈફેક્ટ' વર્તે. આની 'ઈફેક્ટ' આપણા ઉપર ના પડે ત્યારે ખરું. સ્ત્રી એ તો શક્તિ છે. આ દેશમાં કેવી રીતે સ્ત્રીઓ રાજનીતિમાં થઈ ગઈ ! અને આ ધર્મક્ષેત્રે સ્ત્રી પડી તે તો કેવી હોય ?! આ ક્ષેત્રથી જગતનું કલ્યાણ જ કરી નાખે ! સ્ત્રીમાં તો જગતકલ્યાણની શક્તિ ભરી પડી છે. તેનામાં પોતાનું કલ્યાણ કરી લઈ ને બીજાનું કલ્યાણ કરવાની શક્તિ છે.

## પ્રતિક્રમણથી, હિસાબ બધા છૂટે !

**પ્રશ્નકર્તા :** કેટલાક સ્ત્રીથી કંટાળીને ઘરથી ભાગી છૂટે છે, તે કેવું ?

**દાદાશ્રી :** ના, ભાગેડુ શા માટે થઈએ ? આપણે પરમાત્મા છીએ. આપણે ભાગેડુ થવાની શી જરુર છે ? આપણે એનો 'સમભાવે નિકાલ' કરી નાખવો.

**પ્રશ્નકર્તા :** નિકાલ કરવો છે તો કઈ રીતે થાય ? મનમાં ભાવ કરવો કે આ પૂર્વનું આવ્યું છે ?

**દાદાશ્રી :** એટલાથી નિકાલ ના થાય. નિકાલ એટલે તો સામાની જોડે ફોન કરવો પડે, એના આત્માને ખબર આપવી પડે. તે આત્માની પાસે આપણે ભૂલ કરી છે એવું કબૂલ-એકસેપ્ટ કરવું પડે. એટલે પ્રતિક્રમણ મોટું કરવું પડે.

**પ્રશ્નકર્તા :** સામો માણસ આપણું અપમાન કરે તો પણ આપણે તેનું પ્રતિક્રમણ કરવાનું ?

**દાદાશ્રી :** અપમાન કરે તો જ પ્રતિક્રમણ કરવાનું, આપણને માન આપે ત્યારે નહીં કરવાનું. પ્રતિક્રમણ કરીએ એટલે સામા પર દ્વેષભાવ તો થાય જ નહીં. ઉપરથી એની પર આપણી સારી અસર થાય. આપણી જોડે દ્વેષભાવ ના થાય એ તો જાણે પહેલું સ્ટેપ, પણ પછી એને ખબર પણ પહોંચે છે.

**પ્રશ્નકર્તા :** એના આત્માને પહોંચે ખરું ?

**દાદાશ્રી :** હા, જરુર પહોંચે. પછી એ આત્મા એના પુદ્‌ગલને પણ ધકેલે છે કે 'ભઈ, ફોન આવ્યો તારો.' આપણું આ પ્રતિક્રમણ છે તે અતિક્રમણ ઉપરનું છે, ક્રમણ ઉપર નથી.

**પ્રશ્નકર્તા :** ઘણાં પ્રતિક્રમણો કરવાં પડે ?

**દાદાશ્રી :** જેટલું સ્પીડમાં આપણે મકાન બાંધવું હોય એટલા કડિયા આપણે વધારવાના. એવું છે ને, કે આ બહારના લોકો જોડે પ્રતિક્રમણ નહીં થાય તો ચાલશે, પણ આપણી આજુબાજુનાં ને નજીકનાં, ઘરનાં છે એમનાં પ્રતિક્રમણ વધારે કરવાં. ઘરનાં માટે મનમાં ભાવ રાખવા કે મારી જોડે જન્મ્યા છે, જોડે રહે છે તે કો'ક દહાડો આ મોક્ષ માર્ગ ઉપર આવે.

## *... તો સંસાર આથમે !*

જેને 'એડજસ્ટ' થવાની કળા આવડી એ દુનિયામાથી મોક્ષ તરફ વળ્યો. 'એડજસ્ટમેન્ટ' થયું એનું નામ જ્ઞાન. જે 'એડજસ્ટમેન્ટ' શીખી ગયો તે તરી ગયો. ભોગવવાનું છે તે તો ભોગવવાનું જ છે, પણ 'એડજસ્ટમેન્ટ' આવડે એને વાંધો ના આવે, હિસાબ ચોખ્ખો થઈ જાય. સુવાળાં જોડે તો સહુ કોઇ 'એડજસ્ટ' થાય પણ વાંકા-કઠણ-કડક જોડે, બધાં જ જોડે 'એડજસ્ટ' થતાં આવડયું તો કામ થઈ ગયું. મુખ્ય વસ્તુ 'એડજસ્ટમેન્ટ' છે. 'હા' થી મુક્તિ છે. આપણે 'હા' કહ્યું તો પણ 'વ્યવસ્થિત'ની બહાર કાંઈ થવાનું છે ? પણ 'ના' કહ્યું તો મહા ઉપાધિ !

ઘરનાં ધણી-ધણિયાણી બેઉ જણ નિશ્ચય કરે કે મારે 'એડજસ્ટ' થવું છે તો બન્નેનો ઉકેલ આવે. એ વધારે ખેંચે તો 'આપણે' 'એડજસ્ટ' થઈ જવું તો ઉકેલ આવે. એક માણસનો હાથ દુઃખતો તો, પણ તે બીજાને ન્હોતો કહેતો, પણ બીજા હાથે હાથ દબાવીને બીજા હાથેથી 'એડજસ્ટ' કર્યું ! એવું 'એડજસ્ટ' થઇએ તો ઉકેલ આવે. મતભેદથી તો ઉકેલ ના આવે. મતભેદ પસંદ નહીં, છતાં મતભેદ પડી જાય છે ને ? સામો વધારે ખેંચાખેંચ કરે તો આપણે છોડી દઇએ ને ઓઢીને સૂઇ જવું, જો છોડીએ નહીં ને બેઉ ખેંચ્યા રાખે તો બેઉને ઊંઘ ના આવે ને આખી રાત બગડે.



વ્યવહારમાં, વેપારમાં, ભાગીદારીમાં કેવું સાચવીએ છીએ ! તો આ સંસારની ભાગીદારીમાં આપણે ના સાચવી લેવાય ? સંસાર એ ઝઘડાનું સંગ્રહસ્થાન છે. કોઇને ત્યાં બે આની, કોઇને ત્યાં ચાર આની ને કોઇને ત્યાં સવા રૂપિયા સુધી પહોંચી જાય છે !

અહીં ઘેર 'એડજસ્ટ' થતાં આવડતું નથી ને આત્મજ્ઞાનના શાસ્ત્રો વાંચવા બેઠા હોય ! અલ્યા, મેલ ને પૂળો અહીંથી, પહેલું 'આ' શીખને. ઘરમાં 'એડજસ્ટ' થવાનું તો કશું આવડતું નથી. આવું છે આ જગત ! એટલે કામ કાઢી લેવા જેવું છે.

## *'જ્ઞાની' છોડાવે, સંસારજંજાળથી !*

**પ્રશ્નકર્તા :** આ સંસારનાં બધાં ખાતાં ખોટવાળાં લાગે છે, છતાં કોઈ વખત નફાવાળા કેમ લાગે છે ?

**દાદાશ્રી :** જે ખોટવાળાં લાગે છે તેમાંથી કોઈક વખત જે નફાવાળો લાગે છે તે બાદ કરી નાખવું. આ સંસાર બીજા કશાથી થયેલો નથી, ગુણાકાર જ થયેલા છે. હું જે રકમ તમને દેખાડું તેનાથી ભાગાકાર કરી નાખશો એટલે કશું બાકી નહીં રહે. ભણ્યા તો ભણ્યા, નહીં તો 'દાદાની આજ્ઞા મારે પાળવી જ છે, સંસારનો ભાગાકાર કરવો જ છે.'- એવું નક્કી કર્યું કે ત્યાંથી ભાગ્યું જ !

બાકી આ દહાડા શી રીતે કાઢવા એ ય મૂશ્કેલ થઈ પડયું છે. ધણી આવે ને કહેશે કે, 'મારા હાર્ટમાં દુઃખે છે.' છોકરાં આવે ને કહેશે કે, 'હું નાપાસ થયો.' ધણીને 'હાર્ટ'માં દુઃખે છે એવું એને કહે. એને વિચાર આવે કે 'હાર્ટ ફેઈલ' થઈ જશે તો શું થશે ! બધા જ વિચારો ફરી વળે, જંપવા ના દે.

'જ્ઞાની પુરુષ' આ સંસાર જાળમાંથી છૂટવાનો રસ્તો દેખાડે, મોક્ષનો માર્ગ દેખાડે અને રસ્તા ઉપર ચઢાવી દે, અને આપણને લાગે કે આપણે આ ઊપાધિમાંથી છૂટયા !

## એવી ભાવનાથી છોડાવનાર મળે જ !

આ બધી પરસત્તા છે. ખાઓ છો, પીઓ છો, છોકરાં પરણાવો છો એ બધી પરસત્તા છે. આપણી સત્તા નથી. આ બધા કષાયો મહીં બેઠા છે. એમની સત્તા છે. 'જ્ઞાની પુરુષ' 'હું કોણ છું ?' એનું જ્ઞાન આપે ત્યારે આ કષાયોથી, આ જંજાળમાથી છુટકારો થાય. આ સંસાર છોડયો કે ધક્કો માર્યે છૂટે એવો નથી, માટે એવી કંઇક ભાવના કરો કે આ સંસારમાંથી છુટાય તો સારું. અનંત અવતારથી છૂટવાની ભાવના થયેલી, પણ માર્ગનો ભોમિયો જોઇએ કે ના જોઇએ ? માર્ગ દેખાડનાર 'જ્ઞાની પુરુષ' જોઇએ.

આ ચીકણી પટી શરીર પર ચોંટાડી હોય તો તેને ઉખાડીએ તો પણ એ ઊખડે નહીં, વાળને સાથે ખેંચીને ઊખડે તેમ આ સંસાર ચીકણો છે. 'જ્ઞાની પુરુષ' દવા દેખાડે તો એ ઊખડે. આ સંસાર છોડયે છૂટે એવો નથી. જેણે સંસાર છોડયો છે, ત્યાગ લીધો છે એ એનાં કર્મના ઉદયે છોડાવ્યો છે. સહુસહુને તેના ઉદયકર્મના આધારે ત્યાગધર્મ કે ગૃહસ્થીધર્મ મળ્યો હોય. સમકિત પ્રાપ્ત થાય ત્યારથી સિધ્ધદશા પ્રાપ્ત થાય.

આ બધું તમે ચલાવતા નથી. ક્રોધ, માન, માયા, લોભ, કષાયો ચલાવે છે. કષાયોનું જ રાજ છે ! 'પોતે કોણ છે' એનું ભાન થાય ત્યારે કષાયો જાય. ક્રોધ થાય ત્યારે પસ્તાવો થાય, પણ ભગવાને કહેલું પ્રતિક્રમણ આવડે નહીં તો શું વળે ? પ્રતિક્રમણ આવડે તો છુટકારો થાય.

આ કષાયો જંપીને ઘડી વાર બેસવા ના દે. છોકરો પરણાવતી વખતે મોહ ફરી વળેલો હોય ! ત્યારે મૂર્છા હોય. બાકી કાળજું તો આખો દહાડો ચાની પેઠે ઊકળતું હોય! તો ય મનમાં થાય કે 'હું' તો જેઠાણી છું ને ! આ તો વ્યવહાર છે, નાટક ભજવવાનું છે. આ દેહ છૂટયો એટલે બીજે નાટક ભજવવાનું. આ સગાઈઓ સાચી નથી, આ તો સંસારી ઋણાનુબંધ છે. હિસાબ પૂરો થઇ ગયા પછી છોકરો માબાપની જોડે ના જાય.

'આણે મારું અપમાન કર્યું !' મેલ ને છાલ. અપમાન તો ગળી



જવા જેવું છે. ધણી અપમાન કરે ત્યારે યાદ આવવું જોઇએ કે આ તો મારાં જ કર્મનો ઉદય છે અને ધણી તો નિમિત્ત છે, નિર્દોષ છે. અને મારા કર્મના ઉદય ફરે ત્યારે ધણી 'આવો, આવો' કરે છે. માટે આપણે મનમાં સમતા રાખીને ઉકેલ લાવી નાખવો. જો મનમાં થાય કે 'મારો દોષ નથી છતાં મને આમ કેમ કહ્યું.' એટલે પછી રાતે ત્રણ કલાક જાગે ને પછી થાકીને સૂઇ જાય.

ભગવાનના ઉપરી થયેલા બધા ફાવેલા અને બૈરીના ઉપરી થયેલા બધા માર ખાઇને મરી ગયેલા. ઉપરી થાય તો માર ખાય. પણ ભગવાન શું કહે છે ? મારા ઉપરી થાય તો અમે ખુશ થઇએ. અમે તો બહુ દહાડા ઉપરીપણું ભોગવ્યું, હવે તમે અમારા ઉપરી થાઓ તો સારું.

'જ્ઞાની પુરુષ' જે સમજણ આપે તે સમજણથી છુટકારો થાય. સમજણ વગર શું થાય ? વીતરાગ ધર્મ જ સર્વ દુ:ખોથી મુક્તિ આપે.

ઘરમાં તો સુંદર વ્યવહાર કરી નાખવો જોઇએ. 'વાઇફ'ના મનમાં એમ થાય કે આવો ધણી નહીં મળે કોઇ દહાડો અને ધણીના મનમાં એમ થાય કે આવી 'વાઇફ' પણ ક્યારેય ના મળે !! એવો હિસાબ લાવી નાખીએ ત્યારે આપણે ખરા !!!

❖❖❖❖❖

## [૬]

# ધંધો, ધર્મસમેત !

### જીવન શેને માટે વપરાયાં !

**દાદાશ્રી :** આ ધંધો શેને માટે કરો છો ?

**પ્રશ્નકર્તા :** પૈસા કમાવવા.

**દાદાશ્રી :** પૈસા શેને માટે ?

**પ્રશ્નકર્તા :** એની ખબર નથી.

**દાદાશ્રી :** આ કોના જેવી વાત છે ? માણસ આખો દહાડો એન્જિન ચલાવ ચલાવ કરે, પણ શેને માટે ? કંઇ નહીં. એન્જિનનો પટ્ટો ના આપે તેના જેવું છે. જીવન શેને માટે જીવવાનું છે ? ખાલી કમાવવા માટે જ ? જીવ માત્ર સુખને ખોળે છે. સર્વ દુઃખોથી મુક્તિ શી રીતે થાય એ જાણવા માટે જ જીવવાનું છે.

### ... વિચારણા કરવાની, ચિંતા નહીં !

**પ્રશ્નકર્તા :** ધંધાની ચિંતા થાય છે, બહુ અડચણો આવે છે.



**દાદાશ્રી :** ચિંતા થવા માંડે કે સમજો કે કાર્ય બગડવાનું છે. વધારે ચિંતા ના થાય તો સમજવું કે કાર્ય બગડવાનું નથી. ચિંતા કાર્યને અવરોધક છે. ચિંતાથી તો ધંધાને મોત આવે. જે ચઢ-ઉતર થાય એનું નામ જ ધંધો, પૂરણ-ગલન છે એ. પૂરણ થયું એનું ગલન થયા વગર રહે જ નહીં. આ પૂરણ-ગલનમાં આપણી કશી મિલકત નથી, અને જે આપણી મિલકત છે. તેમાંથી કશું જ પૂરણ-ગલન થતું નથી ! એવો ચોખ્ખો વ્યવહાર છે !! આ તમારા ઘરમાં તમારાં વહુ-છોકરાં બધાં જ પાર્ટનર્સ ને ?

**પ્રશ્નકર્તા :** સુખ-દુઃખના ભોગવટામાં ખરાં.

**દાદાશ્રી :** તમે તમારાં બૈરી-છોકરાંના વાલી કહેવાઓ. એકલા વાલીએ શા માટે ચિંતા કરવી ? અને ઘરનાં તો ઊલટું કહે છે કે તમે અમારી ચિંતા ના કરશો.

**પ્રશ્નકર્તા :** ચિંતાનું સ્વરૂપ શું છે ? જન્મ્યા ત્યારે તો હતી નહીં ને આવી કયાંથી?

**દાદાશ્રી :** જેમ બુધ્ધિ વધે તેમ બળાપો વધે. જન્મ્યા ત્યારે બુધ્ધિ હોય છે ? ધંધા માટે વિચારની જરુર છે. પણ તેની આગળ ગયા તો બગડી જાય. ધંધા અંગે દસ-પંદર મિનિટ વિચારવાનું હોય પછી એથી આગળ જાઓ ને વિચારોના વળ ચઢવા માંડે તે 'નોર્માલિટી'ની બહાર ગયું કહેવાય, ત્યારે તેને છોડી દેજે. ધંધાના વિચાર તો આવે, પણ એ વિચારમાં તન્મયાકાર થઇને એ વિચાર લંબાય તો પછી એનું ધ્યાન ઉત્પન્ન થાય ને તેથી ચિંતા થાય, એ બહુ નુકસાન કરે.

### ચૂકવવાની દાનતમાં ચોખ્ખાં રહો !

**પ્રશ્નકર્તા :** ધંધામાં બહુ ખોટ ગઇ છે તો શું કરું ? ધંધો બંધ કરી દઉં કે બીજો કરું ? દેવું ખૂબ થઇ ગયું છે.

**દાદાશ્રી :** રૂ બજારની ખોટ કંઇ કરિયાણાની દુકાન કાઢયે ના પૂરી થાય. ધંધામાં ગયેલી ખોટ ધંધામાંથી જ પૂરી થાય, નોકરીમાંથી ના વળે,

'કોન્ટ્રાક્ટ'ની ખોટ કંઇ પાનની દુકાનથી વળે ? જે બજારમાં ઘા પડયો હોય તે બજારમાં જ ઘા રૂઝાય, ત્યાં જ એની દવા હોય.

આપણે ભાવ એક રાખવો કે આપણાથી કોઇ જીવને કિંચિત્ માત્ર દુઃખ ન હો. આપણે ભાવ એક ચોખ્ખો રાખવો કે બધું જ દેવું ચૂકતે કરવું છે, તે જો ચોખ્ખી દાનત હોય તો દેવું બધું જ મોડું વહેલું ચૂકતે થઇ જાય. લક્ષ્મી તો અગિયારમો પ્રાણ છે. માટે કોઇની લક્ષ્મી આપણી પાસે ના રહેવી જોઇએ, આપણી લક્ષ્મી કોઇની પાસે રહે તેનો વાંધો નથી. પણ ધ્યેય નિરંતર એ જ રહેવો જોઇએ કે મારે પાઇ એ પાઇ ચૂકવી દેવી છે, ધ્યેય લક્ષમાં રાખીને પછી તમે ખેલ ખેલો. ખેલ ખેલો પણ ખેલાડી ના થઇ જશો, ખેલાડી થઇ ગયા કે તમે ખલાસ !

## ...જોખમ જાણી, નિર્ભય રહેવું !

દરેક ધંધા ઉદય–અસ્તવાળા હોય છે. મચ્છર ખૂબ હોય તો ય આખી રાત ઊંઘવા ના દે અને બે હોય તો ય આખી રાત ઊંઘવા ના દે ! એટલે આપણે કહેવું. 'હે મચ્છરમય દુનિયા ! બે જ ઊંઘવા નથી દેતા તો બધા જ આવો ને.' આ નફા-ખોટ એ મચ્છર કહેવાય.

કાયદો કેવો રાખવો ? બનતા સુધી દરિયામાં ઊતરવું નહીં ! પણ ઊતરવાનો પ્રસંગ આવી ગયો તો પછી ડરીશ નહીં. જયાં સુધી ડરીશ નહીં ત્યાં સુધી અલ્લાહ તેરે પાસ. તે ડર્યો કે અલ્લાહ કહેશે જા ઓલિયાની પાસે ! ભગવાનને ત્યાં રેસકોર્સ કે કાપડની દુકાનમાં ફેર નથી, પણ તમારે જો મોક્ષે જવું હોય તો આ જોખમમાં ના ઊતરશો. આ દરિયામાં પેઠા પછી નીકળી જવું સારું.

અમે ધંધો કેવી રીતે કરીએ એ ખબર છે ? ધંધાની સ્ટીમરને દરિયામાં તરતી મૂકતા પહેલાં પૂજાવિધિ કરાવીને સ્ટીમરના કાનમાં ફૂંક મારીએ, 'તારે જયારે ડૂબવું હોય ત્યારે ડૂબજે, અમારી ઇચ્છા નથી.' પછી છ મહિને ડૂબે કે બે વર્ષે ડૂબે ત્યારે અમે 'એડજસ્ટમેન્ટ' લઇ લઇએ કે છ મહિના તો ચાલ્યું ! વેપાર એટલે આ પાર કે પેલે પાર. આશાના



મહેલ નિરાશા લાવ્યા વગર રહે નહીં. સંસારમાં વીતરાગ રહેવું બહુ મુશ્કેલ છે. એ તો જ્ઞાનકળા ને બુધ્ધિકળા અમારી જબરજસ્ત હોય તેથી રહેવાય.

## ઘરાકીના પણ નિયમ છે !

**પ્રશ્નકર્તા :** દુકાનમાં ઘરાક આવે એટલા માટે હું દુકાન વહેલી ખોલું ને મોડી બંધ કરું છું, તે બરાબર છે ને ?

**દાદાશ્રી :** તમે ઘરાકને આકર્ષવાવાળા કોણ ? તમારે તો દુકાન લોકો જયારે ખોલતા હોય તે ટાઇમ ખોલવી. લોકો સાત વાગ્યે ખોલતા હોય ને આપણે સાડાનવ વાગ્યે ખોલીએ તે ખોટું કહેવાય. લોક જયારે બંધ કરે ત્યારે આપણે ય બંધ કરી ઘેર જવું. વ્યવહાર શું કહે છે કે લોકો શું કરે છે તે જુઓ. લોક સૂઇ જાય ત્યારે તમે ય સૂઇ જાઓ. રાતે બે વાગ્યા સુધી મહીં ઘમસાણ મચાવ્યા કરે એ કોના જેવી વાત ! જમ્યા પછી વિચાર કરો છો કે કેવી રીતે પચશે ? એનું ફળ સવારે મળી જ જાય છે ને ? એવું ધંધામાં બધે છે.

**પ્રશ્નકર્તા :** દાદા, હમણાં દુકાનમાં ઘરાકી બિલકુલ નથી તો શું કરું ?

**દાદાશ્રી :** આ 'ઇલેક્ટ્રિસિટી' જાય એટલે તમે 'ઇલેક્ટ્રિસિટી કયારે આવે, કયારે આવે', એમ કરો તો જલદી આવે ? ત્યાં તમે શું કરો છો?

**પ્રશ્નકર્તા :** એક-બે વાર ફોન કરીએ કે જાતે કહેવા જઇએ.

**દાદાશ્રી :** સો વાર ફોન ના કરો ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** આ લાઇટ ગઇ ત્યારે આપણે તો નિરાંતે ગાતા હતા ને પછી એની મેળે આવી ને ?

**પ્રશ્નકર્તા :** એટલે આપણે નિઃસ્પૃહ થવું ?

**દાદાશ્રી :** નિઃસ્પૃહ થવું એ ય ગુનો છે ને સસ્પૃહ થવું તે ય ગુનો છે. લાઈટ આવે તો સારું એટલું આપણે રાખવું, સસ્પૃહ-નિઃસ્પૃહ રહેવાનું કહ્યું છે. ઘરાક આવે તો સારું એટલું રાખવું, પછી ઉધામા ના નાખવા. 'રેગ્યુલારિટી' અને ભાવ ના બગાડવો, એ 'રીલેટિવ' પુરુષાર્થ છે. ઘરાક ના આવે તો અકળાવું નહીં ને એક દહાડો ઘરાકનાં ઝોલેઝોલાં આવે ત્યારે બધાંને સંતોષ આપવો. આ તો એક દહાડો ઘરાક ના આવે તો નોકરોને શેઠ ટૈડકાય ટૈડકાય કરે ! તે આપણે તેની જગ્યાએ હોઈએ તો શું થાય ? એ બિચારો નોકરી કરવા આવે ને તમે તેને ટૈડકાવો, તો એ વેર બાંધીને સહન કરી લે. નોકરને ટૈડકાવવું નહીં, એ ય માણસજાત છે. એને ઘેર બિચારાને દુઃખ ને અહીં તમે શેઠ થઈને ટૈડકાવો તે એ બિચારો ક્યાં જાય ! બિચારા ઉપર જરાક દયાભાવ તો રાખો ને !

આ તો ઘરાક આવે તો શાંતિથી પ્રેમથી તેને માલ આપવાનો. ઘરાક ના હોય ત્યારે ભગવાનનું નામ લેવાનું. આ તો ઘરાક ના હોય ત્યારે આમ જુએ ને તેમ જુએ. મહીં અકળાયા કરે, 'આજે ખર્ચો માથે પડશે. આટલી નુકસાની ગઈ' એ ચક્કર ચલાવે, ચિડાય અને નોકરને ટૈડકાવે ય ખરો. આમ આર્તધ્યાન ને રૌદ્રધ્યાન કર્યા કરે ! ઘરાક આવે છે તે ય 'વ્યવસ્થિત'ના હિસાબથી જે ઘરાક આવવાનો હોય એ જ આવે છે, એમાં મહીં ચક્કર ના ચલાવીશ. દુકાનમાં ઘરાક આવે તો પૈસાની આપ-લે કરવાની, પણ કષાય નહીં વાપરવાના, પટાવીને કામ કરવાનું. આ પથ્થર નીચે હાથ આવી જાય તો હથોડો મારો ? ના, ત્યાં તો દબાઈ જાય તો પટાવીને કાઢી લેવાના. એમાં કષાય વાપરે તો વેર બંધાય ને એક વેરમાંથી અનંત ઊભાં થાય. આ વેરથી જ જગત ઊભું છે, એ જ મૂળ કારણ છે.

## પ્રામાણિકતા, ભગવાનનું લાયસન્સ !

**પ્રશ્નકર્તા :** આજકાલ પ્રામાણિકપણે ધંધો કરવા જાય તો વધારે મુશ્કેલી આવે, એ કેમ એમ?

**દાદાશ્રી :** પ્રામાણિકપણે કામ કર્યુ તો એક જ મુશ્કેલી આવે, પણ



અપ્રામાણિકપણે કામ કરશો તો બે પ્રકારની મુશ્કેલીઓ આવશે. પ્રામાણિકતાની મુશ્કેલીઓમાંથી તો છૂટી જવાશે, પણ અપ્રામાણિકતામાંથી છૂટવું ભારે છે. પ્રામાણિકતા એ તો ભગવાનનું મોટું 'લાયસન્સ' છે, એનું કોઈ નામ ના દે. તમને એ 'લાયસન્સ' ફાડી નાખવાનો વિચાર થાય છે ?

## ... નફા-ખોટે, હર્ષ-શોક શો ?

ધંધામાં મન બગડે તો ય નફો ૬૬,૬૧૬ થશે ને મન ના બગડે તો ય નફો ૬૬,૬૧૬ રહેશે, તો કયો ધંધો કરવો ?

અમારે મોટા ધંધા ચાલે, પણ ધંધાનો કાગળ 'અમારી' ઉપર ના આવે. કારણ કે ધંધાનો નફો ધંધા ખાતે અને ધંધાની ખોટ પણ ધંધા ખાતે જ અમે નાખીએ. ઘરમાં તો હું નોકરી કરતો હોઉં ને જે પગાર મળે તેટલા જ પૈસા પેસવા દેવાના. બાકીનો નફો તે ધંધાનો ને ખોટ તે ય ધંધા ખાતે.

નાણાંનો બોજો રાખવા જેવો નથી. બેન્કમાં જમા થયા એટલે હાશ કર્યું ને, તો જાય એટલે દુઃખ થાય. આ જગતમાં કશું જ હાશ કરવા જેવું નથી કારણ કે 'ટેમ્પરરી' છે.

## ધંધામાં હિતાહિત !

ધંધો કયો સારો કે જેમાં હિંસા ના સમાતી હોય, કોઈને આપણા ધંધાથી દુઃખ ના થાય. આ તો દાણાવાળાનો ધંધો હોય તે શેરમાંથી થોડું કાઢી લે. આજકાલ તો ભેળસેળ કરવાનું શીખ્યા છે. તેમાં ય ખાવાની વસ્તુઓમાં ભેળસેળ કરે તે જનાવરમાં ચાર પગમાં જઈશ. ચારપગો થાય પછી પડે તો નહીં ને ? વેપારમાં ધર્મ રાખજો, નહીં તો અધર્મ પેસી જશે.

**પ્રશ્નકર્તા :** હવે ધંધો કેટલો વધારવો જોઈએ ?

**દાદાશ્રી :** ધંધો એટલો કરવો કે નિરાંત ઊંઘ આવે, આપણે જયારે

ખસેડવા ધારીએ ત્યારે એ ખસેડી શકાય એવું હોવું જોઈએ જે આવતી ના હોય તે ઉપાધિને બોલાવવાની નહીં.

## વ્યાજનો વાંધો ?!

**પ્રશ્નકર્તા :** શાસ્ત્રમાં વ્યાજ લેવાનો નિષેધ નથી ને ?

**દાદાશ્રી :** આપણાં શાસ્ત્રોએ વ્યાજનો વાંધો ઉઠાવ્યો નથી, પણ વ્યાજખાઉ થયો તે નુકસાનકારક છે. સામાને દુઃખ ના થાય ત્યાં સુધી વ્યાજ લેવામાં વાંધો નથી.

## કરકસર, તો 'નોબલ' રાખવી !

ઘરમાં કરકસર કેવી જોઇએ ? બહાર ખરાબ ના દેખાય ને કરકસર હોવી જોઇએ. કરકસર રસોડામાં પેસવી ના જોઇએ, ઉદાર કરકસર હોવી જોઇએ. રસોડામાં કરકસર પેસે તો મન બગડી જાય, કોઇ મહેમાન આવે તો ય મન બગડી જાય કે ચોખા વપરાઇ જશે ! કોઇ બહુ લાફો હોય તેને અમે કહીએ કે 'નોબલ' કરકસર કરો.

❖❖❖❖❖

# [૭]

# ઉપરીનો વ્યવહાર !

## 'અન્ડરહેન્ડ'ની તો રક્ષા કરવાની !

**પ્રશ્નકર્તા :** દાદા, શેઠ મારાથી બહુ કામ લે છે ને પગાર થોડો આપે છે ને ઉપરથી ટૈડકાવે છે.

**દાદાશ્રી :** આ તો હિન્દુસ્તાનના શેઠિયા તે વહુને હઉ છેતરે. પણ છેવટે નનામી કાઢે છે ત્યારે તો એ જ છેતરાય છે. હિન્દુસ્તાનના શેઠિયાઓ નોકરનું તેલ કાઢ કાઢ કરે, જંપીને ખાવા ય ના દે, નોકરના પગાર કાપી લે. પેલા ઈન્કમટેક્ષવાળા કાપી લે, ત્યારે ત્યાં સીધા થાય, પણ આજ તો ઈન્કમટેક્ષવાળાનું ય આ લોકો કાપી લે છે !

જગત તો પ્યાદાને, 'અન્ડરહેન્ડ'ને ટૈડકાવે એવું છે. અલ્યા, સાહેબને ટૈડકાવને, ત્યાં આપણું જીતેલું કામનું ! જગતનો આવો વ્યવહાર છે. જયારે ભગવાને એક જ વ્યવહાર કહ્યો હતો કે તારા 'અન્ડર'માં જે આવ્યા તેમનું રક્ષણ કરજે. 'અન્ડરહેન્ડ'નું રક્ષણ કરે તે ભગવાન થયેલા. હું નાનો હતો ત્યારથી જ 'અન્ડરહેન્ડ'નું રક્ષણ કરતો.

અત્યારે અહીં કોઇ નોકર ચાની ટ્રે લઇને આવે ને તે પડી જાય એટલે શેઠ એને ટૈડકાવે કે 'તારા હાથ ભાંગલા છે. દેખાતું નથી ?' હવે એ તો નોકર રહ્યો બિચારો. ખરેખર નોકર કોઇ દહાડો કશું તોડે નહીં, એ તો 'રોંગ બીલિફ'થી એમ લાગે છે કે નોકરે તોડયો. ખરેખર તોડનારો બીજો છે. હવે ત્યાં બિનગુનેગારને ગુનેગાર ઠરાવે છે, નોકર પછી એનું ફળ આપે છે, કોઇપણ અવતારમાં.

**પ્રશ્નકર્તા :** તો એ વખતે તોડનાર કોણ હોઇ શકે ?

**દાદાશ્રી :** એ અમે 'જ્ઞાન' આપીએ છીએ તે વખતે બધા ખુલાસા આપી દઈએ છીએ, આ તોડનાર કોણ ? ચલાવનાર કોણ એ બધું જ 'સોલ્વ' કરી આપીએ છીએ. હવે ત્યાં ખરી રીતે શું કરવું જોઇએ? ભ્રાંતિમાં ય શું અવલંબન લેવું જોઇએ ? નોકર તો 'સિન્સીયર' છે, એ તોડે એવો નથી.

**પ્રશ્નકર્તા :** ગમે તેટલો 'સિન્સીયર' હોય પણ નોકરના હાથે તૂટી ગયું તો પરોક્ષ રીતે એ જવાબદાર નહીં ?

**દાદાશ્રી :** ખરો, જવાબદાર ! પણ આપણે કેટલો જવાબદાર છે તે જાણવું જોઇએ. આપણે પહેલામાં પહેલું તેને પૂછવું જોઇએ કે, 'તું દાઝયો તો નથી ને ?' દાઝયો હોય તો દવા ચોપડવી. પછી ધીમે રહીને કહેવું કે ઉતાવળે ના ચાલીશ હવેથી.

## સત્તાનો દુરૂપયોગ, તો...

આ તો સત્તાવાળો હાથ નીચેનાને કચડ કચડ કરે છે. જે સત્તાનો દુરૂપયોગ કરે છે તે સત્તા જાય ને ઉપરથી માનવ અવતાર ન આવે. એક કલાક જ જો આપણી સત્તામાં આવેલા માણસને ટૈડકાવીએ તો આખી જિંદગીનું આયુષ્ય બંધાઇ જાય. સામાવળિયાને ટૈડકાવે તો જુદું છે.

**પ્રશ્નકર્તા :** સામો વાંકો હોય તો જેવા સાથે તેવા ના થવું ?

**દાદાશ્રી :** સામી વ્યક્તિનું આપણે ના જોવું જોઇએ, એ એની



જવાબદારી છે, જો બહારવટિયા સામે આવે ને તમે બહારવટિયા થાઓ તો ખરું, પણ ત્યાં તો બધું આપી દો છો ને ? નબળા સામે સબળ થાઓ તેમાં શું ? સબળ થઈને નબળા સામે નબળા થાઓ તો ખરું.

આ ઓફિસરો ઘેર બૈરી જોડે લઢીને આવે ને ઓફિસમાં 'આસિસ્ટન્ટ'નું તેલ કાઢે ! અલ્યા, 'આસિસ્ટન્ટ' તો ખોટી સહી કરાવીને લઈ જશે તો તારી શી વલે થશે ? 'આસિસ્ટન્ટ'ની તો ખાસ જરૂર.

અમે 'આસિસ્ટન્ટ'ને બહુ સાચવીએ. કારણ કે એના લીધે તો આપણું ચાલે છે. કેટલાક તો સર્વિસમાં શેઠને આગળ લાવવા પોતાને ડાહ્યા દેખાડે. શેઠ કહે ૨૦ ટકા લેજે. ત્યારે શેઠ આગળ ડાહ્યા દેખાવા ૨૫ ટકા લે. આ શા હારુ પાપનાં પોટલાં બાંધે છે !

❖❖❖❖❖

# [૮]

# કુદરતને ત્યાં 'ગેસ્ટ' !

## કુદરત, જન્મથી જ હિતકારી !

આ સંસારમાં જે જીવમાત્ર છે તે કુદરતના 'ગેસ્ટ' છે, દરેક ચીજ કુદરત તમને તમારી પાસે તૈયાર કરીને આપે છે. આ તો તમને કઢાપો-અજંપો, કઢાપો-અજંપો રહ્યા કરે છે. કારણ કે આ સમજણ નથી, અને એવું લાગે છે કે 'હું કરું છું.' આ ભ્રાંતિ છે. બાકી કોઈથી આટલું ય થઈ શકતું નથી.

અહીં જન્મ થતા પહેલાં, આપણે બહાર આવવાના થયા તે પહેલાં લોકો બધી જ તૈયારીઓ કરી રાખે છે ? ભગવાનની સવારી આવી રહી છે ! જન્મતા પહેલાં બાળકને ચિંતા કરવી પડે છે કે બહાર નીકળ્યા પછી મારા દૂધનું શું થશે ? એ તો દૂધની કૂંડીઓ બધુંજ તૈયાર હોય છે ! ડોક્ટરો, દાયણો ય તૈયાર હોય, અને દાયણ ના હોય તો છેવટે વાળંદાણી ય હોય છે. પણ કંઈકની કંઈક તૈયારી તો હોય જ, પછી જેવા 'ગેસ્ટ' હોય ! 'ફર્સ્ટ કલાસ'નાં હોય તેની તૈયારી જુદી, 'સેકન્ડ કલાસ'ની જુદી



અને 'થર્ડ કલાસ'ની જુદી, બધા 'કલાસ'તો ખરા ને ? એટલે બધી જ તૈયારીઓ સાથે તમે આવ્યા છો, તો પછી હાય-અજંપો શાના હારુ કરો છો ?

જેના 'ગેસ્ટ' હોઈએ ત્યાં આગળ વિનય કેવો હોવો જોઈએ ? હું તમારે ત્યાં ગેસ્ટ થયો તો મારે 'ગેસ્ટ' તરીકેનો વિનય ના રાખવો જોઈએ ? તમે કહો કે 'તમારે અહીં નથી સૂવાનું, ત્યાં સૂવાનું છે.' તો મારે ત્યાં સૂઈ જવું જોઈએ. બે વાગે જમવાનું આવે તો ય શાંતિથી જમી લેવું જોઈએ. જે મૂકે તે નિરાંતે જમી લેવું પડે, ત્યાં બૂમ પડાય નહીં. કારણ કે 'ગેસ્ટ' છું. તે હવે 'ગેસ્ટ' રસોડામાં જઈને કઢી હલાવવા જાય તો કેવું કહેવાય ? ઘરમાં ડખો કરવા જાય તો તમને કોણ ઊભું રાખે ? તને બાસુંદી થાળીમાં મૂકે તો તે ખાઈ લેજે. ત્યાં એમ ના કહેતો કે 'અમે ગળ્યું નથી ખાતા.' જેટલુ પીરસે એટલું નિરાંતે ખાજે, ખારું પીરસે તો ખારું ખાજે. બહુ ના ભાવે તો થોડું ખાજે, પણ ખાજે ! 'ગેસ્ટ'ના બધા કાયદા પાળજે. 'ગેસ્ટ'ને રાગદ્વેષ કરવાના ના હોય 'ગેસ્ટ' રાગદ્વેષ કરી શકે ? એ તો વિનયમાં જ રહે ને ?

અમે તો 'ગેસ્ટ' તરીકે જ રહીએ, અમારે બધી જ ચીજ-વસ્તુ આવે. જેને ત્યાં 'ગેસ્ટ' તરીકે રહ્યાં હોઈએ તેને હેરાન નહીં કરવાનાં. અમારે બધી જ ચીજ ઘેર બેઠાં આવે, સંભારતાં જ આવે અને ન આવે તો અમને વાંધો ય નથી. કારણ કે ત્યાં 'ગેસ્ટ' થયા છીએ. કોને ત્યાં ? કુદરતને ઘેર ! કુદરતની મરજી ના હોય તો આપણે જાણીએ કે આપણા હિતમાં છે અને મરજી એની હોય તો ય આપણા હિતમાં છે. આપણા હાથમાં કરવાની સત્તા હોય તો એક બાજુ દાઢી ઊગે ને એક બાજુ ના ઊગે તો આપણે શું કરીએ ? આપણા હાથમાં કરવાનું હોત તો બધું ગોટાળિયું જ થાત. આ તો કુદરતના હાથમાં છે. એની ક્યાંય ભૂલ નથી હોતી, બધું જ પધ્ધતિસરનું હોય. જુઓ ચાવવાના દાંત જુદા, છોલવાના દાંત જુદા, ખાણિયા દાંત જુદા. જુઓ, કેવી સરસ ગોઠવણી છે ! જન્મતાં જ આખું શરીર મળે છે, હાથ, પગ, નાક, કાન, આંખો બધું જ મળે, પણ મોઢામાં હાથ નાખો તો દાંત ના મળેલા હોય ત્યારે કંઈ ભૂલ થઈ ગઈ હશે કુદરતની ? ના, કુદરત જાણે કે જન્મીને તરત એને દૂધ પીવાનું છે,

બીજો ખોરાક પચે નહીં, માનું દૂધ પીવાનું છે તો દાંત આપીશું તો એ બચકું ભરી લેશે ! જુઓ કેવી સુંદર ગોઠવણી કરેલી છે ! જેમ જેમ જરૂર પડે તેમ દાંત આવે છે. પહેલાં ચાર આવે પછી ધીમે ધીમે બીજા આવે, અને આ ઘૈડિયાને દાંત પડી જાય તો પાછા ના આવે !

કુદરત બધી જ રીતે રક્ષણ કરે છે, રાજાની પેઠે રાખે છે. પણ અક્કરમીને રહેતાં નથી આવડતું તે શું થાય ?

## *પણ ડખલામણથી દુઃખ વહોર્યાં !*

રાત્રે હાંડવો પેટમાં નાખીને સૂઇ જાય છે ને ? પછી નસકોરાં ઘરડ-ઘરડ બોલાવે છે ! મેર ચક્કર, મહીં તપાસ કરને શું ચાલે છે તે ! ત્યારે કહે કે, 'એમાં મી કાય કરું ?' અને કુદરતનું કેવું છે ? પેટમાં પાચક રસ, 'બાઇલ' પડે છે, બીજું પડે છે, સવારે 'બ્લડ' 'બ્લડ'ની જગ્યાએ, 'યુરિન' 'યુરિન'ની જગ્યાએ, 'સંડાસ' 'સંડાસ'ના ઠેકાણે પહોંચી જાય છે. કેવી પદ્ધતિસરની સુંદર વ્યવસ્થા કરેલી છે ! કુદરત કેવડું મોટું અંદર કામ કરે છે ! જો ડોક્ટરને એક દહાડો આ અંદરનું પચાવવાનું સોંપ્યું હોય તો એ માણસને મારી નાખે ! અંદરનું પાચકરસ નાખવાનું, 'બાઇલ' નાખવાનું, બધું ડૉક્ટરને સોંપ્યું હોય તો ડૉક્ટર શું કરે ? ભૂખ નથી લાગતી માટે આજે જરા પાચક રસો વધારે નાખવા દો. હવે કુદરતનો નિયમ કેવો છે કે પાચક રસો ઠેઠ મરતા સુધી પહોંચી વળે એવા પ્રમાણથી નાખે છે. હવે આ તે દહાડે, રવિવારને દહાડે પાચક રસ વધારે નાખી દે એટલે બુધવારે મહીં બિલકુલ પચે જ નહીં ! બુધવારનું પ્રમાણે ય રવિવારે નાખી દીધું !

કુદરતના હાથમાં કેવી સરસ બાજી છે ! અને એક તમારા હાથમાં ધંધો આવ્યો, અને તે ય ધંધો તમારા હાથમાં તો નથી જ. તમે ખાલી માની બેઠા છો કે હું ધંધો કરું છું, તે ખોટી હાયવોય, હાયવોય કરો છો ! દાદરથી સેન્ટ્રલ ટેક્સીમાં જવાનું થયું તે મનમાં અથડાશે-અથડાશે કરીને ભડકી મરે. અલ્યા, કોઇ બાપો ય અથડાવાનો નથી, તું તારી મેળે આગળ જોઇને ચાલ. તારી ફરજ કેટલી ? તારે આગળ જોઇને ચાલવાનું એટલું



જ. ખરી રીતે તો તે ય તારી ફરજ નથી. કુદરત તારી પાસે એ પણ કરાવડાવે છે. પણ આગળ જોતો નથી ને ડખો કરે છે. કુદરત તો એવી સરસ છે ! આ અંદર આટલું મોટું કારખાનું ચાલે છે તો બહાર નહીં ચાલે ? બહાર તો કશું ચલાવવાનું છે જ નહીં. શું ચલાવવાનું છે ?

**પ્રશ્નકર્તા :** કોઇ જીવ ઊંધું કરે તો તે ય એના હાથમાં સત્તા નથી ?

**દાદાશ્રી :** ના, સત્તા નથી, પણ ઊંધું થાય એવું ય નથી, પણ એણે અવળા-સવળા ભાવ કર્યા તેથી આ ઊંધું થઇ ગયું. પોતે કુદરતના આ સંચાલનમાં ડખો કર્યો છે, નહીં તો આ કાગડા, કૂતરાં આ જનાવરો કેવાં ? દવાખાનું ના જોઇએ, કોર્ટો ના જોઇએ, એ લોકો ઝઘડા કેવા પતાવી દે છે ? બે આખલાઓ લઢે, ખૂબ લઢે, પણ પછી છૂટયા પછી એ કંઈ કોર્ટ ખોળવા જાય છે ? બીજે દહાડે જોઇએ તો નિરાંતે બંને ફરતા હોય ! અને આ અક્કરમીઓને કોર્ટો હોય, દવાખાનાં હોય તો ય એ દુઃખી, દુઃખી ને દુઃખી ! આ લોક રોજ રોદણાં રડતાં હોય. આમને અક્કરમી કહેવાય કે સક્કરમી કહેવાય ? આ ચકલો, કાબર, કૂતરાં બધાં કેવાં રૂપાળાં દેખાય છે ! એ કંઈ શિયાળામાં વસાણું ખાતાં હશે ? અને આ અક્કરમી વસાણું ખાઈને ય રૂપાળા દેખાતા નથી, કદરૂપા દેખાય છે, આ અહંકાર ને લઈને રૂપાળો માણસે ય કદરૂપો દેખાય છે. માટે કંઈક ભૂલ રહે છે, એવો વિચાર નહીં કરવાનો ?

## *... તો ય કુદરત, સદા મદદે રહી !*

**પ્રશ્નકર્તા :** શુભ રસ્તે જવાના વિચારો આવે છે પણ તે ટકતા નથી ને પાછા અશુભ વિચારો આવે છે, તે શું છે ?

**દાદાશ્રી :** વિચાર શું છે ? આગળ જવું હોય તો ય વિચાર કામ કરે છે ને પાછળ જવું હોય તો ય વિચાર કામ કરે છે. ખુદા તરફ જવાના રસ્તાએ આગળ જાઓ છો ને પાછા વળો છો, એના જેવું થાય છે. એક માઇલ આગળ જાઓ ને એક માઇલ પાછળ જાઓ, એક માઇલ આગળ જાઓ ને પાછા વાળો.... વિચાર એક જ જાતના રાખવા સારા. પાછળ જવું એટલે પાછળ જવું ને આગળ જવું એટલે આગળ જવું. આગળ જવું

હોય તેને ય કુદરત 'હેલ્પ' કરે છે ને પાછળ જવું હોય તેને ય કુદરત 'હેલ્પ' કરે છે. 'નેચર' શું કહે છે ? 'આઇ વિલ હેલ્પ યુ.' તારે જે કામ કરવું હોય, ચોરી કરવી હોય તો 'આઇ વિલ હેલ્પ યુ.' કુદરતની તો બહુ મોટી 'હેલ્પ' છે, કુદરતની 'હેલ્પ'થી તો આ બધું ચાલે છે ! પણ તું નક્કી નથી કરતો કે મારે શું કરવું છે ? જો તું નક્કી કરે તો કુદરત તને 'હેલ્પ' આપવા તૈયાર જ છે. 'ફર્સ્ટ ડિસાઇડ' કે મારે આટલું કરવું છે, પછી તે નિશ્ચયપૂર્વક સવારના પહોરમાં યાદ કરવું જોઇએ. તમારા નિશ્ચયને તમારે 'સિન્સીયર' રહેવું જોઇએ, તો કુદરત તમારી તરફેણમાં 'હેલ્પ' કરશે. તમે કુદરતના 'ગેસ્ટ' છો.

એટલે વાતને સમજો. કુદરત તો 'આઇ વિલ હેલ્પ યુ' કહે છે. ભગવાન કંઇ તમને 'હેલ્પ' કરતા નથી. ભગવાન નવરા નથી. આ તો કુદરતની બધી રચના છે અને તે ભગવાનની ખાલી હાજરીથી જ રચાયેલું છે.

**પ્રશ્નકર્તા :** આપણે કુદરતના 'ગેસ્ટ' કે 'પાર્ટ ઓફ નેચર' છીએ ?

**દાદાશ્રી :** 'પાર્ટ ઓફ નેચર' પણ ખરા અને 'ગેસ્ટ' પણ ખરા. આપણે પણ 'ગેસ્ટ' તરીકે રહેવાનું પસંદ કરીએ છીએ. ગમે ત્યાં બેસશો તો ય તમને હવા મળી રહેશે, પાણી મળી રહેશે. અને તે ય 'ફ્રી ઓફ કોસ્ટ' ! જે વધારે કિંમતી છે તે 'ફ્રી ઓફ કોસ્ટ' મળી રહે છે. કુદરતને જેની કિંમત છે તેની આ મનુષ્યોને કિંમત નથી. અને જેની કુદરતની પાસે કિંમત નથી, (જેમ કે હીરા) તેની આપણા લોકોને બહુ કિંમત છે.

❖❖❖❖❖

# [૯]

# મનુષ્યપણાની કિંમત !!

## કિંમત તો, સિન્સીયારિટી ને મોરાલિટીની !

આખા જગતનું 'બેઝમેન્ટ', 'સિન્સીયારિટી' અને 'મોરાલિટી' બે જ છે, એ બે સડી જાય તો બધું પડી જાય. આ કાળમાં 'સિન્સીયારિટી' અને 'મોરાલિટી' હોય એ તો બહુ મોટામાં મોટું ધન કહેવાય. હિન્દુસ્તાનમાં એ ઢગલે ઢગલા હતું, પણ હવે આ લોકોએ એ બધું ફોરેનમાં એક્સપોર્ટ કરી દીધું, અને 'ફોરેન'થી બદલામાં શું 'ઇમ્પોર્ટ' કર્યું તે તમે જાણો છો ? તે આ 'એટિકેટ'ના ભૂતાં પેઠાં ! એને લીધે આ બિચારાંને જંપ નથી રહેતો. આપણે એ 'એટિકેટ'ના ભૂતની શી જરૂર છે ? જેનામાં નૂર નથી તેના માટે એ છે આપણે તો તીર્થંકરી નૂરના લોક છીએ, ઋષિમુનિઓનાં સંતાન છીએ ! તારું ફાટેલું લૂગડું હોય તો ય તારું નૂર તને કહી આપશે કે 'તું કોણ છે ?'

**પ્રશ્નકર્તા :** 'સિન્સીયારિટી' અને 'મોરાલિટી'નો 'એક્ઝેક્ટ' અર્થ સમજાવો.

**દાદાશ્રી :** 'મોરાલિટી'નો અર્થ શું ? પોતાના હક્કનું અને સહજે મળી આવે તે બધું જ ભોગવવાની છૂટ. આ છેલ્લામાં છેલ્લો 'મોરાલિટી'નો અર્થ છે. 'મોરાલિટી' તો બહુ ગૂઢ છે, એના તો શાસ્ત્રોનાં શાસ્ત્રો લખાય. પણ આ છેલ્લા અર્થ પરથી તમે સમજી જાઓ.

અને 'સિન્સીયારિટી' તો જે માણસ પારકાને 'સિન્સીયર' રહેતો નથી તે પોતાની જાતને 'સિન્સીયર' રહેતો નથી. કોઈને સ્હેજ પણ 'ઇનસિન્સીયર' ના થવું જોઇએ, એનાથી પોતાની 'સિન્સીયારિટી' તૂટે છે.

'સિન્સીયારિટી' અને 'મોરાલિટી' આ બે વસ્તુઓ આ કાળમાં હોય તો બહુ થઇ ગયું. અરે, એક હોય તો ય તે ઠેઠ મોક્ષે લઇ જાય ! પણ તેને પકડી લેવુ જોઇએ, અને 'જ્ઞાની પુરુષ' પાસે જયારે જયારે અડચણ પડે ત્યારે આવીને ખુલાસા કરી જવા જોઇએ કે આ 'મોરાલિટી' છે યા આ 'મોરાલિટી' નથી.

'જ્ઞાની પુરુષ'નો રાજીપો અને 'સિન્સીયારિટી' આ બેના ગુણાકારથી તમામ કામ સફળ થાય તેમ છે !

## *'ઇનસિન્સીયારિટી'થી ય મોક્ષ !*

કોઇ વીસ ટકા 'સિન્સીયારિટી' અને એંસી ટકા 'ઇનસિન્સીયારિટી' વાળો મારી પાસે આવે ને પૂછે કે, 'મારે મોક્ષે જવું છે ને મારામાં તો આ માલ છે તો શું કરવું?' ત્યારે હું એને કહું કે સો ટકા 'ઇનસિન્સીયર' થઇ જા, પછી હું તને બીજું દેખાડું કે જે તને મોક્ષે લઇ જશે. આ એંશી ટકાનું દેવું એ ક્યારે ભરપાઇ કરી રહે ? એના કરતાં એક વાર નાદારી કાઢ. 'જ્ઞાની પુરુષ'નું એક જ વાક્ય પકડે તો ય તે મોક્ષે જાય. આખા 'વર્લ્ડ' જોડે 'ઇનસિન્સીયર' રહ્યો હશે તેનો મને વાંધો નથી, પણ એક અહીં 'સિન્સીયર' રહ્યો તો તે તને મોક્ષે લઇ જશે ! સો ટકા 'ઇનસિન્સીયારિટી' એ પણ એક મોટો ગુણ છે, એ મોક્ષે લઇ જાય. કારણ કે ભગવાનનો સંપૂર્ણ વિરોધી થઇ ગયો. ભગવાનના વિરોધીને તેડી જવા



વિના ભગવાનના બાપને ય છૂટકો નથી ! કાં તો ભગવાનનો ભક્ત મોક્ષે જાય કે કાં તો ભગવાનનો સંપૂર્ણ વિરોધી મોક્ષે જાય !! એટલે હું નાદારને તો દેખાડું કે સો ટકા 'ઇનસિન્સીયર' થઇ જા, પછી હું તને બીજું દેખાડું જે તને ઠેઠ લઇ જશે. બીજું પકડાવું તો જ કામ થાય, ખાલી 'ઇનસિન્સીયર' થઇ ગયો તો તો ના જિવાય !

❖❖❖❖❖

# [૧૦]

# આદર્શ વ્યવહાર

## અંતે, વ્યવહાર આદર્શ જોઇશે !

આદર્શ વ્યવહાર સિવાય કોઇ મોક્ષે ગયો નથી. જૈન વ્યવહાર એ આદર્શ વ્યવહાર નથી. વૈષ્ણવ વ્યવહાર એ આદર્શ વ્યવહાર નથી. મોક્ષે જવા આદર્શ વ્યવહાર જોઈશે.

આદર્શ વ્યવહાર એટલે કોઇ જીવને કિંચિત્ માત્ર દુઃખ ના થાય તે. ઘરના, બહારના, આડોશી-પડોશી કોઈને પણ આપણા થકી દુઃખ ના થાય તે આદર્શ વ્યવહાર કહેવાય.

જૈન વ્યવહારનો અભિનિવેશ કરવા જેવો નથી. વૈષ્ણવ વ્યવહારનો અભિનિવેશ કરવા જેવો નથી. બધો અભિનિવેશ વ્યવહાર છે. ભગવાન મહાવીરનો આદર્શ વ્યવહાર હોય. આદર્શ વ્યવહાર હોય એટલે દુશ્મનને પણ ખૂંચે નહીં. આદર્શ વ્યવહાર એટલે મોક્ષે જવાની નિશાની. જૈન કે વૈષ્ણવ ગચ્છમાંથી મોક્ષ નથી. અમારી આજ્ઞાઓ તમને આદર્શ વ્યવહાર તરફ લઇ જાય છે, એ સંપૂર્ણ સમાધિમાં રખાવે તેવી



છે, આધિ, વ્યાધિ, ઉપાધિમાં સમાધિ રહે તેવું છે. બહાર બધો 'રિલેટિવ' વ્યવહાર છે અને આ તો 'સાયન્સ' છે. 'સાયન્સ' એટલે 'રિયલ' !

આદર્શ વ્યવહારથી આપણાથી કોઇને ય દુઃખ ના થાય. તેટલું જ જોવાનું, છતાં પણ આપણા થકી કોઇને દુઃખ થાય તો તરત જ પ્રતિક્રમણ કરી લેવાનું, આપણાથી કંઇ એની ભાષામાં ના જવાય. આ જે વ્યવહારમાં પૈસાની લેવડ-દેવડ વગેરેમાં વ્યવહાર છે એ તો સામાન્ય રિવાજ છે, તેને અમે વ્યવહાર નથી કહેતા, કોઇને ય દુઃખ ના થવું જોઇએ તે જોવાનું ને દુઃખ થયું હોય તો પ્રતિક્રમણ કરી લેવું તેનું નામ આદર્શ વ્યવહાર !

અમારો આદર્શ વ્યવહાર હોય. અમારા થકી કોઇને ય અડચણ થઇ હોય એવું બને નહીં. કોઇના ચોપડે અમારી અડચણ જમે નહીં હોય. અમને કોઇ અડચણ આપે ને અમે પણ અડચણ આપીએ તો અમારામાં ને તમારામાં ફેર શો ? અમે સરળ હોઇએ, સામાને ઓટીમાં ઘાલીને સરળ હોઈએ. તે સામો જાણે કે 'દાદા, હજી કાચા છે.' હા, કાચા થઈને છૂટી જવું સારું, પણ પાકા થઇને એની જેલમાં જવું ખોટું. એવું તે કરાતું હશે ? અમને અમારા ભાગીદારે કહ્યું કે, 'તમે બહુ ભોળા છો.' ત્યારે મેં કહ્યું કે, 'મને ભોળો કહેનાર જ ભોળો છે.' ત્યારે તેમણે કહ્યું કે 'તમને બહુ જણ છેતરી જાય છે.' ત્યારે મેં કહ્યું કે, 'અમે જાણી બૂઝીને છેતરાઇએ છીએ.'

અમારો સંપૂર્ણ આદર્શ વ્યવહાર હોય જેના વ્યવહારમાં કોઇ પણ કચાશ હશે તે મોક્ષને માટે પૂરો લાયક થયો ના ગણાય.

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીના વ્યવહારમાં બે વ્યક્તિ વચ્ચે ભેદ હોય ખરો ?

**દાદાશ્રી :** એમની દ્રષ્ટિમાં ભેદ જ ના હોય, વીતરાગતા હોય. એમના વ્યવહારમાં ભેદ હોય. એક મિલમાલિક ને તેનો ડ્રાયવર અહીં આવે તો શેઠને સામે બેસાડું ને ડ્રાયવરને મારી જોડે બેસાડું, એટલે શેઠનો પારો ઊતરી જાય ! અને વડા પ્રધાન આવે તો હું ઊઠીને એમનો આવકાર કરું ને એમને બેસાડું, એમનો વ્યવહાર ના ચૂકાય. એમને તો વિનયપૂર્વક ઊંચે બેસાડું, અને એમને જો મારી પાસેથી જ્ઞાન ગ્રહણ કરવું

હોય તો મારી સામે નીચે બેસાડું, નહીં તો ઊંચે બેસાડું. લોકમાન્યને વ્યવહાર કહ્યો અને મોક્ષમાન્યને નિશ્ચય કહ્યો, માટે લોકમાન્ય વહેવારને તે રૂપે 'એકસેપ્ટ' કરવો પડે. અમે ઊઠીને એમને ના બોલાવીએ તો તેમને દુઃખ થાય, તેની જોખમદારી અમારી કહેવાય.

**પ્રશ્નકર્તા :** મોટા હોય તેને પૂજ્ય ગણાય ખરું.

**દાદાશ્રી :** મોટા એટલે ઉંમરમાં મોટા એવું નહીં, છતાં માજી મોટાં હોય તો એમનો વિનય રખાય, અને જ્ઞાનવૃધ્ધ થયાં હોય તેમને પૂજ્ય ગણાય.

સત્સંગમાંથી અમે ઘેર ટાઇમસર જઇએ. જો રાત્રે બાર વાગે બારણું ખખડાવીએ તો એ કેવું દેખાય ? ઘરનાં મોઢે બોલે, 'ગમે ત્યારે આવશો તો ચાલશે.' પણ તેમનું મન તો છોડે નહીં ને ? એ તો જાતજાતનું દેખાડે. આપણાથી એમને સહેજ પણ દુઃખ કેમ અપાય ? આ તો કાયદો કહેવાય ને કાયદાને આધીન તો રહેવું જ પડે. બે વાગે ઊઠીને 'રિયલ'ની ભક્તિ કરીએ તો કોઇ કંઇ બોલે ? ના, કોઇ ના પૂછે.

## શુદ્ધ વ્યવહાર : સદ્ વ્યવહાર

**પ્રશ્નકર્તા :** શુદ્ધ વ્યવહાર કોને કહેવો ? સદ્ વ્યવહાર કોને કહેવો ?

**દાદાશ્રી :** 'સ્વરૂપ'નું જ્ઞાન પ્રાપ્ત થયા પછી જ શુદ્ધ વ્યવહાર શરૂ થાય, ત્યાં સુધી સદ્ વ્યવહાર હોય.

**પ્રશ્નકર્તા :** શુધ્ધ વ્યવહાર ને સદ્ વ્યવહારમાં ફેર શો ?

**દાદાશ્રી :** સદ્ વ્યવહાર અહંકારસહિત હોય ને શુધ્ધ વ્યવહાર નિર્અહંકારી હોય. શુધ્ધ વ્યવહાર સંપૂર્ણ ધર્મધ્યાન આપે અને સદ્ વ્યવહાર અલ્પ અંશે કરીને ધર્મધ્યાન આપે.

જેટલા શુધ્ધ વ્યવહાર હોય તેટલો શુધ્ધ ઉપયોગ રહે. શુધ્ધ ઉપયોગ એટલે 'પોતે' જ્ઞાતાદ્રષ્ટા હોય, પણ જુએ શું ? તો કે', શુધ્ધ



વ્યવહારને જુઓ. શુધ્ધ વ્યવહારમાં નિશ્ચય શુધ્ધ ઉપયોગ હોય.

કૃપાળુદેવે કહ્યું : 'ગચ્છમતની જે કલ્પના તે નહીં સદ્ વ્યવહાર.'

બધા સંપ્રદાયો એ કલ્પિત વાતો છે. તેમાં સદ્ વ્યવહારે ય નથી, તો પછી ત્યાં શુદ્ધ વ્યવહારની વાત શી કરવી ? શુદ્ધ વ્યવહાર એ નિર્અહંકારી પદ છે, શુદ્ધ વ્યવહાર એ બિનહરીફ છે. આપણે જો હરીફાઇમાં ઊતરીએ તો રાગદ્વેષ થાય. આપણે તો બધાંને કહીએ કે તમે જ્યાં છો ત્યાં જ બરોબર છો. ને તમને જો ખૂટતું હોય તો અહીં અમારી પાસે આવો. આપણે અહીં તો પ્રેમની જ લ્હાણી હોય, કોઇ દ્વેષ કરતો આવે તો ય પ્રેમ આપવો.

ક્રમિકમાર્ગ એટલે શુધ્ધ વ્યવહારવાળા થઇ શુધ્ધાત્મા થાઓ અને અક્રમ માર્ગ એટલે પહેલાં શુધ્ધાત્મા થઇને પછી શુધ્ધ વ્યવહાર કરો. શુધ્ધ વ્યવહારમાં વ્યવહાર બધો ય હોય, પણ તેમાં વીતરાગતા હોય. એક-બે અવતારમાં મોક્ષે જવાના હોય ત્યાંથી શુદ્ધ વ્યવહારની શરૂઆત થાય.

શુધ્ધ વ્યવહાર સ્પર્શે નહીં તેનું નામ 'નિશ્ચય' ! વ્યવહાર એટલો પૂરો કરવાનો કે નિશ્ચયને સ્પર્શે નહીં, પછી વ્યવહાર ગમે તે પ્રકારનો હોય.

ચોખ્ખો વ્યવહાર ને શુધ્ધ વ્યવહારમાં ફેર છે. વ્યવહાર ચોખ્ખો રાખે તે માનવધર્મ કહેવાય અને શુધ્ધ વ્યવહાર તો મોક્ષે લઇ જાય. બહાર કે ઘરમાં વઢવાડ ના કરે તે ચોખ્ખો વ્યવહાર કહેવાય અને આદર્શ વ્યવહાર કોને કહેવાય ? પોતાની સુગંધી ફેલાવે તે.

આદર્શ વ્યવહાર અને નિર્વિકલ્પ પદ એ બે પ્રાપ્ત થઇ જાય પછી રહ્યું શું ? આટલું તો આખા બ્રહ્માંડને ફેરફાર કરી આવે.

## આદર્શ વ્યવહારથી મોક્ષાર્થ સધાય !

**દાદાશ્રી :** તારો વ્યવહાર કેવો કરવા માંગે છે ?

**પ્રશ્નકર્તા :** સંપૂર્ણ આદર્શ.

**દાદાશ્રી :** ઘૈડાં થયા પછી આદર્શ વ્યવહાર થાય તે શું કામનું ? આદર્શ વ્યવહાર તો જીવનની શરૂઆતથી હોવો જોઇએ.

'વર્લ્ડ'માં એક જ માણસ આદર્શ વ્યવહારવાળો હોય તો તેનાથી આખું 'વર્લ્ડ' ફેરફારવાળું થાય એવું છે.

**પ્રશ્નકર્તા :** આદર્શ વ્યવહાર કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** તમને (મહાત્માઓને) જે નિર્વિકલ્પ પદ પ્રાપ્ત થયું તો તેમાં રહેવાથી આદર્શ વ્યવહાર એની મેળે આવશે. નિર્વિકલ્પ પદ પ્રાપ્ત થયા પછી કશો ડખો થતો નથી, છતાં પણ તમને ડખો થાય તો તમે મારી આજ્ઞામાં નથી, અમારી પાંચ આજ્ઞા તમને ભગવાન મહાવીર જેવી સ્થિતિમાં રાખે એવી છે. વ્યવહારમાં અમારી આજ્ઞા તમને બાધક નથી, આદર્શ વ્યવહારમાં રાખે એવું છે. 'આ' જ્ઞાન તો વ્યવહારને 'કમ્પ્લીટ' આદર્શમાં લાવે તેવું છે. મોક્ષ કોનો થશે ? આદર્શ વ્યવહારવાળાનો. અને 'દાદા'ની આજ્ઞા એ વ્યવહાર આદર્શ લાવે છે. સહેજ પણ કોઇની ભૂલ આવે તો એ આદર્શ વ્યવહાર નથી. મોક્ષ એ કંઇ ગપ્પું નથી, એ હકીકત સ્વરૂપ છે. મોક્ષ એ કંઇ વકીલોનું શોધેલું નથી ! વકીલો તો ગપ્પામાંથી શોધે તેવું એ નથી, એ તો હકીકત સ્વરૂપ છે.

એક ભાઇ મને એક મોટા આશ્રમમાં ભેગા થયા. મેં તેમને પૂછયું કે, 'અહીં ક્યાંથી તમે ?' ત્યારે તેમણે કહ્યું કે, 'હું આ આશ્રમમાં છેલ્લા દસ વર્ષથી રહું છું.' ત્યારે મેં તેમને કહ્યું કે 'તમારાં માબાપ ગામમાં બહુ જ ગરીબીમાં છેલ્લી અવસ્થામા દુઃખી થાય છે.' ત્યારે તેમણે કહ્યું કે, 'એમાં હું શું કરું ? હું એમનું કરવા જાઉં તો મારો ધર્મ કરવાનો રહી જાય.' આને ધર્મ કેમ કહેવાય ? ધર્મ તો તેનું નામ કે માબાપને બોલાવે, ભાઇને બોલાવે. બધાને બોલાવે. વ્યવહાર આદર્શ હોવો જોઇએ. જે વ્યવહાર પોતાના ધર્મને તરછોડે, મા-બાપના સંબંધને પણ તરછોડે, તેને ધર્મ કેમ કહેવાય ? અરે, મનમાં ભાંડેલી ગાળ કે અંધારામાં કરેલાં કૃત્યો એ બધું ભયંકર ગુનો છે ! પેલો જાણે કે 'મને કોણ જોવાનું છે ? ને કોણ આને જાણવાનું છે ?' અલ્યા, આ ના હોય પોપાબાઇનું રાજ ! આ તો ભયંકર ગુનો છે! આ બધાંને અંધારાની ભૂલો જ પજવે છે !



વ્યવહાર આદર્શ હોવો જોઇએ. જો વ્યવહારમાં ચીકણા થયા તો કષાયી થઇ જવાય. આ સંસાર તો મછવો છે, તે મછવામાં ચા-નાસ્તો બધું કરવાનું પણ જાણવાનું કે આનાથી કિનારે જવાનું છે.

માટે વાતને સમજો. 'જ્ઞાની પુરુષ' પાસે તો ખાલી વાતને સમજવાની જ છે, કરવાનું કશું જ નથી ! ને જે સમજીને સમાઇ ગયો તે થઇ ગયો વીતરાગ !!

**- જય સચ્ચિદાનંદ.**

પ્રકાશક : દાદા ભગવાન ફાઉન્ડેશન વતી
**શ્રી અજિત સી. પટેલ**
૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજ પાછળ,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪.
**ફોન :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮, ૨૭૫૪૩૯૭૯.

© : સંપાદકને સ્વાધીન

**પ્રથમ આવૃતિ :** ૫,૦૦૦ ૧૯૯૬
**દ્વિતિય આવૃતિ :** ૨,૦૦૦ ફેબ્રુઆરી, ૨૦૦૩

ભાવ મૂલ્ય : **'પરમ વિનય'**
**અને**
**'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !**

**દ્રવ્ય મૂલ્ય : ૫૦ રૂપિયા (રાહત દરે)**

**લેસર કંપોઝ :** દાદા ભગવાન ફાઉન્ડેશન, અમદાવાદ.

**મુદ્રક :** મહાવિદેહ ફાઉન્ડેશન (પ્રિન્ટીંગ ડીવીઝન),
પાર્શ્વનાથ ચેમ્બર્સ, રિઝર્વ બેંક પાસે,
ઈન્કમટેક્સ, અમદાવાદ. **ફોન :** ૨૭૫૪૨૯૬૪

## સંપર્કસૂત્ર

**પૂજ્ય ડૉ. નીરુબહેન અમીન તથા આપ્તપુત્ર દીપકભાઈ દેસાઈ**

અડાલજ : **સીમંધર સીટી, ત્રિમંદિર સંકુલ, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ,**
જી. ગાંધીનગર-૩૮૨૪૨૧. ફોન : (૦૭૯) ૩૯૭૦૧૦૨-૩-૪

**અમદાવાદ**
દાદા દર્શન, ૫, મમતાપાર્ક સોસાયટી,
નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા,
અમદાવાદ - ૩૮૦૦૧૪.
ફોનઃ (૦૭૯)૨૭૫૪૦૪૦૮, ૨૭૫૪૩૯૭૯
**E-Mail : info@dadabhagwan.org**

**મુંબઈ**
૯૦૪-બી, નવીનઆશા એપાર્ટમેન્ટ,
દાદાસાહેબ ફાળકે રોડ,
દાદર (સે. રે.), મુંબઈ - ૪૦૦૦૧૪.
ફોન : (૦૨૨) ૨૪૧૩૭૬૧૬
**Mobile : 9820-153953**

રાજકોટ : **શ્રી અતુલ માલધારી,** માધવપ્રેમ એપાર્ટમેન્ટ, માઈ મંદિરની સામે,
૧૧, મનહર પ્લોટ, રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૪૬૮૮૩૦

સુરત : **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ,** ૩૫, શાંતિવન સોસાયટી, લંબે હનુમાન રોડ,
પંચરત્ન ટાવર પાછળ, સુરત. ફોન : (૦૨૬૧) ૮૫૪૪૯૬૪

ગોધરા : **શ્રી ઘનશ્યામ વરીયા,** સી-૧૧, આનંદનગર સોસાયટી, સાયન્સ
કોલેજની પાછળ, ગોધરા. ફોન : (૦૨૬૭૨) ૨૫૧૮૭૫

**U.S.A.** : **Dada Bhagwan Vignan Institue : Dr. Bachu Amin,**
902 SW Mifflin Rd, Topeka, Kansas 66606, U.S.A.
**Tel :** 785 271-0869, **E-mail :** bamin@cox.net
**Dr. Shirish Patel,** 2659, Raven Circle, Corona, CA 92882
**Tel. :** 909-734-4715**, E-mail :** shirishpatel@attbi.com

**U.K.** : **Mr. Maganbhai Patel**, 2, Winifred Terrace, Enfield, Great Cambridge Road, London, Middlesex, ENI 1HH, U.K.
**Tel :** 020-8245-1751
**Mr. Ramesh Patel**, 636, Kenton Road, Kenton Harrow.
**Tel.**:020-8204-0746,**E-mail:** dadabhagwan_uk@yahoo.com

**Canada** : **Mr. Bipin Purohit**, 151, Trillium Road, Dollard DES Ormeaux, Quebec H9B 1T3. Tel. : 514-421-0522

**Africa** : **Mr. Manu Savla**, PISU & Co., Box No. 18219, Nairobi, Kenya. **Tel :** (R) 254-2- 744943 (O) 254-2-554836

Website : www.dadabhagwan.org, www.dadashri.org